# સાધુતાની પગદંડી

નવલભાઈ શાહ

મહાવીર પ્રકાશન મંદિર
અમદાવાદ

## ધર્મદૃષ્ટિએ સમાજરચના

'ધર્મ, અર્થ, કામ અને મોક્ષ : આ હતી આપણી પુરુષાર્થ સીડી. આજે એ પલટાઈ ગઈ છે. ધર્મને સ્થાને અર્થ આવી ગયો છે. જીવનના એકેએક ક્ષેત્રમાં ધન, ધન થઈ રહ્યું છે. સમાજના નવસર્જનની પહેલાં કરતાં અનેક ગણી જરૂર આજે ઊભી થઈ છે. વિજ્ઞાન અને જગતની કૂચ સાથે ધર્મ કૂચ ન કરી શક્યો. અર્થવાદની આંધળી ગતિમાં સમાજ અટવાઈ પડ્યો. આજે ફરીથી તે ધર્મ પાસે માર્ગદર્શન માગે છે, પણ તે નવી રીતે.

ધનના નહિ પણ ધર્મના પાયા ઉપર સમાજની ઇમારત ચણાવી જોઈએ. તો જ તે ટકી શકશે.'

**કિંમત ૨-૮-૦**

## આદર્શ ગૃહસ્થાશ્રમ

ગૃહસ્થાશ્રમ માનવજીવનનો પાયો છે. બધા આશ્રમોનો એના પર આધાર છે. એ સરળ, સુખી અને સભર બને એ દૃષ્ટિએ મુનિશ્રી સંતબાલજીની કલમે લખાયેલા આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ પ્રગટ થઈ ગઈ છે. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશનાર અને પ્રવેશેલી એકેએક વ્યક્તિને તે ઉપયોગી થઈ પડશે.

**કિંમત ૨-૪-૦**

**'વિશ્વવાત્સલ્ય' કાર્યાલય**

હઠીભાઈની વાડી, અમદાવાદ

# સાધુતાની પગદંડી

નવલભાઈ શાહ

વિક્રેતા :
બાલગોવિંદ કુબેરદાસની કંપની
ફરનાન્ડિઝ પુલ, ગાંધી રસ્તો
અમદાવાદ

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, અમદાવાદ

પ્રકાશક
લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવી
મંત્રી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, અમદાવાદ

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૯

પહેલી આવૃત્તિ, પ્રત ૨,૦૦૦

બે રૂપિયા

જાન્યુઆરી, ૧૯૫૧

# અર્પણ

વહાલી બાને

જેનું સ્મરણ મારા અંતરમાં
સહજહૃદયાનો પવિત્ર સંસ્કાર
જન્માવી જાય છે.

# પગદંડી અંગે

આ કથા નથી, જીવનચરિત પણ નથી. મુનિશ્રી સંતબાલજીની સાથે કામ કરતાં કરતાં જે જે અનુભવો થયા તે અને તે પાછળની તેમની દૃષ્ટિ રજૂ કરવાનો આ મારો નમ્ર પ્રયત્ન છે. પાથેયને વિશ્વવાત્સલ્યના વાચકો અને બીજા ગ્રાહકો તથા વિવેચકો તરફથી જે આવકાર મળ્યો તેથી આ બીજું પુસ્તક વિશ્વવાત્સલ્યના ભેટપુસ્તક તરીકે આપવા પ્રેરાઉં છું. વિશ્વવાત્સલ્યનું ભેટપુસ્તક એક રીતે કહું તો વિશ્વવાત્સલ્યના વિચારોને પૂર્તિ રૂપે જ થાય એ અમારી દૃષ્ટિ છે. આ લખાણ પ્રગટ કરવાથી સંતબાલજીના પ્રયોગને સમજવામાં કંઈક સરળતા થશે એમ માની એને ભેટ પુસ્તકરૂપે આપું છું.

આવી જાતનાં લખાણમાં પ્રશંસાનો દોષ આવી જવાનો ડર રહે છે. પણ મેં શક્ય એટલી કાળજી રાખી તેમને, તેમના વિચારોને અને તેમનાં કાર્યોને રજૂ કરવાની કોશિશ કરી છે.

એમના વિષે સાંભળનાર અને જાણનારને આમાંથી કંઈક વિશેષ જાણવાનું મળશે એવી મને આશા છે. અને એ રીતે એમના ભાલનળકાંઠાના પ્રયોગને સમજાવવામાં આ નાની પુસ્તિકા ઉપયોગી થશે તો એટલાથી હું સંતોષ માનીશ.

આમાંનાં કેટલાંક પ્રકરણોમાં મારી સાથેના પ્રસંગો આવી જાય છે. તે ન લેવાયા હોત તો સારું. પણ તે પ્રસંગોએ જ

મને સંતબાલજીને સમજવામાં સહાય કરી છે. એટલે એ પ્રસંગો-ને માત્ર પ્રસંગો તરીકે જ જોશો.

તેઓશ્રી માટે મારા દિલમાં જે પ્રેમ અને ભાવના છે તે આ પુસ્તકમાં ઠલવાયાં છે. છતાં કેટલીક બાબતોમાં વિચારમતભેદ રહે છે ત્યાં હું એમને સમજવા પ્રયત્ન કરું છું. અને તેઓ મને સમજાવવા મથે છે. ખાસ કરીને મને ગાંધી વિચારસરણી વધુ ગમે છે. એ કસોટીએ કેટલીય બાબતોમાં મહારાજશ્રી પોતે સાધુ હોવાને કારણે તેમના જીવનને અનેક મર્યાદાઓ આવી જાય છે. એમણે સ્વીકારેલી એ મર્યાદાઓ એમના જીવનવ્યવહારના અનુભવોને મર્યાદિત બનાવે છે એવું મને લાગે છે. પણ મને પૂરી શ્રદ્ધા છે કે એક દિવસ એ મર્યાદાઓ આપોઆપ છૂટી જવાની છે કારણ કે તે સાધુતાની કલ્પનામાંથી ઊભી થયેલી છે. સાધુતા અમુક વેશ કે અમુક જ પ્રકારના આચારમાં જ નથી. એ તો જીવનમાં પ્રાણની જેમ વણાયેલી છે.

માણસ આખરે માણસ છે. પોતાના વિકાસને માટેની જે વાડો તેમણે ધારણ કરી છે, તે વિકાસની પૂર્ણતાએ પહોંચતાં આપોઆપ ખૂલી જશે અને તેઓ જૈનસાધુ મટી માનવસમાજની વચ્ચે સહજ રીતે જીવતા માનવ હશે. પણ આ તો મારી કલ્પના છે. એમણે એમના સાધુજીવનમાં ક્રાંતિ કરી છે એટલે જ એ આશાને સ્થાન છે. એક વાત ચોક્કસ છે કે તેઓ પોતાને જે સાચું લાગે છે તે મુજબ જ જીવે છે. એટલે સત્યશોધનનો પંથ — સાધુતાની પગદંડી — એક દિવસ સાધુતાની મર્યાદાને પણ વટાવી વિશાળ માનવતાની પગદંડીમાં પરિણમશે એમ હું માનું છું.

આ બધાં પ્રકરણો વાંચી જવામાં પૂ. મહારાજશ્રીએ ઠીક ઠીક સમય અને મદદ આપ્યાં છે.

વિશ્વવાત્સલ્યના વ્યવસ્થાપક શ્રી જયકાન્તભાઈ કામદારે સંશોધન કાર્યમાં સારી એવી મહેનત લીધી છે. તેમ જ આ પુસ્તકને વ્યવસ્થિત અને સમયસર બહાર પાડવામાં તેમણે જે શ્રમ લીધો છે તેની નોંધ લેવાનું કેમ ચૂકું ?

**નવલભાઈ શાહ**

# પ્રયોગની ભૂમિકા

હું અહીં આ પુસ્તક માટે જે લખવા બેઠો છું, તે લખાણ આ પુસ્તકની પુરવણી બને એવી નવલભાઈની ઇચ્છા છે. નવલભાઈ વર્ષોથી મારા સંપર્કમાં આવ્યા છે. ચારેક વર્ષથી તો મારી નજીકમાં કામ કરે છે. મૂળે તેઓનો હાથ લઘુ વાર્તાઓના આકલનથી ટેવાયેલો છે. છેલ્લાં ત્રણ વર્ષથી તેમણે વિવિધ વિષયો ઉપર વિશ્વવાત્સલ્યમાં લખ્યું છે. આ બધું જોતાં તેઓ મારી નિકટના બનાવોને ઝડપીને યોગ્યતાપૂર્વક લખી શકે; પરંતુ એમાં અતિશયોક્તિ આવવાનો સંભવ સહેજે રહે. આવું હોય તો કાં તો (૧) મારે એ બનાવોના લેખનને રોકવું જોઈએ અથવા (૨) એને ખૂબ ચકાસી લેવું જોઈએ. મેં આ લેખનને રોક્યું નથી, પણ ચકાસી લીધું છે એમ કહી શકાય.

આ જીવનચરિત નથી, મારું સળંગ જીવનચરિત બીજા કોઈ હાથોથી લખાય એવી મારી યોગ્યતા પણ હું નથી લેખતો. પ્રયોગો પૂરતું જીવનચરિત તો એક અથવા બીજા પ્રકારે આ પહેલાં અને વિશ્વવાત્સલ્ય દ્વારા આવી જ જતું હોય છે. આ પુસ્તકમાં લેખકે મારા સંપર્કમાં આવ્યા પછી તેમના પર જે બનાવોની સાનુકૂળ પ્રતિકૂળ છાપ પડી તેમાંની સમાજોપયોગી બાબતો પોતાને સૂઝે તેવી લખવા પ્રયત્ન કર્યો છે. આ આખુંય લખાણ મને છૂટકછૂટક વંચાવ્યું છે. બીજાં કાર્યકર ભાઈબહેનો આગળ પણ તેમાંનું કેટલુંક મુકાયું છે, ચર્ચાયું પણ છે. સદ્‌ભાગ્યે મને થોડાં એવાં પણ કાર્યકર્તા – અથવા સાથી – ભાઈબહેનો મળ્યાં

છે કે જેઓ કડક ટીકાકારની અદાથી મને વારંવાર કહી શકે. નવલભાઈ પણ એમાંના એક છે, એટલે માત્ર ભક્તની અદાથી આ ઘટનાઓમાં મારી જાતને મૂકી દેવાનું ભય-સ્થળ આમાં લગભગ નથી, એ સંતોષે પણ હું આ બનાવોને મારા જીવન સાથે સંકળાયેલા હોવા છતાં નિઃસંકોચપણે રજૂ થવા દઉં છું.

આ પુસ્તકના પ્રારંભરૂપ 'पगदंडी अंगे'માં ખુલાસો કરતાં લેખકે કેટલીક બાબતોમાં મારી અને તેમની વચ્ચે જે મતભેદોનો ઉલ્લેખ કર્યો છે; એટલે એ બાબતો પાછળની મારી પોતાની આચારભૂમિકા અને એની પાછળની વિચારભૂમિકા પણ સમજાય એમ માનીને હું આ પુરવણીમાં એ બાબતોને રજૂ કરીશ.

માણસ ગમે તેવું તોય એક સામાજિક પ્રાણી છે. એ અંગત મોક્ષનો વિચાર ભલે કરે પણ એ વિચાર કરતાં કરતાં સમાજ તો એની સામે આવવાનો જ. મેં જૈનસાધુસમાજમાં દીક્ષા લીધી પણ જેમ જેમ ઊંડો ઊતરતો ગયો તેમ તેમ મને આ સત્ય સમજાતું ગયું. માનવમાં વ્યક્તિત્વ પણ છે અને સમષ્ટિત્વ પણ છે. આ બંને અંશોના સમન્વય વિના પૂર્ણતાને હું કલ્પી શકતો નથી. આમાંથી જ મને નિવૃત્તિ અને પ્રવૃત્તિ બંને સાપેક્ષ દેખાયાં: પ્રવૃત્તિનો છેડો નિવૃત્તિમાં અને નિવૃત્તિનો છેડો પ્રવૃત્તિમાં ભાસવા લાગ્યો. હું પોતે જૈનસંન્યાસી થયેલો તેમ જ મારી ગળથૂથીમાં જૈનતત્ત્વજ્ઞાન હતું. આ સંસ્કારને અને પરિસ્થિતિને નિવૃત્તિ જેટલી સાનુકૂળ હતી, તેટલી પ્રવૃત્તિ સાનુકૂળ નહોતી. આમ છતાંયે મનમાં પ્રવૃત્તિ જ ભરાઈ બેઠી હતી. મારાં મંથનો હું જ જાણું છું કે જેમાં અનેક દિનો અને રાત્રિઓ વીત્યાં હશે. જૈનદીક્ષા પછીના કેટલાક કાળ સુધી મારાં આગ્રહો, ધૂનો, ભૂલો અને એને

લીધે મને તથા મારા કરતાં મારા દીક્ષાદાતા પૂજ્ય ગુરુદેવને, ગુરુભાઈને અને બીજાંઓને કેટકેટલું વેઠવું પડયું છે એ એક રોમાંચક કથની છે. આજની પરિસ્થિતિનું બીજ એ બધામાં હતું, એમ જ્યારે જોઉં છું ત્યારે જ કેટલીક શરમજનક ઘટનાઓમાં દિલાસો લેવાનું મને સાંપડી શકે છે.

આમાંનું કેટલુંય છપાયું છે, લખાયું છે અને બાકીનું લગભગ જાહેર થયું છે. અને એથી જ આજે ડંખરહિત સ્થિતિમાં જીવું છું અને પ્રસન્નતાપૂર્વક પંથ ખેડું છું. 'વિશ્વવાત્સલ્ય' અને ધર્મ-દૃષ્ટિએ સમાજરચના માટે મારું આજનું કાર્યક્ષેત્ર ભાલનળકાંઠા છે. જોકે આ પ્રયોગનું કાર્યક્ષેત્ર આટલું જ હોવા છતાં અનેક સંબંધોએ એમાં ભાગ ભજવ્યો છે અને ભજવી રહ્યા છે. આમ એ રીતે ભૂગોળનો વિચાર કરતાં મુંબઈ ઇલાકો, કચ્છ અને સૌરાષ્ટ્ર એ ત્રણે પ્રદેશોએ અગત્યનો ફાળો આપ્યો છે અને આપી રહ્યા છે.

'વિશ્વવાત્સલ્ય' એ તો ધ્યેયશબ્દ છે, એને યોજનાના રૂપમાં ન વર્ણવી શકાય કે ન દેખાડી શકાય, પરંતુ 'ધર્મદૃષ્ટિએ સમાજરચના' એ શબ્દ તો મૂર્તરૂપે દેખાડી શકાવો જોઈએ. ભાલનળકાંઠામાં ચાલતી બધી પ્રવૃત્તિઓનું કેંદ્ર પણ એ જ છે. આજની સમાજરચના અર્થપ્રધાન છે. અર્થપ્રધાન સમાજરચનામાં શોષણને પ્રતિષ્ઠા મળે અને એને લીધે સંકુચિતતા, મૂઢ સ્વાર્થ, અન્યાય, દંભ, વગેરે સમાજઘાતક દોષો ફૂલેફાલે તે દેખીતું જ છે. આને સ્થાને ધર્મપ્રધાન સમાજરચના બને તો વ્યાપકતા, સ્વાર્થત્યાગ, ન્યાયીવૃત્તિ અને સત્યાગ્રહ વગેરે સદ્ગુણો વધે. આજે માણસની જિંદગીમાં પેટ, પહેરણ અને પથારીને બહુ અગતયનું સ્થાન આપવામાં આવે

છે. સામાન્ય સમાજ માટે એ વાત બરાબર છે; પણ માનવ-જીવનની બીજી અનેક વિશેષતા તરફ જોઈએ તો માનવની મોટામાં મોટી જરૂરિયાત તો સત્ય, પ્રેમ અને ન્યાય છે. શરીર તો માત્ર એમને પ્રાપ્ત કરવાનું વાહન અથવા સાધન માત્ર છે; જેમ ઘાસ માટે અનાજ ન વાવવા છતાં અનાજની સાથોસાથ ઘાસ મળે છે; તેમ સત્ય, ન્યાય અને પ્રેમની ત્રિવેણી તરફ જતાંવાર એમાંથી રોટીનો પ્રશ્ન પૂરેપૂરો પતે છે. શક્તિશાળી માણસો સત્ય, ન્યાય અને પ્રેમને પંથે ગયાં એટલે ક્યાં અને કેટલું વિકેંદ્રીકરણ અને ક્યાં અને કેટલું કેંદ્રીકરણ, તે ગહન પ્રશ્ન પણ ઉકેલાઈ જવાનો. આને સારુ ભારતમાંનો ભવ્ય ભૂતકાળનો ઘણો મસાલો ખપ લાગે તેવો છે. એ સંસ્કૃતિ અને એ ધર્મ આ સમાજ ઘડતરમાં મોખરે રહેવાં ઘટે. આ વિચારમાંથી જ મને બારવ્રતો હાથમાં લાધ્યાં છે. એ વ્રતોમાં સીધેસીધું શ્રમનું સ્થાન નથી જણાતું, પણ સંયમ અને ન્યાય બન્ને આવ્યાં એટલે સ્વાવલંબન તથા સાચો શ્રમ આવ્યા વિના કેમ રહે ? પાંણીની નાની ઝરણી હોય ત્યાં લગી એણે પોતાનું વ્યક્તિત્વ ખીલવવા અને બીજી ઝરણીઓ સાથે સંગઠન સાધવા પારાવાર શ્રમ કરવો પડે, પણ જ્યારે એ સમુદ્રમાં મળે એટલે એનું આખું કાર્યક્ષેત્ર બદલાય જાય છે; તેમ ધર્મદૃષ્ટિએ સમાજરચનામાં સંન્યાસી વર્ગ અને સેવક વર્ગ કે જેમણે પોતાનો સંપૂર્ણ માલિકી-હક છોડ્યો હશે અથવા છોડવાની તૈયારી કરી લીધી હશે તેમને ફાળે મુખ્ય કામ સમાજમાં ન્યાય અને સત્યની પ્રતિષ્ઠા વધારવાનું; ધન, વૈભવવિલાસ અને ભૌતિક તત્ત્વોની પ્રતિષ્ઠા વધી ન જાય તે જોવાનું; પ્રેમને ફેલાવવાનું તથા સમાજનું શારીરિક સ્વાસ્થ્ય જાળવવાનું રહેશે.

જેમ બીજાં પ્રાણીઓને આહાર, નિદ્રા, ભય અને સંસાર-વૃદ્ધિથી સમાધાન મળી રહે છે તેમ માનવજાત સમાધાન મેળવી શકતી નથી. એને શરીરના ખોરાક ઉપરાંત મનનો, બુદ્ધિનો, ચિત્તનો અને ખાસ કરીને આત્માનો ખોરાક જોઈએ છે. આવા ખોરાકનો ઉત્પાદક વર્ગ પણ જોઈએ. આ કોટીના ઉત્પાદક વર્ગમાં આકરા શ્રમને બરદાસ્ત કરે તેવું ખડતલ શરીર તો જોઈએ જ. ઉપરાંત બુદ્ધિકૌશલ, ભાવનાશુદ્ધિ અને આત્મભાન પણ ઉચ્ચ કોટીનાં જોઈએ. સામાન્ય માનવસમૂહમાંથી આવો વર્ગ પકવવાનું કામ બહુ દોહ્યલું છે. ભારતના આર્યોએ ચાર વર્ણ અને ચાર આશ્રમો યોજેલા, તે એક રીતે આવો વર્ગ પકવવાનો નીંભાડો હતો. વૈજ્ઞાનિક સાધનોને લીધે પ્રજાના સંબંધો વધ્યા અને ઝડપી સાધનો તથા યંત્રોને લીધે પરિસ્થિતિ પલટાઈ ગઈ. આને લીધે માનવસમૂહ અહોળી સંખ્યામાં એકઠો થયો અને થોડી જગ્યામાં રહેવાને ટેવાયો, પણ સામુદાયિક સહકારના સિદ્ધાંતો તેમનામાં ન ખીલ્યા અને અંગત માલિકીહકની વૃત્તિએ જોર કર્યું, ધનને વધુ પડતી સામાજિક પ્રતિષ્ઠા મળી ગઈ; ધનકમાઈને પુણ્યફળમાં પણ ખતવાઈ. સરવાળે શોષણને ઉત્તેજન મળી, શોષકો પુણ્યશાળી કહેવાવા લાગ્યા. આળસને અને અકાર્મણ્યને પણ પુણ્ય કે ધર્મને ઓઠે વેગ મળવો શરૂ થયો. શ્રમ જેવી મહામૂલી વસ્તુની કિંમત ઘટી એટલું જ નહિ પણ શ્રમજીવીઓને પુણ્યશાળીને બદલે પાપીનું બિરુદ મળ્યું. કેવું અધઃપતન! વિશ્વમાં સામ્યવાદની હિંસક પ્રણાલી સામે દુનિયાની માનવજાતને ઓછી નફરત નથી. એમ છતાં આ નવાં મૂલ્યાંકનો સૌ ન સ્વીકારે ત્યાં લગી નફરત હોવા છતાં નિરુપાયે લોકો એના તરફ કેમ આકર્ષાઈ જાય છે તે આ પરથી સહેજે સમજાશે. પ્રજાસમૂહની દૃષ્ટિએ જોઈએ તો રશિયાએ વ્યક્તિગત

માલિકીને તોડવાનો અને રાષ્ટ્રગત માલિકી પ્રજા પાસે મંજૂર કરાવવાનો અને અર્થવહેંચણીમાં પણ સમાનતા લાવવાનો ઠીકઠીક યત્ન કર્યો છે. પરંતુ વ્યક્તિસ્વાતંત્ર્ય, સહકારી ભાવના વગેરે બાબતોમાં રશિયા હજુ ઘણું પાછળ છે. આ દિશામાં ભારત ઘણું આગળ જઈ શકે તેમ છે. અને એથી ભારતના શિર પર રશિયાને દોરવણી આપવાનો બોજો છે; તે ખાતર પણ આપણે બેવડો વિચાર કરવો જોઈએ.

બધી જ બાબતોની સરળતા અને શકયતાનો વિચાર કરી નીચેનું ચિત્ર દોરી શકાય તેમ છે:

૧. રાજકીય દૃષ્ટિએ ભારતવર્ષનો દાખલો લઉં તો જે (અશોકચક્ર) ઝંડા નીચે બ્રિટિશ અમલ દરમ્યાન પ્રાંતો પડેલા તે ભલે રહ્યા. હિંદ આઝાદ થયા પછી રાજસ્થાની એકમો થયાં, તે પણ ભલે રહ્યાં. આંતરરાષ્ટ્રીય કે રાષ્ટ્રીય આફતો, આંતરરાષ્ટ્રીય નીતિ, આંતરરાષ્ટ્રીય આયાતનિકાસ, વાહનવ્યવહાર, આંતરિક ઘર્ષણો આ બધાંમાં મધ્યસ્થ તંત્રનો કાબૂ રહે અને તેના બદલામાં એ વળતર જરૂર લે. પરંતુ મૂળે ગ્રામજૂથ પર મદાર રહેવો જોઈએ. ગ્રામજૂથ એટલે લગભગ બસો આસપાસની સંખ્યાનાં ગામડાંઓનો સમૂહ. આવાં દસેક ઝૂમખાંઓના અરસપરસના ગાઢ સંબંધો હોય અને એ દસ ઝૂમખાંમાંનું એક પ્રમુખ ઝૂમખું ગણાય. એવાં દસ પ્રમુખ ઝૂમખાંનો એક પ્રાંત બને. અને એવા બનેલા બધા પ્રાંતો ઉપર છેવટની એક મધ્યસ્થ સત્તા હોય. મધ્યસ્થ કરતાં પ્રાંતો પાસે, પ્રાંતો કરતાં પ્રમુખ ઝૂમખાં પાસે, તેના કરતાં નાનાં ઝૂમખાં પાસે, તેના કરતાં ગ્રામજૂથ પાસે અને છેવટે ગામડારૂપી એકમ પાસે વધુમાં વધુ સત્તા હોય. આજે વધુમાં વધુ સત્તા મધ્યસ્થ પાસે છે અને તેથી ગામડાનું વ્યક્તિસ્વાતંત્ર્ય જોખમાય છે. ગામડામાં રહેનાર

બધી જ વ્યક્તિઓ ગામડાને મુખ્ય વફાદાર હોય અને પરંપરાએ દેશને વફાદાર હોય. સૌથી મુખ્યપણે આખીયે પ્રજા સત્યને વફાદાર હોય. ગામડું પોતે ગ્રામપ્રમુખ ચૂંટે અને બધા ગ્રામપ્રમુખોમાંથી ગ્રામજૂથપ્રમુખ ચૂંટાય. ગ્રામજૂથનો પ્રમુખ દર ત્રણ વર્ષે બદલે અને એને પોતાની સમિતિ ચૂંટવાની છૂટ હોય. આર્થિક દૃષ્ટિએ એકએક ગામડાનું ઘટક સ્વાશ્રયી હોય, બહુબહુ તો એનું પરાવલંબન ગામડાંઓના જૂથ લગી જ પહોંચતું હોય. આને પરિણામે નાના ઉદ્યોગો, પશુસમૃદ્ધિ અને માનવસંપત્તિ ઉપર જ વધુપડતું જોર રહેશે, ચલણી નાણુંનો ઉપયોગ ઘટશે.

સામાજિક દૃષ્ટિએ ત્યાગ, નીતિ અને તપને પ્રતિષ્ઠા મળશે. આવાં પ્રતિષ્ઠાસંપન્ન બળો ઓછાં હશે અને તેમાંથી જ—સમગ્ર ગ્રામજૂથમાંથી—માત્ર એક ત્રણ જણની સલાહકાર બોર્ડ ચૂંટાશે. આ બોર્ડ પાસે બસો ગામની નાનામાં નાની હકીકતો આવશે અને ન્યાય, કર, આયાતનિકાસ વગેરે બાબતોમાં છેલ્લી સત્તા એમની હશે. તેઓ દેખીતી રીતે સત્તાની કોઈ પણ ખુરશી પર નહિ હોય અને વિનાસત્તાએ પ્રજાકીય દૃષ્ટિએ જોતાં સમગ્ર ગ્રામજૂથના તંત્રની છેલ્લી લગામ એમના હાથમાં હશે. રોટીબેટીના, ઉચ્ચનીચના, સ્ત્રીપુરુષ વચ્ચેની અસમાનતાના કોઈ જ ભેદો સમાજમાં નહિ હોય.

ધર્મદૃષ્ટિએ બધા જ ધર્મોના સત્યાંશોને ગ્રામજૂથના પ્રમુખ, તેની સમિતિ (પ્રધાનમંડળ જેવી સમિતિ) તથા સલાહકાર સમિતિ સ્વીકારતી હશે. એમ છતાં જેને જે ધર્મ પાળવો હોય તેને તે તે ધર્મ પાળવાની પૂરેપૂરી છૂટ અપાશે. વટાળવૃત્તિનો આશ્રય ભય કે લાલચથી કોઈ જ નહિ લઈ શકે અને કોઈ લેશે કે લેવડાવશે તો તે ગુનાને મનુષ્યવધ કરતાંય મહાન ગુનો લેખવામાં આવશે. કારણ કે એમાં સ્વતંત્ર વિચારરૂપી આત્માનું ખૂન થાય છે.

ગુનાઓની સજામાં શારીરિક સજાને બદલે માનસિક સજા પર વધુ જોર આપવામાં આવશે.

ભાલનળકાંઠાને આમાં હું એક સ્વતંત્ર ગ્રામજૂથ તરીકે કલ્પી શકું, એવી અહીં બધી જ અનુકૂળતા છે. અનાજ અને કપાસની બાબતમાં એ સ્વાશ્રયી બની શકે તેવો પ્રદેશ છે. થોડોક અપવાદ બાદ કરીએ તો માધ્યમિક કક્ષાનું સર્વ પ્રજાને મળી શકે તેવું જીવનધોરણ અહીં રહી શકે તેમ છે. પીવાનો અને ખેતીને લગતો પાણીનો પુરવઠો ભાલમાં વધે તેવી શકચતા નથી, છતાં આશા છે. પશુધન માટે એકંદરે સારી તક છે. ધર્મઝનૂન લગભગ નથી એમ કહી શકાય. ભાલનળકાંઠાના આ પ્રયોગને સામાજિક, આર્થિક અને ધાર્મિક એમ બધા જ તબક્કાઓમાંથી પસાર થવાનું છે. સમગ્ર પ્રજાનાં મૂલ્યાંકનો અહિંસક દૃષ્ટિએ પલટવામાં હિસ્સો નોંધાવવાનો છે; એટલે એને માત્ર પ્રાદેશિક કાર્યકરોથી જ નહિ ચાલે; પ્રાદેશિક કાર્યકરો ઉપરાંત બહારનાં ઘણાં બળોનો સહારો જોઈશે. એનું મુખ્ય બળ તો નૈતિક બળ રહેશે. આ દૃષ્ટિએ ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘથી, એક રીતે સભ્યપદથીયે હું નિરાળો છું; છતાં આજે તો એની લગભગ નાનીમોટી ક્રિયાઓ, કાર્યકરો, પ્રજા વગેરે દરેકના સંપર્કમાં સહેજે રહેતો હોઉં છું. પ્રાયોગિક સંઘની વર્તમાન નિયામક સમિતિમાં બહારના પ્રદેશમાં ખૂંપેલા કાર્યકરોને વધુ જવાબદારીવાળાં સ્થાનો પર રહેવાનો કે રાખવાનો મારો આગ્રહ શાથી રહે છે, તે પણ આ પરથી સમજાશે.

મેં અગાઉ કહ્યું તેમ મારી પરિસ્થિતિની ભૂમિકા સંન્યાસીની છે. જે જૈન ફિરકામાં મેં દીક્ષા લીધી છે, તેનાં જે વેશ અને નિયમો મારા ઉપલા કાર્યને અને મૂળભૂત સિદ્ધાંતોને બાધક નથી તે વેશનિયમો મેં જાળવી રાખ્યાં છે. ભિક્ષાચરીનો અને

પાદવિહારનો પણ એમાં સમાવેશ થઈ જાય છે. જેમણે માલિકીહકનો સંપૂર્ણ ત્યાગ કર્યો છે અને ગૃહસ્થાશ્રમના નિયમોથી વિમુક્ત છે, તેમણે કાંતવું જ જોઈએ, એવો આગ્રહ હું રાખતો નથી. જેઓ કાંતવામાં પાપ માને છે અથવા બાહ્ય ક્રિયાઓમાં જ પાપ સમજે છે, તે માન્યતામાં હું સંમત નથી. પાપ તો મૂળે વૃત્તિમાં છે. છેવટે તો સંન્યાસાશ્રમ અને ગૃહસ્થાશ્રમ પોતે પણ સાપેક્ષ જ છે; ત્યાં બીજી તો વાત જ શી કરવી! પરંતુ જેમના હાથમાં સત્ય, પ્રેમ અને ન્યાયની કસોટીનું મુખ્ય હોકાયંત્ર હશે, જે વર્ગ પોતે અવિરતપણે સમાજનાં બધાં જ બળોને વ્યવસ્થિત, નિયમિત અને ઉપયુક્ત બનાવવાના કામમાં મુખ્યપણે રોકાયેલો હશે, તે વર્ગની પાસે આજીવિકાનાં સાધનોના ઉત્પાદનનું કામ લેવા કરતાં ઉપલું કામ લેવાય તે વધુ ઉપયોગી છે; એ દૃષ્ટિનો સ્વીકાર કરી ભિક્ષોપજીવી ત્યાગીઓને અમીરીભિક્ષાને માર્ગે જવા દેવાનું હું પસંદ કરું છું. આવાં દૃષ્ટિ અને ખ્યાલ હોઈને સૌ કાંતે તો સંન્યાસી પણ કાં ન કાંતે, અથવા સંન્યાસી કાંતે તો જ સમાજમાં કાંતણની ક્રિયાની વધુ પ્રતિષ્ઠા થાય, એવો આગ્રહ મને નથી રહેતો. આ પુસ્તકના લેખક મુખ્યત્વે કાંતણ, મુહપત્તી અને રજોહરણ તથા એવી કેટલીક બાબતોમાં મારા વિચારો સાથે સહમત થઈ શકતા નથી. ગાંધીદર્શનના વધુમા વધુ અનુરાગી, ગાંધીજીના નિકટ અને દૂરવર્તી તેમના અનેક ભક્તોના પ્રેમપાત્ર તેમ જ એમણે બાંધી આપેલી સડક પર જ સમાજરચનાની ગાડી દોડાવવાની ખ્વાહીશ ધરાવનાર મારા જેવા પાસે કાંતણની અપેક્ષા નવલભાઈ જેવાં અનેક ભાઈબહેનો રાખે એ હું સમજી શકું છું. કાંતવા માટે સમય ન કાઢી શકાય, એવું તો કંઈ છે જ નહિ. કાંતણયજ્ઞની સમાજમાં હજુ વધુ ને વધુ પ્રતિષ્ઠા થાય એ જરૂરી પણ છે અને

એમ છતાં ઉપર કહ્યું તેમ મારી દૃષ્ટિમાં મુખ્યત્વે જે સાધુ વર્ગ છે, તે દૃષ્ટિએ જોતાં કાંતણના સિદ્ધાંતની સાથેસાથ આનુષંગિક જે કંઈ સવાલો ઉપસ્થિત થાય છે, તે દૃષ્ટિએ કાંતણને એ વર્ગ પૂરતું મેં ગૌણસ્થાન ગણ્યું છે. નવલભાઈએ જેમ કલ્પ્યું છે, તેમ એ સહજ બને તો એનો ઇન્કાર ન હોઈ શકે, વેષભૂષાનો પણ આગ્રહ સાધુતામાં ન હોય, એ પણ સમજી શકાય તેવી વાત છે; પરંતુ સંન્યાસી વર્ગમાં અવટાળવૃત્તિ સહજ રહેવી જોઈએ. સમાજ સાથે સંપૂર્ણ સંકળાયેલા રહેવા છતાં શકય તેટલી એમની નિર્લેપતા રહેવી જોઈએ. અર્થકારણ, સમાજકારણ, રાજકારણ એ બધાંઓમાં ધર્મકારણની પ્રતિભા મોખરે અને જળહળતી રાખવાની જવાબદારી મુખ્યપણે એ વર્ગને માથે રહેવી જોઈએ. આવું જો વિરલ વ્યક્તિને બદલે કોઈ અમુક સમૂહમાં રાખવા માગતા હોઈશું તો તે સમૂહના વ્યક્તિસ્વાતંત્ર્યને અબાધક એવાં અને સ્વૈચ્છિક પણ નિયમનો અને મર્યાદાઓ સ્વીકારવાં જ જોઈશે.

આ લખાણ મારા ધારવા કરતાં કંઈક લાંબું અને વચ્ચે કંઈક ગહન જેવું બની ગયું છે; એમ છતાં વાચકને આમાંથી, પ્રયોગ પાછળની કલ્પના કંઈક મૂર્તપણે દેખાયા વિના નહિ રહે. મારી પોતાની સ્થિતિનો, મર્યાદાઓનો, નિયમોનો પણ આમાંથી ખ્યાલ મળી રહેશે અને સાથેસાથ આ પુસ્તકના લેખકને મારી સાથેના નિયમો અને વિચારોમાં ક્યાં મતભેદ રહે છે તે પણ સ્પષ્ટ રીતે જોવા મળશે. એક રીતે જોઈએ તો જીવન એક વ્યવસ્થિત યોજના છે અને બીજી રીતે જોઈએ તો સહજ નિર્માતી ઘટનાઓમાં વ્યક્તિએ પોતાના જીવનને ગોઠવવું અને પોતાની આસપાસની સમષ્ટિને એમાં ગોઠવા-વાનો પ્રયત્ન કરાવવો એમાં જ ઉદાત્ત માનવજીવનના પુરુષાર્થની પરિસીમા દેખાય છે. આવી અદ્ભુત સાપેક્ષતાને કારણે એક વ્યક્તિને

જે વાત ગમે છે, તે જ વાત બીજી વ્યક્તિને ગળે નથી ઊતરતી; એક માનવવિભૂતિને જે ક્રિયાને લીધે આકર્ષણ થાય છે, તે જ ક્રિયાને લીધે બીજી માનવવિભૂતિનું તીવ્ર આકર્ષણ પણ ક્ષણવારમાં મંદ પડે છે. આ બધી વિવિધતાઓમાં આપણે સહુએ જીવવાનું છે. મારા અંગત જીવન ઉપર જોઉં છું તો મારા પરમપૂજ્ય ગુરુદેવથી માંડીને, સમાજ તથા કેટલાંય ભાઈબહેનોના સંગાથે મને તેમના વિષે અને તેમને મારા વિષે આવું અનેકધા બન્યું છે. આમ હોવાને કારણે કેટલાંય ભાઈબહેનો અંગતજનો જેવાંય વિખૂટાં પડ્યાં છે અને વિરોધી ગણાતાંઓ પણ અંગતજન બનતાં ગયાં છે. આ બધાંનું નિરીક્ષણ કરું છું તો જગત અને જગતની ઘટનાઓ બધી જ સાપેક્ષ જણાય છે; તેમાં 'સંતબાલ' નામે ઓળખાતી વ્યક્તિ બાકાત શી રીતે હોઈ શકે?

"ભલે મળીએ છૂટા પડીએ, પરંતુ પ્રેમ અખંડ રહો;
ઝઘડીએ ને ફરી મળીએ સદા સત્યો અખંડ વહો."

આટલું સમજાય અને વર્તાય એટલે એમાંથી આપોઆપ જાગૃતિપૂર્વકનું કર્તવ્યભાન આવે છે; તેમ જ સ્વવિકાસ અને સમાજવિકાસનો સુમેળ સધાય છે. પછી આ મહાયોજનારૂપી યંત્રનો કોઈ નાનો ભાગ બને અને કોઈ મોટો ભાગ બને એ જુદી વાત છે. અલબત્ત, માનવી વિચારપૂર્વક એ યંત્રનો ભાગ બને છે, ત્યારે તે આખું યંત્ર અને એની ચાવીરૂપ પણ બની શકે છે અને તેથી પોતે વિક્ષેપ ન નાખતાં અને બીજાં વિક્ષેપ નાખતાં બળોને સુમાર્ગે વાળતાં પોતાની કૃતકૃત્ય જિંદગી પૂરી કરે છે. આ બધી જ પ્રવૃત્તિઓ પાછળ પણ એ જ ભાવના સફળ હો, એટલું કહી, આ પુરવણીલેખ પૂરો કરું છું.

આદરોડા, ૩૦–૧૧–'૫૦ **'સંતબાલ'**

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| | પગદંડી અંગે | | ૫ |
| | પ્રયોગની ભૂમિકા | 'સંતબાલ' | ૯ |
| ૧. | પ્રથમ દર્શન | | ૩ |
| ૨. | આધ્યાત્મિક સૈનિક | | ૧૩ |
| ૩. | સત્ય સંકલ્પ | | ૨૨ |
| ૪. | વિરમગામનો કૉલેરા | | ૩૦ |
| ૫. | હુલ્લડ અને અહિંસા | | ૩૭ |
| ૬. | ગીતાના શ્રીકૃષ્ણ | | ૪૪ |
| ૭. | શિવલાલ–સૌભાગ્યચંદ્ર–સંતબાલ | | ૫૦ |
| ૮. | કસોટી | | ૬૩ |
| ૯. | મૌનના અનુભવો | | ૭૨ |
| ૯.અ | ગુરુ–શિષ્ય | | ૮૨ |
| ૧૦. | સમાજવાદી સંત | | ૮૮ |
| ૧૧. | નળકાંઠામાં પ્રવેશ | | ૯૪ |
| ૧૨. | જુવાલમાં શિકાર | | ૧૦૧ |
| ૧૩. | નપાણિયો ભાલ | | ૧૦૮ |
| ૧૪. | સૌરાષ્ટ્રના સંબંધો | | ૧૧૩ |
| ૧૫. | વળી પાછા નળકાંઠામાં | | ૧૨૦ |
| ૧૬. | ધર્મદૃષ્ટિએ સમાજરચના | | ૧૨૪ |
| ૧૭. | ૧૯૪૨ની ક્રાંતિમાં | | ૧૩૦ |
| ૧૮. | 'વિશ્વવાત્સલ્ય' પત્ર | | ૧૩૬ |
| ૧૯. | બે સંત | | ૧૪૨ |
| ૨૦. | દુષ્કાળના ઓળા | | ૧૪૮ |
| ૨૧. | બનાસને બી | | ૧૫૫ |
| ૨૨. | નૈતિક મોરચે | | ૧૬૦ |
| ૨૩. | કોર્ટના પિંજરામાં | | ૧૭૦ |
| | **પરિશિષ્ટ** | | |
| | સંઘ અને સંસ્થાઓ | | ૧૮૩ |
| | પગલે પગલે સાવધ રહીને | (કૂચગીત) | ૧૮૬ |
| | ઊઠ જવાન ! | (કાવ્ય) | ૧૮૭ |
| | શહેર અને ગામડું | ( ,, ) | ૧૮૮–૮૯ |
| | આવો ઊડીએ ! | ( ,, ) | ૧૯૦ |

# સાધુતાની પગદંડી

# ૧

# પ્રથમ દર્શન

ચોરવડોદરા !

વડોદરા તો અનેક વાર જોઈ નાખ્યું છે. ત્યાં જ ભણ્યો છું. એના વિશાળ રાજમાર્ગ અને જ્યાં નજર પડે ત્યાં પથરાયેલા બગીચા આજે પણ આંખ સામેથી ખસતા નથી. એ કૉલેજ અને એ કમાટી બાગનાં સ્મરણો મારા જીવનની સાથે જડાયેલાં છે. પણ, આ તો હતું ચોરવડોદરા. વડોદરામાં ચોર ઉમેરાયું અને વડોદરા ચોરોનું બની ગયું.

શું હશે? કોઈ શહેર હશે કે વડોદરાનો કોઈ લત્તો? વડોદરામાં ચોરબજાર તો છે, પણ આ તો ચોરોનું વડોદરા. નથી શહેર કે નથી શહેરનું પરું. છે માત્ર ચૂંવાળનું નાનું સરખું ગામડું. છતાંય આખા ચુંવાળમાં એ બત્રીસીએ ચઢેલું. ચોરવડોદરા નહિ; ચોરોનું વડોદરા.

ભાલનળકાંઠામાં ચોરીનો એક જુદો જ પ્રકાર છે. પૈસા ચોરાય કે ઘરેણું ચોરાય. પણ અહીં તો ઢોરોની ચોરી! તમને આશ્ચર્ય થશે, શું ઢોર પણ ચોરાતાં હશે? હા, ચોરાય છે; અને તે પણ મોટા પ્રમાણમાં! ભાલનળકાંઠામાં ભાગ્યે એવું ગામ હશે, ભાગ્યે જ એવો કોઈ ખેડૂત હશે જેના દિલમાં આનો ડર નહિ હોય! આ ચોરીની અનેક કરુણ વાતો આજે પણ બીજા વિભાગોમાંથી સાંભળવા મળે છે. અનેક ખેડૂતોની ખેતી ભાંગી છે,

અનેક ખેડૂતો ઊભડ મજૂર બન્યા છે, અનેક ખેડૂતોએ બળદ ચોરાતાં ખેતી ટકાવવા કારમાં દેવાં કર્યાં છે.

આ ચોરી રાતે ઘર ફાડીને થતી નથી. સાંજનો વખત હોય. ખેડૂત પોતાના ખેતરમાં હળ ચલાવી રહ્યો હોય. બેચાર બુકાનીવાળા આજુબાજુથી ધસી આવે. ખેડૂતને ઘેરી લઈ બંદૂકની નાળ બતાવે યા કમરબંધ બાંધી એને ઝાડને થડિયે બાંધે. બૂમ પણ કોને પાડવી? વિશાળ ધરતી ઉપર છૂટાંછવાયાં સૌ ખેતી કરતાં હોય! સાદ સાંભળવા પણ કોણ નવરું હોય? ચૂં કે ચાં કર્યા સિવાય ખેડૂત પોતાના બળદ છોડી આપે. ખેતરો ખેડાયા વગરનાં રહે. રડતે હૈયે સાંતીનાં સાધન સુધ્ધાં ખેતરમાં પડચાં મૂકીને તે ઘેર પાછો વળે.

રોજની ફરિયાદ. આજે આ ગામમાંથી તો કાલે બીજા ગામમાંથી. આ રીતે વેર પણ વળાય. ચોરી જનાર પણ એવા માથાભારે કે ગામમાં કોઈથી એમનું નામ ન લેવાય. અને ભૂલ્યે-ચૂકચેય જો માથાભારે માણસ સાથે ઝઘડો કે બોલવાનું થયું તો બે દિવસમાં તેનાં ઢોર ઊપડચાં જ સમજો.

આપણામાં કહેવત છે: જર, જમીન ને જોરુ એ ત્રણ કજિયાનાં છોરુ. જર તો આ ગામડાંઓએ ઝાઝો દીઠો નથી. જે કાંઈ આવે છે તેમાંનો મોટો ભાગ વ્યાજ અને વરાખરામાં તણાઈ જાય છે. એને ભાગે તો રોટલો ને મરચું જ રહે છે. જમીનની તો અહીં કિંમત જ નહોતી. ખેડે તેની જમીન. અને તે પણ એવી કે મહેનત કરે તેટલું માંડ મળે. મોટો ભાગ ખાર એટલે અહીંના મોટા ભાગના ઝઘડા જોરુના જ રહ્યા. સહેજ પૈસેટકે સુખી થાય એટલે સ્ત્રી મેળવવા મથે. બે બૈરાં પણ થાય. એકાદ ગામની કન્યા ઉપાડે. અને પછી ઝઘડો ચાલે. સામસામી ઘાસની ગંજીઓ બળે, જાસાચિઠ્ઠીઓ લખાય. પણ આ ઢોરની

ચોરીની વાત જ જુદી. ચોરી શા માટે? એક વ્યવસ્થિત વેપાર જ હતો. આખા પ્રદેશમાં ઢોર ચોરનાર, એ માલને સંઘરનાર અને એમને પાછા અપાવનારની એક વ્યવસ્થિત જાળ બિછાવાયેલી હતી. આ જાળમાં ભાલનો સામાન્ય ખેડૂત મૂંઝાઈ મરતો. બળદ એ તો ખેડૂતનો પ્રાણ. ખરી તકની ઘડીઓ આવે ત્યારે જ આવાં કામો થતાં. કાલથી વાવણી શરૂ થવાની છે તો આગલે દહાડે રાતે જ બળદ ઊપડતા. વાવણીને ટાણે બળદ ક્યાંથી મળે? ખેડૂત લાચાર બનતો.

જ્યાં ચોર હોય ત્યાં ચૌદશિયા પણ હોવાના જ. આરંભમાં આ ચૌદશિયા શબ્દ તો સુંદર અર્થમાં વપરાતો. ગામના આગેવાનો કે જે ગામની ચૌ એટલે ચાર દિશાથી ચોકી કરે તે ચૌદશિયો કહેવાય. પણ આજનો ચૌદશિયો એટલે ચોરનો ભાઈ, ગામ પર ઠંડે કલેજે છરી ફેરવી લૂંટાવનાર અને લૂંટ પર જીવનાર માથાભારે માણસ. ચારે બાજુથી ગામને લૂંટે છતાંય આગેવાન. ચોરી થતાં રડતે હૈયે ખેડૂત ચૌદશિયાના ઘર તરફ વળે. ખેડૂત ચૌદશિયા આગળ પોતાનું દુઃખ રડે અને ચૌદશિયો ઠંડે કલેજે વિષ્ટિ કરે. હજાર રૂપિયાના બળદ હોય તો પાંચસો સાતસોમાં છોડાવી આપવાની વહટી ચલાવે અને તેમાં પણ ઉપકાર ચઢાવે તે જુદા. એક તો દેવામાં ડૂબેલો હોય જ તેમાં આ ફટકો પડે. પણ ખેતી કરવી હોય તો તે પણ સહેવો પડે. ચૌદશિયાને કરગરે અને પાંચસો સાતસો રૂપિયા ગમે ત્યાંથી લાવી એનાં ગજવાં ભરે. જાદુની જેમ બીજે દિવસે એના બળદ એના ખેતરને શેઢે કે ગામને પાદર ફરતા મળી આવે. આ કેમ બનતું હશે તે સૌ કોઈ જાણે છતાં કોઈથી બોલાય નહિ. ચૌદશિયો પણ જાણે ખેડૂત ઉપર ઉપકાર કરતો હોય એવો ડોળ કરે!

ચૂંવાળની આ ઢોરચોરીની પ્રવૃત્તિનું આ ચોરવડોદરા કેન્દ્ર હતું. કહેવાય છે કે એ ગામની સીમમાં આવેલું ઢોર ભાગ્યે જ કોઈ છોડાવી શકે. સરકારી તંત્ર પણ ચોરોના આ કિલ્લામાં ચંચુપાત ન કરી શકે. ઘણે ભાગે તો પોલીસ પોતે જ આમાં મળી ગયો હોય એટલે લોકો કોર્ટ કચેરીએ જવાનું જ માંડી વાળે. ખર્ચો ખૂબ થાય. સમય ખૂબ જાય અને છેવટેય ગુનેગારનો તો પત્તો જ ન મળે. આવી દુઃખદ દશામાં કોર્ટના બારણે કોણ ચઢે? એ બીક પણ ખરી કે કોર્ટે જવાથી વેરઝેર વધશે અને વળી પાછા વીફરેલા ગુંડાઓ વધુ નુકસાન પહોંચાડશે. આવાં આવાં કારણે વળતરને ટૂંકે રસ્તે જ લોકો જવા લલચાતા.

હમણાં જ આથમી ગયેલો સૂરજ જોતજોતામાં તો ક્યાંય નીકળી ગયો હશે. દિવસના નાથની ગતિનું માપ અમે રાત્રિના અંધકારથી કાઢ્યું. તમરાં બોલી રહ્યાં હતાં, અને રસ્તો પણ ધીમે ધીમે ઝાંખો પડતો જતો હતો. એકલવાયા માર્ગ પર અમે ત્રણ જણ ચાલ્યા જતા હતા.

જે ભાઈ આ રસ્તાથી પરિચિત હતા, તે વારેઘડીએ મારો હાથ દબાવ્યા કરે; કેમ, તે મને સમજાય નહિ. પૂછવા જાઉં ત્યારે એ ચાલવાની ઝડપ વધારી મૂકે. ગામની ભાગોળ આવી ત્યારે એમણે શ્વાસ હેઠો મૂક્યો. 'મને સહેજ વહેમ જતો હતો, અજાણ્યા રસ્તા પર રાત્રે' તે વણિક ભાઈએ કહ્યું.

ગામનો ચોરો આવી ગયો છે. અમે વારાફરતી દાદર પર ચઢીએ છીએ. ઉપર આવતાં જ ક્યાં જવું તે ખબર પડતી નથી.

ખૂણામાં પેલી હીંચકાની પાટ ઉપર સફેદ વસ્ત્ર લપેટીને કોઈ બેઠું છે. થોડો અંધકાર છે એટલે બહુ સ્પષ્ટ દેખાતું નથી. તોયે મોઢે બાંધેલું સફેદ વસ્ત્ર અને મસ્તક પરનો તેવો જ રૂમાલ

અને તેથીયે વધુ ચમકતી બે આંખો તો સૌ કોઈ દેખી શકે. દેખીને સમજી શકે.

'મહારાજશ્રી!' કોઈ બોલ્યું. હેં! આ જ મુનિ શ્રી સંતબાલજી! મારો તો પહેલો જ પરિચય. મેં એમને આ વેશમાં ને આ રીતે, આવી ઢબે જોવાની આશા નહોતી રાખી. મારી કલ્પના કંઈ જુદી જ હતી. મોઢે બાંધેલું સફેદ કપડું મને થોડું ખટક્યું. એમનું એકવડું શરીર ને ગૌર વર્ણ જોઈ શક્યો. એમના માથાના ને દાઢીના વાળ વધી ગયા હતા.

અંગત પ્રાર્થના પૂરી કરી તેઓ સામુદાયિક પ્રાર્થનામાં જવાને ઊઠ્યા. લાંબા ડગ માંડતા તેઓ પ્રવચનને સ્થળે આવી પહોંચ્યા. રસ્તામાં મળનાર પ્રત્યેકને એમની આંખમાંથી અમી ઝરતી દેખાતી. બગલમાંની ઊનની સાવરણી (ઓઘો) વડે પાટ સાફ કરી ઊનનો કકડો પાથરી તે બેસી ગયા.

એક ક્ષણમાં શાંતિ છવાઈ ગઈ. કાંઈ નહિ તો બસોથી ચારસો માણસો હશે. પ્રાર્થના શરૂ થઈ. પ્રાર્થનાનું સુંદર વાતાવરણ જામ્યું. પાટ ઉપર બેઠેલા સંતબાલજીએ મધુર અવાજે પ્રાર્થના શરૂ કરી:

છે બ્રહ્મચર્ય જ સત્યશ્રદ્ધા, સર્વ–ધર્મ–ઉપાસના,
માલિકી હક વ્યવસાય મર્યાદા ન નિંદા શ્લાઘના;
વિભૂષા વ્યસનજય ખાન પાન શયન વિવેક ક્ષમાપના,
ન રાત્રિભોજનત્યાગ જગવાત્સલ્ય એ વ્રત બારમાં.

બાર વ્રતોનું સ્મરણ પૂરું થતાં તેઓએ જ રચેલું વિશ્વધર્મોનું કાવ્ય લોકોએ ઝીલ્યું અને ત્યાર બાદ:

ધર્મ અમારો એક માત્ર એ સર્વધર્મ સેવા કરવી;
ધ્યેય અમારું છે વત્સલતા, વિશ્વમહીં એને ભરવી.

સકળ જગતની બની જનેતા, વત્સલતા સહુમાં રેડું,
એ જ ભાવનાના અનુયાયી બનવાનું સહુને તેડું.

અહા ! કેવી સુંદર પ્રાર્થના. વિશ્વધર્મની પ્રાર્થના તો સામાન્ય લોકોને માટે અઘરી ગણાય. આટલી સહેલી ભાષામાં આવો સુંદર વિચાર રજૂ થઈ શકે? કેટલા સુંદર અને સરળ શબ્દો! આવું કાવ્ય એમના જીવન અને એમણે કરવા ધારેલી ક્રાન્તિનું જ પ્રતિબિંબ છે. એમની ભાવના એ કાવ્યમાં મૂર્તિમંત થાય છે. આ પ્રાર્થનાને આપણે એમના જીવનની એક અગત્યની પ્રવૃત્તિ ગણીએ તોપણ કેટલું કામ થયું ગણાય!

બાપુજીએ સામુદાયિક પ્રાર્થનાને પ્રતિષ્ઠા આપી છે અને અવારનવાર હવે સામુદાયિક પ્રાર્થના થાય છે. પણ જ્યાં પ્રાર્થના કરનારાઓને જ સંપૂર્ણ શ્રદ્ધા ન હોય ત્યાં વાતાવરણ બરોબર ન જામે એ સ્વાભાવિક છે. ગુજરાતમાં અને તે પણ ગુજરાતને ગામડે ગામડે પ્રાર્થનાનું વાતાવરણ જમાવવાનું ભાગ્ય કોઈને સાંપડ્યું હોય તો તે સંતબાલજીને. ગમે તે ગામડે હોય એમની પ્રાર્થના તો થવાની જ. અને લોકો પણ મોટી સંખ્યામાં ભાગ લેવાના. એમની પ્રાર્થના પણ જૂની ઢબની નથી. સર્વધર્મનાં સુંદર ભજનો પણ તેઓ જ ગાય અને ધૂન પણ ઝિલાવે. આમ તેઓ જ્યાં જાય ત્યાં પ્રાર્થનાનાં બી વેરતા જાય. આજે ગુજરાતમાં એવાં કેટલાંય કુટુંબો હશે જ્યાં તેમના દ્વારા રચાયેલી આ પ્રાર્થના ગવાતી હશે.

પહેલી નજરે જ એમની પ્રાર્થના ગમી ગઈ. તે સમયનો તેમનો ભાવ અને આંગળીઓની મુદ્રા આંખમાં ખૂંપી ગયાં; અને બધા કરતાંય પ્રાર્થનાએ જમાવેલ વાતાવરણે મારા ઉપર સુંદર છાપ પાડી. મને થયું: જો રચનાત્મક કામમાં જોડાયેલો એક

એક કાર્યકર આવી શ્રદ્ધા અને ઉમંગથી પ્રાર્થના કરતો હોય તો?

આજે આપણે જોઈએ છીએ કે જેઓ રાજકીય પ્રવૃત્તિમાં પડ્યા છે તેઓ પ્રવૃત્તિના વેગમાં એટલા જોરથી તણાય છે કે જીવનનું સાચું બળ મેળવવા તરફ દુર્લક્ષ થતું જાય છે. પરિણામે પ્રવૃત્તિ દ્વારા જે જીવનશુદ્ધિ થવી જોઈએ તે ન થતાં પ્રવૃત્તિમાંથી મળતી સત્તા અને પ્રતિષ્ઠા મોટા ભાગના કાર્યકરોને પાડી રહી છે. જેઓ આશ્રમી જીવન ગાળે છે તેઓ પ્રાર્થના કરે છે; પણ જેટલો પ્રાણ જોઈએ તેટલો વાતાવરણમાં અનુભવાતો નથી. એટલે બાપુજીએ આપણને આપેલું રામનામ અથવા તો ઈશ્વરી શ્રદ્ધાનું ભાથું આપણી પાસેથી દિવસે દિવસે ઓછું થતું જાય છે. અને એટલે અંશે આપણો કર્મયોગ, યોગ મટી માત્ર કર્મ અને કેટલેક સ્થળે ઉપલકક્રિયા — ધાંધલ — જ બની જાય છે.

પ્રાર્થના બાદ તેઓએ પ્રવચન શરૂ કર્યું. રણકતો મધુર અવાજ. પ્રવાહી ગામઠી ભાષા. વચમાં વચમાં કાવ્યો અને કથાપ્રસંગો.

આ શું? સંતબાલજીએ શરૂ કર્યું:

'कुल्लमीन अलय हे फ़ानिम.'

ઈશ્વરના નામ સિવાય આ બધું જ વ્યર્થ છે. આ તો કુરાનની આયાત! હિંદુ, તેમાંય જૈન ને તેય વળી સાધુના મોઢે કુરાન! આ રીતે આવી ભાવવાહી ઢબથી અને જૈન સાધુના મુખે પહેલી જ વાર સાંભળ્યું. મારા આશ્ચર્યનો પાર ન રહ્યો.

ગામમાં મુસલમાનોની પણ મોટી વસ્તી છે. મુસલમાનોની ધર્મવૃત્તિ જાગ્રત થઈ. તેઓને થયું: અહા! આ તો અમારા જ ધર્મનું કહે છે. આમ બધા ધર્મોની વાતોમાંથી ધીમે ધીમે તેઓ સમાજના પ્રશ્ન પર સરી પડ્યા.

'આટલાં વર્ષોથી મારા દિલમાં એક દુઃખ રહે છે. અને તે આ પ્રદેશનું દુઃખ છે. જો આ પ્રદેશે સુખી થવું હોય તો ઢોરની ચોરી બંધ થવી જોઈએ. તમે જ વિચારો, જે ક્ષણે એ ખેડૂતના બળદો ચોરાતા હશે તે ક્ષણે એની શી દશા થતી હશે? ખેડૂત બિચારો લાચાર બની મોરખાઈ (વળતર) ભરે; પણ એની હૈયાની આહ ચોરનારને—ચૌદશિયાને—સુખે સૂવા નહિ દે. હું તમોને જ પૂછું: તમે આટઆટલાં ઢોર ચોરો છો; છતાં તમે સુખી છો ખરા?'

સભા: 'અમારે તો બાપુ એનું એ.'

સંતબાલ: 'ખેડૂતના હજાર કે બારસોના બળદ ચોરો ત્યારે તમારા હાથમાં શું આવે?'

સભા: 'સો બસો કે કોઈ વાર તો કંઈ નોં આવે!'

'ત્યારે વિચારો, પાપ તમે કરો છતાં તમારા હાથમાં કાંઈ આવતું નથી. જે કાંઇ આવે છે તે બધું ચૌદશિયા અને સિપાઈઓ ચાવી ખાય છે. તમારે ભાગે મહેનત, પાપ અને ભૂખ તો ઊભી ને ઊભી જ. ઉપરથી વગોવાઓ તે જુદા. સમાજમાં તમારી આબરૂ નહિ. અને આબરૂ વગરનું જીવન શા ખપનું?' ત્યાં તો વાલિયા ભીલની વાત નીકળી પડી. 'વાલિયો ચોરમાંથી મોટો સંત બની ગયો. આમ હવે તમે જ કહો, તમારે સારા થવું છે કે આવા ને આવા જ રહેવું છે? જો સારા થશો તો મને પૂરી ખાતરી છે કે તમે સુખી થશો. આજે આખા ચૂંવાળ ને ભાલનળકાંઠાની આહ તમોને લાગે છે. તમે સુખી ક્યાંથી થાઓ?'

સભાનું મન ફેરવાઈ ગયું. સમિતિ નિમાઈ. ભવિષ્યમાં કોઈ પણ જાતની ચોરી નહિ કરવાનું ને એવાં કામોમાં સાથ નહિ આપવાનું નક્કી થયું. અગિયાર વાગ્યા સુધી કામ ચાલ્યું.

હિંદુ-મુસ્લિમ એક હતા. સૌએ પોતપોતાના ફળિયાની જવાબદારી લઈ લીધી. છેવટે ગામલોકોએ કહ્યું:

'મહારાજ! એક બે દિ' વધુ રોકાવ તો કામ પાકું થઈ જાય. બધાની સહીઓ લઈ લઈએ.'

'ના, આટલેથી જ સંતોષ માનો,' મહારાજશ્રીએ કહ્યું. લોકોએ ખૂબ વીનવ્યા પણ તેઓ મક્કમ હતા. હું બાજુમાં બેઠો હતો. હું અકળાયો. કામ કરવાની આ તે કઈ રીત? જે કામ કરવા તે આ બાજુ નીકળ્યા છે, તે પાર પડી જતું હોય તો બે દિવસ રોકાઈ જવામાં એમનું શું બગડી જવાનું છે? બધા ગયા એટલે મેં ધીમેથી કહ્યું: 'મહારાજ! આપ રોકાઈ જાઓ તો કામ વધારે સારું ન થાય?'

મારા માથે હાથ ફેરવતાં એ બોલ્યા, 'જેટલું થાય તેટલાથી સંતોષ માનવો જોઈએ. સમય પહેલેથી નક્કી થઈ ચૂક્યો છે. ને આપણે માટે સમય એ મુખ્ય વસ્તુ છે. નાનાં નાનાં પ્રલોભનો માટે આપણે સંકલ્પો બદલતા રહીએ તો આપણાથી કંઈ જ ન થઈ શકે.'

'તો શું આપણે સમયના ગુલામ બની જવું એમ?' મારાથી બોલાઈ જવાયું.

'ના, આપણે સમયને ગુલામ બનાવવો છે.' એમણે શાંતિથી કહ્યું. 'ને તેથી જ આટલી જાગૃતિની જરૂર છે. આગળ વધવું હોય તો એક ક્ષણની પણ ગાફેલિયત ન ચાલી શકે.'

આ જાતની જાગૃતિ અને અનાસક્તિનો મારા માટે આ પહેલો અનુભવ હતો. પાછળથી જ્યારે વધુ નિકટ આવ્યો ત્યારે સમજાયું કે તેમને માટે આ જ ઉચિત હતું. 'समयं मा पमायहे' જૈન ધર્મનું એક સૂત્ર તેઓ પાસેથી સાંભળવા મળ્યું: એક ક્ષણનો

પણ પ્રમાદ ન કર. અને પ્રમાદ એટલે માત્ર આળસ નહિ. કામનો લોભ કે મોહ પણ માણસને પાડનાર છે અને એટલે જ સાધકે સારાં કામોમાં લોભ કે મોહ જતો કરવો જોઈએ. આ છે અનાસક્તિ અથવા તો સ્થિતપ્રજ્ઞની વૃત્તિ.

તેમની આ વૃત્તિ અને કામ કરવાની રીત ઉપર વિચાર કરતાં પહેલે જ પ્રસંગે આ ખ્યાલ આવ્યો: એક સેવક હતો. તેની કામ કરવાની અનોખી જ રીત હતી. તે કોઈ પણ ગામની ભાગોળે બેસે. બે ત્રણ દિવસના ઉપવાસ થાય. ગામના એકાદ માણસનું ધ્યાન ખેંચાય. વાત ગામમાં પહોંચે. આખું ગામ આવી તેને ગામમાં તેડી જાય. ધીમે ધીમે કામનો આરંભ કરે. થોડા જ દિવસમાં આખા ગામમાં વાતાવરણ જામી જાય. બે એક વર્ષમાં તો આજુબાજુનાં ગામોમાં પણ તેની સુવાસ પહોંચી ગઈ હોય. જ્યારે એના કામ પર કીર્તિનો કળશ ચઢવાનો હોય ત્યારે એક રાત્રે તે બિસ્ત્રાપોટલાં બાંધે અને ગામનું કોઈ પણ ન જાણે એમ ગામ છોડી ચાલ્યો જાય.

આ પણ કામની એક રીત છે. એક માણસ જ્યાં જાય ત્યાં થોડીઘણી જમીન સાફ કરી બી વેરતો જાય. ઊગે તેટલાં ખરાં. એને શ્રદ્ધા હોય છે કે પોતાનાં વેરેલાં બીને સાચવનાર કોઈક તો નીકળી જ આવશે. આવી શ્રદ્ધાથી તે જ્યાં જાય છે ત્યાં વાતાવરણ તૈયાર કરી ત્યાં જીવનની સાધનાનાં બી સીંચતો જાય છે. એને એની આસક્તિ નથી. એ ઊગે તો એને ગમે છે પણ કરમાઈ જાય તો તેનું એને દુ:ખ નથી.

એવા રમતારામનું ચિત્ર આંખ સામે જોતો જોતો હું પથારીમાં પડ્યો અને થોડી જ વારમાં આંખ મળી ગઈ.

૨

# આધ્યાત્મિક સૈનિક

સવારના સાતેક વાગ્યા હશે. સંતબાલજીએ પ્રવાસની તૈયારી કરવા માંડી. થોડી જ વારમાં તેમનો બિસ્ત્રો તેમના શરીર ઉપર પદ્ધતિસર લપેટાઈ ગયો. ઉપર આડાઅવળા બંધ બંધાયા. સાથે રખાતી ચોપડીઓ પણ પીઠ પર બંધાઈ. આગળ ઓઘો ભરવ્યો. ઉપર કપડું ઓઢ્યું. હાથમાંની લાંબી લાકડી ઉપર એમનાં લાકડાનાં વાસણો ભરવાઈ ગયાં. આ વાસણો પણ હલકાં ફૂલ જેવાં. આમ થોડી જ વારમાં તેઓ તૈયાર થઈ ગયા.

કઈ વસ્તુ ક્યાં અને કેમ મૂકવી તેની જૈન સાધુઓમાં ચોક્કસ પદ્ધતિ હોય છે. હું તો ધારી ધારીને જોઈ જ રહ્યો હતો. તેઓ મારી જિજ્ઞાસા સમજી ગયા. તેમણે કહ્યું, 'જીવનનો મોટો ભાગ અમારે પ્રવાસમાં રહેવાનું થતું હોય એટલે એનું પણ વિજ્ઞાન જૈન સાધુઓએ તૈયાર કર્યું છે. ગમે ત્યાં જાય અને ગમે તેવી ઠંડી પડે તોપણ સાધુ બીજેથી ઓઢવાનું ભાગ્યે જ લે. વળી જાતે ઊંચકીને પ્રવાસ કરવાનો એટલે ઊનનાં કપડાં આવ્યાં. સ્વચ્છતાની સરળતા પણ ઊનનાં કપડાંમાં વધુ હોય છે. આ વાસણો પણ જુઓ કેવી સુંદર રીતે એકબીજામાં ગોઠવાઈ જાય છે! અને વજન પણ કેટલું ઓછું! અમારું પાણી પણ અમારી સાથે જ લઈ લઈએ. એટલે જૈન સાધુને આ બધું વ્યવસ્થિત કેમ રાખવું, કેવી રીતે મૂકવું કે બાંધવું તેની તાલીમ આપવામ આવે છે. આ પણ એને માટેની સાધના જ છે.'

તેઓ તૈયાર થઈ ગયા એટલે અમે ચાલવા લાગ્યા. ગામમાંથી લોકો વિદાય આપવા સાથે થયા. ગામની ભાગોળે આવતાં મહારાજશ્રીએ સૌને વિદાય કર્યાં. આ સમય દરમ્યાન મારી કલ્પનામાં યુદ્ધનું મેદાન તરવરી રહ્યું હતું.

સૈનિકો આવે છે અને જાય છે. સૌએ પોતપોતાની મિલકત પોતાના ખભા પર, માથા પર કે કમરે વીંટાળી દીધી છે. એને રાખવા માટે જગ્યા નથી જોઈતી, ઉપાડવા માટે મજૂરો નથી જોઈતા. પોતાના શરીર પર જ પોતાનું ઘર. પેલા ગાયકવાડના 'જીન ઘર – જીન તખ્ત' જેવું.

સંતબાલજી પણ આધ્યાત્મિક જગતના એક સૈનિક તો ખરા જ ને!

પણ બંને સનિકો બે ધ્રુવ સમાન હતા. પેલાને બીજાનો સંહાર કરવાનો, પોતાની જાત બચાવવાની ને વિજય મેળવવાનો, પછી ભલે એ વિજયની કિંમત કોડી જેટલી પણ ન હોય.

આમને તો પોતાની જાત હોમી દેવાની હતી, અને પોતાની સાથે બીજાનો પણ વિકાસ કરવાનો હતો.

ઝેરી ગૅસથી બચવા માટે પેલો સૈનિક મોઢા પર ગૅસમારક (બુરખો) રાખે છે, જ્યારે આ તો પોતાની રજમાત્ર પ્રવૃત્તિથી બીજા જીવોને રખે આઘાત પહોંચે એ ભયે મોઢે મુહપત્તિ (કપડું) બાંધે છે.

પેલા સૈનિકની પેઠે દુશ્મનને શોધી શોધીને મારવાનો પ્રયત્ન આ સાધુ કદી કરતો નથી. આ તો ઊલટું ભૂલથી પણ પગ નીચે કોઈ જીવ ન કચડાઈ જાય તે માટે ચાર કદમ પર નજર રાખીને જ ચાલે છે, અને તેય ઉઘાડે પગે.

આસમાન જમીનનો ફેર. ત્યાં એકબીજાને વીંખી નાખવાની ધમાલ છે; અહીં 'આપણે સૌ એક છીએ, એક છીએ પણ છૂટાં પડેલાં છીએ – તો ભેગાં થઈએ!'ની પ્રવૃત્તિની શાંતિ છે.

ત્યાં આવેગ છે, ઉશ્કેરાટ છે, તોફાન છે; અહીં પ્રસન્નતા છે, હૃદયની શાંતિ છે.

ત્યાં વેર ને ક્રોધ, દ્વેષ ને ઈરખાની આગ ભભૂકે છે! અહીં અંતરમાં કરુણાના ઝરણની ધારા રેલી રહી છે.

બંને સિપાહી છે. એક સંહારનો, બીજો સર્જનનો. એકને સંહાર કરવો છે, સંહારીને શાંતિ લાવવી છે; બીજો બધાંને બચાવીને વિકસાવવા ઝંખે છે. એકને દારૂગોળાનું, યંત્રોનું, શસ્ત્રોનું પીઠબળ છે; બીજાની પાસે આત્માના ચેતનની અદ્ભુત શક્તિ છે.

અહીં સર્જન છે; ત્યાં વિસર્જન છે.

આ બધા કરતાંય વધારે અગત્યની વસ્તુ તો એ છે કે આ સાધકે પોતાનું વ્યક્તિગત જીવન એટલું હલકું ફૂલ જેવું બનાવી દીધું છે કે નથી કોઈને એનો ભાર લાગતો, કે નથી એમનું જીવન અકળામણ પેદા કરતું.

તે જાણે છે કે જગતનાં પ્રાણીમાત્ર સુખ ઝંખે છે. અને એટલે જ ઓછામાં ઓછા વપરાશમાં સમાજનું સુખ છે. તે પાણી પણ તોળી તોળીને વાપરે છે. તે હાલતાં ચાલતાં જીવોની રક્ષાની જાગ્રત ચોકી રાખે છે. તે બોલવા બેસવામાં બીજા જીવોના વિકાસની ઝંખના કરે છે. તે સંકોચાય છે, બીજાના સુખને માટે. તેના સમજપૂર્વકના સંકોચમાં સૌનું સુખ છે. આ ભવ્ય આદર્શમાંથી જન્મી છે અહિંસાની વિચારધારા, યા તો અહિંસાના દર્શનમાંથી જન્મ્યો છે આ અપરિગ્રહ અને આત્મસંયમનો વ્યવહાર.

સંતબાલજી આટઆટલો પ્રવાસ કરે છે પણ એમની વસ્તુ ઉપડાવવાને કોઈ મજૂરની જરૂર નથી. એમના પ્રવાસ માટે ભાડાં-ભથ્થાંની પણ ચિંતા નથી. ચાર, પાંચ, દસ અને કોઈ કોઈ વાર પંદરથી વીસ ઘરથી તે થોડું થોડું માગી લાવી પોતાનું પોષણ કરી લે છે. આમ તે સૌને માટે હળવા બની ગયા છે. અને ટૂંકમાં તે રીતે ભિક્ષા આપનારની પણ શ્રદ્ધા અને ભક્તિ વધે છે.

માઈલેક ચાલ્યા હઈશું ત્યાં મહારાજશ્રી એક ઝાડ નીચે થોભ્યા. પોતાની ઘરવખરી ઉતારી. અને એક વાસણમાંથી દાતણ વગેરે કાઢ્યું. સાથે રાખેલા મંજનથી દાંત સાફ કર્યા અને વળી પાછો દાતણનો કૂચો દાંતથી તોડી નાખી એને બરાબર ધોઈ અંદર મૂકી દીધું.

'અહીં ક્યાં દાતણનો તોટો છે તે તમે આમ કરો છો ? આ સામા બાવળ ઊભા.'

'બાત્રળ તો છે, પણ જરૂર વગર કોઈ વસ્તુનો ઉપયોગ બરાબર નથી. રોજ લીલું દાતણ કરું તો ડાળાં કાપવી પડે. એટલે અહિંસામાં સંપૂર્ણ શ્રદ્ધા રાખનારે જેટલો ઓછો વ્યય થાય એટલો કરવા પ્રયત્ન કરવો જોઈએ. બીજી રીતે તમે જાણતા જ હશો કે ઝાડમાં પણ પ્રાણ છે. એટલે એ જીવને પણ દુઃખ ન પહોંચે એવી કાળજી અહિંસામાં માનનારે રાખવી રહી.' તેમનું આ તત્ત્વજ્ઞાન તો તે કાળે ગળે ન ઊતર્યું, પણ હવે લાગે છે કે નાનામાં નાની વસ્તુનો વ્યય પણ અનેક લોકોને દુઃખનું કારણ હોય છે. આપણે મન કાગળ તો એક નાનકડો ટુકડો જ હોય છે. પણ એ જ કાગળને તૈયાર કરવને માટે અનેક લોકોને મહેનત કરવી પડી હશે. એનો વિચાર કરીએ તો આપણને જરૂર લાગશે કે જો આપણે જગતમાં સુખ વધારવું હોય તો સંયમ

અનિવાર્ય છે. વસ્તુનો ઉપભોગ નહિ પણ ઉપયોગ. આજે ચારે બાજુએ 'જીવનધોરણ વધારો'ની બૂમો વહેતી મુકાય છે. અને જીવનધોરણ એટલે વિલાસ. અને વિલાસમાંથી વિનાશ સિવાય બીજું શું જન્મે? માનવજાત પોતાનો વિલાસ વધારતી જાય છે અને જેમ જેમ વિલાસની ભૂખ વધતી જાય છે તેમ તેમ વિનાશ નજીક ને નજીક આવી રહ્યો છે. આજની વિલાસની દોડમાં એમની આ દૃષ્ટિ ખૂબ પ્રેરણાદાયક ગણી શકાય.

એમના જીવનનો આ દાતણનો કિસ્સો યાદ આવે છે ત્યારે બાપુજીના જીવનના પણ અનેક પ્રસંગો યાદ આવે છે. આપણી ઊગતી પેઢીને આપણે વિલાસી બનાવતા જઈએ છીએ. અને એ વિલાસમાંથી ખોટો બગાડ દિવસે દિવસે વધતો જ જાય છે. અને પછી વધુ પેદા કરો . . . વધુ વાપરો. . . . આમ એક ચક્ર ચાલ્યા જ કરે છે. અને માનવજાત કચડાઈ મરે છે. આપણાં દુઃખોનો જો કોઈ ઉપાય હોય તો તે ઉપભોગ નહિ, ઉપયોગ છે; વિલાસ નહિ, સંયમ છે. સંયમમાંથી જ માનવજાતનું સુખ સર્જાવાનું છે.

દાતણપાણીથી પરવારી અમે આગળ ચાલ્યા. ત્રણેક માઈલ ગયા હઈશું ત્યાં મહારાજશ્રી અટક્યા.

એમણે ઝોળીમાંથી લાકડાનું એક મઝાનું વાસણ કાઢી લાકડાના તુંબામાંથી પાણી લઈ પીવા માંડ્યું. તરસ તો મને પણ લાગી હતી, અને અમે કોઈ સાથે પાણી લાવ્યા નહોતા. મેં એમના તરફ જોયું. મારા મનનો ભાવ સમજી જઈ એમણે થોડું વિચારીને કહ્યું:

'લો, તમારે પણ પાણી પીવું હોય તો.'

તરસ તો લાગી હતી, પણ મેં કહ્યું, 'ના રે, ચાલશે.'

'ના, ના, તમે જરાય ગભરાશો નહિ,' થોડું અટકી એમણે કહ્યું : 'હું પ્રાયશ્ચિત્ત નહિ લઉં.'

પ્રાયશ્ચિત્ત! પાણી આપવામાંયે પ્રાયશ્ચિત્ત? મને કંઈ સમજ ન પડી.

એમણે પાણી પી લીધું. મેં ન પીધું.

અમે આગળ ચાલવા માંડ્યું.

'એવું છે કે અમારાથી કોઈને કંઈ અપાય નહિ,' સંતબાલજીએ વાત શરૂ કરતાં કહ્યું. મારો ગૂંચવાડો વધતો ગયો. સાધુથી બીજાને કંઈ અપાય નહિ? જનતાની સેવા કરનાર બીજાને કંઈ આપી ન શકે?

એમણે આગળ ચલાવ્યું :

'આ બધા નિયમો પતનથી બચવા માટે જ છે. અને સાધુનો વેશ ધારણ કરવાથી કંઈ સાધુતા આવી જતી નથી. સાધુઓમાં પણ ઘણે ઠેકાણે આસક્તિ લાગી જવાનો ભય હોય છે. ભિક્ષા લેવા જતાં સારું ખાવાનું મળી જાય, તો 'લાવોને, પોતાના કોઈ આત્મીય શિષ્યને કે બીજાને આપીશું' એવી વૃત્તિ સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન થાય. એમાંથી તરત તો નહિ, પણ ધીમે ધીમે આસક્તિ વધે. એટલે જ સાધુને માટે આવા કડક નિયમો હોય છે.

'સાધુજીવનનો આદર્શ જેટલો ઊંચો છે એટલી જ એની સાધના પણ અઘરી છે. સામાન્ય રીતે જીવતા માનવના જીવનમાં જે બનાવો સામાન્ય અને સહજ હોય છે તે પણ સાધનામાં ખાસ જાગૃતિ માગે છે. સાધનાનો પંથ સાંકડો અને અંધારાથી ઘેરાયેલો છે. અંતે પ્રકાશ છે. પણ એ પ્રકાશને પામવા માટે જે સાંકડી પગદંડી પર થઈ પ્રવાસ કરવાનો હોય છે તે માટે નિયમો,

વ્રતો અને મર્યાદાઓ જરૂરી છે. આ બધા નિયમો નાનામાં નાની નબળાઈઓ અને અંતરના ઊંડાણમાં પડેલી આસક્તિ, લોભ ને હિંસાથી બચવા માટે છે. એનું હાર્દ સમજી વિવેકપૂર્વક છૂટ લેવામાં દોષ નથી.'

ગાડીના પાટાની એક બાજુ પર મહારાજ અને તેમની પછ્વાડે હું ચાલ્યો જતો હતો.

મને એમની આ જાતની વિચારસરણી જરા વિચિત્ર લાગી. આ સાધના કઈ જાતની ?

ચારેક માઈલ પહોંચતાં જ એક ગામ આવી પહોંચ્યું. મહારાજે લાકડાના વાસણમાં જે પાણી વધ્યું હતું તે બધું જ ઢોળી દીધું, અને જાણે કંઈ જ બન્યું ન હોય તેમ ખાલી ઠામ ઝોળીમાં ઘાલી ચાલવા માંડ્યું.

આ સાધુતા ! મારો જીવ અકળાઈ ઊઠ્યો. પાણી ઢોળી દેવાય ખરું, પણ એક તરસ્યા માણસને પીવા માટે ન આપી શકાય!

મારી મૂંઝવણ કળી ગયા હોય એમ મહારાજે બોલવા માંડ્યું, 'સાધુને માટે આ પણ એક નિયમ છે: ગામથી ચાર માઈલ જેટલે જાય એટલે એની પાસેની ખાનપાનની વસ્તુઓ એને માટે નકામી થઈ જાય.'

મનમાં થયું, કદાચ ખાનપાનમાં જીવ પડ્યા હશે, તેથી એમ હોય. ત્યાં તો તેમણે જ શરૂ કર્યું:

'એની પાછળ સંયમની સુંદર કલ્પના છે.' એમણે કહ્યું, 'એષણા સમિતિ અંગેનો આ એક પેટા નિયમ છે. સાધુને માટે ચાર માઈલની મર્યાદા હોય છે. તેથી ખાનપાનની વસ્તુ એક ઠેકાણેથી બીજે લઈ જવાની વૃત્તિ ન થાય. શ્રાવકોને પણ આવું દિશાની મર્યાદાનું વ્રત હોય છે. આજે તો બધાંને ધનનો હડકવા

લાગ્યો છે. આજે ગામડાના ધંધાથી આપણું પેટ નથી ભરાતું તેથી શહેરમાં જઈએ છીએ; એક પેઢીથી પૂરું નથી થતું તો બે પાંચ પેઢીઓ ઊભી કરીએ છીએ.' આ સ્થળે પૂ. રવિશંકર મહારાજે કહેલી એક વાત યાદ આવે છે. ભગવાને આપણને પેટ આપ્યું છે. પણ તે કેટલી ખૂબીથી આપ્યું છે! એને બે પગ અને બે હાથની વચ્ચે ગોઠવ્યું છે. જો કોઈ માણસ બે પગ અને બે હાથ ચલાવે એટલે તેનું પેટ ભરાઈ જ જાય છે. એટલે ભગવાનનું આપેલું પેટ ભરવાનું અઘરું નથી. પણ આપણે એક નવું અને કૃત્રિમ પેટ ઊભું કર્યું છે. એને ગમે તેટલું આપો તોય ઊણું જ રહે. આ પેટ છે પૈસાનું — તૃષ્ણાનું — પેટ. લાખ મળે તો દસ લાખ ઇચ્છે છે. દસ લાખ મળે તો કરોડ. આપણે આ પૈસાથી પેટનો ખાડો પૂરવા મથીએ છીએ અને હાથે કરીને શૂળ ઊભું કરીએ છીએ. એનો ઉપાય આપણા હાથમાં છે. અને તે મર્યાદા સ્વીકારી લેવાનો. મહારાજશ્રીએ જેમ ચાર માઈલની મર્યાદા સ્વીકારી છે તેમ આખો સમાજ પોતાના જીવનનિર્વાહ માટે અમુક માઈલની મર્યાદા સ્વીકારી લે તો બીજાના શોષણનો પ્રશ્ન પણ આપોઆપ ઊકલી જાય. જ્યાં સુધી બહાર જઈ કમાઈ, લૂંટી પોતાના જીવનને સુખી કરવાની ઝંખના છે ત્યાં સુધી ઝઘડા રહેવાના જ.

સૂર્ય માથે તપતો હતો. તેઓ ઉઘાડે પગે ઝડપથી ચાલી રહ્યા હતા. તરત જ વળી પાછો બીજો વિચાર મારા નાનકડા મનમાં ધસી આવ્યો.

આ તે કેવી વિચારસરણી! આજે જ્યારે આપણો નાનામાં નાનો પ્રશ્ન પણ આખી દુનિયાનો બની રહ્યો છે, ત્યારે ચાર માઈલની વાત માત્ર હાંસીજનક જ નહિ તો બીજું શું?

ઘડીક શાંત થઈને વળી પાછો વિચારું છું તો લાગે છે કે આ જ છે માનવજાતના સુખનો માર્ગ. ભગવાને આપણા સુખને માટે બે હાથ અને બે પગ આપ્યા છે. આપણે યંત્રોની મદદથી એ બળને અનેકગણું કર્યું. અનેક હાથ ઉત્પાદનના કામે લાગ્યા. અને પરિણામે આપણે અનુભવ્યાં વિશ્વવ્યાપી યુદ્ધો. એક શાંત રાત્રિએ મેં અનુભવ્યું: ભગવાને આપેલી મર્યાદાનો ભંગ કરીને માનવજાત સુખી નહિ થઈ શકે. અને એટલે જ તું તારા સુખ અને સગવડને માટે તારા બે હાથ અને બે પગને વાપર. એમનામાં તારી સગવડો સાચવવાનું બળ છે. પણ એ શ્રદ્ધા ક્યારે માનવજાતના અંતરમાં પ્રગટશે? ક્યારે મારું અમર્યાદિત વસ્તુઓના ઉપભોગનું જીવન એટલું સંયમી અને સ્વાવલંબી બનશે?

## ૩

# સત્ય સંકલ્પ

अजा मुखतो मेध्या गावो मेध्याश्च पृष्ठतः ।
स्त्रियो सर्वांगतो मेध्या पूज्या पादैश्च ब्राह्मणाः ।।

મનુસ્મૃતિનો આ શ્લોક છે. એનો અર્થ આ છે: બકરી મુખેથી, ગાય પૂંઠેથી, સ્ત્રી એના એકેએક અંગથી અને બ્રાહ્મણ પગથી પૂજાય છે.

આપણામાં કહેવત છે કે 'ઊંટ મેલે આકડો અને બકરી મેલે કાંકરો.' એનો અર્થ એ કે, ઊંટ આકડા સિવાયની લગભગ બધી જ વનસ્પતિ ખાય છે અને જગતની સેવા કરે છે, જ્યારે બકરી તો એથી પણ આગળ જાય છે. તેને તો આકડાનું સુધ્ધાં બંધન રહેતું નથી. જગતમાં ઉત્પન્ન થતી વનસ્પતિ તે આરોગે છે. એને કોઈ વિધિનિષેધ હોતા નથી. અને એ વનસ્પતિઓનું સત્ત્વ ગ્રહણ કરી મધુર દૂધ આપે છે. એટલા માટે કહેવાયું છે કે, બકરી મુખેથી પૂજ્ય છે. આ પણ કેટલી સુંદર વાત છે! જગતનું એક પણ યંત્ર તો બતાવો કે જે ઘાસ જેવી સામાન્ય વસ્તુમાંથી દૂધ જેવી ઉત્તમ વસ્તુ આપતું હોય! અરે! દૂધ તો બધાં જ પ્રાણી આપે, પણ ગાય જેવું નહિ. પણ તેથી વધુ અગત્યની વાત જુઓ. બીજાં પ્રાણીઓ માત્ર દૂધ આપશે જ્યારે ગાય તો જે કાંઈ આપશે તે બધું જ માનવજાતને ઉપયોગી. ઘાસ જેવી વસ્તુ આરોગી જે છાણ આપે છે તે પણ કેટલું પવિત્ર હોય છે! અને ગોમૂત્રના તો કેટકેટલા ઉપયોગ ! દવામાં વપરાય, રોગ ઉપર

વપરાય, ભૂમિ પવિત્ર કરવા માટે પણ છંટાય. જગતમાં એવું એક પણ પ્રાણી બતાવો કે જેની પૂંઠેથી નીકળતી એકેએક વસ્તુ આવી પવિત્ર હોય. અને મુખેથી અપવિત્ર (ઓખર) ખાય તોયે છાણ તો એનું સુગંધી જ. માણસની સ્થિતિ જુઓ, ખાય શુદ્ધ તોય કરે અશુદ્ધ. એટલે જ ગાય પૂંઠેથી પૂજ્ય છે. અને આપણે પણ સામાન્ય રીતે ગાયનું પૂંછડું જ આંખે લગાડીએ છીએ.

સ્ત્રી — જગતની માતા તો એકેએક અંગથી પૂજ્ય છે. કારણ કે તેના અણુએ અણુમાંથી જે પ્રજા ઘડાય છે તેના પર ભાવી પ્રજા અને રાષ્ટ્રનો આધાર છે. સ્ત્રીના અંગેઅંગમાં વત્સલતા રહેલી હોય છે. તેથી સ્ત્રીનું એકેએક અંગ પૂજાપાત્ર છે.

બ્રાહ્મણ પગથી પૂજાય છે, અને આપણે પણ જ્યારે આપણે ત્યાં કોઈ પવિત્ર સંત કે સાધુ પધારે છે ત્યારે ચરણરજ લઈએ છીએ. એનું કારણ એ છે કે બ્રાહ્મણ એ પ્રજાજીવનની સંસ્કૃતિનો પ્રાણ છે. તે જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં સંસ્કૃતિની સુરભિ લેતો જાય છે. પહેલાંના કાળમાં મોટે ભાગે ઋષિમુનિઓ પગે જ ચાલતા. એટલે બ્રાહ્મણો પગે પૂજાય છે. આજે પણ જો ગામડે ગામડે અને ઝૂંપડે ઝૂંપડે ભારતીય સંસ્કૃતિને સજીવન કરવી હોય તો તે રવિશંકર મહારાજ અને સંતબાલજી જેવા પગે ચાલતા અને ગામડાનું ઝૂંપડેઝૂંપડું પાવન કરતા સાધુઓ જ કરી શકશે; કારણ કે ધર્મક્રાન્તિની સાચી જ્યોત તો ભારતમાતાનાં હૈયાં સમાન એ ઝૂંપડામાં જલદી પ્રગટી શકશે. ત્યાં સરળતા છે, શ્રદ્ધા છે, ધર્મને પામવાની અને અનુસરવાની અભિરુચિ છે.

આજની દુનિયાને ગતિ લાધી છે. સમય ટૂંકો પડે છે. ગાડીની ગતિ ઓછી પડે; મોટરો આવી. હવે વિમાનો આવશે

અને માણસ એટલો ઉતાવળો, એટલો ધમાલિયો બનશે કે પછી દૂર પડેલાં, ખૂણેખાંચરે પડેલાં આ ગામડાંઓ પર નજર નાખવાનો સુધ્ધાં તેને સમય નહિ રહે.

હું એમની સાથે ચાલતો હતો. રસ્તામાં થયું: અહા! આપણા ઋષિમુનિઓએ કેટકેટલું વિચારીને સાધુઓના આચાર-નિયમ ઘડ્યા હતા! રસ્તામાં ચાલતાં ચાલતાં અનેક વનસ્પતિઓની માહિતી મળતી; ખેડૂતો, ભરવાડોનો સંપર્ક થતો. નવાં નવાં ગામડાં, ત્યાંના હરિજનોની અને લોકોની સ્થિતિનો સાચો ખ્યાલ આવતો. છસાત માઈલ ચાલ્યા હોઈશું ત્યાં તેઓએ થોડી વાર રોકાવાને વિચાર્યું. અમારામાંના એક ભાઈ ગામમાં છાશની તપાસ કરવાને ગયા. હું બેઠો પણ મારું મન એક પ્રશ્નમાં જ ગૂંચાઈ રહ્યું હતું. ચાલતાં ચાલતાં થતું કે પૂછી લઉં, પણ પ્રશ્ન હોઠે આવીને જ રહી જતો. આખરે અહીં મેં વાત કાઢી.

રણાપુર આશ્રમમાંથી એક માસની રજા લઈને લગ્ન કરવાને માટે હું ઘેર ગયો હતો. તા. ૧૯મીએ બરાબર એક મહિનો પૂરો થઈ ગયો. સવારમાં ઊઠી મેં મારા બાપુજીને કહ્યું, ‘મારી રજા પૂરી થઈ છે. આજે હું રણાપુર જવાનો છું.’

તેઓ હીંચકા પર બેઠા હતા. હું સામે ઓટલા પર. તેમણે હીંચકો થંભાવ્યો અને પ્રેમભર્યા છતાં મક્કમ અવાજે કહ્યું: ‘નથી જવાનું.’

આ આજ્ઞા સાંભળી હું મૂગો જ રહ્યો. મારા દિલમાં કોઈ વિકલ્પ સરખોય ન ઊઠયો. મને થયું: મારા પિતાની આજ્ઞા છે અને મારે પાળવી જોઈએ. અગિયાર વાગ્યા. અમે બંને સાથે જમવા બેઠા. જમીને ઊઠી હું મારી ઓરડીમાં ગયો. બધાં જ બારીબારણાં બંધ કર્યાં અને પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યો:

'હે પ્રભુ! તું મને માર્ગ બતાવ. એક બાજુ પિતાજીની આજ્ઞા છે અને બીજી બાજુ રણાપુર આપેલું વચન છે. મારે શું કરવું ?' અને મેં આંખ મીંચી. તે વખતની મારી ઉત્કટતા વર્ણવવી અશક્ય જ છે. 'પ્રભુ તું રાહ બતાવ' એ સિવાય બીજો કોઈ પણ વિચાર મારા મનમાં ઊઠતો નહિ. અડધો કલાક, કલાક પસાર થઈ ગયો. મને પૂરી શ્રદ્ધા હતી, 'પ્રભુ માર્ગ બતાવશે.' ચિત્તને એકાગ્ર કરી હું તેનો અવાજ સાંભળવાની જ રાહ જોઈ રહ્યો હતો. અચાનક મારા દિલમાં એક વૃત્તિ થઈ. મારી પાસે જ એક પુસ્તક પડ્યું હતું. તદ્દન નવું હતું. મેં કોઈ દિવસ વાંચ્યું સરખુંય નહોતું. અંધારામાં જ્યારે તે પુસ્તક પર મારો હાથ પડ્યો ત્યારે તે શું હતું તેનો સુધ્ધાં મને ખ્યાલ ન હતો. અને મેં ગમે ત્યાંથી પુસ્તક ખોલ્યું. પાછળ જ નાની બારી હતી. તે સહેજ ખોલી અને જે પાન ઊઘડ્યું તે વાંચ્યું. આ પુસ્તક હતું આપનું જ લખેલું – **પ્રાસંગિક અને પ્રશ્નોત્તરી.** તે પાન પર આ જાતનો પ્રશ્ન હતો :

'પ્ર૦ — જો આપનાં માતુશ્રી જીવતાં હોત તો આપ શું આ માર્ગ ગ્રહણ કરી શક્યા હોત ખરા ?'

તેમાંનો જવાબ લગભગ આ જાતનો હતો : 'આ માર્ગ ગ્રહણ કરવામાં માતાજીનું અવસાન એ તો ગૌણ વસ્તુ છે; મુખ્ય વસ્તુ તો માણસની પોતાની તૈયારી. જ્યારે મનુષ્યની આંતરિક ભૂમિકા તૈયાર થઈ જાય છે ત્યારે કેટલીક વાર કુદરત સાનુકૂળ થાય છે તો કેટલીક વાર કુદરત કસોટી પણ કરે છે. આ સાનુકૂળતા મળે એથી કાંઈ હરખાઈ જવાનું નથી કે પ્રતિકૂળતાથી અકળાઈ જવાનું નથી. વાસ્તવમાં કેટલીક વાર સાધકના માર્ગે આવતી આવા પ્રકારની પ્રતિકૂળતા પણ એને

ઊંચે લઈ જાય છે. જ્યારે સાનુકૂળતા, જો ગાફેલ રહે તો પાડે પણ ખરી. આપણે માટે તો પ્રતિકૂળતામાં પણ આપણો સંકલ્પ ટકી રહે એટલું જ બસ છે. એટલે કે મારાં માતુશ્રીના અવસાન કે જીવનને અને માર્ગગ્રહણને ઝાઝો સંબંધ નથી. મુખ્ય વસ્તુ તો સત્ય સંકલ્પ છે. અને એ તો પરિસ્થિતિથી પરની વસ્તુ છે.'

જાણે મારા જ પ્રશ્નનો જવાબ મળી ગયો હોય એમ મેં અનુભવ્યું. મને થયું: પિતાજી ગમે તેમ કહે પણ મારે તો સત્ય સંકલ્પ જ પૂરો કરવો જોઈએ. અને આથી છેલ્લા ત્રણ ચાર કલાકથી દિલમાં ઘોળાતા પ્રશ્નનો ઉકેલ આવી ગયો. મારા અંતરના બધા તરંગો શમી ગયા. અને જાણે પ્રભુએ જ આ પુસ્તક દ્વારા મને શું માર્ગ ન ચીંધ્યો હોય એમ મેં અનુભવ્યું. અને ત્રણ વાગ્યે રણાપુર જવાનું નક્કી કર્યું. વળી પાછો શાંત અને એકાગ્ર ચિત્તે બેઠો.

થોડી વાર થઈ ત્યાં એક વિચાર મનમાં ધસી આવ્યો. આમ ચોપડી ખોલવી અને આવો ભળતો જ જવાબ મળી આવવો એ તો અકસ્માત પણ હોય, અને હું ફરીથી પ્રાર્થના કરવા લાગ્યો. વળી પણ પુસ્તક ઉઘાડવાની ફરીથી વૃત્તિ થઈ અને અંધારામાં જ મેં પુસ્તક ખોલ્યું. બારી ઉઘાડી હું વાંચવા લાગ્યો. આ વખતે પ્રશ્ન હતો: 'શું બુદ્ધે ગૃહત્યાગ કર્યો એ યોગ્ય હતું?'

જાણે મારો પ્રશ્ન ન ઉકેલાતો હોય એમ હું જવાબ વાંચવા લાગ્યો. અને જેમ જેમ વાંચતો ગયો તેમ તેમ જાણે મને કોઈ કહી ન રહ્યું હોય: 'ઊઠ અને સત્યને અનુસર' એમ મેં અનુભવ્યું. અને જવાબના અંતનું વાક્ય તો હંમેશને માટે મારા દિલમાં કોરાઈ જ ગયું: 'आत्मार्थे त्यजेत् पृथ्वीम्' 'તારા

આત્માની ઉન્નતિને ખાતર જો તારે તારાં માબાપ, ભાઈભાંડુ તો શું, આ સારી પૃથ્વીનોય સમત્વબુદ્ધિથી ત્યાગ કરવો પડે તો તજી દેજે.' એ ત્યાગ ત્યાગ નહિ પણ વ્યક્તિના જીવનની સાંકડી આસક્તિનાં બંધનોને તોડનારી તપશ્ચર્યા હશે. એમાં જેમનાથી છૂટા પડવાનું છે તેમને માટે પણ પારાવાર પ્રેમ હોવો જોઈએ.

હું ઊભો થયો. તે દિવસે મને અનુભવ થયો કે જાણે પ્રભુ જ મને પ્રેરી ન રહ્યો હોય! આ અનુભવ પછીની મારી ચિત્તની સ્થિરતા અને પ્રસન્નતા અપૂર્વ હતી. હું નીચે આવ્યો અને એક નાની ચિઠ્ઠી પિતાજીને લખી:

પૂ. પિતાશ્રી!

આપની આજ્ઞા મારે માથે ચઢાવવી જોઈએ. પણ સત્યની આજ્ઞા—પ્રભુ મને રણાપુર જવાનું કહી રહ્યો છે. હું જાઉં છું. તમે મને ક્ષમા કરશો.

નાના ભાઈને ચિઠ્ઠી આપી હું રણાપુર ગયો.

આ એક એવો અનુભવ છે કે મારા જીવનમાં હું એને કદી ભૂલી ન શકું. એ દિવસથી પ્રભુના કાર્યમાં પણ મારી શ્રદ્ધા દૃઢ થઈ છે. આ પ્રસંગમાં આપનું પુસ્તક એક સાધન હતું એટલે ઘેરથી નીકળ્યો ત્યારથી આપને પ્રશ્ન પૂછવાનું મન હતું. તો આવી જાતના અનુભવો વિષે આપનો શો મત છે? શું એ ખરેખર પ્રભુની આજ્ઞા હતી? અથવા પ્રભુ આપણને આજ્ઞા આપે છે કે નહિ?

આખી વાત શાંતિથી સાંભળી તેમણે કહેવાનું શરૂ કર્યું:

'મને લાગે છે કે પ્રભુ-આજ્ઞા એટલે સત્યની આજ્ઞા. જેટલે અંશે આપણે સત્યને વફાદાર રહીએ એટલે અંશે પ્રભુ-આજ્ઞા પાળી ગણાય.'

'તો શું આ બે અનુભવો એ અકસ્માત હતા?

'અકસ્માત કેમ ગણાય? વાસ્તવમાં આખું જગત સભર છે. આપણા અંતરના એકેએક આંદોલનની આખા જગત ઉપર અસર થાય છે. જેટલું આંદોલન વધુ પ્રાણવાન તેટલી તેની અસર વધુ. તમારો રણાપુર જવાનો શુદ્ધ સંકલ્પ હતો. તેની પાછળ બીજો કોઈ વિકૃત આશય ન હતો. આ શુદ્ધ આશયના માર્ગદર્શન માટે તમે પ્રાર્થના કરવા લાગ્યા. પ્રાર્થનામાં થતી એકાગ્રતાથી તમારા અંતરમાં રહેલાં સત્યનાં આંદોલનો ધીમે ધીમે કેન્દ્રિત થયાં. આવે વખતે સત્યનાં આંદોલનોને મદદ કરનારાં તત્ત્વો વાતાવરણમાંથી ખેંચાઈ આવે છે. તમોને પુસ્તક ઉઘાડવાનું મન થયું અને ત્યાંથી તમારા સત્ય સંકલ્પને સહાય પહોંચે એવું જ મળી આવ્યું. કોઈને સાધુ મળી આવે તો કોઈને અવાજ સંભળાય છે. આ બધાં જ નિમિત્તો છે. આપણા દિલમાં સત્યને પામવાની જે પ્રબળ વૃત્તિ છે તેને સહાય કરવાને જ તે ધસી આવ્યાં છે. આ બધા અકસ્માતો નથી, કુદરતની જ એક યોજના છે.'

'તો કેટલાક સંતો દાખલા તરીકે, સ્વામી રામતીર્થ કહે છે કે બધું રામ જ કરે છે. રામ ખાય છે, રામ ખવડાવે છે, રામ પિવડાવે છે, રામ લઈ જાય છે. એ શું સાચું?'

'હા, આપણે તો માત્ર નિમિત્ત જ છીએ. કુદરતનો કાનૂન પ્રતિક્ષણે આપણને દોરી જ રહ્યો હોય છે. એ સત્યના નિયમને આપણે સમજી શકતા નથી. એ નિયમને સમજવાનો અને અનુસરવાનો પ્રયત્ન જ આપણો મુખ્ય પુરુષાર્થ છે. જેટલે અંશે આપણે એ સમજી શકીએ તેટલે અંશે આપણું જીવન જીવતું બને.

'સ્વામી રામતીર્થની દશાને આપણે આ કુદરતી તત્ત્વની સંપૂર્ણ શરણાગતિની સ્થિતિ કહી શકીએ. પછી એને કોઈ રામ કહે, કોઈ કૃષ્ણ કહે, કોઈ ઈશ્વર કહે. આવા પ્રકારની સાચી શરણાગતિથી માણસ નિશ્ચિંત બની જાય છે. કારણ કે તે પોતાની જાતને સંપૂર્ણપણે સત્યને સોંપી દે છે. પણ આવી સાચી શરણાગતિ પ્રગટવી એ સામાન્ય વાત નથી. વળી આ કુદરતી તત્ત્વ હમેશાં આપણને સાનુકૂળ જ થાય છે એમ પણ નથી. એ તત્ત્વ પણ આપણી કસોટી કરે છે. એ કસોટીના કાળમાં આપણી પ્રભુ પર કેટલી નિષ્ઠા રહે છે એ જ આપણી સત્યશ્રદ્ધા, ઈશ્વરશ્રદ્ધાનું સાચું માપ છે.

'આ બધા પ્રસંગોમાં ઈશ્વરે જ આ બધું કર્યું એમ નથી પણ કર્મ અથવા કુદરતના કાનૂનને આધારે જગતમાંથી તેવાં તત્ત્વો ખેંચાઈ આવે છે. પણ મને લાગે છે કે પ્રભુએ આમ કર્યું, પ્રભુએ મને આ માર્ગ ચીંધ્યો એમ કહેવા કરતાં હું જે પ્રમાણે સમજું છું તે પ્રમાણે મને આ વસ્તુ સાચી લાગે છે અથવા મારો અંતરાત્મા મને આ કહે છે અને હું કહું છું એમ વિચારી જો નિર્ણય લેવામાં આવે તો શરણાગતિની સાધના જેટલી નિશ્ચિંતતા ભલે ન હોય છતાં આ માર્ગે સત્યશોધનની આપણી વૃત્તિ દિવસે દિવસે વધુ શુદ્ધ બનતી જશે અને છેવટે સત્ય આપણા અંતરમાં પ્રગટ થશે. અને સત્યનો સાક્ષાત્કાર થતાં કોઈ પણ વસ્તુ જગત સામે રજૂ કરતાં આપણે જરાય હિચકિચાઈએ નહિ. જોકે આખરે તો આ બંને વસ્તુઓ એક જ છે. શરણાગતિમાં ભક્તિ મુખ્ય છે જ્યારે બીજા માર્ગમાં વિવેક અને જાગૃતિ મુખ્યપણે હોય છે. એટલે પુરુષાર્થ તીક્ષ્ણ બને છે.' આમ બોલતાં અમે ઊભા થયા.

## ૪

# વિરમગામનો કૉલેરા

દસ વાગવા આવ્યા હતા. રેતી પણ તપી ગઈ હતી. વિરમગામ પણ હજુ ચારેક માઈલ દૂર હતું. મહારાજશ્રી ઉઘાડે પગે પંથ કાપી રહ્યા હતા. ઉપર આભ અને નીચે સડક બંને તપતાં હતાં. રસ્તા ઉપર ઝાડ પણ થોડાં જ હતાં. ઉતાવળે પગલે ચાલતાં ચાલતાં બાર વાગ્યે વિરમગામ આવી પહોંચ્યા. ગામના લોકો એમને આવકારવાને સડક ઉપર ઊભા હતા. બધાની આંખોમાં પ્રેમ નીતરતો હતો. આમાં જૈન તો થોડા જ હતા. મોટા ભાગના યુવાનો અને કૉંગ્રેસના કામ કરનારાઓ જેવા લાગતા હતા. એમના દિલમાં આ જૈન સાધુને માટે આટલું સ્થાન ક્યાંથી? અમે ગામમાં ગયા. . . . જેમ જેમ આગળ જતા ગયા તેમ તેમ ટોળું વધતું ચાલ્યું. બજારની વચ્ચે પહોંચ્યા. મુસલમાન બિરાદરોની દુકાન આવી. બે વોરા જેવા લાગતા ભાઈઓ પણ દુકાનેથી ઊઠી ઊભા થયા અને મહારાજ પાસે હાથ જોડી આવી પહોંચ્યા. મહારાજે પણ તેમના હાથ પોતાના હાથમાં લઈ લીધા. એક જૈન સાધુને માટે આખા ગામનો આવો અને આટલો પ્રેમ! મારે માટે આ નવી જ વસ્તુ હતી.

સને ૧૯૪૫ની વાત છે. વિરમગામની ગંદકીનો પાર નહિ. સાંકડી ગલીઓ, ગમે ત્યાં જાજરૂ બેસતાં સ્ત્રીપુરુષો, પાણી અને એઠના રેલા. એકાએક ત્યાં કૉલેરા ફાટી નીકળ્યો. આખું શહેર ગભરાઈ ઊઠ્યું. આજે બે, કાલે ચાર — એમ મરણપ્રમાણ તો

વધતું જ ચાલ્યું. સરકારે સરકારની રીતે કામ શરૂ કર્યું. ઇંજેક્શનો આપવા માંડ્યાં. ભંગી પાસે સફાઈ શરૂ કરાવી. પણ મ્યુનિસિપાલિટીના પાંચ પચીસ ભંગી બિચારા સારા ગામની વરસોની ગંદકી શી રીતે કાઢી શકે? અને એ ગંદકી ન જાય તો રોગ મટે પણ શી રીતે?

તે જ વખતે તાલુકા સમિતિના મેડા ઉપર એક સાધુ રહેતા હતા. જૈનોનો ઉપાશ્રય તેમને માટે બંધ હતો. શહેરની આ પરિસ્થિતિ જોઈ તેમણે ભારે દુઃખ અનુભવ્યું. તેઓ આખા ગામમાં ફરી આવ્યા. શહેરની બહાર ગયા. કોટની દીવાલની પાછળ જોયું. એ દીવાલો શહેરના રક્ષણ માટે હતી, આજે એ જ દીવાલો શહેરના આરોગ્યનું ભક્ષણ કરી રહી હતી. એ નગરની દીવાલોના પાયા નરકથી પુરાયા હતા એટલું જ નહિ નરકના ઢગલા ઠેર ઠેર પડ્યા હતા. તેઓ ગામની બહાર નીકળ્યા. ભાગોળે સુંદર મુનસર તળાવ છે. એની બાંધણી અને કારીગરી આજે પણ આપણને આશ્ચર્ય પમાડે. પણ ત્યાં શું હતું? એનો એકેએક પથ્થર મળથી ખરડાયેલો હતો. તળાવની પાળ નરકથી જાણે લીંપાઈ ન ગઈ હોય! શહેરમાં ફરી તે સાંજે પાછા ફર્યા. રાત્રે પ્રાર્થના થઈ. તેમણે મુનસર તળાવની વાત કરી:

'અરે વિચાર તો કરો! આ તળાવ બંધાવનાર મીનળદેવીએ કેટકેટલી આશા અને ઉમળકાથી એને ખોદાવ્યું હશે! એના અંતરમાં અભિલાષા હશે કે હું એવું તળાવ બંધાવું કે આ ગામની પ્રજા વર્ષોનાં વર્ષો સુધી આ તળાવનું પાણી પી પોતાની જાતને કૃતાર્થ કરે. એની પાછળ રાષ્ટ્રની કેટલી સંપત્તિ ખર્ચાઈ હશે! એ માટે ક્યાં ક્યાંથી પથ્થરો આવ્યા હશે! કેટલે દૂરદૂરથી શિલ્પીઓએ આવીને એના ઉપર દિવસરાત પરસેવો પાડી ટાંકણાં ચલાવ્યાં

હશે! એની બાંધણી અને કલાનો તો વિચાર કરો; કેવું અદ્‌ભુત તળાવ! અને આજે એની શી દશા છે? એનાં પથ્થરેપથ્થર આજે મળ અને મૂત્રથી ઢંકાયેલા છે. શું કલાની આ કદર! આવા ભવ્ય કલાને સ્થાને આવી ગંદકી કરતાં આપણું દિલ ભાંગી કેમ નથી જતું? અરે! આપણે માટે તે સહજ થઈ ગયું છે. કારણ કે ગંદકી આપણને પચી ગઈ છે. આપણી સ્વચ્છતાની ઇંદ્રિય જ મરી ગઈ છે. આપણને ગંદું નથી ગમતું એમ કહીએ છીએ ખરા પણ તે માત્ર મોઢાનું છે; નહિ તો આવી ભવ્ય કલાકૃતિના આ હાલ હોય? અને તે બધા કરતાંય વધારે દુઃખદ વસ્તુ તો એ છે કે આપણી સામાન્ય વિવેકબુદ્ધિ પણ આપણે ગુમાવી બેઠા છીએ. તળાવની પાળ કેટલી ચોખ્ખી જોઈએ! તેને બદલે એ પાળ નરક રૂપ બની ગઈ છે. વરસાદ આવે, કોહેલો મળ ધોવાઈ અંદર જાય. એ પાણીમાં આપણે આપણાં વાસણો અને કપડાં ધોઈએ. પછી કૉલેરા કે ઝાડા ન થાય તો પછી થાય શું? આપણે આપણી ગંદી ટેવોથી આપણા રોગો જન્માવ્યા છે. આ શહેરની ચારે બાજુના કિલ્લાનો વિચાર કરો!

'હવે જાગો. આ કૉલેરાનો સાચો ઉપચાર આ ઇંજેક્શનો નથી. એ તમને તાત્કાલિક રાહત આપશે, પણ રોગનું મૂળ નાબૂદ થશે નહિ. પછી ઇંજેક્શનોય તમને પચી જશે; માટે રોગને નાબૂદ કરવો હોય તો તમારા હાથપગ હલાવી આ ગંદકીના દૂતની સામે લઢો. હાથમાં ઝાડુ, કોદાળા અને પાવડા લઈ આખા ગામને સાફ કરી નાખો. કૉલેરા તમને શોધ્યોય જડશે નહિ.'

પણ એમની આ વાતો કોણ માને? આવા ભયંકર દરદ સામે તે કાંઈ આવી રીતે બચાવ થતો હશે? આ માટે તો મોટા દાક્તરો જોઈએ, સારાં ઇંજેક્શનો જોઈએ. છેવટે તેમણે પોતાની

નજર યુવાનો તરફ ફેરવી. સભામાં એક યુવાન હતો. ઊંચું શરીર, ચપટું મોં અને તેજસ્વી આંખો. એક ભાઈએ વાત ઉપાડી લીધી. તેમને મુખ્ય નીમ્યા અને સાત યુવાનોની ટુકડીએ સફાઈની શરૂઆત કરી. પહેલે દિવસે તો સૌ હસ્યા, પણ તેથી આમને શું? તેમણે તો ગંદકી દૂર કરવાનું કામ ઉપાડયું. એક એક પોળમાંથી પાંચ પાંચ ખટારા કચરો નીકળ્યો. આ સાધુ પણ કપડાની ઝોળીમાં રાખ ભરી બહાર નીકળ્યા. પોળોમાં ગયા. જ્યાં જ્યાં મળ ખુલ્લો હતો ત્યાં ત્યાં તેમણે મળ ઉપર રાખ નાખવા માંડી. લોકોની જિજ્ઞાસા વધી. પોળની બહેનો સાધુને જોવા બહાર નીકળતી. અરે! આ જૈન સાધુ કરે છે શું? સાધુ તો ભિક્ષા માગે, ધ્યાન કરે; પણ આ તો મળ ઉપર માટી ઢાંકે છે. પણ એમની આ પ્રવૃત્તિથી જ ગામમાં પ્રચાર થતો, લોકોમાં જાગૃતિ આવતી. ચર્ચાથી જનમત પણ કેળવાતો. તેમણે પ્રચારપત્રિકાઓ પણ લખવા માંડી, સરઘસ પણ કાઢયાં. આમ 'ગંદકી આપણો મોટામાં મોટો દુશ્મન છે', 'આપણા શહેરમાંથી એ રાક્ષસને દૂર કરો'ના આંદોલનથી આખું વાતાવરણ ગુંજી ઊઠયું.

દિવસે દિવસે યુવાનોની ટુકડીઓ વધવા લાગી. પાંચના પંદર, વીસ, પચાસ થઈ ગયા. આખા ગામમાં સ્વચ્છતાનું વાતાવરણ જામી ગયું. સારા સારા ભણેલા પણ સફાઈમાં જોડાવા લાગ્યા. માતાઓ પણ સમજી ગઈ. બાળકો પણ ચેતી ગયાં. મહારાજને પોળમાં આવતા જુએ કે તરત જ બાળકો મહારાજ પાસે દોડી આવે અને કહે, 'મહારાજ હવે અમે અહીં જંગલ નહિ જઈએ. જઈશું તો તરત જ ધૂળ નાખી દઈશું.' અને મહારાજ એ બાળકો પર પોતાનો પ્રેમાળ હાથ ફેરવતા. જાજરૂ જવાને ચોક્કસ જગ્યાઓ નક્કી થઈ, અને બધે જ ચોખ્ખું દેખાવા લાગ્યું.

એક બાજુથી ગંદકી સામે લડત ચાલતી હતી જ્યારે બીજી બાજુથી રાહતનું કામ પણ ધમધોકાર ચાલવા લાગ્યું. એક ભાવનાશીલ પરિચારિકા, એક બે, ત્રણ દાકતરો ત્યાં સેવા માટે આવી પહોંચ્યા. ગામ બહારના જિનમાં સાદી હોસ્પિટલ ઊભી થઈ ગઈ, અને જે કોઈ ને રોગ લાગુ પડતો તેને ત્યાં ખસેડવામાં આવતો અને ઘર કરતાંય વધુ સારવાર કરવામાં આવતી. આ સાધુ પણ રોજ ત્યાં જાય અને બધાંને સાંત્વન આપે.

સફાઈનું કામ આગળ ચાલ્યું. એક દિવસ યુવાનો જૈનોની પોળમાં જઈ પહોંચ્યા. બધે જ ભેજ હતો. યુવાનોએ વિચાર્યું કે આ બધી જમીન ઉપરથી ખોદી લઈ નવું તળ પૂરીએ. તેમણે જમીન ખોદવા માંડી. બસ! જૈન બહેનો બહાર દોડી આવ્યાં: 'અમારે કાંઈ સફાઈ નથી કરવી. તમે રહેવા દો.'

'પણ જુઓ તો ખરાં,' સેવકોએ કહ્યું.

'અમારે નથી જોવું. એ પાપના ભોગ અમારે નથી થવું.'

એક યુવાને કોદાળી મારી જમીન ખસેડી. નીચે એકલા કીડા ખદબદતા હતા — કીડાનો થર હતો.

'રહેવા દો, રહેવા દો,' જૈનો બોલી ઊઠ્યા.

આનું કારણ હતી, જૈનોની અહિંસાની માન્યતા. તેઓ માનતા કે ખાળમાં જો પાણી ઢોળીએ તો એક એંઠવાડ ઉપર બીજો પડે અને તેથી વધુ જીવો ઉત્પન્ન થાય, અને ઉત્પન્ન થયેલા જીવોને દુઃખ થાય. તેથી આ પોળમાંનાં બધાં જ પોતાના ઘરનો એંઠવાડ બહાર ઢોળી દેતાં.

આમ વર્ષોથી ઘરનાં આંગણાંમાં જ એંઠવાડ ઉપરાઉપર ઢોળાય. પછી જમીનમાં કીડાનો થર ન જામે તો થાય શું?

યુવાનોએ એમને સમજાવ્યાં: 'ભલે પાપ અમારે માથે' કહી આખી પોળ સાફ કરી.

આ વાતની સાધુને સાંજે ખબર પડી. તેમની વિરુદ્ધ તો બોલાઈ રહ્યું હતું. પણ એની એમને ક્યાં પડી હતી? તેઓ તો રોજ ગંદકી કેમ દૂર થાય, ઘરમાં સ્વચ્છતા કેમ જળવાય તેનાં સામાન્ય સૂચનો કરે. રાત્રિપ્રાર્થનામાં તેમણે અહિંસાની દૃષ્ટિ વિષે કહ્યું:

'જીવોને હણો નહિ એટલામાં જ કાંઈ અહિંસા સમાઈ જતી નથી; પણ જીવો પેદા થાય એવી પરિસ્થિતિ પેદા કરવામાં પણ હિંસા છે. આપણે ગંદકી પેદા કરીએ એટલે જીવો પેદા થવાના જ. એટલે અહિંસાના સાધકે તો એક પણ હલકી કોટીનો જીવ પેદા ન થાય એટલી કાળજી રાખવી જોઈએ. આપણે અહિંસાની સાધનામાં માત્ર નકારાત્મક વસ્તુ જ લીધી, બીજી વિધાયક બાજુ પણ શાસ્ત્રોમાં છણાયેલી છે તેને આપણે ભૂલી ગયા. પરિણામે આધ્યાત્મિકતાની ઓથે આળસ અને ગંદકી પોષાયાં. હવે આપણે આપણાં એ બધાં મૂલ્યાંકનોને બદલવાં પડશે. વાસ્તવમાં સાચો અહિંસક તો એ છે કે જેની ચારે બાજુએ સંપૂર્ણ સ્વચ્છતા હોય. અને એટલા માટે જ જૈન ધર્મમાં એકેએક વસ્તુ, જેવી કે મળ, મૂત્ર, લીંટ, બળખો ક્યાં અને કેમ નાખવી એ અંગે ખૂબ વિચાર થયો છે. આ બધું અહિંસક દૃષ્ટિએ જ વિચારાયું છે. કારણ કે ગમે ત્યાં મળવિસર્જન કરો એટલે જીવ પેદા થાય જ અને તે ગમે તે રીતે મરે જ. એટલે આપણી બેકાળજીનાં કારણે જીવો પેદા કરવા એ પણ હિંસા જ છે. પરંતુ આપણે જીવ ન મારવા એટલો સાંકડો જ અર્થ લીધો. અને જૈનો એટલે ગંદામાં ગંદા, જૈન ફળિયું એટલે ગંદવાડ,

એવી બેઆબરૂ વહોરી લીધી. સ્વચ્છતા અને જૈનદષ્ટિને પૂરેપૂરો મેળ છે; વિરોધ નથી, ન હોઈ શકે.

આમ પ્રજાના અંતરમાં સ્વચ્છતાનો એક સુંદર સંસ્કાર પડી ગયો. પછી તો રોજની, સપ્તાહની, મહિનાની એમ સફાઈની ટુકડીઓ બની. અને એવો રંગ જામ્યો કે માસિક સફાઈમાં ૩૫૦ જેટલાં ભાઈબહેનો દાખલ થયાં. તેમાં દાક્તરો હતા, વકીલો હતા, ભણેલા હતા, અભણ હતા. સૌ સાથે મળી હોંશથી સફાઈ કરતા હતા.

થોડા જ દિવસમાં કૉલેરા સામેના યુદ્ધમાં પ્રજા જીતી. લોકોના આનંદનો પાર ન રહ્યો. કૉલેરા ગયો. હંમેશને માટે તે ગામમાંથી ગયો. આ કાર્યની એક બીજી પણ સુંદર અસર થઈ. વિરમગામમાં મલેરિયાનો ભારે ઉપદ્રવ હતો. એ વરસે મલેરિયાની ઋતુમાં પણ નોંધપાત્ર સુધારો થયો. અને પ્રજાએ જાણે પોતાને ઉગારનાર કોઈ આવ્યો હોય તેવો અનુભવ કર્યો.

તેઓ આખો દિવસ કૉલેરામાંથી પ્રજા કેમ બચે તેનું જ ચિંતવન કરતા. તેઓ જ્યાં રહે ત્યાં નીચે ઝાડુ, પાવડા, કોદાળી, ટોપલાઓ પડ્યા હોય. સવારમાં પ્રાર્થના થાય. અને પ્રાર્થના પછી સૌ ઝાડુ લઈને નીકળી પડે. તે દિવસોને યાદ કરતાં વિરમગામના એકેએક યુવાનનું દિલ નાચી ઊઠે છે. અને એ કાર્યમાંથી ઉત્પન્ન થયેલો મહારાજશ્રી માટેનો પ્રેમ આજે પણ વિરમગામના એકેએક પ્રજાજનની આંખમાંથી નીતરે છે.

## ૫

# હુલ્લડ અને અહિંસા

રણાપુર આશ્રમનો પ્રશ્ન અમે સંતબાલજીને સોંપ્યો હતો. આખરે તેમણે છૂટા થવાની સલાહ આપી. હવે શું? એક મોટો પ્રશ્ન મારી સામે ઊભો થયો. ભાલનળકાંઠામાં શિક્ષણનું કામ કરવાનો વિચાર કરી એમને મળવા આવ્યો. સાંજના ચારેક વાગ્યા હશે. એક નાની સરખી કથરોટમાં તેઓ કપડાં ધોતા હતા. એ ધોવામાં પણ એક પ્રકારની કળા અને સંયમ હતાં. સહેજ પણ પાણી વધુ ના વપરાય અને એક પણ છાંટો બહાર ન પડે તેની પૂરતી ચીવટ તેઓ રાખતા હતા. તેઓ કપડાંને સાબુ દઈ રહ્યા હતા. મેં મારો વિચાર તેમની પાસે મૂક્યો. મોં ઉપર હાસ્ય લાવી તેમણે મને કહ્યું: 'એ અંગે છોટુભાઈ સાથે વાત કરો.'

તે દિવસે તો તેમના આ વર્તનની મને કાંઈ વિશેષતા ન લાગી, પણ પછી કામ કરતાં કરતાં લાગ્યું કે દરેક પ્રશ્નને હલ કરવાની તેમની આ જ રીત છે. ભાલનળકાંઠામાં છેલ્લાં દસ વરસથી વિવિધ ક્ષેત્રમાં પ્રવૃતિ ચાલે છે. તેઓ જ પ્રવૃત્તિના પ્રાણ છે. છતાં તેઓ એક પણ સમિતિના સભ્ય યા પ્રમુખ નથી. બધી પ્રવૃત્તિઓના મૂળમાં તેઓ જ હોય છે. અને સંચાલનનો મુખ્ય આધાર પણ તેમના પર હોય છે. છતાં તેઓ માત્ર સૂચન કરી કામ સભ્યોને સોંપી દે છે. આથી એક ફાયદો એ થયો છે કે, તેમની આજુ-બાજુ કામમાં રસ લેનારાઓનું સારું એવું જૂથ ઊભું થયું છે. સાથે સાથે દિલમાં કોઈ કોઈ વાર એમ પણ થાય છે કે, આવા પ્રકારની

અલિપ્તતા શા માટે? શું સમિતિના સભ્ય બનવાથી લેપ લાગી જાય છે, એમને બંધન થાય છે? ત્યારે તેઓ પાસે માત્ર એક જ જવાબ હોય છે: 'હું સાધુ છું. સાધુધર્મની મર્યાદામાં રહીને હું સમાજને જેટલો ઉપયોગી થઈ શકું એટલો થવા મથું છું. મારી સામે બે વર્ગો પડેલા છે: (૧) સમાજ પર જીવતો સાધુ વર્ગ, અને (૨) પ્રવૃત્તિમાં પડેલો વર્ગ. હું એ બંનેનો સમન્વય સાધવા માગું છું. સાધુઓની નિવૃત્તિમાર્ગની પ્રવૃત્તિ એમને એટલે દૂર સુધી લઈ ગઈ છે કે પરિણામે એમાં જડતા આવી ગઈ છે. નિવૃત્તિમાંથી જે ચૈતન્યનો વિકાસ થવો જોઈએ તેને સ્થાને મોટે ભાગે સાધુઓમાં આળસ અને જડતા ઘૂસી ગયાં છે. એ વર્ગમાં મારે ક્રાંતિ લાવવી છે. જ્યારે મારી સામે જે બીજો વર્ગ છે તે એકલો પ્રવૃત્તિમાં તણાઈ રહ્યો છે તેનું સુધ્ધાં તેને ભાન નથી. સવારથી સાંજ સુધી એક જ ધૂન 'ભજકલદાર'. આ બંને વર્ગ જ્યાં સુધી ફરીથી પોતપોતાનું સ્થાન નક્કી ન કરી લે ત્યાં સુધી ધર્મ દૃષ્ટિએ સમાજરચના થઈ ન શકે. એટલે જ હું પ્રવૃત્તિ અને નિવૃત્તિના સમન્વયમાં માનું છું. જેઓ માત્ર નિવૃત્તિમાર્ગી છે તેમને સમાજનું ધારણ પોષણ અને સત્ત્વસંશોધન થાય એવી પ્રવૃત્તિ તરફ ખેંચવા ચાહું છું. એ વર્ગ આજે પોતાનું સ્થાન ચૂકયો છે. ધર્મનાં સ્થાનોમાં પણ ધન પ્રતિષ્ઠા પામી ચૂકયું છે. બીજો વર્ગ ધર્મનો ધનને માટે ઉપયોગ કરે છે. એને ધર્મમાં શ્રદ્ધા રહી નથી. આમ આખો સમાજ દિવસે દિવસે ધર્મથી વિમુખ થઈ રહ્યો છે. એ પ્રવૃત્તિમાં પડેલા વર્ગના જીવનમાં રસ રહ્યો નથી. આટલી પ્રવૃત્તિ છતાં તેને સુખ મળતું નથી. આ વર્ગને હું નિવૃત્તિ તરફ ખેંચવા ચાહું છું. આ બંને વર્ગનો જો સમન્વય થાય તો જ ધર્મ જીવનના એકેએક ક્ષેત્રમાં પ્રેરણા આપી શકે.

'હું માનું છું કે પ્રવૃત્તિ એ નિવૃત્તિ માટે છે. એટલે કે નિવૃત્તિના કાળમાં આપણે જે કંઈ સત્ત્વસંશોધન કરીએ, ચિંતન કરીએ, આત્મનિરીક્ષણ કરીએ તે આપણને આપણી પ્રવૃત્તિઓમાં ઉપયોગી થાય તે માટે છે. અને નિવૃત્તિ પ્રવૃત્તિને માટે છે. એટલે કે પ્રવૃત્તિના પ્રવાહમાં જે જાગૃતિ ભુલાઈ જાય તેને ફરીથી પ્રાપ્ત કરવાને માટે અને પ્રવૃત્તિને વધુ સુંદર અને ધ્યેયલક્ષી બનાવવા માટે નિવૃત્તિ જરૂરી છે. પ્રવૃત્તિમાં ખૂટેલું સાધનાનું અથવા દૃષ્ટિનું ભાથું આપણે નિવૃત્તિમાં એકઠું કરી લઈએ છીએ. અને નિવૃત્તિમાં મળેલા સત્ત્વનો ઉપયોગ વળી પાછો આપણે આપણી પ્રવૃત્તિમાં કરી શકીએ છીએ. વ્યક્તિના જીવનમાં જેમ પ્રવૃત્તિ અને નિવૃત્તિના સમન્વયની જરૂર છે, તેમ સમાજનાં બે અંગોના જીવનમાં પણ આવા સમન્વયની જરૂર છે. હું પહેલી સંસ્થાનો સભ્ય છું. એટલે સૌથી પહેલાં એમનામાં જાગૃતિ આવે એ હું ઇચ્છું છું. એટલે જ સાધુ સંસ્થાની શક્ય એટલી બધી મર્યાદાઓ જાળવીને હું કામ કરું છું.' એમના અંગત જીવનમાં જેમ જેમ વધુ નિકટ આવવાની તક મળતી ગઈ તેમ તેમ આ વિચારો વધુ સ્પષ્ટ થતા ગયા અને સમજાયું કે માણસ ગમે તેટલી પ્રવૃત્તિ વચ્ચે પણ નિવૃત્ત રહી શકે છે. આવા પ્રકારની નિવૃત્તિ વિના અનાસક્તિ અશક્ય છે.

છોટુભાઈ સાથે નક્કી કરી હું તેમની સાથે કામ કરવાને જોડાયો. ભાલનળકાંઠામાં વિદ્યાલયની તાત્કાલિક શક્યતા તો ન હતી એટલે 'વિશ્વવાત્સલ્ય'નું કામ મને સોંપવામાં આવ્યું.

૧૯૪૬ના દિવસો સારાયે રાષ્ટ્ર માટે ભયંકર હતા. આખા દેશમાં ધર્મને નામે મોટા પાયા ઉપરનાં હુલ્લડો ચાલતાં હતાં. વર્ષોથી પાવામાં આવેલું કોમવાદનું ઝેર રાષ્ટ્રની રગેરગમાં વ્યાપી

ગયું હતું. શહેરોમાં તો એ સામાન્ય બની ગયું હતું. પણ ગામડાંઓમાં પણ એના છાંટા ઊડી ચૂકયા હતા.

ગુજરાતનું પાટનગર પણ એ દાવાનળની જ્વાળાઓથી મુક્ત ના રહ્યું. ઘડીકમાં અહીંથી તો ઘડીકમાં ત્યાંથી ખૂનના સમાચારો આવવા લાગ્યા. આખા શહેરમાં કરફ્યુ લાગુ કરવામાં આવ્યો. પ્રજા પણ એટલી ભયભીત બની ગઈ કે આખું શહેર બે સંપ્રદાયોમાં વહેંચાઈ ગયું. એક રસ્તેથી જાઓ તો તમોને એક પણ મુસલમાન જોવા ન મળે, અને બીજે રસ્તેથી જાઓ તો હિંદુનું નામનિશાન ન જડે. બંને કોમો વચ્ચે મોટું અંતર પડી ગયું.

કાર્યકરો કહેતા: આ હુલ્લડ ૧૯૪૧ના જેવું નથી. આની પાછળ રાજકીય હેતુ છે. એટલે હમણાં કાંઈ જ કામ થઈ ન શકે. બહુ બહુ તો આપણે આપણો બચાવ કરવો રહ્યો. એ વખતે બે વ્યક્તિઓના દિલમાં બીજા જ વિચારો ઊઠતા હતા. તેઓને લાગતું હતું કે આજે માણસાઈ મરી રહી છે. આવી રીતે કોઈ કોઈના મહોલ્લામાં જઈ જ ન શકે એ તેમને ગળે ન જ ઊતર્યું. એ બે વ્યક્તિઓ હતી: પૂ. રવિશંકરદાદા અને સંતબાલજી. દાદાથી તો સૌ કોઈ પરિચિત હતું. પણ અમદાવાદમાં સંતબાલજીના એ પહેલા જ ચતુર્માસ હતા. ત્યાર પહેલાં અમદાવાદથી ફક્ત ૩૦ માઈલ દૂર આવેલા પ્રદેશમાં છેલ્લાં દસ વરસથી કામ કરતા હતા; ઉપરાંત તેઓ સાધુ હતા. અને તેમાંય જૈન વેશધારી. હુલ્લડ શરૂ થયું. તેઓ હઠીભાઈની વાડીમાં રહેતા હતા. તેમને ગોચરી લેવાનો સમય થયો. દિલ્હી ચકલા આગળ આગલે જ દિવસે ખૂનો થઈ ગયાં હતાં. રસ્તા પર એક પણ માણસ ફરતું ન હતું. તેમણે પોતાનાં પાત્રો લીધાં અને ત્યાંથી ચાલી નીકળ્યા. ભયનું સામ્રાજ્ય એકેએક શહેરીના દિલમાં કેટલું વ્યાપી ગયું હતું તેનો તેમને

અનુભવ થયો. અને બીજા દિવસથી તેમણે ફરવાનો કાર્યક્રમ શરૂ કરી દીધો.

મુસલમાન લત્તાઓમાં પણ તેઓ ખાસ જતા. કોઈ સાંભળવા તો આવે એમ હતું જ નહિ, પણ તેઓ તો પોતાની કસોટી કરી રહ્યા હતા. તેઓ રસ્તામાં થઈને જાય ત્યારે મુસલમાનોનાં મોટાં ટોળાં બેઠેલાં હોય, પણ તેઓ તો એટલી જ શાંતિથી પસાર થઈ જાય. કેટલીક વાર તો લોકો પણ બોલી ઊઠતા, 'આ સાધુડો અહીં રખડ્યા કરે છે. એનો જ ઘાટ ઘડવા જેવો છે.' સાંજે આવી તેઓ પોતાના અનુભવો કહેતા.

એક દિવસ તેમણે કહ્યું : 'ભય એ કેવી વસ્તુ છે? આપણે ગમે તેટલા પ્રયત્ન કરીએ તોપણ કોઈક વાર તો એની અસર થઈ જ જાય છે. હું પણ ભયથી સંપૂર્ણ મુક્ત છું એમ નથી. મને પણ કોઈ કોઈ વાર એવા લત્તાઓમાંથી ફરતાં, એવી પરિસ્થિતિ જોતાં ભયની ઝણઝણાટી વ્યાપી જાય છે. પણ આજે તો આખા શહેરમાં ભયનું એક મોજું વ્યાપી ગયું છે.'

'જે ભયથી મુક્ત નથી તે અહિંસાની વાત જ કરી ન શકે. એટલે જેઓને અહિંસામાં શ્રદ્ધા હોય તેમની તો માત્ર એક જ ફરજ છે કે સમાજમાં જે ભય વ્યાપી ગયો છે તેમાંથી તેને મુક્ત કરે. અને આને માટે રસ્તો શો? સૌથી પહેલાં પોતે ભયથી મુક્ત થાય અને જાણે કોઈ હિંદુ નથી, કોઈ મુસલમાન નથી, એમ સમજી તે સામાન્ય રીતે ફરે. એમ કરતાં કરતાં જો મૃત્યુ આવે તો હસીને ભેટી લે.'

એ દિવસોમાં હું તેમની સાથે હતો. તેઓ આખો દિવસ ચિંતનમાં રહેતા અને બધે ફરતા. તેમની કમરે એક

ઘડિયાળ રહે છે. એ ઘડિયાળ સાથે તેઓ તે દિવસોમાં એક ચિઠ્ઠી રાખતા. તેમાં આ પ્રમાણે લખેલું હતું :

'જ્યારે વ્યક્તિની, સમૂહની કે વર્ગની હિંસકવૃત્તિ પ્રકુપ્ત હઠે ચડે છે, ત્યારે વાણીનો ઉપદેશ કેટલીક વાર કારગત થતો નથી. ત્યાં સ્વેચ્છાએ મૃત્યુના મુખમાં કશી જ હોહા સિવાય હોમાઈ જવું, હિંસકને શક્ય તેટલી અનુકૂળતા કરી આપવી, એ જ શુદ્ધ અહિંસામાં માનતી વ્યક્તિ, સમૂહ કે વર્ગનો ધર્મ થઈ પડે છે.

'આ ધર્મ બજાવવાની ઘરેડ એ સંસ્કૃતિઘડતરનો અપૂર્વ પ્રયોગ છે. એ તાદૃશ આચરાયા પછી સમાજ માટેનું અધૂરું કામ અધૂરું નહિ ગણાય.'

આ નાનકડી ચિઠ્ઠી તેઓના તે દિવસના મંથનનું ચિત્ર ખડું કરે છે. અહિંસક માણસ હિંસાના વાતાવરણથી ભાગે નહિ એટલું જ નહિ પણ જાતને હોમી એ હિંસાની આંધીમાં અહિંસાનું નાનું-સરખું પણ આંદોલન પેદા કરે. પણ આ વસ્તુ છેવટની છે. જ્યારે સમજાવટ વગેરે બધા રસ્તા કારગત ન નીવડે ત્યારે આ છેલ્લામાં છેલ્લો રાહ છે, અને તે સ્વેચ્છાએ હોમાઈ જવાનો. અને તે પણ સામાન્ય રીતે નહિ પણ સામાને હિંસા કરવાની પૂરતી અનુકૂળતા કરી આપીને. અને આ તો ત્યારે જ બની શકે કે જ્યારે માણસની રગેરગમાં અહિંસા વ્યાપી ગઈ હોય અને હિંસાની આંધીમાં દેહ પડવા છતાં પણ અહિંસા જીતવાની છે તેની પ્રતીતિ થઈ ગઈ હોય.

આ નાની ચિઠ્ઠીએ ખરેખર મારા જીવનમાં જાદુઈ અસર કરી. આપણે અહિંસાની વાતો કરીએ છીએ પણ ક્યાં છે અહિંસા? અહિંસાના નામે આપણે દિવસે દિવસે કાયર બનવા લાગ્યા છીએ. મને થયું કે આટલા મોટા શહેરમાંથી ૫૦ સાચા અહિંસક માણસો આવો પ્રયત્ન કરે તો તેમના બલિદાનથી જરૂર એક સારું પરિણામ

આવી શકે, જે દુનિયાના ઇતિહાસમાં નોંધપાત્ર બને. પણ એવી શ્રદ્ધા કેટલાને છે? કેટલા છે એવા અહિંસાના પૂજકો?

આજ સુધી મને જૈન સાધુઓ પ્રત્યે સામાન્ય રીતે ભાવ ઓછો હતો. પણ આમને જોયા અને દિલમાં થયું કે છે એક અહિંસાનો પૂજારી. તે દિવસોમાં ઘણી વાર તો અમે બે ત્રણ જણા જ વાડીમાં રહેલા. હુલ્લડના કારણે પ્રવચનમાં પણ ખાસ કોઈ ન આવતું. અહીં તેઓ પાસેથી અહિંસાની સાચી વ્યાખ્યા મને મળી. બહારની ક્રિયામાત્રથી આપણે હિંસા અહિંસાનું માપ કાઢી શકતા નથી. કેટલાક અહિંસક લાગતા વર્તાવમાં પણ હિંસા હોય છે. જ્યારે કેટલીક વાર અનિવાર્ય પણ હિંસક સાધનનો ઉપયોગ લેવા છતાં તે અહિંસા હોય છે. અન્યાયનો પ્રતીકાર એ છે અહિંસા. જ્યાં જ્યાં અન્યાયનો પ્રતીકાર છે ત્યાં ત્યાં અહિંસા છે. હવે એ પ્રતીકારની કક્ષા હોઈ શકે. એક માણસ પોતાની પાસે જે કંઈ સાધનો હોય તેનાથી કરે, જરૂર પડે તો હિંસક સાધનોની છૂટ લે; તોપણ તે માણસ કાયરતાથી હિંસાને સહી લેનાર કરતાં તો વધુ અહિંસક જ છે. કારણ કે જે અન્યાયને સહી લે છે તેનો અંતરાત્મા તો હણાઈ જ ગયો હોય છે. આ છે હિંસા. હિંસા બહાર નથી પણ અંદર છે. બહારની કૃતિ તો અંદરનું પ્રતિબિંબ છે. હવે જો એ જ અન્યાયનો પ્રતીકાર અહિંસક સાધનોથી એટલે કે આત્માના બળથી થાય તો તે શ્રેષ્ઠ ગણાય.

# ૬

# ગીતાના શ્રીકૃષ્ણ

ગીતા માટે મારા દિલમાં પહેલેથી શ્રદ્ધા હતી. મૅટ્રિક ભણતો ત્યારથી સ્થિતપ્રજ્ઞના શ્લોકોએ મને આકર્ષી લીધો. અને ધીમે ધીમે એ આકર્ષણ વધતું જ ગયું. જેલમાં પૂ. રવિશંકરદાદાને મુખેથી ચારપાંચ અધ્યાય સાંભળવાના મળ્યા. ગીતા ઉપર બીજાં પણ પુસ્તકો વાંચ્યાં. ગીતા મારા અંતરનો કબજો લઈ લેતી પણ એના ગાનાર શ્રીકૃષ્ણ માટે શ્રદ્ધા જાગ્રત થતી નહિ. મને થતું: શ્રીકૃષ્ણ ગમે તેટલા મહાન હોય તોપણ બાપુજી જેટલી અડગતાથી સત્યને વળગી રહે છે; એ તેમના જીવનમાં નથી. શ્રીકૃષ્ણ મને વહેવારિયા લાગતા. તેમાંય 'અશ્વત્થામા'નો પ્રસંગ યાદ આવતાં હું શ્રીકૃષ્ણને બાપુજીની સાથે સરખાવતો. શ્રીકૃષ્ણની પ્રેરણા હેઠળ લડાયેલ યુદ્ધ કરતાં સત્યાગ્રહ મને અહિંસાની સાધનામાં વધુ ઊંચી ભૂમિકાનો લાગતો. આમ ગીતા માટે સંપૂર્ણ શ્રદ્ધા હોવા છતાં શ્રીકૃષ્ણ ભગવાનનું નામસ્મરણ કરવું મને ગમતું નહિ.

હુલ્લડના દિવસોમાં મહારાજશ્રી સાથે રહેવાની તક મળી હતી. વળી તે જ દિવસોમાં તેમનું લખેલું પુસ્તક 'જૈનદૃષ્ટિએ ગીતાદર્શન' પ્રગટ કરવાની પણ તૈયારીઓ ચાલતી હતી. એ વાંચતાં વાંચતાં ચર્ચા નીકળી. મેં તો સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું: ગમે તેમ પણ શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં હિંસાનો જ આશ્રય લીધો છે!

સંતબાલ: જરા શાંત થાઓ. શ્રીકૃષ્ણને સમજવાને માટે હજુ વધુ ઊંડા ઊતરો.

હું: મેં ખૂબ પ્રયત્ન કર્યો છે. ગાંધીજીએ કુરુક્ષેત્રમાં થયેલા યુદ્ધને ભૌતિક નહિ પણ આધ્યાત્મિક યુદ્ધ તરીકે વર્ણવી ગૂંચ ઉકેલવાનો પ્રયત્ન કર્યો છે. પણ તેમની વાત પણ મારા અંતરને સ્પર્શી જતી નથી. મન મનાવવાનો પ્રયત્ન કરું છું; પણ ગડ બેસતી નથી.

સંતબાલ: આધ્યાત્મિક રીતે નહિ પણ એક ભૌતિક પ્રશ્ન તરીકે જ એમાં અહિંસા હતી એ તમોને હું સમજાવવા પ્રયત્ન કરીશ.

હું: આવું ઘોર યુદ્ધ અહિંસક હોઈ જ શી રીતે શકે?

સંતબાલ: હિંસાની તમે વ્યાખ્યા કરશો?

હું: બીજા જીવોનો વધ કરવો તે.

સંતબાલ: હા. એ પણ એક વ્યાખ્યા છે; પણ તે અધૂરી વ્યાખ્યા છે. બીજાને મારવામાં જ હિંસા છે એમ નહિ; પણ બીજાનો વિકાસ રૂંધવામાં પણ હિંસા છે.

હું: એ તો વળી આગળની વાત થઈ. અને એ દૃષ્ટિએ આપ જ કબૂલ કરશો કે કુરુક્ષેત્રમાં આટલા જીવોની હિંસા કરવામાં વિકાસ રૂંધાયો છે. અને એટલે જ હિંસા છે.

સંતબાલ: તમે જરા શાંત થાઓ. અત્યારનો જ પ્રસંગ લઈ હું તમારી સામે પ્રશ્ન મૂકું. આજે હુલ્લડ ચાલે છે. એક માણસ ભયનો માર્યો ભાગી જાય છે. બીજો પોતાના હાથમાં જે કાંઈ સાધન આવે છે તે લઈ સામનો કરે છે. અને ત્રીજો એનો અહિંસક પ્રતીકાર કરે છે. આમાં પહેલા અને બીજામાં તમને કાંઈ ફેર લાગે છે?

હું: હા, આભ જમીનનો. પહેલો કાયર છે. અને કાયરતા એ મોટી હિંસા છે.

સંતબાલ : બસ ત્યારે, હવે તમે જ કબૂલ કર્યું : કાયરતા એ હિંસા છે. જે પોતાના દેહને બચાવવા માટે ભાગે છે તે પોતાના જ આત્માનો ધ્વંસ કરે છે. હવે બે જો માણસ આવી રીતે ભાગતો નથી પણ ત્યાં ઊભો રહી લડે છે, તો એ બેમાં તમે કોને સારો ગણશો ?

હું: બીજાને, કારણ કે તે કાયર નથી.

સંતબાલ : ઠીક. જો એમ જ છે તો આપણે હિંસા અને અહિંસાનાં આપણાં મૂલ્યો અને સમજાવવાની રીતને પલટવી પડશે. જે કોઈ શસ્ત્રથી પ્રતીકાર કરે છે તેને આપણે હિંસક માનીએ છીએ પણ વાસ્તવમાં બાહ્ય ક્રિયા કરતાં અંતરના ભાવોનો હિંસા અને અહિંસા સાથે વધુ સંબંધ છે. એક શસ્ત્રક્રિયા કરનાર ડૉક્ટર બીજાના હિતને માટે વાઢકાપ કરતો હોય તે કૃત્ય આમ ઉપલક દૃષ્ટિએ જોનારને હિંસક દેખાય પણ ભાવથી સંપૂર્ણ અહિંસક છે. હવે તમે જ કહો, બહારની ક્રિયાની કિંમત વધુ કે ક્રિયા પાછળની ભાવનાની ?

હું : ભાવનાની.

સંતબાલ : હવે એ દૃષ્ટિએ તમે એ યુદ્ધનો વિચાર કરો. તમે જ કહો, શું અર્જુને સંપૂર્ણ સમજથી યુદ્ધની ના પાડી હતી ?

હું : ના. એની પાછળ તો કાયરતા હતી.

સંતબાલ : ઠીક થયું. કોઈ બીજો હોત તો દયા કહેત. પણ, આને માટે હું મોહદયા શબ્દ વાપરું. પણ આ મોહદયા આત્માની તેજસ્વિતાને ઝાંખી પાડે છે. બોલો, હવે જે માણસ મોહદયાથી ઘેરાયેલો હોય અને કાયર બન્યો હોય તેને શું ઉપદેશ અપાય ? વિચારશો તો તમોને જ લાગશે કે ન લડવામાં જ અર્જુનના આત્માનું પતન હતું અને એટલે અંશે હિંસા હતી. એટલે અર્જુનને યુદ્ધમાં પ્રેરવામાં આમ બાહ્ય રીતે હિંસા દેખાતી હોવા છતાં અર્જુનના વિકાસની દૃષ્ટિએ અહિંસાનું જ પગથિયું હતું.

હું: એ તો સમજાયું. અર્જુનને માટે તો એ યોગ્ય ગણાય, પણ એને ખાતર આટલાં બધાં માણસો હણાયાં તેનું શું?

સંતબાલ: હવે બીજી રીતે પણ સમજાવવા હું તમોને જ એક પ્રશ્ન પૂછું? એક સ્ત્રી ઉપર કોઈ બળાત્કાર કરે છે. તે સ્ત્રી એ પુરુષની પાશવી વૃત્તિને તાબે થાય તે કરતાં તે પુરુષની સામે થાય અને પોતાના હાથમાં જે કાંઈ હોય તેથી લડી લે તો તમને ગમે કે નહિ?

હું: તાબે થવા કરતાં લડી લે એ ગમે; પણ અહિંસાની દૃષ્ટિએ તો એ પોતાની જ જાતને સંકેલી લે એ ઊંચી વસ્તુ કહેવાય.

સંતબાલ: તમારી વાત તદ્દન સાચી છે. પણ માનો કે એનામાં એવી અહિંસાની ભાવના નથી. તો શું તેણે તાબે થવું?

હું: લડી લેવું.

સંતબાલ: કારણ?

હું: કારણ કે તાબે થવાથી સમાજમાં અનીતિ વધે.

સંતબાલ: હવે તો તમે મારો જ મુદ્દો કહી દીધો. જો સમાજમાં અનીતિ વધતી હોય તો એનો કોઈ પણ પ્રકારે વિરોધ થવો જ જોઈએ.

હું: હા. અનીતિને ચલાવી લેવી એ પણ એક પ્રકારની હિંસા જ છે.

સંતબાલ: તો હવે તમે જ કહેશો, દુર્યોધનને પક્ષે નીતિ નહોતી. જો શ્રીકૃષ્ણે ધાર્યું હોત તો પાંડવોને સમજાવી યુદ્ધમાંથી વારી શકત. અને તમે જાણતા જ હશો. યુદ્ધ અટકાવવા શ્રીકૃષ્ણે કેટકેટલા પ્રયત્નો કર્યા? છેવટે પાંચ ગામ માગ્યાં. કૌરવોએ તે પણ ન આપ્યાં. છતાં પણ તે સમજાવી શકત. પણ જો ચલાવી લીધું હોત તો દુર્યોધનનું અભિમાન પોષાત અને તેથી સમાજમાં

અનીતિને પ્રતિષ્ઠા મળી જાત. એટલે અહિંસાની દૃષ્ટિએ વિચારનારે એ વિચારવું જોઈએ કે આપણે સમાજમાં પ્રતિષ્ઠા કોને આપીએ છીએ: નીતિને કે અનીતિને? જો નીતિને આપતા હોઈએ તો તે અહિંસા છે અને આપણા વર્તનથી—મૂગા રહેવાથી પણ જો સમાજની અનીતિને પ્રતિષ્ઠા મળી જતી હોય તો સમજવું કે તે હિંસા છે. હિંસા અને અહિંસા ક્યાં અને કયે પ્રકારે છે એ સમજવું કઠિન છે. છતાં જો આપણે સત્યશોધનને પંથે હોઈશું તો એ જરૂર સમજાશે.

હવે તમે એક વસ્તુ તો કબૂલ કરશો જ કે દુર્યોધન અને કૌરવોની અનીતિનો તો પ્રતીકાર થવો જ જોઈએ.

હું: હા; પણ તે અહિંસાથી.

સંતબાલ: હવે જો તમે એક વસ્તુ કબૂલ કરો કે પ્રતીકાર થવો જ જોઈએ તો તમોને લાગશે કે એમનાથી ડરી જંગલમાં ચાલ્યા જવા કરતાં સામાજિક રીતે હિંસક પ્રતીકાર કરવામાં વધુ અહિંસા છે. એટલે કે અહિંસાની દૃષ્ટિએ કાંઈ ન કરવામાં પૂરેપૂરી હિંસા છે. હવે તમે મને પૂછશો કે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને સત્યાગ્રહનો માર્ગ કેમ ન ચીંધ્યો? આ એક જુદો જ પ્રશ્ન છે. અહિંસાનો ઉપાસક પોતાને શરણે આવેલાને એની ભૂમિકા જોઈને માર્ગ ચીંધે છે. જે ભૂમિકામાં શ્રીકૃષ્ણે અર્જુનને માર્ગદર્શન આપવાનું હતું તે ભૂમિકામાં એ જ એક માર્ગ હતો. પણ તેથી એમ નથી કે શ્રીકૃષ્ણે ગીતામાં હિંસાનો જ ઉપદેશ કર્યો હતો! મહાભારતના યુદ્ધને એક ભૌતિક યુદ્ધ તરીકે સ્વીકારતાં પણ મને તો એમાં ભાવથી અહિંસા જ દેખાઈ છે.

જો તેમને હિંસાનો જ પ્રચાર કરવો હોત તો તેઓ સમતા પામ્યા પછી લડ, તારી ઇંદ્રિયોને સંયમમાં લઈને પછી લડ, રાગદ્વેષ

રહિત યુદ્ધ કર, વગેરે વગેરે વાતો ન કરત પણ તેઓ કહેત: ઝનૂનથી લડ, આવેગથી લડ. પણ અહીં એવું નથી. તું તારી જાગૃતિ કાયમ રાખી તારી સામે જે ફરજ આવી પડી છે તે તારા સ્વધર્મ પ્રમાણે બજાવ. બહારનું હિંસક યુદ્ધ એ તો માત્ર ભૂમિકાભેદ જ હતું. અને એ કરતાંય સુંદર વાત તો એ છે કે, જે પાત્રોએ એ મહાયુદ્ધમાં વિજય મેળવ્યો છે તેમની પાસે વિજયનાં બણગાં ફૂંકાવ્યાં નથી. અનીતિ સામેના આ યુદ્ધમાં જેટલો હિંસાનો આશ્રય લેવો પડ્યો તેટલે અંશે એ બધાં પાત્રો પાસે મહાભારતકારે પ્રાયશ્ચિત્ત કરાવ્યું છે. યુદ્ધને અંતે પાંચે પાંડવો રાજગાદીનો ત્યાગ કરી હિમાલય તરફ વળે છે. જેનામાં જેટલા આવેગો તેટલા તે હિમગિરિ ચઢતાં સૌથી પ્રથમ ઓગળી જાય છે. યુધિષ્ઠિર આખા યુદ્ધમાં સમતાપૂર્વક વર્ત્યા અને એટલે જ તેઓને સદેહે સ્વર્ગમાં જતા વર્ણવ્યા છે. આ બધા કરતાંય એક બીજી વિશેષ વાત તો એ છે કે શ્રીકૃષ્ણ ભગવાને યુદ્ધમાં સંપૂર્ણ તટસ્થતા જાળવી છે, જાતે શસ્ત્ર લીધું નથી. પોતાની હિંસક શક્તિ સામા પક્ષે ગઈ પણ પોતાનો આત્મા તો નીતિના પક્ષમાં જ રાખ્યો છે. એ બધા પરથી મને તો પાકી ખાતરી છે કે ગીતાનું નિરૂપણ સંપૂર્ણ અહિંસક છે.

× × ×

મહારાજશ્રીની સાથે થયેલ વાતોનો સાર એ આવ્યો કે આ વાર્તાલાપ પછી શ્રીકૃષ્ણ પ્રત્યેની મારી દૃષ્ટિ પલટાઈ છે. અને હિંસા અને અહિંસાના પ્રશ્નોમાં એક બીજી દૃષ્ટિ મળી છે. હિંસા અને અહિંસા માત્ર બાહ્ય ક્રિયાથી મપાતી નથી; તે મપાય છે અંતરના ભાવોથી. જોકે ભાવોની સાથે સાધનની શુદ્ધિ હોવી જ જોઈએ પણ ભૂમિકાને કારણે ન હોય તોપણ જો ભાવઅહિંસા હોય તો સાધન ધીમે ધીમે અહિંસક બન્યા વગર રહેતાં જ નથી.

૭

# શિવલાલ – સૌભાગ્યચંદ્ર – સંતબાલ

ટંકારા એ મહર્ષિ દયાનંદ સરસ્વતીની જન્મભૂમિ. મચ્છુ કાંઠે આવેલા એ ટંકારાની યાદ કરો કે તરત જ ત્યાંના પરિચિત લોકો બોલી ઊઠે: 'બોલ્યું ટોળ ટંકારા ને?' ટંકારાએ હિંદને જે મહાપુરુષ આપ્યો, તેનું નામ દયાનંદ સરસ્વતી. જ્યારે આખો દેશ અજ્ઞાન અને ધર્મની જડ માન્યતાઓમાં સબડી રહ્યો હતો ત્યારે આ પુરુષે ક્રાંતિની જ્યોત પ્રગટાવી અને છેલ્લા સૈકામાં ભારતવર્ષે જે એકધારી જાગૃતિનો અનુભવ કર્યો તેનાં બીજ રોપ્યાં. આર્યસમાજની પ્રવૃત્તિએ જડ થઈ ગયેલી ધાર્મિક માન્યતાઓને ઢંઢોળી બેઠી કરી દીધી અને અનેક કુરૂઢિઓ અને ધાર્મિક માન્યતાઓ સામે મોરચો મંડાયો. જોકે ક્રાંતિની જ્યોતની ખંડનાત્મક બાજુ હજુ પૂરી થઈ જ ન હતી, ત્યાં તો એ ક્રાંતિનો જીવનદાતા ઝેરનો ભોગ બન્યો.

ક્રાંતિની સાથે ખંડન અને મંડન એક જ સિક્કાની બે બાજુની જેમ સંકળાયેલાં છે. ખંડન સમાજજીવનમાં વર્ષોથી જામી ગયેલી જડતાની ધૂળને ખંખેરી નાખીને નવસર્જનની ભૂખ પેદા કરે છે. મહર્ષિનું કામ અધૂરું રહ્યું. અને પછી તો ભારતવર્ષના તખતા ઉપર ગાંધીજી આવ્યા અને એ ક્રાંતિની ચિનગારી સમગ્ર જીવનના અણુએ અણુમાં પ્રગટી ઊઠી. રાષ્ટ્ર જાગ્યું અને સર્જનાત્મક બાજુનાં મૂળ નંખાયાં. આમ એક સદીમાં ભારતવર્ષે અનેક સંતો, અનેક રાજકીય પુરુષો, અનેક ત્યાગીઓ પેદા કર્યા અને દેશ આઝાદ બન્યો.

આ ટંકારા ગામની સાથે જ જોડાયેલું નાનું ગામ ટોળ તે શિવલાલની જન્મભૂમિ. સૌરાષ્ટ્રના એક ખૂણામાં આવેલા એ નાનાસરખા ગામના એક નાનાસરખા માટીના ઓરડામાં શિવલાલનો જન્મ થયો. કુટુંબની સ્થિતિ તૂટતી હતી. ભણવાની સગવડ તો હોય જ ક્યાંથી ? એટલે શિવલાલ બાલંભા, પોતાના મોસાળમાં મામાને ત્યાં રહી અભ્યાસ કરવા લાગ્યો. હજુ તો બાર વરસેય નહોતાં પૂરાં થયાં ત્યાં તો કુટુંબની આર્થિક સ્થિતિને કારણે ભણવાનું છોડી મુંબઈ કમાવા જવું પડ્યું. કેવી કુમળી વય ! પણ શિવલાલ મહેનતુ અને તેજસ્વી હતો. થોડા જ વખતમાં બજારમાં સારી એવી પ્રતિષ્ઠા મેળવી લીધી. એક મુસલમાન શેઠની લાકડાંની દુકાને નોકરી હતી. શિવલાલની ધારણાશક્તિ તો પહેલેથી જ તેજ હતી એટલે થોડા જ દિવસમાં બધી જાતો અને ધંધાની નાની મોટી ગૂંચોથી પરિચિત થઈ ગયો. જેમ જેમ અનુભવ વધતો ગયો તેમ તેમ પગાર પણ વધતો જ ચાલ્યો. ઘેર પૈસા મોકલવા છતાં પણ પૈસા વધવા લાગ્યા. તેના દિલમાં થતું : હવે વધારાના પૈસાનું શું કરવું ?

આ દિવસોમાં પૈસાની છૂટ થતાં મન એની સહજ સ્થિતિમાં આવ્યું. પહેલાંની ધાર્મિક વૃત્તિ જાગ્રત થઈ. ફરીથી પાછો તે એકાંતમાં જઈ ચિંતવન કરવા લાગ્યો. બાગમાં જાય; એકાદ ઝાડ નીચે બેસી મનન ચિંતવન કરે, અને જો કોઈ ગરીબગુરબું જુએ તો તેને દાન આપે. પણ આ બધું કરવા છતાં તેના દિલની ભૂખ સંતોષાઈ ન હતી. ઊંડે ઊંડે તેના દિલમાં અસંતોષ હતો. આ અસંતોષનું કારણ શું હતું એ તે કળી શકતો ન હતો. પણ આ ધન, આ વેપાર, આ દાનમાં તેને શાંતિ મળતી ન હતી. તેના અંતરાત્મામાં કાંઈક ગુપ્ત મંથન ચાલી રહ્યું હતું. તે શું હતું તેની તો તેને સુધ્ધાંય ખબર ન હતી. આ સમય હતો રાત્રિના એ

ભાગનો કે જ્યારે પો ફાટું ફાટું થઈ રહ્યો હોય. અને તે સમયે જેમ પૃથ્વી પર ગાઢ અંધકારનું મોજું થોડા સમયને માટે રેલાઈ જાય છે તેમ શિવલાલના જીવનનું પણ હતું. એક દિવસ તેના દિલમાં પ્રશ્ન થયો, 'આ જીવનનો આટલો બધો સમય આ જ પ્રવૃત્તિમાં શા માટે?' આ વિચારથી તેનું મન એકાંત તરફ વધુ ને વધુ ઝૂકવા લાગ્યું. કામમાંથી પણ મન પાછું પડવા લાગ્યું. ઘણી વાર કામે ચઢવામાં પણ મોડું થવા લાગ્યું.

આ અનિયમિતતા શિવલાલને ખટકી. એટલે એક દિવસે તેમણે પોતાના શેઠને જઈને કહ્યું: 'મને તમે આખા દિવસના કામનો પગાર આપો છો પણ હમણાં મારું મન એકાંત તરફ ઢળેલું હોઈ જો તમે મને અમુક કલાક કામ કરવાની છૂટ આપો તો બહુ ઉપકાર થાય.'

શેઠે તો વધુ પગાર માટે કહ્યું. કારણ કે તેમને એમ લાગ્યું હોય કે આને પગાર ઓછો પડતો હશે. પણ શિવલાલને પૈસા ક્યાં જોઈતા હતા?

આ મંથન કાળમાં શિવલાલનાં માતુશ્રી ગુજરી ગયાં. આનો આઘાત શિવલાલના દિલ ઉપર પડ્યો અને પ્રત્યાઘાતરૂપે પડેલો વૈરાગ્યનો સંસ્કાર વધુ જાગ્રત થયો. એણે નવા શેઠને કહ્યું: 'મને છૂટો કરો.'

શેઠે કહ્યું: 'તમારે જેટલું કામ કરવું હોય એટલું કરો. તમે જેટલું કામ કરશો તેનો છ આની ભાગ આપીશ. તમે તમારી અનુકૂળતાએ કામ કરજો.' આ યોજના તો શિવલાલને ગમી ગઈ, પણ આ રીતનો ભાગ કરવાથી બન્યું એવું કે થોડા વખતમાં પણ પહેલાં કરતાં વધુ મળવા લાગ્યું.

આ દિવસોમાં એક નવો જ વિચાર એના દિલમાં ઘોળાવા લાગ્યો; આમ આખો દિવસ મહેનત કરી પૈસાથી બીજાને મદદ કરવી એના કરતાં સીધી જ આપણી શક્તિથી બીજાને સહાયરૂપ શા માટે ન થવું? ધનની મદદથી તો પેલો સુધરેય ખરો અને ન પણ સુધરે. વળી એ ધનને પ્રાપ્ત કરવા આપણે તો આપણા જીવનનાં અમૂલ્ય વરસો વિતાવવાં જ પડે; તો એવું હબસીના કાન જેવું શા માટે કરવું! આ વિચારે શિવલાલને એક બીજી દિશામાં દોર્યો અને દિવસે દિવસે દિલમાં દૃઢ થતું ગયું કે જો મનુષ્યને ઉપયોગી થવું હોય તો પહેલાં પોતે જ પોતાનું જીવન એવું કરી લેવું જોઈએ કે પોતાના જીવનથી જ બીજાને પ્રેરણા મળે. આ વૃત્તિએ એમને સાધુ થવાની પ્રેરણા આપી. દિલમાં પ્રબળ સંકલ્પ જાગ્રત થયો કે, હવે દીક્ષિત થઈ જવું અને એ રીતે જીવનનું શ્રેય કરવું.

આ દરમિયાન જૈન ધર્મના એક ક્રાંતિકારક સાધુનો પરિચય થયો. એ હતા મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ: ગાંધીજીના વિચારોથી રંગાયેલા, છેલ્લાં કેટલાંય વર્ષોથી ખાદી પહેરે અને નવી દૃષ્ટિ મુજબ વિચારો સમાજને આપે. આમની પાસે આવતાં જ શિવલાલનું મન ગોઠી ગયું અને મનમાં દીક્ષા લેવાનું નક્કી કર્યું.

પણ ગુરુ શિષ્યના એટલા લોભી ન નીકળ્યા. તેઓ માનતા હતા કે યોગ્યતા વગર માણસને સંન્યાસમાં ખેંચવો એ સંન્યાસને હેઠો પાડવા બરાબર છે. એટલે તેમણે કહ્યું કે તારે જો મારી સાથે રહેવું હોય તો રહે, દીક્ષાનું તો જોયું જશે. પણ જો યોગ્યતા લાગશે તો દીક્ષા આપીશ. શિવલાલનું મન તો દીક્ષા માટે ઉતાવળું હતું પણ ગુરુ ક્યાં ચેલાના લોભી હતા!

મુનિશ્રી નાનચંદ્રજી પાસે આવતાં પહેલાં એક બાજુ શિવલાલ આવાં મંથનોમાં હતો જ્યારે બીજી બાજુ એક બીજો પણ પ્રશ્ન

મૂંઝવતો હતો. અને તે હતો સંબંધનો. શિવલાલનો સંબંધ એક બહેન સાથે જોડાઈ ગયો હતો. હજુ લગ્ન થયાં ન હતાં. એનું શું કરવું ?

સંબંધીઓને આ વસ્તુની ખબર પડતાં જ તેઓ તો અકળાઈ ઊઠયાં. આ શું ? આવી સારી નોકરી છોડી તું આ શું કરે છે ? અને વહાલી મા ! તેના દુઃખનો તો પાર જ ક્યાંથી રહે ? પણ કેટલીક વાર કુદરત શુભ સંકલ્પને અનુકૂળ રહે છે તેમ શિવલાલ આ મંથનમાં ઘેરાયેલો હતો તે દિવસોમાં જ માતાનું અવસાન થયું. આ અવસાનથી ખૂબ દુઃખ થયું પણ વૈરાગ્ય વધુ દૃઢ થયો. હવે બા તો હતાં નહિ એટલે દીક્ષા લેવામાંથી રોકનાર કોઈ ખાસ રહ્યું ન હતું.

એક દિવસ શિવલાલ પોતાને સાસરે પહોંચ્યો અને જે બહેન સાથે સંબંધ જોડાયો હતો તેને બહેન કહી સંબોધી ચૂંદડી ઓઢાડી દીધી. અને પોતાનો દીક્ષા લેવાનો ઇરાદો તેનાં માબાપને સમજાવ્યો. આમ ભરયૌવનમાં એક સ્ત્રી કે જેની સાથે લગ્નજીવનથી જોડાઈ સુખી જીવનની અનેક લાલચો ઊભી હતી તે બધીને સમજપૂર્વક અળગી કરી નવજીવનના પંથે પ્રયાણ કર્યું. અને આખા જગતની સ્ત્રીજાત સાથેનો પોતાનો વિકારી ભાવ પાછો ખેંચી માતૃસંબંધની ગાંઠ બાંધી. એ જ ભાવ આગળ જતાં પાંગર્યો અને હંમેશાં વિકસતો જ રહ્યો.

શિવલાલનું દિલ દીક્ષા માટે ખૂબ ઉતાવળું હતું. સં. ૧૯૮૫માં શિવલાલે દીક્ષા લીધી અને સૌભાગ્યચંદ્ર બન્યા. દીક્ષા બાદ તેઓ કચ્છમાં ગયા. અહીં ઠીક એકાંત મળ્યું અને અભ્યાસ શરૂ કર્યો. ગુરુનો પ્રેમ તો હતો જ. અને શિષ્યમાં તમન્ના જોઈ. સંસ્કૃત અને ન્યાયના અભ્યાસ માટે મિથિલાથી ખાસ પંડિત બોલાવવામાં

આવ્યા. સૌભાગ્યચંદ્રે ચોટલી બાંધી વાંચવા માંડ્યું. વાંચવા અને લખવામાં તેઓ એટલા લીન બની જતા કે ખાવાપીવાનો ખ્યાલ સરખોય ન રહેતો. અને ઘણી વાર તો ગુરુને જ કાળજી રાખવી પડતી.

એમના જ ગુરુદેવ તે વખતની તેમની મનોદશાનું બહુ સુંદર વર્ણન કરે છે. ઘણી વાર કહે છે: ' એણે તો મારી સેવા કરી છે કે કેમ એ પ્રશ્ન છે પણ મેં તો એની સેવા કરી જ છે. એવો ભુલકણો અને એટલો બધો અવ્યવસ્થિત કે ન પૂછો વાત. બસ એક જ ધૂન. એક વખત તો ધૂનમાં ને ધૂનમાં જંગલ ગયેલો ત્યાં લોટી ભૂલી આવેલો અને પછી હું ગયો અને લઈ આવ્યો. મારી સાથે જ્યાં સુધી રહ્યો હશે ત્યાં સુધી ગોચરી પણ તે ભાગ્યે જ લાવ્યો હશે. અને હું પણ ઇચ્છતો કે એ વાંચે છે તો ભલે વાંચે.'

ધૂનમાં ને ધૂનમાં તેઓના દિવસો જતા. પણ એ ધૂન ઝાઝી ટકતી નહિ. અંગ્રેજી ભણવાનું શરૂ કર્યું. મેધા શક્તિ તો ખૂબ તીવ્ર એટલે એકદમ યાદ રહી જાય: થોડા જ દિવસમાં અભ્યાસમાં આગળ ધપી જાય. બેચાર મહિનામાં તો અંગ્રેજીનો ચારછ ચોપડી જેટલો અભ્યાસ કરી નાખ્યો. એવું જ ન્યાયશાસ્ત્રનું. ન્યાયશાસ્ત્રના પંડિત કહે કે આટલું શીખતાં તો દસ વરસ લાગે. પણ આ ભાઈમાં એવી ધીરજ ક્યાં હતી ? પંડિત પાઠ આપતાં થાકે. પણ એક જ દુઃખ. મન ભારે ચંચળ. થોડુંઘણું આવડી જાય, અને પકડ સાધારણ બેસે ત્યાં એ વિષય છોડી બીજો પકડે. આ ટેવ ગુરુને ન ગમે. ગુરુ તો ભારે વ્યવસ્થિત માણસ. એમને એક પણ કામ અધકચરું ન ગમે. એટલે બંને વચ્ચે મતભેદ થાય. તેઓ કહે, ' જે લીધું છે તે તું પૂરું કર. જો, આ અંગ્રેજી પૂરું કર, આ ન્યાયનું પૂરું કર.'

પણ આ સૌભાગ્યચંદ્ર તો જુદી જ પ્રકૃતિના હતા. એમનું મન ઘોડાપૂરે આગળ ધપતું હતું. એટલે સરોવરની શાંતિ અને સ્થિરતા ક્યાંથી હોય ? આ કાળ હતો યૌવનનો. ચોમાસામાં નદીની જેવી દશા હોય એવી એ કાળની માનસિક અવસ્થા હતી. લગભગ બધાને જ આ મસ્ત કાળમાંથી પસાર થવું પડે છે. એમાં તમન્ના હોય છે, આવેગ હોય છે, જગતમાં કાંઈ કરી નાખવાની વૃત્તિ હોય છે. એટલે જેઓ સ્થિર થયા હોય તેમને એ કાળની પ્રવૃત્તિ જોઈ અશ્રદ્ધા ઊપજે. પણ સમય સમયનું કામ કરે છે અને જેમ ઝાડ, ઝાંખરાં, કાદવ ઘસડી જતી નદી એક દિવસ નિર્મળ નીર વહી જતી અમૃત-ઝરણી બની જાય છે, તેમ યૌવનકાળમાં પ્રચંડ પૂરથી વહેતા જીવનનું પણ છે. જેમ માણસ વધુ તેજસ્વી તેમ એમના ઉન્માદો વધુ તીવ્ર અને પરિવર્તનશીલ. એ કાળ એવો છે કે જો માણસને યોગ્ય માર્ગદર્શન, પ્રેમાળ હૂંફ ન મળે તો એના જીવનમાં એક પ્રકારનો હંમેશનો અસંતોષ રહી જાય. પણ સૌભાગ્યચંદ્રના જીવનમાં એ ખોટ ન પડી. ગુરુએ ખૂબ પ્રેમથી એમને સાચવી લીધા. એમના દિલમાં જે જે ઇચ્છાઓ ઊઠતી તેને અનુકૂળ થઈ તેમણે શિષ્યને આગળ વધવામાં સહાય જ કરી. ઘણી વાર એમણે પોતાનું મન માર્યું હશે, ઘણી વાર એમનું દિલ દુખાયું હશે અને સ્વમાન પણ ઘવાયું હશે. પણ તેથી શું ?

આ દિવસમાં સાધુ સૌભાગ્યચંદ્રજીના દિલમાં એક નવો તુક્કો જાગ્યો, અને તે અવધાન કરવાનો. દિલમાં થયું : શતાવધાની થવું. બીજો અભ્યાસ બાજુએ રહી ગયો અને તેઓનું લક્ષ અવધાન તરફ ગયું.

માણસનું મન એ અજબ વસ્તુ છે. એની સ્મરણશક્તિનો પાર નથી. સામાન્ય રીતે આપણે જોઈએ છીએ કે માણસ

એકસાથે બે વસ્તુય યાદ નથી રાખી શકતો. અરે, ઘણી વાર આપણે માણસોને એવું કહેતા પણ સાંભળીએ છીએ કે અમોને તો બિલકુલ યાદ જ રહેતું નથી. પણ આ વસ્તુ સાચી નથી. જે માણસ કહે છે કે મને યાદ નથી રહેતું તે માણસને જો કોઈએ ગાળ દીધી હોય તો તે ભાગ્યે જ ભૂલે છે. મતલબ, માણસ ભૂલે છે કારણ કે તે વસ્તુ સાથે તેના દિલમાં જે એકતા જોઈએ તે એકતા નથી હોતી અને યાદ રાખવાની જે પદ્ધતિ છે તેનો તેને ખ્યાલ નથી.

ડૉ. ટીમોથી એકીસાથે ૪૦૦ વાતો યાદ રાખી શકતો હતો. આ બધું તેને પહેલેથી મળ્યું હતું એમ નહિ, તેણે પોતાની એ શક્તિ પદ્ધતિસર કેળવી. અને આગળ જતાં ૧૫૦ વાક્યમાંથી ગમે તે નંબરનું વાક્ય પૂછો તો તે બોલી બતાવતો. શું આ જાદુ છે? ના. આ પણ મનની એક તાલીમ છે. આપણા મનની અંદર દરેક આવતા વિચારનાં વ્યવસ્થિત ખાનાં બનાવી દઈ જે વસ્તુ આવે તેને તે ખાનામાં ગોઠવવામાં આવે અને પછી તે ખાનું ખોલીએ કે તરત જ તે વસ્તુ બહાર નીકળે. આમ એકાગ્રતા, અનુસંધાન અને વ્યવસ્થિત અભ્યાસથી એકીસાથે બોલાયેલી અનેક વસ્તુ આપણે યાદ રાખી શકીએ.

સૌભાગ્યચંદ્રે હવે આ રસ્તો લીધો. બસ આખો દિવસ અને રાત એક જ ધૂન. ધારણાશક્તિ દિવસે દિવસે તીવ્ર થતી ગઈ. અને થોડા દિવસમાં તો થયું કે હવે અવધાનના પ્રયોગો આપવા . . . પણ ગુરુ જરા ઠંડા હતા. તે કહેતા, તું સો પૂરા કર, પછી આપણે કરીશું. પણ શિષ્ય ઉતાવળા હતા. માણસ સાધુ બને એટલે જ કાંઈ સ્થિર થોડા થઈ જાય છે! માણસની આગળ આવવાની, સારા કહેવડાવવાની વૃત્તિ થોડી મરી જાય છે! સૌભાગ્યચંદ્રમાં પણ એ બધું જ હતું. તેમને પણ લોકોની વાહવાહ ગમતી હતી.

બધાની પ્રશંસા તે પણ ઝંખતા હતા. આમ તે જ્યાં ત્યાં નાના નાના પ્રયોગો કરવા લાગ્યા. જે ગામ જાય તે ગામના યુવાનોને એકઠા કરીને અવધાનની જ વાતો કરે. આથી યુવાનોનું સારું એવું જૂથ જામ્યું. એટલામાં સ્થાનકવાસી જૈન સાધુઓનું એક સંમેલન અજમેરમાં ભરાવાનું નક્કી થયું. ગુરુને તો ઝાઝી ઇચ્છા નહિ. તેમને હતું કે હવે આમાં શું વળવાનું છે? નકામી દોડ શા માટે? પણ શિષ્યના દિલમાં અનેક તરંગો ઊઠતા હતા. નવું લોહી હતું, નવા વિચારો પીધેલા હતા. અને ગુરુ પણ નવા રંગે રંગાયેલા હતા. એટલે દિલમાં હશે કે સંમેલનમાં જઈ સાધુ-સાધ્વી સંસ્થામાં ક્રાંતિનું એક મોજું વહેતું મૂકીએ. થોડી પ્રતિષ્ઠાની અને આગળ આવવાની વૃત્તિ પણ હશે જ. શિષ્યની ઇચ્છા હંમેશાં ગુરુ પોષતા આવેલા એટલે અહીં પણ તેમણે હા પાડી અને લાંબો અને ઝડપી પ્રવાસ કરતા કરતા અજમેર પહોંચ્યા.

સંમેલનમાં મોટી સંખ્યામાં સાધુઓ હાજર હતા. જૈન સાધુથી ધ્વનિવર્ધક યંત્ર વપરાય નહિ. વાપરે તો વાયુકાય જીવોની હિંસા થાય. અને યંત્ર ન વાપરે તો કોઈ સાંભળી ન શકે. આખરે ગુરુએ પહેલ કરી અને ધ્વનિવર્ધક યંત્ર પર બોલવાનું શરૂ કર્યું. આ ક્રાંતિ બીજાની દૃષ્ટિએ ક્રાંતિ નથી. પણ જૈન સમાજના સાધુ માટે અને જૈન સમાજ માટે આ જેવી તેવી ક્રાંતિ ન હતી.

અહીં આર્યસમાજના ઉપક્રમે સૌભાગ્યચંદ્રજીએ શતાવધાનના પ્રયોગો કર્યા અને અજમેરમાં તેમને ભારતરત્નની પદવી આપવામાં આવી. પણ આપણે જોઈ ગયા તેમ આ બધી વસ્તુઓ પાણીમાં જેમ કચરો નીચે ઠરી જાય છે તેમ એક દિવસ ઠરી જાય છે અને આખરે તો નીતર્યું જ પાણી રહે છે તેમ ધીમે ધીમે ઓછી થવા લાગી. કારણ કે માણસ જ્યારે પ્રગતિને પંથે હોય છે,

અને તે પણ સાચી રીતે, ત્યારે શરૂઆતમાં પ્રશંસા એને ગમે છે ખરી કારણ કે એ માણસના સ્વભાવમાં છે. પણ તે ઝાઝી ટકતી નથી. તેમ આ શતાવધાનના પ્રયોગોનું પણ થયું. આવું બનવાનું એક કારણ એ પણ હતું કે તેઓ નાશિક તરફ ગયા. ત્યાં સારા ભણેલા ગણેલા માણસો પણ આ શક્તિ જોઈ આમની પાસે કંઈક છે એમ માનવા લાગ્યા પોતાને વિષે પેદા થતા આ જાતના ભ્રમથી દિવસે દિવસે વૃત્તિ મોળી પડતી ગઈ.

તેમના દિલમાં થયું : આ બધી સિદ્ધિઓ છે. એ તો માણસ પામી શકે છે. પણ સિદ્ધિઓથી પર એવું એક જીવન છે. અને એવું જીવન ઘડવું એ જીવનનો હેતુ છે. માણસ જ્યારે યોગ અથવા સાધનાને માર્ગે આગળ વધે છે ત્યારે આવી અનેક વસ્તુઓ તેને પ્રાપ્ત થાય છે. પણ જો તે ત્યાં જ ફસાઈ રહે તો આગળ વધી શકતો નથી. સિદ્ધિથી જરૂર લોકો આકર્ષાઈને આવે ખરા પણ તેથી કાંઈ તેમનું હિત થતું નથી. આમ છે, તેથી બુદ્ધિ અંજાય છે પણ દિલ જિતાતું નથી. ગુરુ જે ઉપદેશથી સમજાવવા માગતા હતા તે અનુભવે સમજાયું અને સમજાયું એટલે સહજ રીતે છૂટી ગયું. આ દિવસોમાં પરદેશ જઈ અવધાનના પ્રયોગો કરવાની પણ ઇચ્છા થયેલી પણ એ તો ઝટ શમી ગઈ. આ અવધાનના સમય દરમ્યાન જ જીવનમાં એક નવો વેગ આવ્યો. ગુરુની પ્રેરણા તો હતી જ. અને સામાન્ય તૈયારી પણ હતી. એટલે જૈનદર્શનનાં સૂત્રોનો ગુજરાતીમાં અનુવાદ કરવાનું નક્કી કર્યું. કલમ ચાલી અને લખતાં તો થાકતા જ ન હતા. ગુરુની પણ કાળજી અને પૂરતી સહાય હતી એટલે સૂત્રોનો ગુજરાતી અનુવાદ શરૂ થયો. થોડા જ દિવસમાં उत्तराध्ययन सूत्र બહાર પડયું. અને થોડા જ વખતમાં એની ૫૦૦૦ નકલ ખપી ગઈ. અને પુસ્તકનું વેચાણ કલમને પણ વેગ આપે છે તેમ કલમની

ઝડપ વધી. दशवैकालिक પણ તૈયાર થયું અને આગળ ચાલતાં आचारांग-सूत्र પર ખૂબ અભ્યાસપૂર્ણ અને વિસ્તૃત ટીકા લખી. તેમાં રજૂ કરવામાં આવેલી ગીતા સાથેની સમન્વયની દૃષ્ટિ અને ગીતાનો અને આચારાંગનો એક એક શ્લોક લઈ કરેલી સરખામણીએ ઘણાને નવી દૃષ્ટિ આપી. આમ જીવનનાં બે ત્રણ વર્ષ એકાંતિક લેખનપ્રવૃત્તિમાં ગયાં.

જીવન કેવી ગૂઢ વસ્તુ છે અને કેવી અકળ રીતે વિકસે છે! માણસના જીવનમાં આવેગો આવે છે. એ જુદા જુદા તબક્કામાં આપણે કલ્પી પણ ન શકીએ એવાં કામો થઈ જાય છે. આવા પ્રકારની ધૂનને આપણે ઊંચી ભૂમિકાએથી જોતાં સારી ગણીએ કે ખોટી એ એક વસ્તુ છે છતાં એક વસ્તુ તો ચોક્કસ છે કે આવા ધૂની માણસોનો ફાળો જગતના સર્જનમાં કાંઈ જેવો તેવો નથી. મોટા ભાગનું કલા અને સાહિત્યનું નિર્માણ એમને હાથે જ થયું હશે. મોટા ભાગના વૈજ્ઞાનિકો ધૂની જ હશે.

આ દિવસોમાં એક નવી જ વસ્તુ બની. નામ તો બહાર પડી ચૂક્યું હતું એટલે ધર્મપ્રાણ લોંકાશાહ નામની લેખમાળા પ્રગટ કરી. અને આ લેખમાળામાં સૌભાગ્યચંદ્ર હવે પ્રગટ રૂપે નવું રૂપ ધારણ કરી સંતબાલ નામે જાહેર થયા. ત્યાર પહેલાંથી જોકે ખાનગી પત્રોમાં તો સંતબાલ લખતા જ હતા. પણ હવે બધે જ સંતબાલને નામે લખવાનું શરૂ કર્યું. આ લેખમાળા जैनप्रकाशમાં પ્રગટ થઈ અને એણે તો જૈનસમાજના દેરાવાસી પંથમાં ભારે ઊહાપોહ મચાવ્યો. કેટલાક સ્થાનકવાસીઓને લાગ્યું કે આ આપણો સાચો પ્રચારક છે. પણ એમાં પ્રગટ થયેલા વિચારોથી દેરાવાસી અકળાઈ ગયા. નાનચંદ્રજી મહારાજની દૃષ્ટિ હમેશાં સમન્વયની રહેલી. શ્વેતાંબર સમાજના બંને પંથોના દિલમાં તેમને માટે માન હતું. ત્યાં

સંતબાલે આ ધડાકો કર્યો. ગુરુ જાહેરમાં સમન્વયની વાતો કરે અને શિષ્ય પાછળથી આવું લખે. ગુરુ ભારે મુશ્કેલીમાં મુકાઈ જાય.

આ દિવસોમાં કલમ પણ ઝડપથી ચાલતી. ચર્ચાબાજીના નશાએ સંતબાલ પર પણ અસર કરી. સામસામાં નિવેદનો રોજ પ્રગટ થાય. ગુરુ તો બિચારા જાણેય નહિ. પ્રગટ થઈને આવે અને વાગતું વાગતું ગુરુ પાસે આવે. ' આ જુઓ: તમે સમન્વયની વાત કરો છો અને આ શું ?' દેરાવાસીઓ કહે. ' મને બતાવતોય સરખો નથી ?' તેઓ શિષ્યને કહે.

' એમાં શું ખોટું છે ? ઉતાવળ હતી એટલે છપાવી નાખ્યું,' આમ શિષ્ય ગોટો વાળે. પણ આવું તો ક્યાં સુધી નભે ? બંનેનાં દિલ ઊંચાં થવા લાગ્યાં. અને તે એટલી હદ સુધી કે ઘણી વાર ગુરુ અકળાઈ ઊઠતા. કારણ કે એમને તો સમાજમાં રહી ધીમી ક્રાંતિ કરવી હતી; આમને છલંગો ભરવી હતી. વળી જૈન સાધુઓનો નિયમ છે કે પોતાનો એક પણ વિચાર ગુરુથી છૂપો ન રાખવો જોઈએ. ત્યારે સંતબાલ ગુરુ પાસે ગોટા જ ગબડાવ્યે રાખે. આથી એમને મન ભારે દુ:ખ થતું.

એવા તો અનેક પ્રસંગો છે જ્યાં બંનેનો મનમેળ ન રહે. ગુરુના દિલમાં પ્રેમ તો ખૂબ જ હતો છતાં પરિસ્થિતિ એવી થઈ કે સાથે રહેવામાં બંનેને દુ:ખ લાગવા માંડ્યું. આ દિવસોમાં એક નવી વૃત્તિ જાગ્રત થઈ. અને તે ' એક વર્ષનું મૌન ' લેવાની. ગુરુએ કહ્યું: ' લે તો ખોટું નહિ. ' અને સંમતિ પણ આપી, અને કહ્યું કે, ' તું અમારી સાથે રહી મૌન પાળ. '

' મારે તો એક વર્ષ સંપૂર્ણ એકાંતમાં રહેવું છે. અને આખું વર્ષ કા મૌન પાળવું છે. અને તે પણ જ્યાં કોઈ ઓળખતું ન હોય ત્યાં જઈને. '

ગુરુ એ વાત સાથે પણ છેવટે સહમત થયા અને કહ્યું કે, 'તું એકલો રહે તે સારું નહિ. કારણ કે મૌન હોય તો અનેક સગવડ અગવડ વેઠવી પડે. અને વળી, એકલાને પડવાનાં અનેક નિમિત્તો મળે.' એટલે સાથે એક બીજા સાધુ મોકલી રવાના કર્યા.

બંને જણ ગોલવડ સુધી આવ્યા. સંતબાલના મનમાં સંપૂર્ણ એકાંતની ધૂન જ રમતી હતી. એટલે એક દિવસ એ સાધુને છોડીને તેઓ ચાલી નીકળ્યા.

## ૮

# કસોટી

नर्मदातटे तपः कुर्यात्।

તપને માટે નર્મદાનો કાંઠો પ્રસિદ્ધ છે. એની એકેએક ભેખડની પાછળ આત્મસાધનાનો ઇતિહાસ પડ્યો છે. ગમે ત્યાં ઊભા રહી નજર કરો, એકએ સફેદ ધજા લહેરાતી દેખાવાની, ઠેર ઠેર સંત મહંતોની મઢીઓ અને નાના મોટા આશ્રમો આંખે ચઢવાના.

સો ફૂટ ઊંચી ભેખડો ઉપર ગામથી થોડે છેટે બેત્રણ મકાનો આવેલાં છે. એ છે માધવદાસજીનો આશ્રમ. એક છે એમની ગુફા. નર્મદાનાં પવિત્ર નીર દૂરથી વળાંક લઈ જાણે એ આશ્રમની ચરણરજ લેવાને ન ધસી રહ્યાં હોય એમ ઊંચી ભેખડોને અડીને વહી રહ્યાં છે. આમ તો નર્મદાનું દર્શનમાત્ર આંખને મુગ્ધ કરનારું છે: ગમે ત્યાં ઊભા રહી નજર કરો, એ તમારા ચિત્તને હરી લેશે. પણ નર્મદાના સૌંદર્યે રણાપુર આગળ માઝા મૂકી છે. અને તેમાંય અંબાજીની ટેકરી આગળ ઊભી નર્મદાનાં દર્શન કરવાં એ જીવનનો અપૂર્વ લહાવો છે. નર્મદાનાં નિર્મળ સલિલ ઉપર લહરતા પવનની મંદ થાપટો કદી ન ભુલાય એવી ચેતના આપણા દિલમાં સીંચી જાય છે. રાજપીપળાના પર્વતોની તળેટીમાંથી એકદમ ધસી આવી જાણે પોતાની બધી સમૃદ્ધિ રણાપુરને ચરણે ન ધરી દેતી હોય! અને તે વખતનું દર્શન પર્વતો અને રાજપીપળાની હરિયાળી રંગભૂમિ પર

પ્રકૃતિદેવી ખુદ જાણે અભિસારિકા રૂપે નૃત્ય ન કરી રહી હોય! એવો અનુભવ થાય છે. એના પ્રત્યેક મરોડમાં પણ વાત્સલ્યનાં ઝરણાંશાં વનશ્રીથી વીંટાયેલાં ગામડાં નાનાં ભૂલકાં જેવાં લાગે છે. અહા! કેટલી વાત્સલ્યપૂર્ણ છે નર્મદામૈયા!

તમે એક વાર એ નર્મદાતટે રહી જુઓ: કદી એ દૃશ્યને નહિ ભૂલી શકો!

જ્યાં આવું સૌંદર્ય હોય ત્યાં ઈશ્વરનો સાક્ષાત્કાર કરતાં શી વાર લાગે? એટલે જ આપણા તપસ્વીઓએ નર્મદાતટને તપોભૂમિ કહી બિરદાવી છે.

## સૌંદર્યસાધના

આપણી સંસ્કૃતિ અધ્યાત્મપ્રધાન છે; પણ આપણું અધ્યાત્મ જીવનથી વિમુખ નથી. આપણા ઋષિઓએ જંગલમાં જઈ સાધના કરી. પણ જંગલમાં જઈ તેઓ જડ નહોતા બન્યા પણ આ વિશ્વની પાછળ સતત નૃત્ય કરી રહેલા પરમ તત્ત્વનું તેમણે દર્શન કર્યું હતું. આ તત્ત્વને પામવાનો તેમનો પુરુષાર્થ હતો. તેમનું દર્શન જીવથીય આગળ વધી જગતના અણુએ અણુ સુધી વિકસેલું હતું. અને એટલે જ એ તત્ત્વને પામવાને તેમણે સૌંદર્યને સાધન માન્યું. જ્યાં જ્યાં સુંદરતા જોઈ, જ્યાં જ્યાં દિલ દ્રવી ગયું ત્યાં ત્યાં બેસી તેમણે સાધના કરી અને અંતરમાં પડેલા ચૈતન્ય અને વિશ્વમાં રમતા ચૈતન્ય સાથે એકતા સાધી. આ હતી આપણી સંસ્કૃતિની સાધના. જે સૌંદર્ય તેમણે સૃષ્ટિમાં જોયું તે જ તેમણે દિલમાં પ્રગટાવ્યુ અને એના સહજે જ ઉપભોગથી દિલમાં જે આનંદનું અમીઝરણ પ્રગટ્યું તે વડે સારાયે વિશ્વને પ્રેરણા પાવાનો પુરુષાર્થ કર્યો.

રણાપુર પણ એવી જ તપોભૂમિ છે. સંતોએ તપશ્ચર્યા કરી છે તેની યાદ આજે તેના કણેકણમાં છે. માધવદાસજીનો આશ્રમ આજે પણ તેની સાખ પૂરે છે. એ જર્જર મકાનોમાં એક જૈન સાધુએ પગ મૂકયો. જરા વિચિત્ર સાધુ : ન બોલે ન ચાલે. એકલા ઓરડીમાં રહે, ભાગ્યે જ બહાર નીકળે. સાથે એક માણસ હતો તેની સાથેય ન બોલે. જરૂર હોય તો સ્લેટ પર લખી વાત કરે.

બહાર નીકળે ત્યારે પણ દોડતા દોડતા; ગામમાં ભિક્ષાએ જાય ત્યાં પણ મૂંગા : ન કોઈની સાથે બોલે, ન કોઈના તરફ ધ્યાનપૂર્વક જુએ. એક માસ, બે માસ, બસ આ જ ધૂન. આખો દિવસ મકાનમાં રહે. વાંચે વિચારે, લખે — ખૂબ લખ. લખવાથી થાકે તો પાછા આંટા મારે.

મકાનની દક્ષિણ બાજુએ એક બારી હતી. એ બારીમાંથી નર્મદાનો પ્રવાહ સ્પષ્ટ નજરે ચઢે, અને ત્યાં ઊભા રહી નજર નાખીએ તો સામે વાસણા ગામની વનશ્રી તરત જ આપણને ત્યાં બોલાવી લે. ભાગોળે ઊભેલો વડ અને તેને છાંયે સફેદ દેરી : જાણે કવિની કલ્પના ન હોય ! આ સૌંદર્ય હતું એમનું એકમાત્ર એકાંત સાથી. બારીમાં ઊભા રહી કલાકો સુધી સૌંદર્યનું પાન કરે, અંતરમાંથી કાવ્ય પ્રગટે ને એકલા એકલા ગાય, અને એકાંતની મૂંઝવણ હળવી કરે.

## સમૌન એકાંતવાસ

શરૂઆતના દિવસો હતા. મૌન, અને તે પણ કાષ્ઠ મૌન. કોઈનો ચહેરોયે ન જોવો અને તે પણ આવા પ્રવૃત્તિવાળા ધમાલિયા જીવને. તંદુરસ્તી પર અસર થઈ. શરીર સુકાવા લાગ્યું.

પણ સાથે સાથે અંતરમાં આનંદનો જે ઝરો પ્રગટ્યો તેણે એક નવી જ સૃષ્ટિ સર્જાવી. બહારની વાચા બંધ થતાં અંતરની વાચા ઊઘડી. તે દિલ સાથે વાતો કરવા લાગ્યા. બહારની આંખ અંદર વળી અને એક વિરાટ અંતરજીવનનું દર્શન થયું. ખૂબ લખાયું, ખૂબ વિચારાયું અને આમ જોતજોતામાં એક વર્ષ પૂરું થયું.

આ દરમિયાન વડોદરાનાં પાંચસાત ભાઈબહેનો માલસરને પ્રવાસે નીકળ્યાં હતાં. રસ્તામાં રણાપુર રોકાયાં. ત્યાં છગનભાઈએ સંતબાલજીની વાત કરી. કંઈ જ પરિચય ન હતો. દર્શન કરવા ગયાં, કાંઈ જ વાત ન થઈ.

ચોમાસું પૂરું થયું. એમની સાથે રહેલા ભાઈ પાછા આવ્યા. મૌન રણાપુરમાં છોડવાના હતા એવી એમની ધારણા હતી. પણ સંતબાલજીનો સંકલ્પ તો જ્યાંથી મૌન લીધું હતું ત્યાં જ છોડવાનો હતો. ચાતુર્માસ પૂરા થતાં તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા. નવા સંકલ્પો અને નવી સ્ફૂર્તિ સાથે ગુરુદેવ પાસે પહોંચ્યા. ગુરુદેવે પોતાની પાસે મૌન છોડવાનો આગ્રહ કર્યો પણ એમનું મન ન માન્યું. એમને તો એમનો સંકલ્પ પૂરો કરવો હતો.

તેઓ ઉતાવળે પગલે મુંબઈ પહોંચ્યા અને જે સ્થળે મૌન લીધું હતું ત્યાં જઈને મૌન છોડવાની જાહેરાત કરી. પણ આ મૌન છોડવાનું સામાન્ય ન હતું. આ હતો એક વર્ષના મંથનનો સાર અને એમાં છુપાયેલી હતી ક્રાન્તિની વાતો. તેમણે સાત મુદ્દાનું નિવેદન ઘડ્યું હતું. સ્થાનકવાસી સાધુએ મોઢે મુહપત્તી રાખવી જોઈએ. આ ઉપર એમણે મંથન કર્યું; અને નિર્ણય કર્યો: બોલતી વખતે મુહપત્તી રાખે તે તો સમજાય પણ જ્યારે બોલવાનું ન હોય, જ્યારે મૌન હોય ત્યારે મુહપત્તીની શી જરૂર?

બીજો અગત્યનો મુદ્દો હતો લોચ અંગેનો. જૈન સાધુઓ પોતાના વાળ હાથે તોડે છે. એમણે કહ્યું: "એમાં બાહ્ય તપશ્ચર્યા જરૂર છે. એક જાતની સહનશક્તિની પણ કસોટી છે. પણ એથી મગજના જ્ઞાનતંતુઓ નબળા પડે છે એટલે શસ્ત્રથી મુંડન કરાવવું કશું ખોટું નથી."

ત્રીજી વાત હતી શુદ્ધ આહારવિહારની. જે કુટુંબ કે ઘરમાં માંસાહાર અને દારૂ ન લેવાતાં હોય ત્યાંથી સ્વચ્છતાથી શુદ્ધ કરાયેલી રસોઈ મળે તો ભિક્ષા અર્થે લેવી. જ્ઞાતિ કે વાડાઓનો કોઈ બાધ ન રાખવો.

ચોથી વાત હતી સ્નાનની. સામાન્ય રીતે જૈન સાધુઓ જે રીતે આપણે સ્નાન કરીએ છીએ તે રીતે સ્નાન નથી કરતા. પણ ભીનો કકડો લઈ શરીર લૂછી નાખે છે. કેટલાક તો તેમ પણ કરતા નથી. અને તેથી અસ્વચ્છતા વધે છે. એટલે તેમણે વિચાર્યું કે ઓછામાં ઓછા જરૂરી પાણીએ સફાઈ કરવી આવશ્યક છે.

આ બધા કરતાં મોટી ક્રાન્તિકારક વાત તો હતી સાધ્વી-વંદનની. સામાન્ય રીતે સમાજમાં જેમ સ્ત્રીને પુરુષ કરતાં હલકી ગણવામાં આવે છે તેમ સાધુ સમાજમાં પણ તેમનું સ્થાન હેઠું હોય છે. સાધ્વી ગમે તેટલાં વર્ષનાં દીક્ષિત હોય અને સાધુ ભલે આજે દીક્ષિત હોય છતાં સાધ્વીએ સાધુને વંદન કરવાં જ જોઈએ; સાધુથી સાધ્વીને પહેલાં વંદન ન થાય, સાધુ હોય ત્યાં સાધ્વીથી પ્રવચન ન અપાય. આ અસમાનતા પણ તેમને ખટકી. અને નિવેદનમાં એને પણ સ્થાન મળ્યું. દીક્ષિતઉંમરે વૃદ્ધ એવાં સાધ્વીને નમસ્કાર કરવા. મતલબ કે સાધ્વી હોવાને કારણે જે મર્યાદા છે તેમાં ફેરફાર કરવો.

## સમજાવવાના પ્રયત્નો

તેઓના મૌનત્યાગનો આ હતો સાર. આ અંગે ગુરુદેવ સાથે ખૂબ ખૂબ ચર્ચાઓ થઈ. ગુરુદેવે સમજાવવા ખૂબ પ્રયત્ન કર્યો. અને કહ્યું : "તું નિવેદન બહાર પાડી નકામો ઊહાપોહ ન કર. મુહપત્તી ન બાંધે તે તો ન ચાલે અને સાધ્વીવંદના પણ ઠીક ન ગણાય. બાકીનું બધું ભલે તું કર પણ . . ."

પણ આ તો હતો યુવાન. યુવાનીનાં આવેગ અને સત્યની તમન્ના, અને એક વર્ષના સમૌન એકાંતવાસમાં ઘડાયેલી વિચારધારાને લીધે તેઓ કહેતા : "હું જે કંઈ કરું તે મારે સમાજ સામે મૂકવું જોઈએ. હું ન મૂકું તો કાયર ગણાઉં."

ગુરુએ ખૂબ સમજાવ્યા. સમાધાન ન થયું. એ દિવસોમાં ગુરુનું ચિત્ત પણ ખૂબ વ્યથિત રહેતું. તેમના દિલમાં થતું : આ હજુ યુવાન છે. આ સમાજ આવી વાતો જીરવવાને તૈયાર નથી. અને જો ક્રાન્તિ કરશે તો તે સમાજથી ફેંકાઈ જશે. અને થયું પણ તેમ જ.

સંતબાલજી મુંબઈ પહોંચ્યા. લખેલું નિવેદન તૈયાર હતું. સમાજના આગેવાનોને તેમની આ વાતોની ખબર મળી ગઈ. તે ભડકી ગયા. આ શું? અમારા ઉપાશ્રયમાં એ નહિ બને! અને સંતબાલને માટે ઉપાશ્રયનાં દ્વાર બંધ થયાં. સ્થાનકવાસી જૈન સમાજ આ યુવાન સાધુની ક્રાન્તિની વાતો જીરવી ન શક્યો. અરે! જુનવાણી માનસ અકળાઈ ગયું. કોક તો બોલી ઊઠ્યું : "ઝૂંટવી લો એ સાધુનાં રજોહરણ અને મુહપત્તી. લઈ લો એનાં પાતરાં!"

મૌન છોડવાના સમયને થોડી જ વાર હતી, પણ છોડવું ક્યાં? જેમ જૂનો સમાજ હતો તેમ સાથે સાથે સમાજમાં નવો

વર્ગ પણ હતો. ગઈ કાલ સુધી તે આ યુવાન સાધુને શ્રદ્ધાની નજરે જોતો હતો, સન્માનતો હતો. તેણે સાથ આપ્યો. તેઓ દોડતા માટુંગાની એક વાડીમાં પહોંચ્યા. અને બરાબર સમયે મૌન છોડયું અને પોતાના સંકલ્પો પ્રજા સામે જાહેર કર્યા.

## શિષ્ય મટયા

આખો સ્થાનકવાસી સમાજ આ નિવેદનથી ખળભળી ગયો. શ્રાવકોને લાગ્યું : જો એક સાધુ આવું કરશે તો બધા આવું કરવા લાગશે, આપણા સાધુઓની પ્રતિષ્ઠા તૂટી જશે. સાધુઓને પણ પોતાની પ્રથાનો લોપ થતો દેખાયો. અંદરખાને સાધુ-સમાજમાં શિથિલતા તો પોષાતી જ હતી.

મોટા ભાગના સાધુઓ ચાના વ્યસની બન્યા હતા; સાધ્વીઓ છીંકણીની ભોગ બની હતી. અને આ માટે સમાજ પાસે લાચારી પણ બતાવવી પડતી હતી. પણ આ બધું અંદરખાને હતું.

સાધુસંસ્થાને ડર લાગ્યો. એ સંસ્થાના લીંબડી સંપ્રદાયે નાનચંદ્રજી મહારાજ પર દબાણ કર્યું : તમે સંતબાલને તમારા શિષ્ય તરીકે રદ કરો. પણ ગુરુથી આવું કેમ થાય ? કેટકેટલી આશાઓથી એમણે સંતબાલને શિક્ષણ આપ્યું હતું, કેટલો પ્રેમ હતો ! પણ છેવટે તેમણે દુખાતે હૈયે જાહેર કર્યું : "આજ એનાં વાણી, વર્તન અને વિચારો જોતાં હું એને મારા શિષ્ય તરીકે રદ કરું છું."

## કસોટી

તેઓ એકલા પડયા. ગઈ કાલ સુધી જે સમાજ એમની વાહ વાહ અને સન્માન કરતો હતો, તે વિરોધી થઈ ગયો. જૈન સાધુને અનેક વિધિનિયમો હોય. એ બધા સાચવી ભિક્ષા કોણ આપે ? વિહાર કરીને બીજે જાય તો રહેવું કયાં ? ઉપાશ્રયનાં દ્વાર તો

હંમેશને માટે બંધ થયાં હતાં. અને તે બધા કરતાંય મોટી વસ્તુ તો એકલા વિહાર કરવો તે હતી. સામાન્ય રીતે બે જણ હોય તો એકબીજાની એકબીજાને હૂંફ પણ મળે, સાધનામાં પણ મદદ થાય અને પતનમાંથી પણ બચી જવાય.

ક્યાં જવું? શું કરવું? એમ અનેક પ્રશ્નો એ ક્રાન્તિકારી સાધુના નાના મગજને મૂંઝવી રહ્યા હતા. તેમાં ગુરુદેવે શિષ્ય તરીકે છૂટા કર્યા તેનો આઘાત વધુ લાગ્યો. પણ એ તો સહેજે જ છૂટકો. એક બાજુ મુશ્કેલીઓ વધતી જતી હતી, બીજી બાજુ એ મુશ્કેલીઓ જ એમને માટે નવા જીવનની પૂર્વતૈયારી કરાવી રહી હતી. કોણ જાણે છે એ કુદરતની અકળ કળાને!

મુશ્કેલીઓ માણસના જીવનને ઘડે છે. મુશ્કેલીઓ પર જય પામવામાં જ જીવનનો આનંદ છે. પણ તે વખતે ટકી રહેવાને જે બળ જોઈએ તે સામાન્ય માણસમાં હોતું નથી. તેથી તે પડે છે, પછડાય છે; ફરી કદી ઊભો થઈ શકતો નથી. પણ એમણે તો એકાંતવાસમાં એ સાધના કરી લીધી હતી અને બહારન બધાં બળોનો આધાર છોડી અંતરની તાકાત પર ઝૂઝવાનું બળ પ્રાપ્ત કરી લીધું હતું. એટલે મુશ્કેલીઓમાં પણ તેઓ અડગ રહી શક્યા અને જ્યાં જ્યાં ડગી જવાની પળો આવી ત્યાં ત્યાં કુદરતની પરમ કૃપાએ તેમને ઉગારી લીધા.

સત્યનો રાહ ખાંડાની ધાર પર ચાલવાનો છે. માણસ જેટલા બળથી તેને વળગે છે, તેટલું સત્ય તેને છતું થાય છે. અને જ્યારે માણસ સંપૂર્ણપણે સત્યને સમર્પિત થઈ જાય છે ત્યારે ખુદ સત્ય તેને સંભાળી લે છે, તેનો માર્ગ મોકળો કરી દે છે; આખી દુનિયા એ સત્ય આગળ મસ્તક નમાવે છે.

કસોટીના પ્રસંગોમાં ટકી રહેવાનું બળ જોઈએ. અસત્ય એક વાર છેવટનો હલ્લો કરી માણસના અંતરમાં ઊગેલા સત્યને છિન્નભિન્ન કરી નાખવાનો આખરી પ્રયત્ન કરે છે. જે એનાથી દબાઈ જાય છે તે હંમેશને માટે જીવતો છતાં મરી જાય છે. જે અડગ રહી અસત્યનો પ્રતીકાર કરે છે, તે જીતે છે. સત્ય તેના જીવનમાં જીત પામે છે. અને તે આખા જગતને સત્યનો રાહ ચીંધી શકે છે.

આ છે સત્યની આરાધનાનો સનાતન રાહ એ સાંકડો છે. એ આરંભમાં અસત્યના ગાઢ અંધકારથી રૂંધાયેલો છે, પણ આખરે એ માર્ગ જ સાચો છે: એ માર્ગે જ પ્રકાશ છે. એ માર્ગે ચાલવામાં જ જીવનની કૃતાર્થતા છે.

અને તે એ પથ પર જ ચાલ્યા.

## ૯

# મૌનના અનુભવો

સત્યનો માર્ગ ખાંડાની ધાર જેવો છે. એટલું જ નહિ એ એટલો સૂક્ષ્મ છે કે સામાન્ય પ્રયત્ને એ સમજી પણ શકાતો નથી. યુવાન સૌભાગ્યચંદ્રનું મન સત્યને માટે ભારે મથામણ અનુભવતું હતું; સમાજની માન્યતાઓના ચીલામાંથી બહાર નીકળી નવા જ માર્ગે ચાલવાનું હતું. નવો રાહ પાડવાનો હતો. એક બાજુ બહારનું જીવન હતું, બીજી બાજુ અંતરનું. જ્યાં સુધી જૂની માન્યતાઓ પ્રમાણે જીવવાનું હતું, ત્યાં સુધી તો બહારનું સારુંય જીવન સાનુકૂળ હતું. સમાજ બધી સગવડ અને પ્રતિષ્ઠા આપવા પણ તૈયાર હતો. પણ જે દિવસે અંતરના અનુભવો પ્રમાણે બહારના જીવનમાં પરિવર્તન આણવાનું પગલું ભર્યું તે દિવસે જાણે બહારના જીવનને ઝટકો લાગ્યો હોય એમ બધી સાનુકૂળતા પ્રતિકૂળતામાં પલટાઈ ગઈ.

જેઓ ખૂબ ચાહતાં, ખૂબ માન આપતાં હતાં તેઓની જ આંખો ચાર થઈ ગઈ અને સૌભાગ્યચંદ્રના મનમાં પણ થયું કે, હવે મારું કોણ?

એટલું જ નહિ હું જે વિચારું છું, તે જ સાચું છે કે બીજું?

બહારના જીવનનાં દ્વાર તો બીડેલાં હતાં. તે તો માત્ર એક જ વસ્તુ કહેતું: જે પ્રમાણે ચાલતું આવે છે તે પ્રમાણે જીવો તો અમે ફૂલે વધાવીએ!

પણ જ્યારે માણસનું મન સત્યને પામવાને મથે છે ત્યારે એ ફૂલ ફૂલ રહેતાં નથી; એ પ્રશંસા પણ એને અકારી લાગે છે.

બહારનું બળ ખૂટી જતાં માણસ અંતરના બળ તરફ વળે છે. એ બળને ઢંઢોળે છે. એટલું જ નહિ, માણસના જીવનમાં એવી ઘડીઓ આવે છે કે જ્યારે એ બહારના સારાય જીવનને ભૂલી માત્ર અંતરના બળને એકઠું કરવાના કામમાં લાગે છે. આવી ઉત્કટતા પ્રત્યેક સાધકના જીવનમાં આવે છે. એ ઉત્કટતામાં આવેગ હોય છે. પણ એ આવેગ જ એને અંતરના ઊંડાણમાં લઈ જાય છે.

તે વખતનું તેમનું વલણ વેગવાળું હતું. તેઓએ કહ્યું : "તે દિવસોમાં હું ખૂબ આગ્રહી રહેતો. એટલા સમય પૂરતો તો હઠાગ્રહી પણ ગણાઉં. મારો બહારની દુનિયા સાથેનો બધો સંપર્ક તોડી નાખવાનો આગ્રહ એટલો તીવ્ર હતો કે કેટલીક વાર તો દૂર દૂરથી માણસો દર્શન માટે આવ્યા હોય, તેઓ બબ્બે ત્રણ ત્રણ દિવસ રહે ત્યાં સુધી આંખ સરખી પણ મેળવતો નહિ. તેઓ માત્ર એટલું જ ઇચ્છતા કે અમારી અને તેમની આંખ મળે એટલે બસ. . . . પણ . . ."

આવો આગ્રહ અથવા બીજા શબ્દોમાં કહીએ તો નિગ્રહ સાધનાની અમુક ભૂમિકાએ જરૂરી છે. નિગ્રહની સહજતામાંથી સંયમ જન્મે છે. પણ એ સહજ સંયમની ભૂમિકા પ્રાપ્ત કરવા માટે નિગ્રહની આવશ્યકતા છે. પણ એ છેવટની સ્થિતિ નથી.

એક સામાન્ય દાખલો લઈએ. માણસ જરૂરપૂરતું વિચાર-પૂર્વક બોલે તે સંયમ છે. પણ માણસ એવી જાગૃતિ રાખી શકતો નથી. તે મૌનનો આશ્રય લે છે. મહિનાઓ સુધી તે મૌન પાળે છે. પણ મૌન જ જીવનનું આખરી લક્ષ્ય નથી. મૌન તો

તાલીમ છે. એ તાલીમ દ્વારા આપણે એવી ભૂમિકા પ્રાપ્ત કરવાની છે કે જેથી બોલવામાં ગાફેલતાને કારણે જે દોષ આવી જાય છે, તે ન આવે. એટલે જો લક્ષ્ય બરાબર આંખ સામે હોય તો નિગ્રહ સાધન બને છે. પણ જો કોઈ નિગ્રહને જ પકડી રાખી આખી જિંદગી એકટાણાં કરે, ઉપવાસ કરે, મૌન રાખે; તો તેથી દી ન વળે. વાસ્તવમાં જે કરવાનું છે તે તો સ્થિર ચિત્ત; પોતાના બધા વ્યવહારો પ્રસન્નતાથી, શાંતિથી અને આત્મજાગૃતિથી કરવાના છે.

એક વર્ષના સમૌન એકાંતવાસે એમના જીવનમાં અગત્યનું સ્થાન લીધું છે. એ સમય એક રીતે કહીએ તો અંતરની અનુભૂતિનો હતો. તેઓ કહે છે: મૌનના આરંભમાં શરીર ઉપર અસર થઈ. પણ પછી તો તે સ્વસ્થ રહ્યું. આ મૌન અને એકાંત મને મીઠુંય લાગતું અને કડવુંય લાગતું. થોડો વખત પછી તાવ અને ખાંસીનો હું ભોગ બન્યો અને મારે મદદમાં એક ભાઈ રાખવા પડ્યા.

મૌનના જુદા જુદા અનુભવોમાંથી સૌથી વધુ અગત્યની વસ્તુ જો મને સમજાઈ હોય તો તે છે કુદરત ઉપરની નિષ્ઠા.

જુદા જુદા અનુભવે મને સમજાયું કે જો આપણે કુદરતને અનુકૂળ થઈએ છીએ તો કુદરત આપણને અનુકૂળ થાય જ છે. અને કેટલીક વાર તો પ્રતિકૂળતા પણ આપણને આગળ લઈ જનારી નીવડે છે. એટલે કુદરતમાં મારી અચળ શ્રદ્ધા થઈ.

આમ તો 'ૐ મૈયા'નો જાપ હું પહેલેથી જ જપતો. આરંભમાં માત્ર કલ્પના જ હતી. પછી એને સ્થૂળ રૂપ અપાયું. આ ધરતીને મે માતા તરીકે સ્વીકારી. આપણા સૌના પગ ધરતીને અડેલા હોય છે. એટલે આખી માનવજાતનો ધરતી સાથે સંપર્ક હોય છે. એટલે સારી માનવજાત સાથે એકતા અનુભવવાના

પ્રતીક તરીકે હું ધરતીને ચુંબન કરતો. આમ ૐ મૈયાના જપને સ્થૂળ સ્વરૂપ મળ્યું, ત્યાર પછી એ વિધિમાં ફેરફાર થયો. અને આંગળીથી માત્ર ધૂલિસ્પર્શ કરતો. અને એને હૃદય સાથે ચાંપી બે આંખે સ્પર્શ કરી હાથને બ્રહ્મરંધ્ર સુધી લઈ જતો. આજે પણ જેઓ સંતબાલજીના સંપર્કમાં આવ્યા હશે તેઓ જોઈ શકશે કે એવી કોઈ ક્રિયા તેઓ હંમેશા પ્રાર્થના વખતે કરતા હોય છે.

આની પાછળની દૃષ્ટિ વિષે પૂછતાં તેઓએ કહ્યું: "આખું વિશ્વ ધરતી મૈયાની ગોદમાં છે. હૃદય એ વાત્સલ્યના પ્રવાહનું ઉગમ સ્થાન છે. એટલે ધૂલિસ્પર્શ કરી હૃદય સાથે લગાડવાનો હેતુ તો આખા જગત સાથે વાત્સલ્યનો નાતો જોડવાનું સૂચક છે. પછી હું આંખે હાથ લગાડું છું. એની પાછળનો હેતુ: જે પ્રમાણે હૃદય અનુભવે છે તે દૃષ્ટિથી હું વિશ્વને નિહાળી શકું અને એ દ્વારા બ્રહ્મ દશાને પામું."

આમ ધરતીના ચુંબનનું બાહ્ય આચરણ ધીમે ધીમે સૂક્ષ્મ થતું ગયું અને હવે તો માત્ર વિચાર જ રહ્યો છે.

માણસના આધ્યાત્મિક જીવનમાં કોઈક ને કોઈક એવો અનુભવ મળી જ જાય છે કે જે તેને પ્રતીતિ કરાવી દે છે. આવો અનુભવ જરૂરી છે જ એવું પણ નથી અને તેની આધ્યાત્મિક સાધનામાં અગત્ય છે, એમ પણ નથી. પણ એવો અનુભવ લગભગ દરેક સાધકને થાય છે. આવા આધ્યાત્મિક અનુભવ વિષે કહેતાં તેમણે કહ્યું: "એક દિવસ હું આંખો મીંચીને બેઠો હતો. લગભગ સાંજનો વખત હતો. એકાએક ચારે બાજુએ સ્પષ્ટ વર્ણવી ન શકાય એવા પ્રકાશનું મને દર્શન થયું. એનું સ્વરૂપ

કેવું હતું તે કહી શકતો નથી, પણ એ અનુભવે જે સ્ફુરણા જાગ્રત કરી તેને મેં આ પ્રમાણે કાવ્યમાં ગૂંથી છે:

"અંતરની વાતો કોને જઈને કહીએ?
સોણલામાં દીઠાં મીઠાં નેણલાનાં નૂર વહાલા.
ઝબકી ઝબ જાગી જઈએ.
ઊંડી આંખલડીએ ઝીલ્યાં એ તેજ વહાલાં
ઉરની પાંખે ઊડ્યા જઈએ. . . .

"કેવો સુંદર અનુભવ! તે વખતે ઊંઘ પણ ન હતી તેમ જ સંપૂર્ણ બાહ્ય જાગૃતિ પણ ન હતી. એવી એકાગ્ર અવસ્થાનો આ અનુભવ હતો.

"આ અનુભવને હું બહુ વજન નથી આપતો કારણ કે સાધનામાં એ જરૂરી જ છે, એમ નથી. વળી સાથે સાથે સમાજમાં ભ્રમ પોષાવાની પણ શક્યતા છે. આ પ્રકાશદર્શને મને આત્મદર્શન થયું એમ પણ નથી માનતો. માત્ર આ એક અનુભવ છે. અને તેથી જગતમાં સર્વત્ર રેલાઈ રહેલા ચૈતન્યની મને ગાઢ પ્રતીતિ થઈ.

"આ અનુભવ પછી મને વધુ ને વધુ સમજાયું કે માત્ર બાહ્ય રીતિ બોલવા ચાલવાથી જ એકતા આવે છે, એમ નથી. પ્રેમનો સૂક્ષ્મ પ્રવાહ તો આખા વિશ્વમાં રેલાઈ જ રહ્યો હોય છે. આપણા અંતરમાં ઊઠતા ભાવનાના પ્રવાહો સૂક્ષ્મ રીતે આખા જગતને આવરી લે છે. બહારના જગત કરતાંય અનેક ગણું વિશાળ પણ સૂક્ષ્મ એવું આંતરજગત છે. અને ત્યાં ભાવનાના

પ્રવાહો — શ્રદ્ધા અને અંતરમાંથી સ્ફુરેલા સંકલ્પો — જ કામ કરે છે."

તેઓના મૌનનો સમય મુખ્યત્વે ચિંતવન અને લેખનમાં જતો. એક રીતે કહીએ તો તેમના નવા જીવનના અંકુરો અહીં સ્થિર થયા. એ દિવસો દરમ્યાન તેઓએ ખૂબ ખૂબ લખ્યું. તે સમયની નોંધપોથીઓ, પત્રો, કાવ્યો વાંચીએ તો આપણને તેમની સારીયે મનોભૂમિકાનો સ્પષ્ટ ખ્યાલ આવે.

વાચનમાં જગતના બધા ધર્મોનો અભ્યાસ શરૂ કર્યો. શ્રી અરવિંદનું સાહિત્ય પણ ઊંડાણથી ત્યાં જ વંચાયું. તે ઉપરાંત જગતના બધા ધર્મોનો અને તેની પાછળ રહેલાં તત્ત્વોનો પણ ઊંડો અભ્યાસ કર્યો. બધો સમય માત્ર આ જ પ્રવૃત્તિ રહેતી હોઈ બધા ધર્મોનો તલસ્પર્શી અને ઊંડાણથી તેઓ અભ્યાસ કરી શક્યા.

જગતના બધા ધર્મોના અભ્યાસ અને ચિંતવનથી તેમને સમજાયું કે બધા ધર્મોની પાછળ રહેલું તત્ત્વ તો એક જ છે. દેશ, કાળ અને પરિસ્થિતિ મુજબ બહારનાં ખોખાંમાં ભલે ફેર હોય અને એ તો રહેવાનો જ; પણ માનવજાતની સત્યને શોધવાની અને અનુભવવાની ભૂખ તો એકસરખી જ છે.

બધા ધર્મોનો હેતુ જગત અને એની પાછળ કાર્ય કરી રહેલા સનાતન નિયમને સમજવાનો અને તેને અનુસરી પોતાના જીવનને સમૃદ્ધ કરવાનો છે. આમ ઉદ્દેશની એકવાક્યતા હોવા છતાં એમાં આપણને વિવિધતા દેખાય છે કારણ કે આપણે ધર્મના હાર્દને પકડવાનું ભૂલી બહારનાં ખોખાંને જ વળગી પડ્યા છીએ; એને ધર્મ માની બીજા પાસે આચરાવવાના ધર્મપ્રચારના કામમાં લાગી ગયા છીએ.

આ વિચારમાં જ સર્વધર્મઉપાસનાની કલ્પના તેઓના અંતરમાં થઈ. અને આજે એમની પ્રાર્થના અને બધો પ્રયત્ન જગતના બધા ધર્મની ઉપાસનાનો છે. આ ઉપાસનામાં જગતના બધા ધર્મોના મહાપુરુષોનાં વધારે આગળપડતાં તત્ત્વો લઈને એમાંથી તે તે ગુણપૂરતું સાધનામાં બળ મેળવવાનો પ્રયત્ન કર્યો છે. જેમ કે, અહિંસાનું બળ મહાવીરમાંથી, ઈસુના જીવનમાંથી ક્ષમા, અશો જરથુસ્તના જીવનમાંથી પવિત્રતા વગેરે. આને વધુ સમજવા માટે આપણે નીચેનાં બે કાવ્યો કે જે રોજ પ્રાર્થના સમયે મહારાજશ્રી ગાય છે તેને વિચારીએ :

## [૧]

## સર્વધર્મ પ્રાર્થના

પ્રાણીમાત્રને રક્ષણ આપ્યું, માન્યાં પોતાસમ સહુને,
પૂર્ણ અહિંસા આચરનારા, નમન તપસ્વી મહાવીરને.
જનસેવાના પાઠ શિખાવ્યા, મધ્યમ માર્ગ બતાવીને,
સંન્યાસીનો ધર્મ ઉજાળ્યો, વંદન કરીએ બુદ્ધ તને.

એકપત્નીવ્રત પૂરણ પાળ્યું, ટેક વણી છે જીવતરમાં,
ન્યાયનીતિરૂપ રામ રહેજો, સદા અમારા અંતરમાં.
સઘળાં કામો કર્યાં છતાં જે, રહ્યા હમેશાં નિર્લેપી;
એવા યોગી કૃષ્ણ પ્રભુમાં, રે'જો અમ મનડાં ખૂંપી.

પ્રેમરૂપ પ્રભુપુત્ર ઈસુ જે, ક્ષમાસિંધુને વંદન હો.
રહમ નેકીના પરમ પ્રચારક, હજરત મહમ્મદ દિલે રહો,
જરથોસ્તીના ધર્મગુરુની, પવિત્રતા ઘટમાં જાગો,
સર્વધર્મ સંસ્થાપક સ્મરણો 'વિશ્વશાન્તિ'માં ખપ લાગો.

## [૨]

## વિશ્વવત્સલ સંઘનું કાવ્ય

(સવૈયા એકત્રીસા)

ધર્મ અમારો એક માત્ર એ સર્વધર્મ સેવા કરવી,
ધ્યેય અમારું છે વત્સલતા, વિશ્વમહીં એને ભરવી;
સકલ જગતની બની જનેતા વત્સલતા સહુમાં રેડું,
એ જ ભાવનાના અનુયાયી બનવાનું સહુને તેડું. ૧

નાત જાતના ભેદ અમોને લેશ નથી કાંઈ આભડતા,
દેશ વેશના શિષ્ટાચારો વિકાસ માટે નહિ નડતા;
નિર્ભય બનીને જાનમાલની પરવા કદીયે નવ કરીએ,
અમ માલિકીની વસ્તુનો મૂઢ સ્વાર્થ પણ પરહરીએ. ૨

બ્રહ્મચર્યની જ્યોત જગાવી સત્ય પ્રભુને મંદિરીએ,
જગસેવાને આંચ ન આવે એ વ્યવસાયો આચરીએ;
સદ્ગુણ સ્તુતિ કરીએ સહુની નિંદાથી ન્યારા રહીએ,
વ્યસનો તજીએ સદ્ગુણ સજીએ ટાપટીપ ખોટી તજીએ. ૩

ખાવું પીવું હરવું ફરવું સૂવું જાગવું ને વદવું,
સર્વ ક્રિયાઓ કરતાં પહેલાં પાપવિકારોથી ડરવું;
છતાં થાય ગફલત જે કંઈ તે ક્ષમા માગી હળવા થઈએ,
સર્વ ક્ષેત્રમાં રહીએ તોપણ આત્મભાન નહિ વિસ્મરીએ. ૪

ઉપરની પ્રાર્થનામાં આપણે જોઈશું કે લગભગ જગતના અધા ધર્મગુરુઓને અને તેમનાં આગળપડતાં તત્ત્વોને સ્થાન છે. એ રીતે તેઓ માને છે કે જગતના બધા ધર્મો સાથે એકતા સાધી શકાય છે; વિશ્વની ધર્મસાધના હમેશાં આંખ સામે રહે છે અને

જગતમાં ધર્મને નામે જે ઝઘડા અને અસહિષ્ણુતા દેખાય છે, તે હળવાં બને છે. બધા ધર્મોના સમન્વયના પ્રયત્નો અનેક વાર થયા છે. તેમાંનો આ પણ એક પ્રયત્ન જ છે. અહીં બધા ધર્મો સરખા જ છે, એમ માનવામાં આવ્યું નથી; પણ પ્રજાની ભૂમિકા અનુસાર ધર્મોએ જુદું જુદું નિરૂપણ કર્યું છે અને તે મુજબ ધર્મોના ત્રણ વર્ગ તેઓએ વિચાર્યા છે:

૧. નૈતિક ભૂમિકાનો ધર્મ
૨. સાધનાની ભૂમિકાનો ધર્મ
૩. યોગની ભૂમિકાનો ધર્મ

આ ત્રણેય મળીને ધર્મ બને છે. એકેય અંગ ઊંચું નથી તેમ નીચું નથી. જગતના બધા જ ધર્મો તે તે સ્થાને એટલા જ મહાન છે. યોગની ભૂમિકાનો ધર્મ જો નીતિના ધર્મનું પાલન ન કરે તો યોગ ટકી જ ન શકે, તેમ નીતિની મર્યાદાને જ પ્રધાનપણે આંખ સામે રાખનાર ધર્મ જો યોગ તરફ ન વળે તો ન ચાલે. આમ, માનવજાતનો ધર્મ કોઈ જડ બીબું કે ચોકઠું નથી. તે પ્રતિક્ષણ પ્રગતિ કરે છે. અથવા બીજા શબ્દોમાં કહીએ તો ધર્મની અનુભૂતિ મનુષ્યના અંતરમાં પ્રતિક્ષણે વિકાસ પામે છે. માણસની અને માનવજાતની સાધના, જાગૃતિ અને અભિમુખતા જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ ધર્મ વધારે વ્યાપક અને સૂક્ષ્મ બનતો જાય છે. આ છે માનવજાતનો ધર્મ-પુરુષાર્થ.

મૌને તેઓને એક ધર્મના સાંપ્રદાયિક વાડામાંથી બહાર કાઢ્યા. સમાજ તો એમને બહાર કાઢવાનો જ હતો પણ આ અભ્યાસ અને ચિંતવનને લીધે જે કાંઈ જ્ઞાન અને અનુભવ લાધ્યાં

તેમાંથી તેઓને કરવાની સર્વધર્મઉપાસનાના માર્ગને વ્યવસ્થિત પ્રેરણા મળી.

આ માર્ગ મળી જતાં જૂનો માર્ગ જ નવા સ્વરૂપે દેખાયો. જગતના બધા ધર્મો સાથે મેળ સધાયો. આમ માત્ર જૈન ધર્મના જ નહિ, પરંતુ જગતના બધા ધર્મોની ઉપાસના કરનાર સાધક તેઓ બન્યા. આજે જેઓએ એમને જોયા નથી તેઓ એમના લેખો કે પુસ્તકો વાંચી ભાગ્યે જ કહી શકે કે તેઓ જૈન સાધુ હશે. છતાં જૈન ધર્મ છૂટી ગયો નથી. એમના બાહ્યાચાર સંપૂર્ણ રીતે જૈન રહ્યા છે. છતાં માનસિક રીતે તેઓ સર્વધર્મની ઉપાસનાની સાધના કરી રહ્યા છે.

આમ મૌને તેમને અંતરનું બળ સિંચ્યું એટલું જ નહિ પણ જે ધાર્મિક જીવન તેઓ જીવે છે, તેમાં નવું અને સ્પષ્ટ માર્ગદર્શન આવ્યું. જગતના બધા ધર્મોની ઉપાસનાનું મિશન લઈ તેઓ બહાર નીકળ્યા.

# ૯

# ગુરુ–શિષ્ય

જીવનના બધા સંબંધોથી ઉન્નત અને માનવજીવનને ઊંચે લઈ જનાર જો પવિત્રમાં પવિત્ર કોઈ સંબંધ હોય તો તે ગુરુ અને શિષ્યનો છે. બીજા સંબંધોમાં સ્વાર્થ અને સંકુચિતતા રહેવાને અવકાશ છે. જ્યારે આ સંબંધમાં એવી તાકાત છે કે સંબંધ બંધાતાં જ નીચામાં નીચી ભૂમિકાએ પડેલો માણસ ઊંચે ચઢવા લાગે છે. એક ભક્તે સુંદર રીતે ગાયું છે:

ગુરુ બિન કૌન બતાવે વાટ ?

જીવનવિકાસનો સાંકડો અને આરંભમાં અંધારાથી ઘેરાયેલો પંથ સ્થૂળ દૃષ્ટિએ દેખાય તેવો નથી. ગુરુ પ્રત્યેની શ્રદ્ધા એ માર્ગે જવામાં સહાયભૂત થાય છે. અને એટલે જ ભક્તોએ ગુરુની પ્રશંસા કરવા ગાયું :

गुरु गोविंद दोनों खडे, किसको लागु पाय।
बलिहारी गुरुदेवकी, गोविंद दियो बताय ॥

પરંતુ આજે તો એવો ગુરુ જ મળવો મુશ્કેલ છે. ગાંધીજી કહેતા, હું ગુરુની શોધમાં છું; પણ મને એવા ગુરુ મળતા નથી. જો એવા ગુરુ મળી જાય તો બેડો પાર.

શિવલાલનું મન ગૂંચાતું હતું. શું કરવું ? ધંધો વગેરે કરી દાન આપવું કે જે શક્તિથી હું પૈસા કમાઉં છું તે શક્તિ સીધી સમાજની સેવામાં ખર્ચવી ?

આ વિચારમંથનમાંથી તેઓ સાધુ થવાને પ્રેરાયા અને કુદરત પણ કેટલી સાનુકૂળ બની! એમના જીવનને ઊંચે લઈ જાય એવા ગુરુ એમને સાંપડી ગયા.

મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ જૈન સાધુઓમાં અનોખા હતા. ભરાવદાર શરીર, છાપ પાડે એવી તેજસ્વી મુદ્રા, શાંત ચહેરો અને ગળાની મીઠાશ એટલે પૂછવું જ શું?

એમની કથા કરવાની શૈલી પણ ભલભલાને ડોલાવી દે. એ ધારે તો આખી સભાને હસાવી શકે અને સહેજ વારમાં આંસુ પણ સરાવે. માત્ર વ્યાખ્યાનકાર જ નહિ, પણ કવિ પણ ખરા. એમનાં લખેલાં કાવ્યો એમને મુખેથી સાંભળીએ તો અંતર ડોલી જાય. પણ આ બધા કરતાંય એમની બીજી વિશેષતા હતી. અને તે તેમની ક્રાન્તિકારક દષ્ટિની.

આજે આપણે સંતબાલજીમાં જે જોઈએ છીએ તેનું બી સિંચનાર તો ગુરુદેવનું જીવન હતું. ગાંધીજીની ચળવળનો આરંભ થયો ત્યારથી એ સાધુએ ખાદી અપનાવી. વિદેશી અને રેશમી વસ્ત્રોની વિરુદ્ધમાં પ્રચાર કર્યો. હરિજનો અસ્પૃશ્ય છે, એ ભ્રમને દૂર કરવાને પ્રવચનો આપ્યાં. અડવાથી કોઈ અભડાતું જ નથી અને તેથી આગળ થઈ જૈન હોવા છતાં જગતના બીજા ધર્મોની સાથે સમન્વયનો પણ પ્રયત્ન કર્યો. રાષ્ટ્ર અને ધર્મ, માનવતા, વગેરે વિષયો ઉપર સુંદર પ્રવચનો આપ્યાં. આમ તમન્નાથી ઊછળતા યુવાન શિવલાલ યોગ્ય ગુરુના હાથમાં જઈ પડચા.

આ પહેલાં તેઓએ સૌભાગ્યમલજી નામના એક મારવાડી સાધુ પાસે દીક્ષા લેવાનો વિચાર કરેલો. પણ નાનચંદ્રજી મહારાજ પાસે આવતાં તે વિચાર માંડી વાળ્યો.

ગુરુએ પોતાની બધી શક્તિ ખરચી શિવલાલને તેજસ્વી બનાવવા પ્રયત્ન કર્યો, અને ધર્મક્રાન્તિના એ બીજને આગળ ધપાવ્યું. એ ફેરફારમાં સંતબાલજીનું મન એટલું વેગવાળું હતું કે તેઓ પોતાની જાતને રોકી શક્યા નહિ.

માણસને જેમ પુત્ર-પુત્રાદિનો મોહ હોય છે, તેમ સાધુઓને પણ શિષ્યોનો મોહ ઊભો થાય છે. એ મોહ એમને એક પછી એક ચેલા મૂંડવા પ્રેરે છે. આ ગુરુ પાસે અનેક શિષ્યો થવા આવ્યા. પણ એમણે તો મન સાથે નક્કી કરેલું: એ શિષ્યમોહ પણ છોડવા જેવો છે. આ જીવન દરમ્યાન એમણે બે જ શિષ્યો તૈયાર કર્યા. એક મુનિશ્રી ચૂનીલાલજી અને બીજા મુનિશ્રી સંતબાલજી. એ બન્નેને જોતાં દિલ ઠરે. બંનેની કક્ષા અને સાધના આપણા દિલમાં તેમને માટે આદર ઊભો કરે. આવા નિઃસ્પૃહી ગુરુ, આવા સુંદર શિષ્યો આપી શકે એમાં શી નવાઈ?

ગુરુથી છૂટા તો પડ્યા પણ સંતબાલજીનું દિલ ભારે વ્યથા અનુભવતું હતું. એમને થતું સાચું શું? રણાપુર છોડ્યા પછી ઘડીકમાં થતું પાછો જાઉં? પણ પરિસ્થિતિ જ એવી હતી કે પાછા જવામાં પણ મુશ્કેલી હતી. ગુરુદેવની પાસે રહીને જો પોતાની માન્યતા મુજબ જીવે તો રોજની અથડામણો થાય. અને માનસિક દુઃખ પણ થાય. એટલે પોતાના વડોદરા તરફના એકલ વિહારનું વર્ણન કરતાં તેઓ કહે છે: મારા પગ ગુરુદેવથી દૂર જતા હતા. જ્યારે મારું દિલ તેમની નજીક જવાને તલસતું હતું. ગુરુદેવ સાથે રહું તો નિવેદન પાછું ખેંચી લેવું પડે. સમાજની માફી માગવી જોઈએ. એ તો મારાથી બને તેમ ન હતું; બીજી બાજુ ગુરુદેવનો પ્રેમ અને સ્થાનકવાસી જૈન સમાજની સેવાથી દૂર જવાતું હતું.

આ મંથન એટલું તીવ્ર બન્યું કે મકરપુરાથી પાછા વળવું અને ગુરુદેવની ક્ષમા યાચવી, એવા વિચારો પણ તેમને સ્પર્શી ગયા. એ વખતે જ પૂ. ગુરુદેવ પાસે જ રહેતા સુણાવવાળા એક વૈદ્યરાજની વાતોએ તેમના મનને સ્થિર કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો. તેમણે કહ્યું: વૈદ્યરાજ કહે, 'તમે બેમાંથી એક વસ્તુ કરી બન્ને સાથે નહિ થઈ શકે. ગુરુદેવ અને તમારી બન્નેની સાથે મારો નિકટનો સંબંધ છે. અને મને લાગે છે કે તમારે માટે આ રાહ જ ઉચિત છે. હું માનું છું કે તમો જે આ કરો છો તેમાં જ તમારું શ્રેય છે. આજે જે સંતોષ નથી, તે પછીથી મળી જશે. ગમે તે એકને વળગી રહેશો તો જ પ્રગતિ સાધી શકશો.' એમની આ વાતોએ મને નિશ્ચળ કર્યો. સ્પષ્ટ નિર્ણય લેવાને ડગમગતા મારા મનને સ્થિર કર્યું.

આમ હું ગુરુદેવથી દૂર જઈ નળકાંઠાની પ્રવૃત્તિમાં પડ્યો પણ મારું મન હંમેશાં ગુરુદેવનાં ચરણોમાં રહેતું. મને હંમેશાં થતું કે હું ક્યારે તેઓને સંતોષ આપી શકું?

મને થતું કે કોઈ પણ તકે બોલાવે તો હું તરત જ દોડી જાઉં. ગુરુદેવ એક વખત ખૂબ બીમાર પડી ગયા. તારથી સમાચાર મળતાં જ હું ત્યાં દોડી ગયો. ખંભાતથી લીંબડીનો પ્રવાસ ચાર દિવસમાં પૂરો કર્યો, તેઓની પાસે ૧૧૨ દિવસ રહ્યો. છૂટા પડ્યા પછીનો આવો લાંબો નિવાસ આ પહેલો જ હતો. એમની સેવાની આ રીતે તક મળી તેથી મારું દિલ ખૂબ પ્રસન્ન બન્યું. મારો ભાર એક રીતે કહીએ તો હળવો થયો. એ દિવસો દરમ્યાન નિકટ પણ વધુ અવાયું. આમ અમારા સંબંધો વધુ મધુર બનવા લાગ્યા. આજે પણ મને લાગે છે કે મારા આવેગો અને તરંગી વૃત્તિને કારણે મેં એમને ખૂબ

દૂભવ્યા છે. મારી કેટલીય વસ્તુ એમને ન ગમતી. એટલે એમનાથી છૂપું પણ કરતો. આમ એમનો ખૂબ પ્રેમ હોવા છતાં પણ હું તેમના દુઃખનો વિષય બનતો, તેઓના પ્રેમની તો વાત જ શી કરું? આટલું બધું બન્યું છતાં તેમનો મારી સાથેનો વાત્સલ્ય સંબંધ એવો ને એવો જ અસ્ખલિત રહ્યો છે.

લીંબડીના વસવાટ દરમ્યાન મેં મારું બધું લક્ષ ગુરુદેવની સેવામાં જ પરોવ્યું. પણ મારા સ્વભાવ પ્રમાણે પ્રશ્નો આવી જ પડતા. આમાંનો એક પ્રસંગ કહું.

ગુરુદેવની સેવા માટે એક ડૉક્ટર આવતા. ખૂબ કાળજી અને ધ્યાનપૂર્વક તેમની સેવા કરતા. ગુરુદેવની તબિયત અંગે મોટે ભાગે દવાખાનામાં જ રહેવાનું હતું. પણ બીજા સાથે તેમના વર્તનમાં ઊલટો જ અનુભવ થતો. તેઓ માનતા કે કડકાઈથી જ કામ સારું ચાલે છે. તેઓ બધાં પર ચિડાતા.

એક દિવસ તેઓ હાથ નીચેની નર્સ અને ભાઈઓ પર તડૂકીને બોલ્યા, આખું દવાખાનું ગજાવ્યું. આ બધું જોઈ ને મારાથી રહેવાયું નહિ. આથી મેં તેમને આ મતલબનું લખ્યું: 'તમે જ્યારે પૂ. ગુરુદેવ પાસે આવો છો ત્યારે કેટલી શ્રદ્ધાથી સેવા કરો છો; તમારી તે વખતની ભાવના પણ કેવી હોય છે! અને જ્યારે તમો તમારા હાથ નીચેનાં બીજાં માણસો સાથે વર્તો છો ત્યારે જાણે તમે બદલાઈ જ જતા હો એમ લાગે છે. સત્તાથી કામ લેવું એ એક પ્રકારની હિંસા છે. તમે માનો છો કે તે તમારા હુકમને લીધે જ બરાબર કામ આપે છે? એ ભ્રમ પણ કાઢી નાખવા જેવો છે. જ્યાં સુધી કામમાં માણસનું દિલ નથી ચોંટતું ત્યાં સુધી કામ તો થતું દેખાય છે. પણ વાસ્તવમાં થતું નથી.'

જે ડૉક્ટર પૂ. ગુરુદેવની આવી સેવા કરતા હતા તેમને આવી રીતે ટોક્યા તેથી પૂ. ગુરુદેવને ખૂબ દુઃખ થયું. તે દિવસોમાં આમ તો ગુરુદેવ સ્વસ્થ અને પ્રસન્ન રહેતા પણ આવો નજીવો પ્રસંગ પણ તેમની આંખમાં આંસુ લાવી દેતો. એટલે બન્ને રીતે મારે જાગ્રત રહેવું પડતું. આ સાથે રહેવાના પ્રસંગ પછી અમારો સંબંધ મીઠો જ બનતો ચાલ્યો છે.

ગયે વર્ષે (ઈ. સ. ૧૯૪૮ના ફેબ્રુઆરીમાં) વળી પાછા તેમની સાથે ૧૫ દિવસ સાયલા મુકામે રહેવાનું ભાગ્ય પ્રાપ્ત થયું. આ દિવસો દરમ્યાન તેઓની સાથે જ ઠીકઠીક ચર્ચા થઈ. તેઓનું જીવન વધુ ને વધુ સાધનામય બનતું જાય છે. શ્રી અરવિંદના વાચનની પણ તેઓશ્રી પર અસર છે. તેઓનો અભ્યાસ પણ ઊંડો છે. તેઓને એક રીતે મારી પ્રવૃત્તિથી સંતોષ અને આનંદ છે. પણ આંતરિક સાધના માટે જે જુદો સમય નથી કાઢી શકતો તે બરાબર નથી, એમ તેઓને લાગે છે.

તેઓના આ કથન પર મેં ખૂબ વિચાર્યું છે અને પ્રવૃત્તિની સાથે પણ સાધના થઈ જ શકે છે, એવો મને દિવસે દિવસે અનુભવ થતો જાય છે.

તેઓએ તે દિવસો દરમ્યાન વાતવાતમાં કહ્યું, 'જે ધર્મ-ક્રાંતિનો ઝંડો મારે લેવો જોઈએ તે તેં લીધો.' ખરેખર મારા પરમ પૂજ્ય ગુરુદેવે મારા અંતરમાં ધર્મક્રાંતિનાં બીજ નાખ્યાં છે તે વિકસાવી હું એમની મનોકામનાને આખા જૈન સમાજ અને જગત સુધી પહોંચાડી મારી જાતને કૃતાર્થ કરું. આ છે મારી અંતરની ઊંડી અભિલાષા!

## ૧૦

# સમાજવાદી સંત

સત્ય માણસના અંતરમાં એક નાનકડા ચમકારા રૂપે આવે છે અને પછી ધીમે ધીમે એ વિકસે છે. હૃદયના ગાઢ ઊંડાણમાં પળે પળે પ્રગટતા એ પ્રકાશના નાના ચમકારાને અંતરની આંખે નિહાળવા અને એને વિકસાવવા કે ચિમળાવવા એ માણસના હાથની વાત છે. જે એને પકડે છે તે તે પંથે આગળ વધે છે. અને પૂર્ણમાંથી પૂર્ણની જેમ આ સત્યનો સનાતન પંથ હંમેશા વિશાળ અને વિશાળ જ થતો જાય છે. આજે સત્ય હતું તે સત્ય કાલે તેનું તે રહેતું હોવા છતાં, માણસની ભૂમિકા બદલાતાં તે સત્ય પણ વિશાળ બને છે. આમ નાનકડા સત્યને અંતરમાં ધારી તેને વળગી રહી ચાલનાર અનંત સત્યની આરાધના કરી શકે છે. આ છે માનવ જાતનો ધર્માનુભવ.

આજે સમાજવાદ પ્રજાની રગેરગમાં પહોંચી ગયો છે. નાનાં નાનાં બાળકો પણ સમાજવાદ શું તે સમજતાં થઈ ગયાં છે. બાર વર્ષ પહેલાંની આ વાત છે. ડૉ. વ્રજલાલ મેઘાણીએ આદર્શ સમાજવાદ નામનું એક પુસ્તક તૈયાર કર્યું અને તેની પ્રસ્તાવના લખવાનું કાર્ય આ યુવાન સાધુને સોંપવામાં આવ્યું. અને તે પુસ્તકમાં તેમણે સમાજવાદ અંગેના પોતાના વિચારો રજૂ કર્યા.

બાર વર્ષ પહેલાંની વિચારધારામાં આજના આ કાર્યનાં ઊંડાં મૂળ છે. ભાલના ધર્મદૃષ્ટિએ સમાજરચનાના તેમના પ્રયોગ

વિષે વિચારતાં પહેલાં આપણે તેમના આ વિચારોને સમજી લઈએ.

'સમાજવાદની વ્યાખ્યા તે તે દેશ, ત્યાંની સંસ્કૃતિ અને પ્રજાવિકાસ પર આધાર રાખે છે.'

ગણ્યાગાંઠ્યા કરોડપતિઓને નિભાવી લઈ સમસ્ત વિશ્વમાં બેકારી, ભૂખમરો અને ગરીબી ફેલાવવામાં કોણ માને છે? અને જો એવો વર્ગ હોય તો એમની દલીલો કે પ્રવૃત્તિનો અર્થ પણ શો છે?

એટલે સાચું પૂછો તો આખું જગત સમાજવાદને માનતું થયું છે. અને થવું જોઈએ.

આમાં આપણને એક ક્રાન્તિકાર સાધુ નહિ, પણ ક્રાન્તિકારી સમાજવાદીનું દર્શન થાય છે. એમના શબ્દોમાં સમાજના અન્યાય સામે સખત પ્રહાર છે. જ્યારે સાથે સાથે મૌલિક વિચારધારા પણ છે. જેવો સમાજવાદ રશિયામાં છે, તેવો સમાજવાદ અહીં પણ આણવો એ ઉચિત નથી, એનો તેમને સ્પષ્ટ ખ્યાલ છે. એ આપણે એમના લખાણ પરથી જોઈ શકીએ છીએ. આગળ ચાલતાં તેઓ લખે છે કે જે સમાજવાદ એક દેશને વિલાસનાં બધાં સાધનો પૂરાં પાડે પણ બીજા દેશને ભૂખે મરતો અટકાવી ન શકે તે સાચો સમાજવાદ શી રીતે ગણાય? મતલબ કે, એમની સમાજવાદની કલ્પના વ્યાપક અને વિશ્વસ્પર્શી છે.

ભારતવર્ષને કેવો સમાજવાદ ઉપયોગી નીવડશે એ અંગે લખતાં તેઓ લખે છે: 'ભારતવર્ષમાં શહેરો ગણ્યાંગાંઠ્યાં છે; ગામડાંઓ વિશેષ છે. એટલે ભારતવર્ષની સંસ્કૃતના મૂળરૂપ ગામડાંઓનો ખ્યાલ સૌથી પ્રથમ રાખવો જોઈએ.'

જગતના બીજા દેશોમાં યંત્રવાદ કૂદકે ને ભૂસકે આગળ વધવા લાગ્યો છે. આને પરિણામે ગામડાં તૂટ્યાં અને શહેરો બન્યાં. સાથે સાથે સમાજ બે સ્પષ્ટ વિભાગોમાં વહેંચાઈ ગયો : એક નોકરી કરનાર અને બીજો નોકર રાખનાર. દિવસે દિવસે આ વર્ગનું પ્રમાણ પણ એવું અળગું થતું ગયું કે દેશનો મોટો ભાગ નોકરી કરનાર બની ગયો. અને ગણ્યાગાંઠ્યા શેઠ રહ્યા. અને સાથે સાથે સમાજની આર્થિક સ્થિતિમાં પણ આ બે વર્ગ વચ્ચે આભજમીનનું અંતર પડી ગયું. જેઓને માત્ર નોકરી પર જ નભવાનું હતું, તેઓ લાચાર બની ગયા. આ વર્ગ દિવસે દિવસે શોષાવા લાગ્યો.

આમ, સમાજ બે સ્પષ્ટ વિરોધી વર્ગમાં વહેંચાઈ ગયો : શોષિત અને શોષક. આ અંતર સૌથી વધુ શહેરોમાં અને કારખાનામાં નજરે ચઢતું. એટલે જ્યાં જ્યાં સમાજવાદના પ્રયોગો થયા ત્યાં ત્યાં આ વર્ગને ઉશ્કેરીને પ્રજાના દિલમાં ઉગ્ર અસંતોષ પેદા કરીને ક્રાન્તિ લવાઈ. સંતબાલજીની સમાજવાદની કલ્પના એથી જુદી હતી.

તેઓ સમાજવાદના કેન્દ્રમાં ગામડાને લે છે. અને તેને માટે સંસ્કૃતિ અને સંસ્કૃતિનું ઉત્થાન એ સાધન માને છે.

સંસ્કૃતિ એ પ્રજાજીવનની યુગોની ધર્મસાધનાનો સાર છે. માટે જ તેઓ સમાજવાદ લાવવા માગે છે. પોતાની જાતને સમાજવાદી કહેવડાવે છે, અને છે પણ ખરા. તેમનો આદર્શ વર્ગવિગ્રહનો નહિ, વર્ગમેળનો છે. અને તે માટે ધર્મ એ સાધન છે. પણ આ ધર્મ રૂઢિગત ધર્મ નહિ, પણ સાચો માનવતાભર્યો ધર્મ.

આજે તો ધર્મ પણ ધનિકોનું સાધન બની ગયો છે અને એમાં પણ તેઓ સાધુ સંસ્થાનો જ દોષ જુએ છે. એટલે જો સાચા ધર્મનો પ્રચાર થાય તો સમાજવાદ જલદીથી સ્થપાઈ જાય.

જગતમાં માત્ર વિચારોની કિંમત નથી. રણાપુરના એકાંત-વાસમાં ખૂબ ખૂબ વિચાર્યું. તેમના દિલમાં થતું કે એવો કોઈ પ્રદેશ લઈ ત્યાં પ્રયોગ કરવો જોઈએ. અને જે વિચારમાં છે તેને અનુભવની એરણે કસી જોવું જોઈએ. તો જ તે વિચારો સમાજને ઉપયોગી થાય. અનુભવે તેની યથાર્થતા સમજાઈ.

વડોદરા થઈ તેઓ અમદાવાદ આવ્યા. અમદાવાદના ઉપાશ્રયનાં બારણાં એમને માટે બંધ હતાં, હવે ક્યાં રહેવું ? ચોમાસું નજીક આવતું હતું એક દિવસ છોટુભાઈ તેમને લઈને વાઘજીપુરા તરફ ઊપડ્યા. અમદાવાદથી દસેક માઈલને અંતરે આશ્રમ જેવાં બે ત્રણ મકાનો છે. આ મકાનો એમને બતાવ્યાં. એકાંત અને મૌનની દૃષ્ટિએ એ ગમી ગયાં. પણ તરત જ એક વિચાર આવ્યો; જ્યાં કુટુંબો રહેતાં હોય ત્યાં મારે રહેવું નથી. છોટુભાઈએ કહ્યું: ' ઝૂંપડી બંધાવી દઈશું. '

' મારે નિમિત્તે કોઈ ઝૂંપડી બંધાવે તે પણ ઠીક નહિ. અને વળી જો કોઈ પૈસા ખરચે તો એ રીતે તો એનું વર્ચસ તો રહે જ; જે પૈસા આપે તેને પ્રતિષ્ઠા પણ મળે. આપણાથી એ ન થાય. ' સંતબાલજીએ કહ્યું.

સાથેના ભાઈઓ તો એમના વિચારો જાણતા જ હતા. તેમણે કહ્યું: 'હા, એમાં શું ખોટું', અમે જાતે મહેનત કરીને ઝૂંપડી બાંધીએ તો તો કોઈ વાંધો નહિ ને ?'

એ વાત એમને ગમી ગઈ; અને ભાઈબહેનો કામે લાગ્યાં. ઘાસના પૂળા આણ્યા, અને થોડા દિવસમાં એમને રહેવાને ઝૂંપડી તૈયાર થઈ ગઈ.

આ નાના પ્રશ્ન પરથી તેમના તે વખતના માનસનો સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે. જો પોતે ખરેખર સમાજવાદમાં માનતા હોય તો તેમના દ્વારા કોઈ પણ ધનિકને પ્રતિષ્ઠા ન મળી જાય, તેની તેઓ પૂરેપૂરી કાળજી રાખતા. જે ભાઈઓ તે દિવસોમાં તેમની સાથે ફરતા તેઓ તેમના આ વલણનું રમૂજી વર્ણન કરે છે.

આજે પણ આટલી પ્રવૃત્તિઓ અને સંસ્થા ચલાવવા છતાં એમનું ધનિકો પ્રત્યેનું વલણ તો એવું જ કડક છે. ત્રણ વર્ષ પહેલાં અમદાવાદમાં હઠીભાઈની વાડીમાં એમની સાથે રહેવાની તક મળી. એમના પ્રવચનના સ્થાનની પાછળ એક પાટિયું હતું, તેમાં આ પ્રમાણે લખેલું હતું : 'જે ભાઈ જ્યાં આવે ત્યાં જ બેસે. કોઈ પણ ભાઈ આગળ આવવાનો પ્રયત્ન ન કરે.'

આ વાંચ્યું ત્યારે તો મને ખાસ નવાઈ ન લાગી અને વ્યવસ્થાની દૃષ્ટિએ ગમ્યું પણ ખરું.

થોડા જ દિવસ પછી એક પ્રસંગ બન્યો. અમદાવાદના એક મિલમાલિક તેમની પાસે આવ્યા. એમ તો તેઓ પ્રવચનમાં રોજ આવતા. આજે સહેજ મોડા પડ્યા હશે. એટલે પાછળ બેસવું પડે તે ખાતર તેઓ પ્રવચનમાં હાજર ન રહ્યા. તેમણે કહ્યું: 'તમે પાછળથી આ પાટિયું કાઢી નાખો.' 'પણ શા માટે ?' સંતબાલજીએ કહ્યું. 'તમારે એ કાઢી નાખવું જોઈએ,' તે શેઠે કહ્યું.

સંતબાલજીએ શાન્તિથી કહ્યું : 'ધનિકોની સભામાં તમારું સ્થાન આગળ હોય તે હું સમજી શકું છું અને તે તમોને મળે; પણ અહીં તો જે ધાર્મિક હોય તે આગળ હોય. ધર્મના સ્થાનમાં

ધનને પ્રતિષ્ઠા ન હોય. માણસ ધર્મનું શ્રવણ તો ગમે ત્યાં બેસીને કરી શકે છે. પણ આજે વર્ષોથી આપણે ધનિકોને આગળ બેસાડતા આવ્યા છીએ અને એ રીતે ધર્મસ્થાનમાં પણ ધનને પ્રતિષ્ઠા મળી છે. એટલે જો સમાજને સાચો ધર્મ આપવો હોય તો ધનની ચૂડમાંથી ધર્મને છોડાવવો જોઈએ.' એ પાટિયું ત્યાંનું ત્યાં રહ્યું. મને ખ્યાલ છે કે તે દિવસથી તે શેઠ બીજે સમયે ગમે ત્યારે મળી જતા પણ પ્રવચનમાં ભાગ્યે જ આવતા. એ નાનો સરખો નિયમ પણ સમાજમાં ધનની પ્રતિષ્ઠા તોડવાને કેટલો જરૂરી છે તે સમજાયું.

આવા તો બીજા કેટલાય પ્રસંગ છે કે જ્યાં તેઓ ધનની ખોટી પ્રતિષ્ઠા ન મળી જાય તેની કાળજી રાખે છે.

ભાલમાં ચાલતી પ્રવૃત્તિ માટે પૈસાની જરૂર તો પડે જ અને જે પૈસા આપે તે સામાન્ય રીતે ઇચ્છે કે પોતાને માન મળે, અથવા પોતાનું નામ છાપાંમાં આવે. સંતબાલજી કહે: 'આ ધન દાન રૂપે નહીં પણ તમે તમારા પાપના પ્રાયશ્ચિત્તરૂપે આપો.' પછી પ્રતિષ્ઠાનું તો કહેવું જ શું ?

આમ સમાજવાદની કલ્પના હૃદયમાં ભરી ધર્મક્રાંતિની દૃષ્ટિએ ફરતાં ફરતાં તેઓ વાઘજીપુરા આવ્યા. કોણ જાણે કોઈ નિમિત્ત અથવા અદૃશ્ય બળ જાણે એમને આ પ્રદેશમાં ન ખેંચી રહ્યું હોય ! શ્રી રવિશંકર મહારાજ ઘણી વાર કહે છે: 'મારા જેટલું ગુજરાતનાં ગામડાંઓમાં કોઈ રખડ્યું નહિ હોય. છતાં આ ભાલનો નપાણિયો પ્રદેશ તો મને આ સંતબાલજીએ જ દેખાડ્યો.'

વાઘજીપુરાના ચાતુર્માસ ભાલના કાર્યક્ષેત્રના પ્રવેશનું નિમિત્ત બન્યા.

## ૧૧

# નળકાંઠામાં પ્રવેશ

નળકાંઠો એ શબ્દ સાંભળતાંની સાથે જ નળ-દમયંતીની પવિત્ર સ્મૃતિ આંખ સામે ખડી થઇ જાય છે. શું આ હશે તે નળ સરોવર? શું આ હશે તે પ્રદેશ કે જ્યાં નળ રાજાએ અનેક યાતનાઓ ભોગવી હશે? શું આ હશે એ ધરતી જ્યાં અડધે વસ્ત્રે પતિપત્ની જંગલમાં ભટક્યાં હશે?

ચૌદ માઇલનું વિશાળ સરોવર. જાણે એક નાનકડો સાગર જોઇ લો. આ નળ સરોવરના કાંઠાનાં ગામડાં તે નળકાંઠો. એક રીતે કહીએ તો આ તળાવોનો પ્રદેશ છે. ચોમાસામાં જઈને જોઈએ તો ગામની પાસે જ વિશાળ બંધ ભરેલા હોય. આ બંધો છે નળકાંઠાનું જીવન. ચોમાસું આવે એટલે લોકો આંખ ફાડીને જોઈ રહે કે ક્યારે આ બંધ ભરાઈ જાય! અને બંધ ભરાયા એટલે બસ. સોળેસોળ આની વરસ પાકી ચૂક્યું.

બંધની એક બાજુ સરોવર જેવું પાણી ભરેલું હોય; જ્યારે બીજી બાજુએ ડાંગરની ક્યારીઓ લીલાછમ મોલથી લહેરાતી હોય. એક બે વીઘાં નહિ, હજાર બે હજાર, પાંચ પાંચ હજાર વીઘાંની ક્યારી! પાણીની તાણ પડે કે તરત જ બંધમાંથી નળ વાટે એકે કાંસે પાણી અપાય. કમોદ પણ નળકાંઠાની! કમોદ નીંધલવા આવી હોય અને જો નળકાંઠામાં જવાનું ભાગ્ય સાંપડે તો એની સુગંધથી દિલ ઠરી જાય. વરસાદની ટાંચ હોય અને છેલ્લે છેલ્લે પાણી ઓછું પડે ત્યારે વળી પાછું એક નવું જ દૃશ્ય ખડું થઈ જાય.

આખું ગામ—ગામનો એકેએક માણસ કામે લાગી જાય. અહીં પાણી ઉપર ચઢાવવાને યંત્ર વપરાતાં નથી. બળદ કે કોસનુંય ગજું નહિ. ઝીલાં શરૂ થાય અને રાતદિવસ જોયા વિના માણસો કામે લાગે. પાણીથી છલકાતા ધોરિયા થોડી જ વારમાં ક્યારી ભરી નાખે. કહેવત છે કે 'કમોદ કે કમોત'. થોડી પણ પાણીની તાણ પડે તો એ પાકે નહિ. કમોદને પાણી પુષ્કળ જોઈએ. એટલે છેવટના દિવસો તો મોટે ભાગે કટોકટીના જ બની જાય છે. આખી સીમમાં ઊભી કરેલી ઘોડીઓ ઉપર રાતદિવસ ચાલતાં ઝીલાં જોઈ પ્રજાના પુરુષાર્થના ચરણમાં માથું ઝુકાવવાનું મન થાય. કેટલી મહેનતે કમોદ પાકે છે તે તો ત્યારે જ સમજાય.

દિવાળી આવતાં આવતાં તો બંધ ખાલી થઈ જાય. અને બંધની બીજી બાજુએ કાળી—કૃષ્ણવર્ણી ભૂમિ પાછી બીને ઝંખી રહે. ડાંગર જ્યાં પાકવા આવે ત્યાં બંધની બીજી બાજુમાં જીવન સિંચાય. એ જમીનો ખેડાય. થોડા જ દિવસમાં કાંપથી ફળદ્રુપ બનેલ એ જમીનમાં ઘઉંનાં વાવેતર થાય. એક બાજુ જ્યાં સુકાય ત્યાં બીજી બાજુ વળી પાછી લીલી હરિયાળી સાડી ઓઢી લે.

આ છે નળકાંઠાનું સામાન્ય જીવન. આમ તો તે ઘઉં અને કમોદ પકવે છે, પણ સંસ્કારની દૃષ્ટિએ ત્યાંનું જીવન ઘણું જ પછાત છે. તે પ્રદેશમાં મુખ્યત્વે તળપદા કોળી પટેલોની વસ્તી છે. આ કોમ મોટે ભાગે જૂની માન્યતાઓ પ્રમાણે જ જીવે છે. હજુ પણ એમનામાં શિક્ષણનો પ્રચાર નથી. ખેતી કરવી અને પૈસા મળે એટલે એને ખરચવા. વેરાં કરવાં, સવેલાં ઉઠાવવાં, લગ્નમાં ધૂમ ખર્ચો કરવો ને છેવટે કશું ન થાય તો તકરારો કરી ખુવાર થવું. આવું હતું ત્યાંનું લોકજીવન.

મલાતજવાળા શ્રી ડાહ્યાભાઈ એક દિવસ સંતબાલજીને વાઘજીપુરામાં મળવા આવ્યા. આ પહેલાં તેઓ નળકાંઠાનાં ગામડાંમાં ફરતા. તેમને થયું જો આવો કોઈ પુરુષ આ પ્રદેશને મળી જાય તો આ પ્રદેશના ઉત્થાનની સુંદર શકયતા છે. તેઓના આગ્રહને વશ થઈ માત્ર પ્રદેશમાં ફરવાની દૃષ્ટિએ તે પ્રદેશમાં પર્યટન શરૂ કર્યું. કોણ જાણતું હતું, તેમનું આ પર્યટન હમેશને માટે સંતબાલજીને એ પ્રદેશના બનાવી દેશે!

માણકોલ નળકાંઠાનું મોટું ગામ છે. આ ગામ શેઠ શ્રી. અંબાલાલ સારાભાઈની માલિકીનું છે. એ ગામમાં રચનાત્મક પ્રવૃત્તિ વ્યવસ્થિત રીતે ચાલે એ હેતુથી શ્રી છગનભાઈને તેમણે ત્યાં રોકયા હતા. મહારાજશ્રી માણકોલ પહોંચ્યા. આ પ્રદેશ જોતાં જ તેમને ગમી ગયો. તેઓ ઘણી વાર કહે છે : 'આ પ્રદેશ કોરી પાટી જેવો હતો. શહેરોથી દૂર હોઈ શહેરી વાતાવરણે એને બગાડયો નહોતો. લોકો માતાને માનતા; શહેરના સ્પર્શને કારણે ગામડામાં પણ જે ઝેરી વાતાવરણ ફેલાય છે, તે પણ અહીં ફેલાયું નથી. સાંપ્રદાયિકતાથી પણ આ પ્રદેશ અસ્પૃશ્ય છે. વળી આ લોકો શ્રમજીવી છે. ખેતી અને ગોપાલન, જે દેશના જીવન માટે પાયાના ઉદ્યોગો છે તે આ પ્રદેશનો મુખ્ય ઉદ્યોગ છે. જો કોઈ વસ્તુ ખૂટતી હોય તો તે શિક્ષણ અને સંસ્કાર છે. એટલે સંતબાલજીએ આ પ્રદેશમાં પોતાની ધર્મદૃષ્ટિએ સમાજરચનાના પ્રયોગનાં પાયાનાં તત્ત્વોનું દર્શન કર્યું. અને તેઓ એ કામમાં લાગી ગયા.

કામનો આરંભ કોળી તળપદા ગણાતી કોમથી થયો. લોકોમાં વાતાવરણ જામે એ હેતુથી પહેલાં આગેવાનોનો સંપર્ક સાધ્યો. અને સંવત ૧૯૯૫ના પોષ સુદ પૂનમને રોજ માણકોલ મુકામે

એક સંમેલન ભરવાનું નક્કી કર્યું. આ જાતનું સંમેલન આ પ્રદેશ માટે પહેલું જ હતું. એટલે મહારાજશ્રીએ માણકોલની આજુબાજુનાં ગામોમાં પ્રચારની દૃષ્ટિએ ઝડપી પ્રવાસ ગોઠવ્યો. લગભગ ૭૦ ગામના મળી ૭૦૦૦ માણસોએ આ સંમેલનમાં હાજરી આપી.

તે સંમેલનમાં લોકોના ઉત્સાહનો પાર ન હતો. લોકોના મનમાં પણ એમ હતું કે મહારાજ કોણ જાણે શુંય કરશે? કેટલાક તો તેમને ચમત્કારિક પુરુષની દૃષ્ટિએ જોતા. એટલે ધાર્યા કરતાં વધુ માણસો આવવા લાગ્યાં. તેમની જમવાની વ્યવસ્થા પણ સંમેલને ઉપાડી લીધી હતી. જમવામાં શીરો કર્યો હતો. આવી ઊમટેલી મેદનીને ભોજન પૂરું પાડવું એ ખરેખર કઠિન કામ હતું. ત્રણેક હજાર માણસ જમ્યાં હશે ત્યાં તો રસોઈ ઘટવા આવી. પણ લોકોને બહાર ખબર પડે તો આબરૂ જાય. એક બાજુ રસોડામાં પાણી ઊકળવા લાગ્યું, બીજી બાજુથી મોટરો વડે સાણંદ-બાવળાથી સામાન ખેંચવા માંડયો. માણસો જેમ બેસતા જાય તેમ નવી રસોઈ તૈયાર થતી જાય. સૌ જમ્યાં. ભગવાનની કૃપા અને કાર્યકર્તાઓની મહેનતથી કોઈ ભૂખ્યું ન રહ્યું. આ પ્રસંગને લોકોએ તો ચમત્કારની દૃષ્ટિએ જ નિહાળ્યો.

આ સંમેલનમાં ભાલનળકાંઠાનો સામાજિક પ્રવૃત્તિનો પાયો નંખાયો. જેમ બાપુજીએ ભંગી અને ઢેડ નામનું નવસંસ્કરણ કરી હરિજન જેવા પવિત્ર નામથી એ લોકોને બિરદાવ્યા તેમ સંતબાલજીએ પણ જોયું કે જો પ્રજામાં નવું જોમ લાવવું હોય તો કોમના નામની પાછળ પડેલા જૂના વિકૃત સંસ્કારો ધોઈ નાખવા જોઈએ. તેમણે જોયું કે આ કોમ દેશને માટે અન્ન ઉત્પન્ન કરનાર કોમ છે. એમનો એક પણ માણસ હજુ સુધી બીજા ધંધામાં જોડાયો નથી. એટલે એમણે વિચાર્યું કે આ કોમ તો

લોકોનું પાલન કરનારી કોમ છે. એ કોમને 'લોકપાલ' એવું નામ આપ્યું. આ નામ તેઓને ગમી ગયું અને તે ધીમે ધીમે વ્યાપક બન્યું.

આ સંમેલનમાં ખાસ કરીને સામાજિક સુધારણાનો કાર્યક્રમ હાથ પર લેવાયો. મહારાજશ્રી માને છે કે જો ગામડાંને સુખી કરવાં હોય તો તેમને વહેલામાં વહેલી તકે વ્યસનમુક્ત કરવાં જોઈએ. તેમાં વળી આ પ્રદેશમાં માંસ અને દારૂનો પણ પ્રચાર હતો. આ બધા કરતાં પણ વધુ તો તેઓને એ લાગતું કે ચા તો ખરેખર ગામડાંનું લોહી ચૂસી રહી છે. એટલે ગામડાં આ ચાની ચૂડમાંથી મુક્ત થાય તે માટે આંદોલન શરૂ કર્યું. આમ પ્રવૃત્તિનો આરંભ વ્યસનમુક્તિથી થયો.

આ ઉપરાંત ગામડાના જીવનને દુઃખી કરનાર બીજું કોઈ દૂષણ હોય તો તે ગામડાના ઝઘડા છે. એકમાંથી બીજો અને બીજામાંથી ત્રીજો એમ ઝઘડાની પરંપરા ચાલ્યા જ કરે છે. અહીં તો વળી નાના ઝઘડામાંથી સ્ત્રી ઉપાડી જવી અને પછી જાસાચિઠ્ઠી બાંધવી, ઘાસની ગંજીઓ બાળવી વગેરે પણ ચાલતું.

આ સંમેલનમાં એ પણ નક્કી થયું કે નાતના પંચે એકઠા મળી એકી સાથે બધા ઝઘડા પતાવી દેવા. આ કાંઈ નાનુંસૂનું કામ નહોતું. મહારાજશ્રીના સાંનિધ્યમાં પંચ મળ્યું. ગ્રામજનોની કોર્ટ શરૂ થઈ. મહારાજશ્રીએ એ પ્રસંગનું વર્ણન કરતાં કહ્યું : 'જ્યારે નાતના એ ઝઘડાના નિકાલો થતા હતા ત્યારે હું ખરેખર આશ્ચર્યમાં ગરકાવ થઈ જતો. જે ઝઘડા કોર્ટે જાય તો બે વરસે પણ જેનો નિકાલ ન આવે તે ઝઘડા પાંચથી સાત મિનિટમાં આ રીતે પતી જતા! એ ન્યાય આપનારની તટસ્થતા અને તેમનામાં રહેલી ગૂંચને જાણવાની અદ્‌ભુત શક્તિનું પણ તેમને દર્શન થયું. આ અનુભવથી જ એમને લાગ્યું કે જો ગામડાંને શહેરની ચૂસ

અને ગુલામીમાંથી મુક્ત કરવાં હોય તો તેમનો ન્યાય તેમના હાથમાં સોંપવો જોઈએ. તેમનાં લવાદ મંડળો નીમી દેવાં જોઈએ. એ દિવસમાં તો પંચે નાનામોટા એંશી ઝઘડાની પતાવટ કરી. કોઈ ઝઘડામાં જો સહેજ પણ વિરોધ ઊભો થાય તો તરત પંચ કહેતું: 'મૂકી દો મહારાજશ્રીને પગે હાથ, અને સાચેસાચું કહી દો.' કોઈ વાર કન્યાનો પ્રશ્ન આવે તો કન્યાને રૂબરૂ પંચ સમક્ષ બોલાવીને પણ પૂછી લેતા. આનાથી આ વિભાગના મોટા ભાગના ઝઘડા ઓછા થઈ ગયા.

સંતબાલજીને લાગ્યું કે હવે નાતનું બંધારણ તો થઈ ગયું પણ એના અમલ માટે ચોકી નહિ રાખીએ તો તે ભાંગી જશે. એટલે માણકોલ ચોવીસીનાં ગામોમાં ફરી નાતના કાયદા, અને વ્યસનત્યાગનો તેઓ પ્રચાર કરવા લાગ્યા. તેઓ ગામેગામ ચાનું આ નીચેનું ગીત ગાતા :

અરે! દુઃખદાયિની તું ચા, અમારા દેશમાંથી જા;
અમારા દેશમાંથી જા, અમારા ગામમાંથી જા.
કર્યું તેં લોહીનું પાણી, કરી નિર્બળ અતિ કાયા;
અમારાં હાડને કાં ખા? અમારા દેશમાંથી જા.

આ કાવ્ય ગાઈ તેઓ લોકોને ચા વગેરે વ્યસનોનું નુકસાન સમજાવતા અને લોકો મોટી સંખ્યામાં દારૂ-માટીત્યાગ અને ચાની પ્રતિજ્ઞા લેતા. સંવત ૨૦૦૧માં તેઓએ ૭૨ ગામનાં ૨૦૪૯ ભાઈ-બહેનોને દારૂ-માટી ત્યાગની પ્રતિજ્ઞા આપી હતી.

તેઓએ માણકોલ ચોવીસીના કામનો આરંભ કર્યો પણ એક ગામના લોકોના સંબંધો બીજા ગામના લોકો સાથે હોય; એટલે જયાં સુધી એમની સાથે સંબંધ રાખનાર બીજી ચોવીસીના

લોકો પણ એ વસ્તુ અપનાવે નહિ ત્યાં સુધી સામાજિક સુધારણાનું કામ પૂરેપૂરું થઈ શકે નહિ. એટલે કુદરતી રીતે જ માણકોલનાં ગામોના જ્યાં જ્યાં સંબંધીઓ હતા ત્યાં ત્યાં તેમને જવું પડ્યું. આમ એક નાના સરખા સમાજસુધારણાના કામમાંથી તેમને વ્યાપક બનવું પડ્યું અને જ્યાં જ્યાં તેમના સંબંધીઓ અને સગાંઓ વસતાં હતાં, જેમની જેમની સાથે તેમને લગ્નાદિ તેમ જ સામાજિક સંબંધો હતા તે બધા સાથે તેમને સંપર્ક સાધવો જરૂરી લાગ્યો.

માણકોલ ચોવીસીના પ્રચારનું કામ પૂરું કરી તેઓ કમિજલા વિભાગમાં ગયા અને ૧૯૯૫ના ચૈત્ર સુદ આઠમને રોજ કમિજલા મુકામે બીજું સંમેલન ભર્યું. એ સંમેલનમાં ૬૦ ગામોનાં ૩૦૦૦ ભાઈબહેનોએ ભાગ લીધો. નળકાંઠામાં પ્રવેશનું પહેલું વર્ષ આમ ગળાડૂબ પ્રવૃત્તિમાં પૂરું થયું. ચાતુર્માસ આવી પહોંચ્યા. એમને લાગ્યું કે જો મારે હવે આ પ્રયોગનું કામ વ્યવાસ્થત કરવું હોય તો આ પ્રદેશના જ ગામમાં ચાતુર્માસ ગાળવા જોઈએ. આમ ભાલનળકાંઠાના કાર્યપ્રદેશમાં પહેલા ચાતુર્માસ સંવત ૧૯૯૫માં માણકોલ મુકામે થયા.

જે ગામમાં એક પણ જૈનની વસ્તી ન હતી, જે ગામ જૈન સંસ્કાર અને વ્યવહારથી પરિચિત ન હતું, જે ગામ ચોમાસાના ચાર માસ બેટ જેવું બની જતું હતું, જ્યાં બહારથી આવવા માટે દસથી બાર માઈલ ગારો ખૂંદવો પડતો હતો, એવા નળકાંઠાના ઊંડાણના આ ગામમાં તેમના પહેલા ચાતુર્માસ થયા. આ ચાતુર્માસે તે કોમનો અને કોમની ખાસિયતોનો ઊંડો પરિચય કરાવ્યો. ભવિષ્યના પ્રયોગને માટે નક્કર હકીકતો સાથે તેઓ આગળ વધ્યા.

# ૧૨

# જુવાલમાં શિકાર

આપણે જોઈ ગયા તેમ નળકાંઠાની પ્રવૃત્તિનો આરંભ વ્યસનત્યાગના પ્રચારથી થયો. પરમાટીના ઉપયોગની સાથે શિકારનો સંસ્કાર પણ આ વિભાગની પ્રજામાં આપોઆપ ઘૂસવા લાગ્યો હતો. તેમને લાગ્યું કે આટઆટલું અન્ન ઉત્પન્ન કરનાર પ્રજા પણ માત્ર જીભના શોખને ખાતર પ્રાણીહિંસા તરફ વળે એ બરાબર નથી. એટલે માટીના ત્યાગની સાથે શિકારબંધીનો પણ પ્રચાર શરૂ કર્યો.

બાવળાથી પાંચ માઈલને અંતરે જ જુવાલની વિશાળ પાટ આવેલી છે. એ પાટમાં બારે માસ પાણી ભર્યું રહે છે. એટલે દેશપરદેશનાં રંગબેરંગી અનેક પંખીઓ ત્યાં આવી વસે છે. આ પાટ શિકારીઓના આકર્ષણનું એક સ્થાન થઈ પડી હતી. દૂર દૂરથી શિકાર ખેલવાને લોકો આવતા. આ બહારથી આવતા લોકોએ જ આ પ્રજાને શિકાર અને માંસને ચસકે ચઢાવ્યા, એમ કહીએ તોય ખોટું ન ગણાય.

મહારાજશ્રીના પ્રચાર પછી ગામેગામ પરમાટીની બંધી થઈ. સાથે સાથે વાતાવરણ પણ જામ્યું અને બહારથી શિકારે આવનારાઓને પણ ગ્રામજનો રોકવા લાગ્યા. અને એમાંથી હિંસક પ્રતીકારના પ્રસંગો પણ કેટલેક સ્થળે બનવા લાગ્યા.

એક દિવસનો પ્રસંગ છે. મહારાજશ્રી તથા તેમના સાથીઓ બાવળાથી જુવાલ ભણી આવી રહ્યા હતા. જુવાલ નજીક આવતાં

અચાનક બંદૂકના અવાજો એમને કાને પડ્યા. તેઓનાં પગલાં તે તરફ વળ્યાં. ત્યાં જઈને જુએ છે તો અમદાવાદ જિલ્લાના (એ વખતના) કલેક્ટર સાહેબ ડ્રૂ તેમના મહેમાનો સાથે શિકાર ખેલી રહ્યા હતા. મહારાજશ્રી ત્યાં પહોંચ્યા. થોડી વારમાં ગામમાંથી લોકો પણ આવી પહોંચ્યા. મહારાજશ્રીએ કલેક્ટર ડ્રૂને પોતાની દૃષ્ટિ સમજાવવા માંડી. તેઓ તો ગમે તેવા માણસને પણ પોતાના અંગરૂપ જ ગણે છે. એટલે એના અંતરને સ્પર્શવા એના હૃદય ઉપર હાથ અડાડવા લાગ્યા. મહારાજશ્રી જેમ જેમ નજીક જતા જાય તેમ તેમ કલેક્ટર પાછા ખસતા જાય.

'તમે જેમ શાકભાજી ખાઓ છો તેમ અમારે મન આ શાકભાજી છે' કલેક્ટર સાહેબે કહ્યું. અમે માંસાહારી પ્રજા તમારી રીતે વિચારીએ તો જીવી જ કેમ શકીએ ?'

'પણ આમાં તો તમોને આનંદ આવે છે. જો અનિવાર્ય હોય અને લો તો તે જરૂર સમજાય, પણ આમાં તો તમે ગૌરવ લો છો. એટલું જ નહિ આ આખો પ્રદેશ કે જે લાખો મણ અનાજ પકવે છે ને જે પ્રદેશમાં એક અહિંસક સંસ્કૃતિ છે તેને તમે હિંસા તરફ વાળી રહ્યા છો.' મહારાજશ્રીએ કહ્યું.

'જેમ તમોને રમતમાં, ખેલકૂદમાં આનંદ આવે છે, તેમ આ અમારે મન આનંદની રમત છે.' શિકારીઓએ કહ્યું. ગરમાગરમ દલીલો ચાલી. બરાબર આ જ વખતે ટોળામાંથી એક લુહાણા ભાઈ આગળ ધસી આવ્યા અને પોતાની છાતી ખુલ્લી કરી ઊભા રહ્યા. 'લો, આ રહી મારી છાતી, એને વીંધી નાખો. તમારે રમત જ કરવી છે ને ? તો એ નિર્દોષ પશુપંખીને મારતાં પહેલાં મને જ પૂરો કરો.'

આ પ્રસંગ આજનો નથી. વર્ષો પહેલાં કે જ્યારે કલેક્ટર સામે તો શું પણ એક સામાન્ય સિપાઈ સામે પણ લોકોની બોલવાની હિંમત ન હતી. એક બાજુ એ લુહાણા ભાઈ છાતી કાઢીને ઊભા રહ્યા છે. બીજી બાજુ ક્રોધથી કલેક્ટરના હાથમાંની રિવૉલ્વર પણ ધ્રૂજી રહી છે. ઘોડો દબાય એટલી જ વાર હતી. અને દબાઈ પણ ગયો હોત. પણ કલેક્ટર સમજુ હતા. તેઓ વખત વિચારી ગયા. રિવૉલ્વર પાછી ખેંચી શાંત થઈ ગયા. બીજી બાજુ પેલા મહેમાને પક્ષીઓ પર ગોળીઓ ચલાવવી શરૂ કરી. પંખીઓનાં ટોળેટોળાં ઊડતાં હતાં. ગોળીઓ સનનન છૂટતી હતી. પણ પ્રભુની દયા હતી કે એક પણ પંખી ન પડ્યું. લોકો આશ્ચર્યથી આ બધું જોઈ રહ્યા. તેમણે માન્યું કે આ તો મહારાજશ્રીનો ચમત્કાર છે. નહિ તો આટલી ગોળીઓ છૂટે છતાં એક પણ પંખી ન મરે એમ કેમ બને !

પણ વાત એમ હતી કે આ બધા વાતાવરણથી એ શિકારીનું મન અસ્થિર થયું હતું. જેમ તે નિષ્ફળ જતો હતો તેમ તેમ વધુ અકળાતો ગયો અને તેમ તેમ વધુ નિશાન ચૂકતો ગયો. મહારાજશ્રીએ લોકોને આ દૃષ્ટિ સમજાવવાનો પ્રયત્ન કર્યો પણ લોકોએ તો એને ચમત્કાર જ માન્યો.

એવા જ એક બીજા પ્રસંગની અહીં નોંધ લઉં. તેઓ એક દિવસ 'ભાટોની દેવતી' ગામે હતા. અમદાવાદના એક પારસી બાવાજી મોટર લઈને શિકારે આવ્યા. આમ તો તેઓ પહેલાં પણ આવતા. જ્યારે તેઓ આવે ત્યારે ગામના લોકો પણ એમાં મદદ કરતા, અને શિકારનો થોડો લાભ પણ લેતા. આ વખતે દૂરથી તેમની મોટરની ધૂળ ઊડતી દેખાઈ કે તરત જ આખા

ગામમાં વાત ફેલાઈ ગઈ. 'એ પારસી આવ્યો,' 'ઓલો પારસી આવ્યો.' ગામના સંખ્યાબંધ માણસો બહાર નીકળી પડયા.

'શું છે?' પારસીબાવાએ કહ્યું.

'હોય શું? બાવાજી, હવે શિકારબિકાર છોડી દો. અને જાઓ ઘેર પાછા.' લોકોએ કહ્યું.

'આય વળી તમે બદ્ધા કે દીના સાધુ થઈ ગયા? ચલો' ટોળમાં પારસીએ કહ્યું.

'અમે સૌએ પ્રતિજ્ઞા લીધી છે. શિકાર નહિ કરીએ ને નહિ કરવા દઈએ.'

'જોઈ મોટી ના કરવા દેનારી' એમ બોલી તે મોટર હંકારવા જાય છે ત્યાં તો આખું ગામ ફરી વળ્યું. મોટર પર લાકડીઓ ઉગામાઈ. હો હા થઈ ગઈ.

શ્રી છોટુભાઈને આની ખબર પડી. તેઓ ત્યાં પહોંચ્યા. લોકોને શાંતિ રાખવા સમજાવ્યા. અને પારસીબાવાને મહારાજશ્રી પાસે લાવ્યા. તે ભાઈને થયું આજે તો જાન બચ્યો. મહારાજશ્રીએ તે ભાઈને આખી પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો. બાવાજીને પણ ગમ્યું અને એ કામ માટે અમુક આર્થિક મદદ પણ આપી તેઓ વિદાય થયા.

જુવાલની આજુબાજુનાં ગામોમાં શિકાર ન કરવા દેવાનું વાતાવરણ જામ્યું. વર્ષોથી જેમણે જુવાલની પાટમાં સ્વચ્છંદે શિકાર કર્યો હતો તેમને આ ખૂંચ્યું. પણ તેમના એકલાનું શું ચાલે? એટલે અમદાવાદની એક મિલના એક અધિકારીએ અને બીજા શિકારીઓએ એક યુક્તિ ગોઠવી. તે વખતે સર રોજર લુમ્લી મુંબઈ પ્રાંતના ગવર્નર હતા. તેઓ અમદાવાદ આવવાના હતા. આ બધાએ મળીને વિચાર્યું કે જો કોઈ એવો મોટો માણસ

આવીને શિકાર કરી જાય તો પછી આપણને કોઈ રોકી શકે નહ. એટલે તેમણે બધાએ મળીને જુવાલની પાટમાં ગવર્નરના શિકારનો કાર્યક્રમ ગોઠવ્યો.

આ વાત બહાર પડતાં જ આજુબાજુનાં ગામોમાં ખળભળાટ થઈ ગયો. લોકોને પણ એમ લાગ્યું કે ગમે તે ભોગે આ ખુલ્લો શિકાર તો બંધ થવો જ જોઈએ. સંતબાલજી તે વખતે અમદાવાદ હતા. ત્યાંથી તેઓ સીધા આ બાજુ આવી પહોંચ્યા. થોડા જ દિવસમાં કામ પતાવવાનું હતું.

નળકાંઠાના કિનારનાં શહેરોએ આ શિકારવિરોધમાં સુંદર સહકાર આપ્યો. સાણંદના મહાજને આ વિરોધમાં અગત્યનો ભાગ ભજવ્યો. અમદાવાદનાં અમુક મહાજનોએ તો આ શિકારના વિરોધમાં સખત હડતાળ પાડી. મુંબઈનાં કેટલાંક બજારો બંધ રહ્યાં. જેટલો થઈ શકે એટલો વિરોધ થયો. આ બાજુ ગામડાં પણ ગમે તે ભોગે એ શિકાર રોકવા તૈયાર હતાં. પણ આખું વાતાવરણ હિંસક બની જાય એનો સંતબાલજીને ડર હતો.

શિકારનો દિવસ આવી પહોંચ્યો. મહારાજશ્રીનું હૃદય ખૂબ મંથન અનુભવતું હતું. શું કરવું તે સમજાતું ન હતું. આગલે દિવસે સરકારી અમલદારો શિકારની વ્યવસ્થા કરવા આવ્યા. મહારાજશ્રીએ બધી વાત કરી અને કહ્યું, 'જો આ શિકારને સમજાવટથી રોકવામાં નહિ આવે તો વિરોધ થશે.' પેલા અમલદારે કહ્યું: 'એવું કરવાની કોઈ જરૂર નથી.' 'તો તમે મને ગવર્નર સાહેબને મળવાની રજા અપાવો,' મહારાજશ્રીએ કહ્યું.

'હા, તે હું કરાવી આપવા પ્રયત્ન કરીશ. પણ તે માટે મારે મારા ઉપરી અમલદારની રજા લેવી જોઈએ. મને ખાતરી છે કે તે મળી જશે.' આમ તેણે વિશ્વાસ આપ્યો.

શિકારનો દિવસ આવતાં ગામેગામથી લોકોનાં ટોળેટોળાં એ શિકારને સ્થળે એકઠાં થવા લાગ્યાં. લોકો વધુ સંખ્યામાં ન આવે તે માટે ભાડૂતી ખટારાઓનો વ્યવહાર પણ પોલીસોએ બંધ કરી દીધો. છતાં અમદાવાદ વગેરે શહેરોના અનેક ભાઈઓ બાવળાથી ચાલતા એ સ્થળે આવી પહોંચ્યા. નળકાંઠાના ઊંડાણના ગામમાંથી પણ આ શિકારનો વિરોધ કરવાને લગભગ ૧૪૦૦થી ૧૫૦૦ માણસો એકઠાં થયાં.

મહારાજશ્રીએ સૌને શાંત રહેવાનું કહ્યું. તેઓ શિકારની પાટની સામે ભરવાડવાસમાં જ ટોળે મળ્યા. તેમને તો વિશ્વાસ હતો કે પેલા અમલદાર ગવર્નર સાથે મળવાની વ્યવસ્થા કરશે. એટલે જ્યાં સુધી જવાબ ન આવે ત્યાં સુધી ગ્રામજનોને શાંત રહેવાને સૂચવ્યું. ગવર્નર સાહેબ આવી ગયા. પેલો અમલદાર છેલ્લી ઘડીએ આવીને કહી ગયો, 'હું લાચાર છું. મારા ઉપરી આપને ગવર્નર સાહેબને મળવા દેવાની ના પાડે છે.' એક બાજુથી આ સમાચાર મળ્યા અને બીજી બાજુથી તેમની ચારે બાજુએ પોલીસકોર્ડન ગોઠવી દેવામાં આવ્યું. તેઓ ત્યાં બેઠેલા રહ્યા અને શિકાર શરૂ થઈ ગયો.

મહારાજશ્રી આ પ્રસંગનું વર્ણન કરતાં કહે છે: 'આના જેવો બીજો એક પણ કરુણ પ્રસંગ મેં મારા જીવનમાં અનુભવ્યો નથી. એક બાજુ અમે પ્રાર્થના કરતા રહ્યા અને બીજી બાજુથી સન... ન...ન...ન ગોળીઓ છૂટતી રહી. લગભગ ૫૦ પંખીનો શિકાર થયો.

'તે વખતે હું બાઘા જેવો બની ગયો. લોકોને એમ થતું હતું કે ગમે તે રીતે તેમને રોકવા જ જોઈએ. અને એ રીતે

કરવા જાય તો હિંસક માર્ગ તરફ વળી જતાં સહેજ પણ વાર ન લાગે. કેટલાક ભાઈઓ તો કહેતા પણ ખરા; પણ મારાથી એ માર્ગનું સમર્થન કેમ થાય? જો હું એકલો સત્યાગ્રહ કરું તોપણ આ પંદરસો જણને હિંસક માર્ગેથી રોકનાર કોઈ હતું નહિ. આમ હું મંથન અનુભવતો રહ્યો. અંતરથી પ્રભુને પ્રાર્થના કરતો રહ્યો અને શિકાર થઈ ગયો.'

તે દિવસથી મહારાજશ્રીની પ્રાર્થનામાં 'શિકારી બંધુઓને સદ્બુદ્ધિ મળો! અહિંસાનો પૂરા અર્થમાં વિજય થાઓ' એ સૂત્ર દાખલ થયું અને વર્ષો સુધી ગવાયું. હવે આ જ સૂત્ર સામુદાયિક પ્રાર્થનાને બદલે તેઓ અંગત પ્રાર્થનામાં બોલે છે.

## ૧૩

# નપાણિયો ભાલ

શિયાળના લોકપાલ સંમેલન પછી એ વિભાગનાં ગામોમાં મહારાજશ્રીએ પ્રવાસ શરૂ કર્યો. અહા! કેવી ત્યાંની પરિસ્થિતિ! ધોળી ગામને પાદરે એક નાનું સરખું તળાવ આવેલું છે. તળાવ શું, એમાં પાણીનું ટીપુંય ન હતું. લોકોએ નાના નાના ખાડા ખોદી એ તળાવને ચાળણી જેવું કરી મૂક્યું હતું. મહારાજશ્રીને માટે નવું જ દૃશ્ય હતું. નાના નાના ખાડાઓમાં ઝમતું પાણી, હતું એ લોકોનું જીવન. એ કાદવવાળું પાણી લોકો ગામમાં લઈ જાય. એક બે દિવસ ઠારે અને ત્રીજે દિવસે પીએ. ગામનાં ઢોરને તો ગામમાં પણ પાણી ન મળે. બાજુના ગામ જાય ત્યારે પાણી ભેગાં થાય.

રાતનું દૃશ્ય તો વળી અનોખું જ હોય. એકેએક ખાડા ઉપર ખાટલા ઢાળી લોકો ચોકી કરે. જો એ પાણીની ચોકી ન કરે તો કોઈ પાણી પણ ચોરી જાય. આખી રાત વીરડા ઉપર ખાટલો ઢાળી સૂઈ રહે. છતાંય પાણીની ચોરી નહોતી થતી એમ નહિ. ઘરનો નાનો છોકરો વીરડા પર ખાટલો ઢાળી સૂતો હોય અને બેચાર જણ મળી આખો ખાટલો બાજુ પર કરી પાણી ભરી જાય. આ દૃશ્યે મહારાજશ્રીને અકળાવી મૂક્યા. અને એમના દિલમાં થયું, માણસની પાયાની જરૂરિયાત માટે આ દુઃખ સહેવું પડે એ કેમ ચાલે? તેમને ત્યાં જ એક કાવ્ય સ્ફુર્યું જે નપાણિયા ભાલની પાણીની દશાનો તાદૃશ ચિતાર આપણી સમક્ષ રજૂ કરે છે.

તળાવમાં કૂપ અનેક ગાળી,
ચોકી કરે રાત્રિ દિને ખડાંખડાં,
આબાલ વૃદ્ધો જળની અહાહા!
ત્યારે મળે પાવળું માત્ર પાણી.

આમ શિયાળ સંમેલનના પ્રવાસે ભાલનો પ્રથમ પરિચય કરાવ્યો. અને ધોળી ગામના દર્શને મહારાજશ્રીને ભાલ તરફ આકર્ષ્યા.

ધોળીનું સ્મરણ આવતાં અહીં મહારાજશ્રીની પ્રવૃત્તિને દિલથી અપનાવી લેનાર ધોળીના કાળુપટેલનું સ્મરણ પણ તાજું થાય છે. એમનું હાસ્ય અને એમની નિખાલસતા ભુલાય એવી નથી. કોળી કોમમાંથી જ આવો પુરુષ મળે એ એ પ્રદેશનું ધનભાગ્ય ગણાય. તેમણે દરબારોથી દબાયેલાં એ પ્રદેશનાં ભાંડુઓને તેજસ્વી કરવામાં સારો એવો ફાળો આપ્યો છે. તેઓનું કરુણ અવસાન એ ભાલનળકાંઠાની પ્રવૃત્તિને એક મોટી ખોટ છે.

તેઓ જેમ જેમ આ પ્રદેશના જીવનમાં ઊંડા ઊતરતા ગયા તેમ તેમ ભાલની પરિસ્થિતિની વધુ ને વધુ વિગતો મળવા લાગી.

'સાંગાસર ગામ ને સાંઢીડા પાણી,
ઊઠને બાઈ, તું ભુંજને ધાણી;
ફાકતો ફાકતો જાઉં હું પાણી;
અહીં તો ભાઈ દાસ ને બાઈ રાણી.'

જેવી કહેવતો ભાલમાં પાણીનો કેવો ત્રાસ છે અને માત્ર પીવાના પાણીને માટે પણ કેટલે દૂર દૂર જવું પડે છે, તેનો આપણને ખ્યાલ આપે છે.

શિયાળ સંમેલનમાં શિયાળના શેઠ શ્રી જીવરાજભાઈનો સંપર્ક થયો. અને તેમના આકર્ષણે શિયાળ એ મહારાજશ્રીની પ્રવૃત્તિનું મોસાળ જેવું બની ગયું. મહારાજશ્રી ગુરુદેવની સેવા માટે લીંબડી ગયા હતા. ત્યાંથી નિવૃત્ત થયા ત્યાં જ સમાચાર મળ્યા કે જીવરાજશેઠ છેલ્લી માંદગી ભોગવી રહ્યા છે અને આપને મળવાને ઝંખે છે. ઝડપી પ્રવાસ કરી મહારાજશ્રી શિયાળ પહોંચ્યા. શેઠને કેન્સરનું દર્દ થયું હતું. બોલાતું નહોતું. બંનેની આંખ મળી. તેમણે મૃત્યુ પછી કેવી રીતે વર્તવું તેનું લખાણ તૈયાર કરી રાખ્યું હતું. એ લખાણમાં રિવાજ મુજબ મૃત્યુ પછી કારજ કરવાનું પણ લખ્યું હતું. મહારાજશ્રીએ શેઠને કહ્યું, 'જીવનનું સાચું કારજ તો સારું કામ કરવામાં છે. તમારી આજુબાજુનાં બધાં ગામો તમોને ઓળખે જ છે. આપ જાણો છો કે આપણા પ્રદેશમાં પીવાના પાણીનો કેવો ત્રાસ છે! જો આ કારજના પૈસા એ ગામડાંને પાણી મેળવી આપવાના કામમાં ખર્ચાય તો સાચું કારજ થયું ગણાય.' શેઠને એ વસ્તુ ગમી. તે જ દિવસે રાતે તેઓએ દેહ છોડ્યો. આમ તેઓના ૭૦૦૦ રૂપિયાના દાનથી સંવત ૧૯૯૯ના ચૈત્ર સુદિ નોમને રોજ જલસહાયક સમિતિની સ્થાપના થઈ. અને એ સમિતિને તેમના નામ ઉપરથી 'જીવરાજ ભાલનળકાંઠા જળસહાયક સમિતિ'નામ મળ્યું. આ સમિતિનાં કામોને વ્યવસ્થિત કરવામાં અને આગળ ધપાવવામાં શ્રી જયંતિભાઈનો તથા ડૉ. પોપટલાલનો ફાળો નોંધપાત્ર ગણાય.

ભાલનળકાંઠામાં મહારાજશ્રીને અને તેમની પ્રવૃત્તિને જે સુંદર આવકાર મળે છે તેના મૂળમાં આ સમિતિએ કરેલાં કામો છે. ભાલનળકાંઠાનું પાણીને કારણે ભાગ્યે જ કોઈ દુઃખી ગામ એવું હશે કે જ્યાં જલસહાયક સમિતિએ પાણી મેળવવામાં મદદ

ન કરી હોય. સમિતિએ તળાવો ખોદાવ્યાં છે, કૂવા કરાવ્યા છે, વાવો બંધાવી છે. આ બધું કરવા છતાં મહારાજશ્રીને લાગે છે કે આ પ્રદેશને પાણીના દુઃખમાંથી હમેશને માટે મુક્ત કરવો હોય તો એને બહારથી નળ વાટે પાણી પૂરું પાડવું જોઈએ. કારણ કે ભાલનું તળ જ ખારું છે. આ માટેની સંપૂર્ણ યોજના તૈયાર કરી સરકાર સામે મૂકી છે.

સંવત ૨૦૦૦નું ચોમાસું સાણંદમાં કર્યું. એ ચાતુર્માસે ડૉ. શાંતિભાઈને મહારાજશ્રીના નિકટના સંપર્કમાં આવ્યા. તેઓના અંતરમાં સેવાની તીવ્ર ભાવના પડેલી જ હતી. એટલે એમની સેવાઓ મળતાં સાણંદ મુકામે વિશ્વવત્સલ ઔષધાલયની સ્થાપના શ્રી માવળંકર દાદાને હાથે થઈ. ઔષધાલય શરૂ થયાને હજુ આઠ માસ પણ નહોતા થયા ત્યાં શ્રી છોટુભાઈનાં દીકરી કુમારી કાશીબહેન અવૈતનિક સેવિકા તરીકે એમાં જોડાયાં. એમના વિષે તો શું લખું? એમણે કરેલી સેવા અનેક યુવતીઓને અને ભલભલા યુવાનોને પણ પ્રેરણા આપે એવી ગણાય. મહારાજશ્રીની પ્રવૃત્તિને પ્રાણવાન બનાવવામાં આ પિતાપુત્રીની સેવા પ્રશંસનીય છે.

સાણંદ ચતુર્માસ પૂરા કરી મહારાજશ્રી આજુબાજુનાં ગામોમાં પ્રવાસ કરતા હતા. મોરૈયામાં શ્રી મણિભાઈ મળવા આવ્યા. તેઓ નાનપણથી જ આધ્યાત્મિક રંગે રંગાયેલા હતા. દસ રૂપિયાની નોકરીમાંથી હજારોનો વેપાર ખેડવા લાગ્યા. મિયાગામના બજારમાં એમની પ્રામાણિકતાની ભારે છાપ. નાનો છોકરો જાય કે મોટો માણસ જાય, છેતરવાનું તો નામ જ નહિ. વચ્ચે આર્યસમાજનો પણ રંગ લાગેલો. વેપારમાં વ્યવસ્થિત થઈ જતાં એમને થયું કે હવે કોઈ સંત પાસે રહી મારું જીવનઘડતર કરું. અને એક દિવસ ચોરંદાના શ્રી અંબાલાલ ગાંધી તેમને

તેડીને મહારાજશ્રી પાસે આવ્યા, ત્યારથી તેઓ મહારાજશ્રીની પાસે છે. એક રીતે કહીએ તો મણિભાઈ મહારાજશ્રીના અંગત સાથી બની ગયા છે.

આમ જેમ પ્રવૃત્તિ વિકસતી ગઈ તેમ તેને યોગ્ય કાર્યકર્તાઓ પણ મળતા ગયા, અથવા જેમ જેમ કાર્યકર્તાઓ મળતા ગયા તેમ તેમ પ્રવૃત્તિ વિકસતી ગઈ. આમ મહારાજશ્રીના અંતરમાં પડેલું વિશ્વવાત્સલ્યનું બી ધીમે ધીમે વિકસ્યું અને વર્ષો જતાં વડલા રૂપે સારાયે પ્રદેશમાં પ્રસરવા માંડયું.

# ૧૪

# સૌરાષ્ટ્રના સંબંધો

સૌરાષ્ટ્ર મહારાજશ્રીની માતૃભૂમિ. ત્યાં તેમના સંપ્રદાયના માનનારાઓની પણ મોટી સંખ્યા. પૂ. ગુરુદેવ અને અનેક સંબંધીઓ પણ ત્યાં. એટલે, આ બધાનું એક જાતનું આકર્ષણ તો રહ્યા જ કરતું હતું.

મહારાજશ્રીને સંઘે છૂટા કર્યા પછી જેમણે એમની આ ક્રાંતિને દિલથી અપનાવી તેઓમાં જામનગરના ભાઈશ્રી મગનભાઈ વોરાનું નામ મોખરે ગણાય. મગનભાઈ એટલે મહારાજશ્રીની સાથે જોડાનાર સૌના કાકા. તેમનો પ્રેમાળ સ્વભાવ, કાઠિયાવાડી મીઠી ભાષા ભાગ્યે જ કોઈ ભૂલી શકે. આજે પણ તેમનું આખું કુટુંબ એટલી જ શ્રદ્ધાથી મહારાજશ્રીને માને છે. મહારાજશ્રી આમ તો સમાજથી છૂટા પડ્યા હતા, તેમાં વળી નળકાંઠા જેવા પ્રદેશને પોતાના જીવનના કાર્યક્ષેત્ર તરીકે સ્વીકાર્યો એટલે એ સંબંધો સાવ ભૂંસાઈ જાય. પણ શ્રી મગનભાઈનો હમેશાં આગ્રહ રહે કે મહારાજશ્રી નળકાંઠામાં કામ ભલે કરે પણ કાઠિયાવાડમાં તેમનું વાતાવરણ રહેવું જોઈએ. મહારાજશ્રી પણ માને છે કે ધર્મદૃષ્ટિએ સમાજ-રચનાના કામમાં સમાજનાં બધાં અંગોને કામે લગાડવાનાં છે. જો એકલાં ગામડાંને જ લક્ષમાં રાખીશું અને શહેરોને ગામડા તરફ નહિ વાળીએ તોપણ કામ ચાલશે નહિ. વળી તેઓ એમ પણ માને છે કે મારું મુખ્ય કામ તો સાધુ સમાજના જીવનમાં ક્રાંતિ લાવવાનું છે. એક રીતે આજની સ્થિતિ એવી થઈ ગઈ છે કે

ગામડાંના શ્રમજીવીઓ પર શહેરના બુદ્ધિશાળી મધ્યમ વર્ગની ચૂડ છે; એ મધ્યમ વર્ગ ઉપર શહેરના મૂડીવાદીઓની પકડ છે; અને તેમના ઉપર જૂની માન્યતા પ્રમાણે જીવતા સાધુ વર્ગની ચૂડ છે. આમ ગામડાનો શ્રમજીવી, મધ્યમ ને મૂડીવાદી વર્ગ કહેવાતા ધર્મગુરુઓથી દબાયેલો છે. જો ધર્મદષ્ટિએ સમાજરચના કરવી હોય તો સમાજના કેન્દ્રમાં આ શ્રમજીવી હોવો જોઈએ. કારણ કે એ છે સાચો ઉત્પાદક. એને દેશના બુદ્ધિશાળી વર્ગની બુદ્ધિની અને મૂડીદારની મૂડીની હૂંફ મળવી જોઈએ. આ ત્રણેને સમાજના સાધુ વર્ગે પ્રેરણા આપવી જોઈએ. તેઓ એમ પણ માને છે કે આજની સાધુસંસ્થા સડી ગયેલી છે. છતાં એ સંસ્થાએ જ આપણી સંસ્કૃતિને સર્જવામાં ને આગળ ધપાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. એટલે જો એમનામાં ફરીથી નવું ચેતન આવે તો એ જ વર્ગ દેશની આર્થિક, સામાજિક અને ધાર્મિક ક્રાંતિનો પુરસ્કર્તા બને ને તો આપણે કલ્પી ન શકીએ એટલી ઝડપી ગતિએ કામ થાય. એટલે તેઓ ઘણી વાર કહે છે: 'હું જૈન સાધુ તરીકે જ જીવવા માગું છું કારણ કે મારું મુખ્ય કામ તો દેશના સાધુ સમાજમાં આ ક્રાંતિ લાવવાનું છે.' આમ સ્થાનકવાસી સમાજ કે જે એમણે બહાર પાડેલા મુદ્દાથી એક રીતે ભડકી ગયો હતો તે એમની વાત સમજે; જૈન સાધુઓનો પણ સંપર્ક સધાય, અને એમની સાથે આજ પહેલાં સંપર્કમાં આવેલાં બધાં બળો કામે લાગે એ હેતુથી માણેકલ ચાતુર્માસ પૂરા કરી આજુબાજુનાં ગામડાંમાં ફરીથી પ્રચાર કરી તેઓ જામનગર પહોંચ્યા.

સ્થાનકવાસી સમાજથી છૂટા પડ્યા પછી જ્યાં જૈનસમાજ વસતો હોય એવું તેમનું આ પહેલું ચોમાસું હતું. સામાન્ય રીતે જૈન સાધુઓનો એવો નિયમ હોય છે કે જ્યાં ચાતુર્માસ કરવાના

હોય ત્યાંનો સંઘ આવીને આમંત્રણ આપે અને ત્યાર પછી જ તે સાધુ તે ગામ યા નગરમાં ચાતુર્માસ કરે. આ પ્રણાલિકા પાછળ પણ ભવ્ય ઇતિહાસ છે તે આપણે જોઈ લઈએ.

મહાવીરસ્વામી ગૃહત્યાગ કરી આત્મભાવમાં બધે વિહરવા લાગ્યા. તેમના વતનની પાસે જ એક આશ્રમ હતો. ત્યાંના કુળ-પતિએ એમના પોતાના આશ્રમમાં આવી વસવાનો અને ચાતુર્માસ દરમ્યાન ધ્યાનધારણા વગેરે કરવાનો આગ્રહ કર્યો. મહાવીરસ્વામીએ તે વિનંતિ સ્વીકારી અને એમને રહેવાને માટે તે આશ્રમની એક કુટીર આપવામાં આવી. મહાવીરસ્વામી તો અંદર ગયા અને ધ્યાનસ્થ થઈ ગયા. થોડી વાર થઈ ત્યાં તો આશ્રમની ગાયો આવી. તેમના મકાન પરનું છાજ ખેંચી બગાડવા લાગી. આજુબાજુના સાધુઓ આ નવા સાધુની આ બેપરવા જોઈ બબડવા લાગ્યા: 'અરે! આ તે કેવો સાધુ છે? ઝૂંપડીનીય પરવા નથી કરતો.' મહાવીરસ્વામી તો ધ્યાનસ્થ હતા. તેમને તો આ વાતની ખબરેય ન હતી. પણ રોજબરોજ બનતા આવા પ્રસંગોથી મહાવીરે ચોમાસામાં એ સ્થળ છોડ્યું અને એ છોડતી વખતે જે પાંચ સંકલ્પો કર્યાં તેમાંનો આ પણ એક હતો: 'અપ્રીતિકર સ્થાનમાં નિવાસ ન કરવો.'

અહિંસાની સાધનાની દૃષ્ટિએ આ નિયમ ખૂબ સુંદર છે. પોતાના ત્યાં રહેવાથી ત્યાંના વતનીઓનું સહેજ પણ દિલ ન દુખાય એ એની પાછળની ભાવના છે. જામનગરના સંઘનું આમંત્રણ તો ન હતું એટલું જ નહિ ત્યાંના રૂઢિચુસ્ત સમાજનો તો વિરોધ પણ હતો. આ વિરોધ કાંઈ સમજ કે દૃષ્ટિપૂર્વકનો ન હતો. માત્ર એમને સમાજમાંથી દૂર કર્યા છે, અને સ્થાનકવાસી સમાજના કેટલાક બાહ્ય રીતિ-રિવાજનો ભંગ કરે છે એ જ એની પાછળનું કારણ

હતું. તે બધા કરતાંય ત્યાંનો યુવાન અને વિચારક વર્ગ તો તેમને અપનાવવા તૈયાર હતો એટલું જ નહિ પણ તે વર્ગ તો એવું ઇચ્છતો કે મુનિશ્રી સંતબાલજીની વાતો અને વર્તન સમાજ ચકાસે.

મહારાજશ્રી ત્યાં પહોંચ્યા એટલે પહેલો જ પ્રશ્ન રાત્રિ પ્રવચનનો ઊભો થયો. મહારાજશ્રીએ જોયું કે આજે સમાજની પ્રવૃત્તિ એટલી બધી વધી પડી છે કે દિવસે નિવૃત્તિ લઈ પ્રવચન સાંભળવા આવવાની બધા લોકોને ભાગ્યે જ નવરાશ મળે છે. વળી રાતનો સમય શાંત અને વાતાવરણની દૃષ્ટિએ પણ અનુકૂળ ગણાય. એટલે તેઓએ રાત્રિપ્રવચન ગોઠવ્યું. જૈનસમાજ માટે આ નવી જ વાત હતી. જૈન સાધુ કે જેણે પ્રવૃત્તિમાત્રમાંથી પાછા વળવાનો ધર્મ સ્વીકાર્યો હોય તેનાથી રાત્રે પ્રવચન થઈ જ કેમ શકે? તેમાં વળી મહારાજશ્રીના રાત્રિ-પ્રવચનમાં બહેનો પણ આવે એ તો સંઘથી સહન જ શાનું થાય? એટલે સંઘે બહેનોને અટકાવવાનો પ્રયત્ન કર્યો. બીજી બાજુથી બહેનો તો રાત્રે પ્રવચનમાં જવાને મક્કમ જ હતી. આમ આ વાત ઠેઠ સત્યાગ્રહ કરવાની હદે પહોંચી. મહારાજશ્રીએ જોયું કે આ વસ્તુ બરાબર થતી નથી એટલે એમણે પ્રવચન કરવાનું બંધ કર્યું. આની આખા સમાજ પર સુંદર અસર થઈ અને વળી પાછું પ્રવચન શરૂ થયું. લોકોનો વિરોધ પણ ઓછો થઈ ગયો.

આપણે જોઈ ગયા તેમ મહારાજશ્રીની પ્રાર્થના પણ જુદી જ જાતની હતી. તેમની પ્રાર્થનામાં તો બુદ્ધ, શ્રીકૃષ્ણ, શ્રી રામ, ઈસુ, મહમ્મદ પયગમ્બર, જરથોસ્ત બધા જ ધર્મ-સંસ્થાપકો આવે. આ બધાનાં નામ એક જૈન સાધુ જાહેરમાં બોલે અને તેમને વંદન કરે એટલે જૈનસમાજ અકળાઈ ન જાય તો બીજું થાય શું? તેમાંય વળી રોજની ધૂન પણ રામ અને કૃષ્ણની

ગવાય. અને સેંકડોની સંખ્યામાં જૈનો એ ધૂનો ઝીલે. એટલે જુનવાણી સમાજને થતું, આ બધું શું થવા બેઠું છે?

મહારાજશ્રી કહેતા: આમાં તમારો દોષ નથી. અમે જ તમોને પૂંછડું પકડાવ્યું છે. એટલે એ છોડતાં અચકાઓ છો. અધૂરામાં પૂરું ત્યાં જ તેમણે ગીતા અને વૈદિક ધર્મ ઉપર પ્રવચન શરૂ કર્યાં. એટલે આરંભમાં તો અકળામણનો પાર ન રહ્યો.

જેમને જૈનદર્શનનો પૂરો પરિચય નથી અને માત્ર ઉપલક વાતો જ સાંભળી છે તેમના મનમાં તો જડ જ ઘલાઈ ગઈ હોય છે કે જૈનદર્શન એ જ સાચું દર્શન છે. તે સિવાયનાં બીજાં બધાં દર્શનો મિથ્યા દર્શન છે. એટલે એ સાંભળવામાં પણ પાપ છે. તેમાંય ગીતા એટલે તો બિલકુલ હિંસાનો પ્રચાર કરનાર ગ્રંથ, એવી સામાન્ય જૈનસમાજની માન્યતા છે. તે એમ માને છે કે ગીતામાં ભલે ગમે તેવી મોટી અને ઊંચી વાતો આવતી હોય છતાં એ બધાને અંતે અર્જુનને છેવટે તો લડાવ્યો જ ને? આટલી આધ્યાત્મિક વાતોને પરિણામે પારાવાર હિંસા સિવાય બીજું થયું શું? એટલે જેમણે ગીતા વાંચી ન હોય, દિલ ખોલીને સમજવાનો પ્રયત્ન ન કર્યો હોય તેને એમ લાગે તેમાં નવાઈ શી!

મહારાજશ્રીએ ગીતા અને જૈન સૂત્રો લઈ બંનેને સરખાવી બતાવ્યાં. એટલું જ નહિ જૈન સાહિત્યનાં જ ઉદાહરણો લઈ લોકોને એ સાબિત કરી બતાવ્યું કે ગીતામાં હિંસાનો નહિ પણ વ્યાપક અર્થમાં અહિંસાનો જ પ્રચાર છે. ગીતાએ બાહ્ય અહિંસા કરતાં ભાવઅહિંસા પર વધુ લક્ષ કેન્દ્રિત કર્યું છે. પણ એ સમજવા માટે આપણે જરા શાંત ચિત્તે વિચારવું પડશે.

કર્મ કરવામાં દોષ નથી. કારણ કે કામ – પ્રવૃત્તિ – કર્યા વગર એક ક્ષણ પણ કોઈ જીવી શકતું નથી. કર્મ તો જડ વસ્તુ છે.

જડ વસ્તુ આત્માને બાંધી શકતી નથી. આત્મા કર્મથી નહિ પણ એ કર્મની પાછળ રહેલી જીવની આસક્તિ — રાગથી બંધાય છે. જૈન દર્શનેય કહ્યું છે, 'રાગને જીતો.' ગીતા પણ એ જ વસ્તુનું પ્રતિપાદન કરે છે. સંપૂર્ણ અનાસક્તિ જીવનો હેતુ છે. આમ બંને વસ્તુ જુદી લાગતી હોવા છતાં સહેજ શાંતિથી વિચારીશું તો એક જ લાગશે.

તેઓ માને છે : 'ગીતામાં કોઈ પણ વિષય એવો નથી કે જે જૈન સૂત્રોમાં ન હોય; પણ ગીતાએ જૈન દૃષ્ટિને જેટલી આકર્ષક ઢબે મૂકી છે, એવી ઢબે એ બીજે ક્યાંય મુકાઈ નથી. આથી જ ગીતાગ્રંથ વિશ્વમાન્ય થયો છે. જૈન દૃષ્ટિ એટલે જગતના સર્વ મતો, સર્વ પંથો કે સર્વધર્મોમાં રહેલા સત્યને આવકારવું. તું ખોટો છે એમ ન કહેતાં તું અમુક દૃષ્ટિએ સાચો છે એમ સાબિત કરી અલ્પદૃષ્ટિમાંથી મહાસત્ય તરફ પ્રેરી જવો. ગીતાએ આ દૃષ્ટિમાં અજબ સફળતા મેળવી છે. તેથી જ ચુસ્ત મીમાંસકથી માંડીને ચુસ્ત વેદાંતીને પણ એ માતા આગળ દોડી જઈને બાળક બનવાની સહજ ઇચ્છા થાય છે.

'અલબત્ત, ગીતાનું વસ્ત્ર વેદાંતનું છે; અને ભૌતિક યુદ્ધની પીંછીથી ગીતાનો આરંભ થાય છે, એટલે એમાં જૈન સંસ્કૃતિનો આત્મા છે એમ માનતાં પહેલાં સહુ કોઈ અચકાશે. ગીતાને સર્વાંગે અપનાવવામાં જૈન વર્ગને આવતી આ મુશ્કેલી નાનીસૂની નથી. વળી પરિભાષા ભેદે આવતો શબ્દભેદ પણ ગૂંચવાડામાં મૂકી દે તેવો છે. છતાં ધીરજપૂર્વકના વાંચનથી એ સહેલાઈથી સમજી શકાય એમ છે.

'ગીતા અહિંસામાંથી ઉદ્‌ભવી છે તેથી જ તેમાં આધ્યાત્મિકતા ખૂબીથી ઝળકે છે.'

આમ આ ચાતુર્માસ દરમ્યાન 'જૈનદૃષ્ટિએ ગીતાદર્શન'ની ભૂમિકા રચાઈ. કેટલાંક પ્રકરણો પણ તૈયાર થયાં. અને 'જીવન રહસ્ય' નામની પુસ્તિકાઓ રૂપે પ્રગટ થયાં. જૈન સમાજમાં એમની પ્રવૃત્તિ અંગે જે ઊહાપોહ હતો તે ઓછો થયો એટલું જ નહિ, જૂના વિચારના લોકોને પણ લાગ્યું કે સંતબાલજી કહે છે તે જ સાચું છે. જૈન દર્શન એક સાંકડો વાડો નથી પણ જગતનાં બધાં દર્શનો અને ધર્મોનો સમન્વય સાધવાનો પ્રયત્ન કરતું દર્શન છે.

ગીતા-વેદાંત અને જૈન વિચારધારા વચ્ચેનું મનોકલ્પિત અંતર દૂર થયું અને એ સમાજમાં પણ પાછું વાતાવરણ જામ્યું. સર્વધર્મ-ઉપાસનાની સાધના અને પ્રચારની દૃષ્ટિએ આ કામ નાનુંસૂનું ન ગણાય. આજે એમના સંપર્કમાં આવનાર જૈન ભાગ્યે જ રામકૃષ્ણનાં ભજનો અને ધૂનો ગાતાં સંકોચાતો હશે. એટલું જ નહિ ભારતીય સંસ્કૃતિને ઘડનાર અનેક સાધુ સંતો અને જગતના ધર્મસંસ્થાપકોના જીવનમાંથી પ્રેરણા લઈ પોતાના જીવનને ધર્મમય કરતો હશે. સાથે સાથે જૈનેતર સમાજ કે જેના મનમાં પણ એવું ઘુસાડી દેવામાં આવ્યું હતું કે:

'हस्तिना ताडयमानोऽपि न गच्छेत् जैनमंदिरम् ।

તે પણ એટલા જ અંતરના ઉમળકાથી અહિંસાની સાધનામાં મહાવીરના જીવનમાંથી પ્રેરણા મેળવે છે.

# ૧૫

## વળી પાછા નળકાંઠામાં

તેઓ આમ તો સૌરાષ્ટ્રમાં ગયા પણ તેમનું દિલ તો તેમણે આદરેલા પ્રયોગમાં જ હતું. એટલે ચાતુર્માસ પૂરા થતાં જ તેઓ નળકાંઠામાં આવી પહોંચ્યા.

અહીં આવીને જુએ છે તો વાતાવરણ ડહોળાઈ ગયું હતું. કારણ કે નાતના કાયદા તો કર્યા પણ એ કાયદા સમાજના ચૌદશિયાના પેટમાં દુખતા હતા. જો ઝઘડા થાય નહિ તો એમના હાથમાં શું આવે? વળી લગ્ન-મરણ વગેરેમાં પણ ખર્ચા ઓછા થાય તો તેઓની સમાજ પર જે પકડ હતી તે પણ ઓછી થાય. એટલે ધીમે ધીમે એનો ભંગ શરૂ થયો.

એક આગેવાન તો એટલી હદ સુધી આગળ વધ્યા કે જાનમાં મોટી સંખ્યા તો લઈ ગયા પણ સાથે સાથે માંડવે રૂપિયા ઉછાળ્યા અને લીલી નોટોનાં તોરણ બાંધ્યાં. આનું કારણ યુદ્ધને કારણે ડાંગરના વધેલા ભાવ, અને કદી નહિ જોયેલી એવી મૂડી હાથમાં આવી તે પણ ગણાય.

આ પ્રસંગોએ મહારાજશ્રીને ફરીથી જાગ્રત કર્યા અને એમને લાગ્યું કે જો આ પ્રદેશને પાયામાંથી ઊંચે લાવવો હોય તો એમના જ સમાજમાં પડેલાં આ જામી પડેલાં બળોની પકડમાંથી એને મુક્ત કરવો જોઈએ. આ કરવું કાંઈ નાનુંસૂનું કામ નહોતું. છતાં એ અનિવાર્ય હતું. જ્યારે તેઓ પહેલી વાર કાંઠામાં ગયા ત્યારે કોળી પટેલિયાઓએ જે ઉત્સાહ બતાવ્યો હતો તે આ વખતે

ઓછો થયેલો જોયો. તે વખતે તો ગામોગામ સામૈયાં થાય. એક ગામથી બીજે ગામ જાય ત્યારે લગભગ આખું ગામ વળાવવા આવે અને બીજું ગામ સામે લેવા આવે. તે વખતની લોકોની મહારાજ પરની ભક્તિ જોઈ હોય તો થાય કોણ જાણે આ પ્રદેશમાં શુંય થઈ જશે. સ્ત્રીઓ પણ લોકગીતો ગાતી ગાતી મહારાજશ્રીને લેવા આવે.

'હું તો ઊંચીયે ચઢું ને નીચે ઊતરું રે લોલ!
ઓલા દૂરથી લેવાય મારા સંતમહારાજ!

આવા પ્રકારનાં ભાવવાહી ગીતો સાથે આખું ગામ ઊમટે.

બદલાયેલી પરિસ્થિતિમાં મહારાજશ્રીએ ફરીથી પરિષદો ભરી વાતાવરણ જમાવવાનું કામ આરંભ્યું. સંવત ૧૯૯૭માં બગોદરા અને શિયાળમાં એમ અનુક્રમે બે મોટાં સંમેલનો ભરાયાં. બગોદરામાં ૨૦ ગામનાં ભાઈબહેનોએ અને શિયાળમાં લગભગ ૪૫ ગામનાં ભાઈબહેનોએ લાભ લીધો. આ ઉપરાંત કામ વધુ ચોક્કસ સ્વરૂપ લે એ હેતુથી માણકોલ, ફાંગડી, શિયાળ, ઢેઢાલ વાસણા, ભાયલા વગેરે ગામોમાં લઘુ સંમેલનો પણ ભરાયાં.

નળકાંઠાના ઊંડા સંપર્કથી મહારાજશ્રીને સમજાયું કે આ ગામડાં આટઆટલો શ્રમ કરે છે છતાં તેમના હાથમાં કશું રહેતું નથી. એનું કારણ એ છે કે આર્થિક રીતે એ સંપૂર્ણ ગુલામ છે. નળકાંઠાના કિનારા પર વિરમગામ, સાણંદ અને બાવળા એ ત્રણ મોટાં શહેરો છે. આ શહેરોની ગામડાં ઉપર ભારે પકડ છે. નળકાંઠાનો સંપૂર્ણ વેપાર અને આર્થિક પકડ એ શહેરોના હાથમાં છે. એટલે મહારાજશ્રીએ વિચાર્યું કે જ્યાં સુધી નળકાંઠા પ્રદેશ સાથે ગાઢ સંબંધ ધરાવનાર અને એમનું આર્થિક જીવન પોતાની મૂઠીમાં લઈ ફરનાર આ શહેરો આ ધર્મદૃષ્ટિએ સમાજરચનાના કાર્યમાં મદદ ન કરે ત્યાં સુધી કામમાં એક પ્રકારે મુશ્કેલી તો

રહેવાની જ. જો એ સમાજ આ કામ તરફ વળી જાય અને દિલથી પ્રદેશનું હિત ઇચ્છે તો ધર્મદષ્ટિએ સમાજરચનાના કામનો બીજો મણકો પણ તાલમાં ગોઠવાય. આ હેતુથી કાંઠાનાં ગામડાંનો પ્રવાસ પૂરો કરી તેઓએ ઈ. સ. ૧૯૪૧ના ચાતુર્માસ બાવળા કર્યાં.

આ ચાતુર્માસે શહેર અને ગામડાંને સાંકળવામાં અગત્યનો ભાગ ભજવ્યો. બાવળાના વેપારી વર્ગ સાથે મહારાજશ્રીનો નિકટનો સંબંધ બંધાયો અને અ જે મહારાજશ્રીના કાર્યમાં જે કાંઈ મદદ શહેરો તરફથી મળે છે તેમાં બાવળાનો ફાળો મોટો ગણાય. ત્યાં કેટલાય એવા વેપારીઓ નીકળ્યા કે જેમણે મહારાજશ્રીની વાત દિલથી અપનાવી, કેટલાયે સમજવા પ્રયત્ન કર્યો. આ ચાતુર્માસે અમદાવાદ સાથેના સંપર્કમાંય મદદ કરી.

બાવળા ચાતુર્માસમાં બે અગત્યની ઘટના બની ગણાય. એક તો આ ચાતુર્માસ દરમ્યાન જ 'પ્રાસંગિક અને પ્રશ્નોત્તરી'* નામનું પુસ્તક તૈયાર થયું. એ પુસ્તકમાં મહારાજશ્રીની લગભગ આખી કલ્પના સ્પષ્ટ રીતે નિરૂપાયેલી છે. અને બીજી વાત મીરાંબહેનનો સંપર્ક થયો.

મીરાંબહેનનું મૂળ નામ મૂળીબહેન. તેઓ એક બાળવિધવા છે. આ ચાતુર્માસ દરમ્યાન તેઓ મહારાજશ્રીના પરિચયમાં આવ્યાં અને ધીમે ધીમે તેમનું તદ્દન સરળ અને ભક્ત હૃદય મહારાજશ્રી તરફ ઢળી ગયું. મૂળીબહેનનો કંઠ પણ ખૂબ જ મધુર. એટલે મૂળીબહેનનાં મીરાંબહેન થઈ ગયાં. જે કોઈ મહારાજશ્રીના સંપર્કમાં આવ્યું હોય, અને મીરાંબહેનનાં ભક્તિરસથી તરબોળ ગીતો સાંભળ્યાં હોય તે ભાગ્યે જ એમને ભૂલી શકે.

---

*આ પુસ્તક રૂ. ૧-૨-૦ની કિંમતે કાર્યાલયેથી મળી શકશે.

મહારાજશ્રીની એક મનઃકામના છે કે આખા જગતની માતા બની હું વાત્સલ્ય રસથી વિશ્વને તરબોળ કરું.

'સકળ જગતની બની જનેતા વત્સલતા સહુમાં રેડું.'

તેમનો આ આદર્શ એટલો ભવ્ય છે કે સામાન્ય કક્ષાના માણસ માટે લગભગ અશક્ય છે. જ્યાં નાના સરખા કુટુંબમાં જ વાત્સલ્યભાવ નથી કેળવી શકાતો ત્યાં આખા વિશ્વ સાથે વાત્સલ્યભાવ કેળવવાની વાત કરવી એ નાને મોઢે મોટી વાત જેવું થઈ પડે છે. છતાં એમના સારાયે કામને અને જીવનને સમજવાને માટે એમની આ કલ્પના સમજવી જરૂરી છે.

૧૬

# ધર્મદૃષ્ટિએ સમાજરચના

મહારાજશ્રીને અને ભાલનળકાંઠામાં ચાલતી એમની પ્રવૃત્તિને સમજવી હોય તો ધર્મદૃષ્ટિએ સમાજરચનાની તેમની કલ્પના પણ આપણે સમજી લેવી રહી.

આજની સમાજરચના અર્થદૃષ્ટિએ છે. સમાજમાં જેની પાસે પૈસા વધુ છે તેની પ્રતિષ્ઠા છે; તેની બોલબાલા છે. આનું પરિણામ એ આવ્યું છે કે સમસ્ત પ્રજાનું મોં અર્થ તરફ વળી ગયું છે. આ અર્થ પાછળની આંધળી દોડ જ આજના જગતના દુઃખનું કારણ છે. ધનને સ્થાને ધર્મ આવે અને સમસ્ત પ્રજા ધર્મને કેંદ્રમાં રાખી પોતાનું જીવન ગોઠવે એનું નામ ધર્મદૃષ્ટિએ સમાજરચના. આ ધર્મ તે સંપ્રદાય નહિ પણ વિશ્વવ્યાપી ધર્મ.

પ્રાણીમાત્ર સુખ ઝંખે છે. જ્યાં સુખમાં સંકુચિતતા આવી ત્યાં એકનું સુખ બીજાના દુઃખનું કારણ બનવાનું જ. એટલે જો જગતમાં સુખ સ્થાપિત કરવું હોય તો મા જેમ પોતાનાં બાળકો પર વાત્સલ્ય વહાવે છે તેમ જગતના પ્રાણીમાત્ર સાથે વાત્સલ્ય સંબંધ બાંધવો એ છે ધર્મદૃષ્ટિએ સમાજરચનાનો આત્મા. આ વાત્સલ્ય સંબંધ વિના ધર્મદૃષ્ટિએ સમાજરચનાનું કામ થઈ ન શકે.

આ ધર્મદૃષ્ટિએ સમાજરચનાનાં તેમણે મુખ્ય ચાર અંગો કલ્પ્યાં છે: ૧. સર્વધર્મ ઉપાસના, ૨. શ્રમ અને શ્રમજીવીની પ્રતિષ્ઠા, ૩. માતૃસન્માન, ૪. બધી જાતના ભેદથી પર એવું વિશ્વબંધુત્વ.

सर्वधर्म उपासना :

'ધર્મ અમારો એક માત્ર એ સર્વધર્મ સેવા કરવી' આ છે એમની રોજની પ્રાર્થનાની એક પંક્તિ. તેઓ માને છે કે જો ધર્મદૃષ્ટિએ સમાજરચના કરવી હોય તો જગતના ધર્મોની ઉપાસના કરવી જોઈએ. પણ તરત જ આપણને થશે કે એકલો માણસ આખા જગતના ધર્મોની ઉપાસના કરી શી રીતે શકે?

તેઓ એમ નથી કહેતા કે જગતમાં બધાં દેવદેવીઓ અને પયગંબરોને માનો. પણ દરેક ધર્મની તે તે પ્રદેશ અને પ્રજાને કારણે વિશેષતા હોય છે. જેમ કે મહાવીરની અહિંસા, બુદ્ધની કરુણા, શ્રીકૃષ્ણનો અનાસક્તિ યોગ, રામની વિશિષ્ટ નીતિ, ઈસુની ક્ષમા, મહમ્મદ સાહેબ પયગંબરનાં નેકી ને રહમ, જરથોષ્ટ્રની પવિત્રતા, પરોપકાર અને નિર્ભયતા. આમ મનુષ્યના ધર્મમય જીવનના વિકાસ માટે ઉપરના સર્વ ગુણોના વિકાસની જરૂર છે. એક જ ધર્મગુરુ યા સંતના જીવનમાંથી આ બધા ગુણવિકાસની પ્રેરણા સાધક મેળવી શકતો નથી. એટલે જે ગુણ વિકસાવવો હોય તે ગુણ માટે જે વિભૂતિના જીવનમાં તે ગુણ પ્રમુખપણે હોય તેને આરાધ્ય બનાવવો. આને માટે માણસે પોતાનો ધર્મ છોડવાનીય જરૂર નથી. માણસ જે ધર્મમાં રહ્યો હોય તે ધર્મમાં રહીને જ બધા ધર્મોની ઉપાસના કરી શકે છે. આથી તેનો ધર્મ એક નાનો સાંપ્રદાયિક વાડો નથી બની જતો. ઊલટું, પોતાના આવા વિશાળ દર્શનથી તે જગતના બધા ધર્મો સાથે એકતા સાધે છે. આમ, સર્વધર્મ ઉપાસના માણસને વિશ્વધર્મની સક્રિય ઉપાસના સુધી લઈ જાય છે.

श्रम अने श्रमजीवीनी प्रतिष्ठा :

આજનું આપણું શિક્ષણ અને આપણી કહેવાતી સભ્યતા આજે આપણને શ્રમથી વિમુખ કરી દેનારી નીવડી છે. એનો જેને ચેપ લાગ્યો તે કામથી વેગળો ભાગવાનો. આમ સમાજમાં શ્રમને કારણે વાડા ઊભા થવાના. વળી જેઓ શ્રમ કરે છે તેઓનું મોં પણ ક્યારે આ મહેનતથી છૂટીએ અને બીજા લોકોની જેમ ઓછામાં ઓછી મહેનત કરી વધુ ઉપભોગીએ, એ તરફ વળી જવાનું. આમ સમાજમાંથી શ્રમની પ્રતિષ્ઠા ચાલી જવાની અને આજે ચાલી ગઈ છે. પરિણામે સમાજમાં શ્રમજીવીની પણ પ્રતિષ્ઠા રહી નથી.

કોઈ પણ સમાજનો આધાર સમાજમાં થતા શ્રમ ઉપર છે. એ શ્રમ જેટલો નિષ્ઠા અને ભાવનાપૂર્વક થાય એટલું સુખ વધે. એટલે જો ધર્મ — એટલે જેનાથી સમાજનું ધારણ અને પોષણ થાય એ વ્યાખ્યા લઈએ તો ધર્મદૃષ્ટિએ સમાજરચનાના કેંદ્રમાં શ્રમ અને શ્રમજીવીઓ હોવા જોઈએ. એમને જો કેંદ્રમાં લાવવા હોય, એમનામાં ઉત્સાહ પ્રેરવો હોય તો તેમને સમાજમાં પ્રતિષ્ઠા મળવી જોઈએ. અને સાધુસંતોએ એ પ્રતિષ્ઠા અપાવવી જોઈએ.

આ દૃષ્ટિથી જ તેઓએ પોતાના પ્રયોગના ક્ષેત્ર તરીકે ગામડાં પસંદ કર્યાં છે. તેમાંય એવી જનતા પસંદ કરી છે કે જે શ્રમમય જીવન ગુજારે છે. તેઓ પોતાના જીવનમાં પણ પોતાનાં બધાં વ્યક્તિગત કામો જાતે જ કરે છે. અને એમની સાથે ફરનાર ભાઈઓ પણ પોતાનાં અંગત બધાં કામો જાતે કરે એવું ઇચ્છે છે.

मातृसन्मान :

ધર્મદૃષ્ટિએ સમાજરચનામાં આને પણ અગત્યનું સ્થાન છે. તેઓ માને છે કે માનવજાતને વાત્સલ્યની હૂંફ માતા પાસેથી મળે છે. આ માતાને સન્માન આપવું એનો અર્થ આપણા અંતરને શુદ્ધ કરી જગતની સ્ત્રીમાત્ર સાથે માતૃસંબંધ બાંધવો. તેઓના શબ્દોમાં :

સ્ત્રી એક જનેતા છે. કુદરતની મહાશક્તિનો પ્રભાવ છે. 'છાજે માતા અંગનો ઉપયોગ ન ઉપભોગ.' આ શબ્દો ખૂબ યાદ રાખવા જેવા છે. બાળક સ્ત્રીના સ્તનને અડીને એમાંથી દૂધ પીએ છે; ત્યારે પુરુષ એ જ સ્તનને અડીને વિકારી બને છે. એકમાં છે ઉપયોગ, બીજામાં છે ઉપભોગ. 'જ્યાં પાન પી મોટા થયા ત્યાં કર કેમ મુકાય ?' અહો ! કેવી સુંદર ભાવના : જે માતાએ મને દૂધ પાઈ મોટો કર્યો એવી માતૃજાતિના અંશરૂપ સ્ત્રીનો હું ઉપભોગ તો કેમ જ કરું? આવી ભાવના પ્રગટ થાય ત્યારે સ્ત્રી દેહ દેખતાં જ નમવાનું મન થાય.

છે વિશ્વની સૌ વનિતા જનેતા,<br>
રગે રગે વત્સલતા ભરેલી<br>
એ માતૃભાવો દગથી પીએ જે<br>
ગૃહસ્થ તે સાધક બ્રહ્મચારી.

આજે આપણી ચારે બાજુ વિકારનું વાતાવરણ અનુભવીએ છીએ. આજનાં સિનેમા, નાટકો, મોટા ભાગનું સાહિત્ય અને ફૅશનો બધું જ માનવજાતમાં વિકારનો વધારો કરે છે. આ વિકારી માનસ જ માનવજાતને ડગલે ને પગલે નાશ તરફ ઘસડી રહ્યું છે. એમાંથી બચી માનવજાતને માટે આદર્શ પ્રજા મૂકી જવી

હોય તો જીવન પ્રત્યેની આખી દૃષ્ટિ પલટી નાખવી જોઈએ. એ વિના સુખ નથી. એટલે જ ધર્મદૃષ્ટિએ સમાજરચનામાં જીવનની શુદ્ધિ અને વિકાસ માટે માતૃસન્માનને સ્થાન અપાયું છે.

એમના જ જીવનનો એક પ્રસંગ લઈએ. જૈન સાધુ ગમે તેટલો નાનો હોય અને સાધ્વી ગમે તેટલાં પહેલાં દીક્ષિત થયાં હોય છતાં સાધુથી સાધ્વીને પ્રથમ વંદન ન જ થાય. સાધ્વીએ જ સાધુને પ્રથમ વંદન કરવું જોઈએ. મહારાજશ્રીએ આમાં સ્ત્રીજાતિ પ્રત્યેના એક પૂર્વગ્રહનું દર્શન કર્યું અને એટલે જ એમણે પોતાથી વડીલ અને વહેલાં દીક્ષિત એવાં સાધ્વીઓને વંદન કરવાનું શરૂ કર્યું. આનાથી સમાજમાં પણ ભારે ખળભળાટ થયો. જૈનોને અને અન્ય સાધુઓને તો શું ખુદ સાધ્વીઓને પણ આ ગમતું નહિ. પણ એમને બીજાને ગમવાની ક્યાં પડી છે? આજે પણ તેઓ પોતાથી પહેલાં દીક્ષિત થયેલાં સાધ્વીઓને વંદન કરે છે.

विश्वबंधुत्व :

બધી જાતના ભેદથી પર એવું વિશ્વબંધુત્વ: તેઓએ કરેલી સામાજિક ક્રાંતિમાં આ ક્રાંતિ નાનીસૂની નથી. તેઓ હમેશાં પ્રાર્થનામાં ગાય છે :

નાતજાતના ભેદ અમોને લેશ નથી કાંઈ આભડતા,
દેશવેશના શિષ્ટાચારો વિકાસ માટે નહિ નડતા.

આ બધા નાતના, ધર્મના, વેશ કે વાડાના ભેદ એ તો બહારની વસ્તુ છે. એ કાંઈ ધર્મનો આત્મા નથી. એનાથી જુદાઈ વધી છે. તે સમજપૂર્વક દૂર કરી આખા જગત સાથે બંધુત્વ અનુભવવું જરૂરી છે. તેમની સાથે રહેનાર અને તેમના

સંપર્કમાં આવનાર સૌના દિલમાંથી આ ભેદ ભૂંસાવા લાગ્યો છે. આમાંથી અસ્પૃશ્યતાનિવારણનો કાર્યક્રમ સહજ રીતે આવી પડ્યો. અને આજે તો તેઓ જે ગામ જાય ત્યાં હરિજનવાસમાં જવાના જ. દારૂ માટી ન લેતા હોય એવા હરિજન કુટુંબોમાંથી આહાર પણ વહોરવાના. આ ક્રાંતિ એક જૈન સાધુ માટે નાનીસૂની વાત નથી.

આ બધા કરતાંય તેઓ એ પણ માને છે કે જો સમાજને ઊંચો લાવવો હોય તો જેઓ સમાજમાં સૌથી વધુ કચડાયેલાં અને દબાયેલાં છે તેમની સેવામાં લાગી જવું જોઈએ. તે હેતુથી સાણંદમાં (ભંગી) ઋષિવાસમાં જ ઋષિ બાલમંદિરની શરૂઆત કરી છે.

આમ તેમના આ ધર્મદૃષ્ટિએ સમાજરચનાનો તદ્દન આછો ખ્યાલ અહીં આપ્યો છે. વધુ વિગતથી સમજવા તેઓનું લખેલું 'ધર્મદૃષ્ટિએ સમાજરચના'* તથા તેમનું બીજું સાહિત્ય વાંચી જવા મારી વાચકોને ખાસ ભલામણ છે.

---

* ઉપરનું પુસ્તક રૂ. ૨-૮-૦ની કિંમતે કાર્યાલયેથી મળી શકશે.

# ૧૭

# ૧૯૪૨ની ક્રાંતિમાં

મહારાજશ્રીએ નળકાંઠાને પોતાનું કાર્યક્ષેત્ર તો બનાવ્યું પણ જેમ સૌરાષ્ટ્ર સાથે તેઓ સંકળાયેલા હતા તેવી રીતે રણપુરની આસપાસનાં ગામોમાં પણ તેમનું વાયુમંડળ હતું. સમૌન એકાંતવાસ પછી રણપુર છોડતાં તેમણે ત્યાંના વાસીઓને ફરીથી એકાદ વાર આવી જવાનું વચન આપેલું. એટલે અહીંનું કામ સાધારણ વ્યવસ્થિત થતાં તેઓ તે તરફ વળ્યા.

ભારતીય ક્રાંતિના ઇતિહાસમાં ૧૯૪૨નું વર્ષ આખરી જંગનું વર્ષ ગણાય. બાપુજીએ 'હિંદ છોડો'ની ઘોષણા કરી અને વર્ષોથી કચડાયેલો દેશ ક્રાંતિની જ્વાળા સમો ઝબકી ઊઠ્યો. સૂતેલાં માનવીઓના અંતરમાં પ્રાણ સિંચાઈ ગયા અને આખા દેશમાં એક અદ્‌ભુત ચેતનાનું દર્શન થયું. આવી રાષ્ટ્રવ્યાપી ક્રાંતિના પ્રવાહમાંથી કોણ પોતાની જાતને બચાવી શકે?

આમ તો ગાંધીજી પ્રત્યે તેઓને પહેલેથી ખેંચાણ હતું; પણ તેઓને ખાસ પ્રત્યક્ષ સંપર્ક થયેલો નહિ. મૌન છોડતી વખતે તેઓ એક વાર ગાંધીજીને મળવાને જૂહુ (મુંબઈ)માં ગયેલા તે વખતે સાધારણ વાતો થયેલી. તેમના ગુરુદેવની પણ ગાંધીજીમાં પહેલેથી શ્રદ્ધા હતી. રણપુરના એકાંતવાસ દરમ્યાન તેઓએ જગતના બધા ધર્મોનો અભ્યાસ કર્યો તેની સાથે સાથે તેમણે ગાંધીજીના વિચારોનું અને પ્રવૃત્તિનું પણ ચિંતવન કર્યું. એ ચિંતનકાળ દરમ્યાન તેમને સ્પષ્ટ સમજાયું કે ગાંધીજીનું કામ એ વ્યાપક અર્થમાં તો

ધર્મોત્થાનનું જ કામ છે. તેમનામાં રહેલી અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, સત્યાગ્રહ એ બધાં જ ધર્મનાં મૂળભૂત તત્ત્વો છે. આમ એમના અંતરમાં પડેલી ધર્મને પામવાની – અનુભવવાની તીવ્ર વૃત્તિએ જ તેમને ગાંધીજી પ્રત્યે ખેંચ્યા.

રણાપુરના આ નિવાસકાળ દરમ્યાન તેમની પાસે નવા જ પ્રશ્નો આવીને ઊભા રહ્યા. ૧૯૪૨ની ક્રાંતિના આરંભમાં જ દેશના મોટા ભાગના વિચારકો જેલમાં જઈને બેઠા. જેને જેમ ફાવ્યું તેમ અર્થ ઘટાવી સૌ પોતપોતાની રીતે પોતાથી બનતું કરવા લાગ્યા. કોઈએ ભાંગફોડ કરવી એ સત્યાગ્રહની મર્યાદામાં માન્યું તો કોઈએ છૂપી પ્રવૃત્તિ ચલાવી સરકારને થકવી નાખવામાં પોતાનો ધર્મ માન્યો. આ વખતે ગુજરાતના અનેક યુવાનો તેમની પાસે દોડી ગયા. તેઓએ તેમને સ્પષ્ટ રીતે અહિંસાની મર્યાદામાં રહી શું થઈ શકે તે સમજાવ્યું. આમ તેઓને અહિંસા અંગે વધુ ઊંડાણથી વિચારવાનું થયું; સાથે સાથે ગુજરાતના અનેક નવયુવાનોના સંપર્કમાં આવવાની પણ તક મળી.

દેશભરમાં આવી મોટી ક્રાંતિ ચાલી રહી હોય ત્યારે તેઓ પણ કેવી રીતે અલિપ્ત રહી શકે? તેઓ કહેતા : 'સંપૂર્ણ અહિંસા જ આપણો માર્ગ હોઈ શકે. જો કોઈને એમ લાગતું હોય કે મારે દેશનું તંત્ર ખોરવી નાખવું છે તો તે પહેલાં તેમણે જાહેર કરી દેવું જોઈએ. ચોરીછૂપીથી કામ થયેલું ભલે દેખાય, પણ પ્રવૃત્તિને અંતે સમાજની જે સાધના થવી જોઈએ તે થતી નથી. બલકે કેટલીક વાર તો ઊલટા પ્રત્યાઘાત પડે છે અને સમાજ એવો દબાઈ જાય છે કે ફરીથી ઊભો થઈ શકતો નથી.' અહિંસાને માર્ગે જે પ્રજા વચ્ચે આવો પ્રયોગ ચાલી રહ્યો હોય તે પ્રજામાં એવો કાયરતાનો પ્રત્યાઘાત ન ઊઠતાં ઊંડી

હમદર્દી પેદા થવી જોઈએ. સત્યાગ્રહને પંથે તો સત્યાગ્રહી પર થયેલો જુલમ બીજામાં બળ સિંચે છે; જ્યારે છૂપી પ્રવૃત્તિ પ્રજાને કાયર બનાવે છે, કેટલીક વાર કાર્યકર્તાઓની નબળાઈને પોષે છે. એટલે તેઓ યુવાનોને કહેતા: 'જો તમારાથી ભાંગફોડ કર્યા વિના રહેવાતું જ ન હોય તો તમે જાહેર કરીને કરો. પણ તમારાં કૃત્યને માટે બીજાને સહન ન કરવા દો.' તેઓ તે દિવસોમાં ખાસ આ ત્રિપુટીનો આગ્રહ રાખતા: ૧. વીરતા, ૨. અગુપ્તતા, અને ૩. અહિંસા.

અહિંસા એકલી અચરાતી નથી. 'હરિનો મારગ છે શૂરાનો.' સત્યનો માર્ગ વીર પુરુષનો માર્ગ છે. એટલે અહિંસાના આચાર માટે વીરતા જરૂરી છે. અને જો સાચી વીરતા હોય તો છુપાવવાનું રહ્યું જ ક્યાં?

આ દિવસો તેઓ અહિંસાના અનુયાયી તરીકે ખૂબ મંથનમાં ગાળતા. તેઓને લાગતું કે ભારતવર્ષ આજે જગતમાં બેનમૂન અહિંસાનો રાષ્ટ્રવ્યાપી પ્રયોગ કરી રહ્યું છે. બ્રિટિશ સરકાર એ અહિંસાના બળને પોતાની સ્થૂળ તાકાતથી કચડવા મથી રહી છે. એટલે એ જડ શક્તિની સામે આધ્યાત્મિક બળ જાગ્રત કરવાની દૃષ્ટિએ તેમના દિલમાં આમરણાંત ઉપવાસ કરવાની પણ કલ્પના આવી ગયેલી.

ભલે તેઓ ગાંધીજીના સીધા કહી શકાય એવા અનુયાયી ન હતા, છતાં અહિંસાના રાષ્ટ્રવ્યાપી પ્રયોગને તેઓ કેવી શ્રદ્ધાથી જોતા હતા તે આ ઉપરથી આપણને સમજાશે. તેઓ એમ માનતા કે જો આ સરકાર પર બરાબર અસર પહોંચાડવી હોય તો એની સાથે સંપૂર્ણ અસહકાર કરવો જોઈએ.

તેઓ પહેલેથી પગપાળા પ્રવાસ કરતા હતા, એટલે રેલવે સાથે તો તેમનો અસહકાર હતો જ. આ લડતમાં તેમણે એ પણ નક્કી કર્યું કે હવે ટપાલ પણ લખવી નહિ. તેમનો આ સંકલ્પ ઠીક ઠીક લાંબો સમય ચાલ્યો. આથી લોકો પણ ખૂબ મુશ્કેલીમાં મુકાવા લાગ્યા. આખરે તેમણે એ લખવાનું ચાલુ કરવા વિચાર્યું અને તે માટેનો દિવસ પણ નક્કી કર્યો. કુદરત પણ કેવી છે કે માણસના સત્ય સંકલ્પોને પાર પાડવામાં મદદ જ કરે છે! તેમણે ટપાલ લખવાની શરૂઆતનો જે દિવસ નક્કી કર્યો હતો તે જ દિવસે અચાનક કોંગ્રેસ કારોબારીના બધા સભ્યો પણ છૂટી ગયા હતા.

આ દિવસોમાં મોટે ભાગે શ્રી છોટુભાઈ તેમની સાથે રહેતા. તેઓ તે સમયની તેમની લાગણીનું વર્ણન કરતાં કહે છે: 'આપણે તે વખતની સરકાર સામે જે કાંઈ બોલતા તેના કરતાં તો અનેક ગણું કડક તેઓ બોલતા, નિવેદનો પ્રગટ કરતા; અધિકારીઓને અને ખુદ ગાયકવાડ સરકારને પણ પત્રો લખતા. તેઓની સાથે ચાલનારાઓમાંના એક ભાઈ રાષ્ટ્રીય ઝંડો લઈ આગળ ચાલે, જ્યાં જાય ત્યાં જોરદાર પ્રવચન કરે.' શ્રી છોટુભાઈ કહેતા કે, 'તે દિવસોમાં મહારાજશ્રીને થતું કે આ સરકાર મને ક્યારે પકડી લે અને હું જેલમાં જાઉં. પણ જ્યાં જઈએ ત્યાં અમલદારો કહે, ભાઈ! એમને જે બોલવું હોય તે બોલી લેવા દો અને આગળ ચાલવા દો. આમ તેમની જેલ જવાની ઇચ્છા તેમના અંતરમાં જ રહી ગઈ.'

તેઓના રણાપુરના નિવાસ દરમ્યાન ચોરંદા ગામનું એક મોટું પ્રકરણ બની ગયું અને તેમાં તેમના સંપર્કમાં આવેલા ભાઈઓ હતા; એટલે એની નોંધ લઈ આ પ્રકરણ પૂરું કરીશ.

દેશની આઝાદીનું કામ કરજણ તાલુકામાં કેવી રીતે આગળ ધપાવવું તે માટે કુરાલીમાં એક સભા મળી હતી. અચાનક એ સભામાં સમાચાર મળ્યા કે શિનોરમાં બધું તંત્ર ખોરવી નાખવામાં આવ્યું છે અને શિનોરને કબજે લેવા માટે મિલિટરી ત્યાં જઈ રહી છે.

આ સમાચારે અહીં એકઠા થયેલા યુવાનોને ચમકાવી મૂક્યા. કોઈ બોલી ઊઠ્યું: 'કોઈ પણ ભોગે લશ્કર શિનોર તો પહોંચવું જ ન જોઈએ. અને જો પહોંચ્યું તો શિનોરનો કચ્ચરઘાણ કાઢી નાખશે.'

કૉંગ્રેસના કાર્યકર અંબાલાલ ગાંધી ચોરંદાના પ્રામાણિક અને પ્રતિષ્ઠિત વેપારી છે. તેમણે કહ્યું: 'જોઈ શું રહ્યા છો?' અને આખી સભા ચોરંદા ઊપડી. અને જ્યાં સેંકડો હાથ કામે લાગે ત્યાં જોઈએ શું? થોડી જ વારમાં બેથી વધુ માઈલ સુધીના રેલના પાટા ઉપાડી ફેંકી દીધા; તારવ્યવહાર ખોરવી નાખ્યો.

થોડી વાર થઈ ત્યાં તો મિલિટરી આવી પહોંચી. પાટા તો ઊપડી ગયા હતા. એટલે લશ્કર સીધું ચોરંદા આવ્યું. અંબાલાલ ગાંધીને ત્યાં દરોડો પાડ્યો. ગાંધીએ શાંતિથી કહ્યું, 'શું છે? તમારે જે કાંઈ પૂછવું હોય તે મને પૂછો!'

'અમને બતાવો, આ તોફાન કોણે કર્યું?' અમલદારોએ કહ્યું.

'એ બધા તોફાન માટે હું જવાબદાર છું. મેં કર્યું છે. મને પકડો.'

'તમારા એકલાનું આ કામ નથી. તમારી સાથે કોણ કોણ હતા તે કહો.'

'એ મારાથી નહિ કહી શકાય. લશ્કર શિનોર પહોંચી, શિનોર પર અત્યાચાર ગુજારે એમાંથી બચાવવા મેં આ કર્યું છે. મારી સાથે જેઓ હતા તેમનાં નામ હું આપવા તૈયાર નથી.'

તેમના પર ખૂબ ખૂબ જુલમ થયો, પણ તેઓ અડગ રહ્યા. બધો ગુનો પોતાને માથે ઓઢી લીધો.

કેસ ચાલ્યો. તેમનું મકાન દુકાન બધું જપ્ત થયું. તેમનાં પત્ની મણિબહેન ત્રણ નાનાં બાળકો તથા એક ધાવણા બાળકને કૂખમાં લઈ ઉઘાડા આકાશ નીચે જઈ ઊભાં. તે વખતે જપ્તી કરનાર અમલદારે કહ્યું, 'તમારા બાળકને માટે આટલું ઘોડિયું રાખવું હોય તો રાખો.' મણિબહેનનો તે વખતનો જવાબ ખરેખર એક સત્યાગ્રહીને શોભે તેવો હતો: 'આટલું બધું અપાતાં હજુ પણ મારા પતિને માથે દેવું છે. મારે એ નથી જોઈતું.'

ગુજરાતના અહિંસક લડતના ઇતિહાસમાં આ પ્રસંગ નોંધવા લાયક છે. આ આખાયે પ્રસંગમાં મહારાજશ્રીએ એમાં ભાગ લેનાર સૌને સત્ય, અહિંસા અને અગુપ્તતા પાળવાની પ્રેરણા આપી હતી.

## ૧૮

# 'વિશ્વવાત્સલ્ય' પત્ર

રણાપુર છોડ્યા પછી ગ્રામસેવાના કડવા અનુભવોનો આરંભ થયો. રણાપુર તો છોડ્યું પણ હવે શું કરવું? એક બાજુ મેં ૩૦થી ૪૦ રૂપિયાની માસિક માગણી કરી તે પણ કોઈ આપવા તૈયાર ન હતું, જ્યારે બીજી બાજુએ જો રબરના કારખાનામાં કામમાં લાગું તો તે લોકો ૩૦થી ૪૦ હજાર રૂપિયા સુધી હાથમાં મૂકવા તૈયાર હતા. પણ અભ્યાસ પૂરો કર્યા પછીનાં પહેલાં બાર વર્ષ દેશને આપવાનો સંકલ્પ કરેલો એટલે કામની શોધમાં નીકળ્યો. સારા સારા કાર્યકરોને મળ્યો, લગભગ બધાએ એક જ સલાહ આપી કે નોકરીએ રહી જાઓ. પણ નોકરીમાં જોડાવાનું દિલ ચાલતું ન હતું, મન ખૂબ અકળાતું હતું. છેવટે સંતબાલજી પાસે જવાનો વિચાર કર્યો. તેમને મળ્યો. તેમણે પણ કહ્યું કે અહીં હજુ એવું વ્યવસ્થિત કામ આરંભાયું નથી. તમે અહીંના પ્રદેશની કોઈ હાઈસ્કૂલમાં કામ કરો એટલે સંપર્ક પણ રહેશે અને ખર્ચ પણ મળી રહેશે. એમ કહી સાણંદના ડૉ. શાન્તિભાઈ ઉપર મને ચિઠ્ઠી લખી આપી. ચિઠ્ઠી લઈ હું સાણંદ ગયો. તેઓને શિક્ષકની જરૂર તો હતી જ. શાળાના મુખ્ય શિક્ષક તરીકે મને કામ આપવાનું કહ્યું. હું શાળા જોવાને ગયો; પણ મારું દિલ માન્યું નહિ. વળી પાછું એ જ અંગ્રેજી અને એ જ જૂની ઢબે ભણાવવાનું!

તે ભાઈને કહ્યું કે હું તમોને બે દિવસ પછી જવાબ આપીશ. હું પાછો સંતબાલજી પાસે આવ્યો. આ વખત દરમ્યાન મારા મને પણ ઠીક ઠીક માનસિક મંથન અનુભવ્યું. જો આવી નોકરી જ કરવી હોય તો પછી સારી જ શા માટે ન કરવી?

અને જો નોકરી કરું તો મારા સંકલ્પનું શું? સંતબાલજીને કહી દીધું, મારું દિલ એ શાળામાં પગ મૂકતાં જ તૂટી જાય છે.

તમારી પાસે કામ ન હોય તો કાંઈ નહિ, હું બીજું કાંઈ શોધી લઈશ.

આ વખતનું મનદુઃખ ખરેખર વર્ણવી શકાય એમ નથી. એક બાજુ રણાપુરના પડેલા પ્રત્યાઘાતો અને બીજી બાજુ કોઈ કામ આપવા પણ તૈયાર ન મળે. ખૂબ નિરાશ થઈ ગયો. એટલામાં શ્રી છોટુભાઈએ એક સૂચન મૂકયું: 'અમારે એક પત્રિકા કાઢવી છે. તમે એ કામ કરશો?'

મને એવું ગંભીર સાહિત્ય લખવાનો અનુભવ નથી. કોઈ કોઈ વાર વાર્તાઓ લખું છું. છતાં મહારાજશ્રી જે લખશે તેને વ્યવસ્થિત કરી છપાવી આપવામાં મદદ કરીશ. આમ મહારાજશ્રીની સાથે સંપર્કમાં આવનાર સૌની સાથે વિચારોની કડીરૂપ બને એ હેતુથી 'વિશ્વવાત્સલ્ય'નો આરંભ થયો.

છાપું કાઢવાને હવે થોડા જ દિવસની વાર હતી. તેમના મંડળથી તો હું અપરિચિત હતો. ગ્રાહકો ખાસ નોંધાયા ન હતા; એટલે એક જાતની મૂંઝવણ અનુભવતો હતો. મેં મહારાજશ્રીને કહ્યું: 'હજુ ગ્રાહકો તો નોંધાયા નથી.'

'ગ્રાહકો મળશે એ આશાથી આપણે થોડું પત્ર કાઢીએ છીએ? એક વાર સંકલ્પ કર્યો એટલે આપણે તો એ પત્ર ચલાવવું

જ જોઈએ. ભલેને એક ગ્રાહક હોય પણ નક્કી કરેલી તારીખે પત્ર તો નીકળવું જ જોઈએ.' અને પત્ર નીકળ્યું.

આવી શ્રદ્ધાથી શરૂ થયેલા પત્રમાં મહારાજશ્રીએ પૂરેપૂરો પ્રાણ રેડ્યો છે. આમ તો તેઓ પ્રેરક છે પણ બધું પત્ર જ તેમનું છે. આ પત્રનું સંચાલન કરતાં કરતાં પણ તેમની સાથે જે અનુભવ થયા તે ચિરસ્મરણીય છે.

'વિશ્વવાત્સલ્ય'ની નિયમિતતા માટે તેઓનો ખૂબ આગ્રહ છે. આમ તો જીવનનાં બધાં ક્ષેત્રોમાં તેઓ નિયમિતતાનો આગ્રહ રાખે જ છે. તેઓ ગિરધરનગર (અમદાવાદ)માં હતા. એક દિવસ સવારે સાત વાગ્યે ગિરધરનગરથી નીકળી તેમને શ્રી શંકરલાલ બેંકરને મળવા જવાનું હતું. સવારે સાત વાગ્યે નીકળવાનું હતું, મારે પણ સાથે જોડાવાનું હતું. હું સાતમાં દસ મિનિટે વાડીએથી નીકળ્યો. સાઇકલ પર જવાનું હતું. અડધે પહોંચ્યો ત્યાં રેલવેનું ફાટક આવ્યું. તે બંધ હતું. મારે રોકાઈ રહેવું પડયું. ગુડ્ઝ ટ્રેન પસાર થઈ ગયા પછી મેં સાયકલ મારી મૂકી. હું ગિરધરનગર પહોંચ્યો. તેઓ તૈયાર થઈ બંગલામાં આંટા મારતા હતા. હું અંદર ગયો એટલે કાંઈ પણ બોલ્યા વિના તેમણે કમરે બાંધેલું ઘડિયાળ કાઢયું. સમય જોઈ પાછું મૂકી દીધું. હું ખૂબ શરમાયો — કાંઈ પણ બોલી શકયો નહિ. મૂગા મૂગા અમે બન્ને શાહીબાગ તરફ ચાલવા લાગ્યા. અડધેક પહોંચ્યા હોઈશું એટલે મેં મોડા પડવાનું કારણ કહ્યું. 'જો આપણે નિયમિત બનવું જ હોય તો એવા અકસ્માતો બનશે એમ માનીને જ પાંચ મિનિટ વહેલા નીકળવું જોઈએ.

'સમય એ આપણી સાધનાનું મુખ્ય અંગ છે,' તેમણે કહ્યું. અને આજે પણ તેમના એ શબ્દો મારા કાનમાં ગુંજી રહે છે. તેમના જીવનની જો કોઈ વિશેષતા હોય તો તે આ નિયમિતતા છે.

અને તેથી તેમની સાથે કામ કરતા કાર્યકરોમાં પણ નિયમિતતાનો ઠીક ઠીક આગ્રહ નજરે પડે છે.

આ સ્થળે તેમના જીવનનો એક બીજો પણ પ્રસંગ યાદ આવે છે. હુલ્લડના દિવસો હતા. અઠવાડિયામાં બે દિવસ પ્રવચન રાખ્યું હતું. ગામમાંથી લોકો પણ સાંભળવાને આવતા હતા. આજે પ્રવચનનો દિવસ હતો. આઠ વાગ્યા અને તેઓ તો પાટ ઉપર જઈને બેઠા. બરાબર આઠ વાગ્યે તેમણે મોટે અવાજે પ્રાર્થના શરૂ કરી. તે વખતે હું એકલો જ ત્યાં હતો. વહેલો વહેલો ત્યાં જઈને બેઠો. મહારાજશ્રીએ તો જાણે, બસો પાંચસો સાંભળનારા હોય એમ એટલી જ સહજતાથી નક્કી કરેલા વિષય પર બોલવા માંડ્યું. પહેલી પંદરેક મિનિટ સુધી તો હું એકલો જ સાંભળનાર રહ્યો. મને ખૂબ આશ્ચર્ય થયું. એક દિવસ આ પ્રસંગ ઉપર વાત નીકળતાં તેમણે કહ્યું: 'આપણે કોઈ બીજો સાંભળે છે માટે જ કાંઈ થોડું પ્રવચન આપીએ છીએ ? મેં તો મારી ફરજ બજાવી.' તેમના આવા આગ્રહની સાંભળનારાઓ પર સુંદર અસર થતી; લગભગ મોટા ભાગના સાંભળનારાઓ સમયસર હાજર થતા. અને આથી એમની સાથે કામ કરનારાઓની પણ સરળતા સચવાતી. તેઓ કઈ તારીખે ક્યાં હશે તે ચોક્કસ જ રહેતું. નક્કી કરેલો કાર્યક્રમ તેઓ ભાગ્યે જ બદલે છે.

એટલે કયે દિવસે, કેટલા વાગ્યે, તેઓ ક્યાં હશે એ પણ ચોક્કસ જ હોય છે. અનેક કામોનાં પ્રલોભનો આવે છતાં એઓ તો નક્કી કરેલા કાર્યક્રમને જ વળગી રહેવાના.

'વિશ્વવાત્સલ્ય'ના લેખો માટે એમને મળવા જાઉં ત્યારે બધું તૈયાર રાખી તેઓ બેઠા જ હોય. એક દિવસનો પ્રસંગ છે. મોડાસા મળવાનું નક્કી રાખ્યું હતું. હું દશેક વાગ્યે મોડાસા.

પહોંચ્યો, સંતબાલજી આવેલા નહિ. સાઇકલ પર સામા જવાનો વિચાર કરું છું, ત્યાં તો તેઓ આવી પહોંચ્યા. મને તકલીફ ન પડે એટલા માટે તેઓએ લગભગ ચૌદ માઇલનો પ્રવાસ ખેડયો હતો. અધૂરામાં પૂરું લાંબા પ્રવાસોને કારણે તે દિવસે લખાણ તૈયાર ન હતું. સહેજ પણ આરામનો કે આહારનો વિચાર કર્યા વગર તેઓ બહાર એક ઝાડ નીચે મને સાથે લઈ ગયા અને લખવા બેઠા. લેખ લખાતો જાય તેમ મને આપતા જાય. હું વાંચી એકઠા કરતો જાઉં. આખરે રાતના બાર વાગ્યે બધું લખાણ તૈયાર કરી મને સોંપી દીધું. વિશ્વવાત્સલ્ય ' માટેના તેમના આ શ્રમે ખરેખર મારી શ્રદ્ધા વધારી દીધી. તે દિવસથી મને થયું કે ' વિશ્વવાત્સલ્ય 'નું લખાણ ભલે ગમે તેવું હોય પણ તેની પાછળ મહારાજશ્રીની સાધના અને સંકલ્પ પડેલાં છે. એ જ એની વિશેષતા છે.

મહારાજશ્રી સાથે એક વર્ષને માટે જોડાયો હતો. મારે અમદાવાદમાં રહેવાનું હતું. આમ તો રહેવાને માટે ભવ્ય મકાન હતું, બધી જાતની સગવડ હતી. પણ કોણ જાણે અમદાવાદમાં ગોઠતું ન હતું. દિલમાં થતું કે ક્યારે પાછો ગામડામાં જઈને બેસું. પણ ' વિશ્વવાત્સલ્ય 'નું શું થાય ? એ પત્ર કોણ ચલાવે ? મેં મહારાજશ્રીને વાત કરી. મારું દિલ તો મને ગામડામાં જવાનું કહે છે. મને જવા દો. તેઓએ ખૂબ સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ બરાબર ગડ બેઠી નહિ. મને થતું, આ જીવનમાં તો કાંઈ છે નહિ પછી લખવાથી શો ફાયદો ?

આમ મનમાં અસંતોષ રહેતો હતો. ભરૂચ જિલ્લામાં જઈને વતનમાં કામ કરવાનું પણ આકર્ષણ હતું. મહારાજશ્રીને પૂછ્યું. તેમણે તો સહજ રીતે કહ્યું, જવાની ઇચ્છા હોય તો જાઓ પણ આવી ચંચળવૃત્તિ સારી નહિ.

તેઓની આ ઉદારતા મને ગમી. અને કદાચ તેમની આ નિઃસ્પૃહતાએ જ મને પકડી રાખવામાં અગત્યનો ભાગ ભજવ્યો હશે!

તેઓ બુદ્ધિથી મને સમજાવવા પ્રયત્ન તો કરત પણ હજુ બરાબર મન સ્થિર થયું ન હતું. એક દિવસ શ્રી રવિશંકર મહારાજ સંતબાલજીને મળવા આવ્યા. તેમની આગળ મેં આ પ્રશ્ન મૂકચો. મહારાજે કહ્યું: 'આવો અસંતોષ ન થવો જોઈએ. તમોને તમારા કામથી અસંતોષ થાય છે કારણ કે તમે તમારી જાતને અલગ પાડીને જુઓ છો. ભાલનળકાંઠામાં ચાલતાં બધાં કામને તમે તમારું જ ગણો તો અસંતોષ નહિ થાય. એક મોટું યંત્ર ચાલતું હોય તેમાં કોની અગત્યતા વધુ ગણાય? પેલાં તોતિંગ પૈડાંની કે સ્ક્રૂની? આખા યંત્રને હિસાબે ભલેને એક સ્ક્રૂ નાનો હોય, પણ તે સ્ક્રૂ ઢીલો થતાં જ તે આખું યંત્ર ખોરવાઈ જાય છે. ટૂંકમાં યંત્રના એકેએક ભાગની અગત્યતા છે. એક નાનો સરખો સ્ક્રૂ પણ યંત્ર ચલાવવાના કામમાં પેલાં તોતિંગ એંજિનના જેટલો જ અગત્યનો છે.'

આપણે આપણી જાતને એક નાનકડા સ્ક્રૂરૂપ બનાવવાની છે. અને શ્રી રવિશંકર મહારાજના એ શબ્દોએ મારા મનની બધી ગૂંચ ઉકેલી નાખી.

## ૧૯

# બે સંત

ભારતીય સંસ્કૃતિ એક રીતે કહીએ તો સંત સંસ્કૃતિ છે. સંતોએ–ઋષિમુનિઓએ એને સર્જી છે એટલું જ નહિ, એ સંસ્કૃતિમાં એવું પ્રાણવાન ખમીર પડેલું છે કે સંતો એમાં પાકયે જ જાય છે. ભારતના ઇતિહાસનો કોઈ પણ કાળ લો, સંતોએ એના ઉત્થાનમાં કંઈ ને કંઈ ભાગ ભજવ્યો જ હશે. બાપુજીએ જીવનના એકેએક ક્ષેત્રમાં નવી ભાત પાડી. ગાંધીયુગના સંતો પણ નવી જ ભાતના. એમના હાથમાં કરતાલ નહિ હોય પણ ચરવડા ચક્ર હશે, ઝાડુ હશે; અને કપાળે તિલક નહિ હોય, પણ પોતાના શ્રમથી પેદા કરેલી ખાદી હશે. તેઓ એકાંતમાં બેસી માત્ર પોતાના જ આત્માનું ચિંતવન નહિ કરતા હોય પણ સમાજના ઉત્થાનમાં સૌનું ઉત્થાન છે એમ માની પોતાના વ્યક્તિગત જીવનવિકાસની સાથે સૌના જીવનને ઊંચે લઈ જવાના કામમાં લાગ્યા હશે.

શ્રી રવિશંકર મહારાજ ગાંધીયુગના પ્રથમ કક્ષાના સંતોમાંના એક ગણી શકાય. એમણે કોઈની પાસેથી બાહ્ય દીક્ષા લીધી નથી. એમનો કોઈ ખાસ વેશ કે પહેરવેશ નથી. છતાંય એમના જેવા સાધુ મળવા મુશ્કેલ.

હઠીભાઈની વાડીમાં હું સંતબાલજી પાસે રહેવાને આવ્યો. એક દિવસ અચાનક શ્રી રવિશંકર મહારાજે ઓરડામાં પ્રવેશ કર્યો. સંતબાલજી પાટ ઉપર બેસી પ્રવચન કરી રહ્યા હતા. મહારાજ

પાટ પાસે આવી એકદમ ઢળી પડ્યા. મને યાદ છે કે ટોપી ઉતારી સંપૂર્ણ શ્રદ્ધાથી તેમણે નમન કર્યું.

હું આ શું જોઈ રહ્યો હતો? આ તે કેવી નમ્રતા! આખું ગુજરાત જેને શ્રદ્ધા અને આદરથી જોતું હતું તે મહારાજ જૈન સાધુના ચરણમાં! એવું શું હશે આ સાધુમાં? એવો એક પ્રશ્ન મને મનમાં ઉદ્‌ભવ્યો.

સંતબાલજીએ પણ તરત જ ઊભા થઈ હાથ પકડી તેમને પાટ ઉપર બેસાડ્યા. આ પાટ ઉપર બેસાડવામાં પણ એક પ્રકારની ક્રાંતિ હતી. મહારાજ ગમે તેટલા સાદા અને સંયમી હોય, છતાં ધાર્મિક માન્યતા પ્રમાણે તો તેઓ ગૃહસ્થ જ ગણાય ને! અને જૈન સાધુની પાટ ઉપર સંસારીથી કેમ બેસાય? પણ સંતબાલજી હવે એવી માન્યતાના બંધનમાંથી મુક્ત થઈ ગયા હતા. આવો જ એક બીજો હૃદયને સ્પર્શી જાય તેવો પ્રસંગ જોવાની તક રાજકોટમાં મળી.

રાજકોટ મોટે ભાગે જૂના વચારના સ્થાનકવાસી જૈન સમાજનું થાણું છે. સન ૧૯૪૮માં સંતબાલજીએ ત્યાં ચાતુર્માસ કર્યાં. સાંજનો વખત હતો. પ્રાર્થનામાં બેથી ત્રણ હજાર માણસો હાજર હતાં. મોટા ભાગના જૈનો હતા. સંતબાલજી પાટ પર આવીને બેઠા. તેમની સાથે ગુલામરસૂલ કુરેશી અને પરીક્ષિતભાઈ મજમુદાર હતા. કુરેશીભાઈ બોલવા ઊભા થયા એટલે સંતબાલજીએ આગ્રહ કરીને કુરેશીભાઈને પોતાની પાટ પર બેસાડ્યા. થોડી વાર માટે તો આખી સભા ઊંચી નીચી થઈ ગઈ. પણ સંતબાલજીને એથી શું? એમણે પ્રાર્થના શરૂ કરી અને પ્રાર્થના બાદ એક જ સ્થળેથી ત્રણ પ્રવચન અપાયાં.

શ્રી કુરેશીભાઈએ હજરત મહમ્મદ સાહેબના જીવન અંગે તથા ઇસ્લામ વિષે કહ્યું, શ્રી પરીક્ષિતભાઈએ અસ્પૃશ્યતા અંગે કહ્યું અને મહારાજે સાચા ધર્મ વિષે.

કેવી સુંદર એકતા ! આજે તો આપણને લાગે કે શ્રી કુરેશી-ભાઈને પોતાની પાટ ઉપર બેસાડ્યા તેમાં શું ? પણ જે જૈન સમાજની વચ્ચે તેમણે આ કર્યું તે ખરેખર કઠિન હતું.

બંને મહારાજને બેઠેલા જોઈએ ત્યારે હૈયું ઠરી જાય છે. એક બાજુ તદ્દન સાદા ગામડિયા જેવા રવિશંકર મહારાજ અને બીજી બાજુ જૂની પરંપરાને જાણે ચુસ્ત રીતે વળગી રહ્યા ન હોય એવા સંતબાલજી; એકના ચહેરા પર ચિંતન અને માનવજાત પ્રત્યે છલકાતી કરુણા, જ્યારે બીજાની આંખોમાં તેજસ્વિતા, સત્યાગ્રહીનો ભાવ; એકના અંતરમાંથી નીતરતું અનુભવનું અમૃત, જ્યારે બીજાની વાણીમાં સત્ય સંશોધનનો એકધારો પુરુષાર્થ; એક જીવનસિદ્ધિને આરે ઊભી જગતની અનીતિ તરફ કરુણાભરી નજરે નિહાળે છે, જ્યારે બીજો જીવનના ઊગતા પરોઢે અનીતિના અંધકારનાં આવરણોને હડસેલી કાઢવાને કટિબદ્ધ થયેલો યોદ્ધો. આમ ગુજરાત ધનભાગી છે કે આ બે સંતો ગામડાંને મળેલા છે. ઉઘાડે પગે ગુજરાતને ગામડે ગામડે પહોંચતા આ બે સંતોથી ગુજરાતનું નવજીવન ધર્મમય બનતું જાય છે.

શરૂઆતના અભ્યાસ પછી જે ચિંતન થયું તેમાંથી સંતબાલજીની લેખન પ્રવૃત્તિનાં મૂળ નંખાયાં. છૂટક લેખોમાંથી ધીમે ધીમે પુસ્તકલેખનની પ્રવૃત્તિ આરંભાઈ. એ દરમ્યાન જ મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિરનો પાયો નંખાયો અને જૈન

સાહિત્ય નવી, સરળ અને બોલચાલની ભાષામાં ઉતારવાનું કામ આરંભાયું. 'ઉત્તરાધ્યયન સૂત્ર'નો અનુવાદ થયો.

આ કામમાં રવાણીભાઈઓ મદદ કરતા. એક દિવસ તારક રવાણી રવિશંકર મહારાજને લઈને સંતબાલજી મહારાજ પાસે આવ્યા. આમ રવિશંકર મહારાજનો પહેલો પરિચય થયો. 'ઉત્તરાધ્યયન સૂત્ર' તેઓને વાંચવા આપ્યું. આ પુસ્તક તેમને ખૂબ ગમ્યું.

ત્યાર બાદ વધુ નિકટ આવવાનો પ્રસંગ હરિપુરા મહાસભામાં સાંપડ્યો. યુવાન સંતબાલજીને ત્યાં જઈ દેશના નવા પ્રવાહોથી પરિચિત થવું હતું. પણ ત્યાં તો લાખો માણસોનો મેળો ભરાવાનો હતો. કોણ કોને પૂછે? ત્યાં એમને એમના ધર્મની બધી વિધિઓ સાચવી રહેવું હતું. આ કામ પણ રવિશંકર મહારાજે ઉપાડી લીધું. એમને માટે ઊતરવાની જ નહિ પણ ગરમ પાણીની અને ભિક્ષા આદિની પણ વ્યવસ્થા કરી. પણ આ મહારાજને માટે નવું ક્યાં હતું? રવિશંકર મહારાજનું તો જીવન જ એવું છે; જેને માટે જે કાંઈ થઈ શકે તે સહજ ભાવે કરી છૂટવું. રવિશંકર મહારાજના શબ્દોમાં કહીએ તો 'ઘસાઈ છૂટવું'. અને એમનો સ્વભાવ જ સૌને હંમેશને માટે એમના કરી મૂકે છે.

આ લખું છું ત્યારે તેઓની સાથેનો આવો જ એક બીજો પ્રસંગ યાદ આવે છે. ભણીને તાજો જ હું ગામડામાં જઈ શિક્ષણના કામમાં લાગ્યો હતો. એટલામાં સાંભળ્યું કે વર્ધામાં નયી તાલીમ સંમેલન ભરાવાનું છે. નવી કેળવણીને સમજવાના ઉત્સાહમાં હું વર્ધા જવા ઊપડ્યો.

ત્યાં પહોંચ્યો પણ હું તો ડેલિગેટ નહોતો. મેં ત્યાં આવવાની ખબર પણ આપી ન હતી. એટલે જમવું ક્યાં એ પ્રશ્ન ઊભો

થયો. આમંત્રિતોની તો વ્યવસ્થા હતી. હું વિચારતો હતો; ત્યાં જ મહારાજ મળી ગયા. એમની સાથે જેલ દરમ્યાન નહિ જેવો પરિચય થયેલો. એમનાં ગીતા પરનાં પ્રવચનો સાંભળવા જતો, ત્યાંથી એમની આંખમાં આવી ગયો હોઈશ. પગે લાગી દાદા પાસે ગયો. 'કેમ અહીં ક્યાંથી ?' દાદાએ પૂછ્યું.

'આ સંમેલનમાં આવ્યો છું.' કહી મેં પૂછ્યું, 'દાદા, આપને હાથે કેમ છે ?'

દાદાએ હાથ ઉપાડ્યો અને બરડામાં મારી કહ્યું: 'જો, આટલું જોર આવ્યું છે.' એમાં કેટલો સ્નેહ હતો !

'જમવાનું શું ? તું ડેલિગેટ તો નહિ હોય ?' તેમણે પૂછ્યું.

'ના, થઈ રહેશે !'

'જો તું મારી સાથે જમજે.' તે દિવસો દરમ્યાન દાદા ગ્રામસેવક શિબિર ચલાવતા હતા. પાસે ઊભેલા કનુ ગાંધીને તેમણે કહ્યું, 'આમને આપણે રસોડે મારી સાથે જમાડજો.'

રાત પડી. ઓઢવાનું થોડું ઓછું હતું. દાદાને કોણ જાણે ક્યાંથી ખબર પડી કે તેઓ રાતના નવેક વાગ્યે આવ્યા અને મને રજાઈ ઓઢાડી ગયા.

કેવી પ્રેમળ ભાવના! આ પ્રસંગ હું હજુય ભૂલી શકતો નથી.

મૅટ્રિક ભણતો ત્યારથી જ આમ તો તેમની પાસે જવાનો સંકલ્પ કરેલો. સ્થૂળ રૂપે તો જવાયું નથી. અને ભાગ્યે જ બે ત્રણ દિવસ સાથે રહેવાનું ભાગ્ય પ્રાપ્ત થયું હશે. છતાં દાદા કહે તે મારે માટે મોટે ભાગે છેવટનું વાક્ય બની જાય છે.

જેમ જેમ ભાલનળકાંઠાની પ્રવૃત્તિ વિકસતી ગઈ તેમ તેમ રવિશંકર મહારાજનું આ તરફ આવવાનું વધતું ગયું. શિયાળ

સંમેલન અને ત્યાર બાદ બકરાણા વર્ગમાં તેઓ આ પ્રદેશથી વધુ પરિચિત થયા. સન ૧૯૪૪માં જ્યારે ચારે બાજુએ કાળા બજારે જોર પકડ્યું ત્યારે એક દિવસ અચાનક તેમને સમાચાર મળ્યા કે સંતબાલજી ધંધુકા છે; તેઓ ત્યાં થઈને પસાર થતા હતા. તેઓ ત્યાં ઊતરી પડ્યા અને તેમણે ચારે બાજુએ અને જીવનના ખૂણે ખૂણે વ્યાપી રહેલી અનીતિ સંબંધી પોતાનું દુ:ખ ઠાલવ્યું. સમાજવ્યાપી એ સડાએ એ બન્ને પુરુષોને કેટલું દુ:ખ જન્માવ્યું હશે તે તો એ પ્રસંગે હાજર હોય તે જ સમજી શકે.

આમ વ્યવહારમાં જુદાઈ હતી. એક સંપૂર્ણ ગાંધીવાદી હતા, જ્યારે બીજા જૈન ધર્મમાંથી રાષ્ટ્રીય અને સામાજિક જીવનને પોતાની ધર્મદૃષ્ટિએ સમાજરચનાનું સાધન બનાવતા હતા; છતાં બંનેનું ધ્યેય એક જ હતું – અને તે માનવજાતના ભલાનું. આ ભલા માટે નીતિ અનિવાર્ય હતી. એ બન્ને અહીં એક થતા હતા. આમ ધ્યેયની એકતામાંથી બન્ને વચ્ચે વધુ ને વધુ નિકટતા સધાઈ. નીતિને કેન્દ્રમાં રાખી ભાલનળકાંઠામાં જે જે કામો થઈ રહ્યાં છે, તેમાં રવિશંકર મહારાજની સક્રિય મદદ મળતી રહી છે. એટલું જ નહિ, નીતિની ભૂમિકા પર રચાયેલાં ખેડૂત મંડળનો પાયો નાખવામાં પણ તેઓ પ્રાણરૂપ છે. ભાલ-નળકાંઠામાં કાર્ય કરી રહેલ પ્રાયોગિક સંઘના તેઓ પ્રમુખ છે. એક રીતે કહીએ તો બે મહારાજના જીવંત સંપર્કથી ભાલનળકાંઠાની પ્રવૃત્તિ વધુ ને વધુ સાત્વિક માર્ગ લઈ રહી છે.

આપણી અસ્મિતાને ઉન્નતિને શિખરે લઈ જઈ આપણને એક આદર્શ ઝંખતી પ્રજા તરીકે જીવતાં શીખવવામાં આ બે સંતોનો ફાળો નાનોસૂનો નથી. એ ગુજરાતનું અને આપણા સૌનું ધનભાગ્ય છે.

## ૨૦

# દુષ્કાળના ઓળા

દુકાળના કારમા ઓળા ગુજરાતની ધરતી પર ઊતર્યા અને એ દુકાળના કારમા પંજામાં નપાણિયો ભાલ પણ ઝડપાઈ ગયો. એક તો વર્ષોથી આ પ્રદેશ નપાણિયો હતો, પાણી વગર એનું ગળું સૂકું હતું, ચોમાસાના ચાર છ માસ સિવાય ભાગ્યે જ એને પીવાનું મીઠું પાણી મળતું હશે; તેમાંય આ વરસે મેઘરાજાએ રુસણું લીધું. ભાલની વેરાન ખારી ભોમ આકાશને તાકી રહી. એ ભોમના વિરાટ વગડામાં ચરી ખાતાં પશુઓ પણ આભને તાકી રહ્યાં. પણ ના આવ્યો એ ધરતીપ્રાણ મેહુલો. એકબે દિવસેય પાણી ન મળે તો ગળું રૂંધાય પણ આ તો હતો મહિનાઓનો વાયદો.

'દહાડે વાદળ અને રાતે તારા, એ દુકાળના ચોક્કસ ચાળા.' એક માસ, બે માસ, વરસાદ ન વરસ્યો. માણસનાં હૈયાં હોઠે આવ્યાં અને લોકોમાં દુકાળ જાહેર થયો. આખું ભાલ કંપી ઊઠ્યું!

અનાજ ન હોય તો પોટલીઓ બાંધીને લાવી શકાય. પણ અહીં તો હતો પાણીનો કાળ! અને તે કરતાંય કારમો આ હતો ઘાસનો કાળ. માણસ તો ભૂખે દુઃખે પણ દહાડા કાઢે. પણ આ મૂગાં ઢોરનું શું?

સંતબાલજી તે વખતે રાજકોટમાં હતા. શ્રી જયંતીભાઈએ તેમને પત્ર લખ્યો. તેઓ ઉતાવળો પ્રવાસ કરી ભાલમાં આવી

પહોંચ્યા. ઝડપી પ્રવાસ કરી આખો પ્રદેશ ફરી વળ્યા. લોકોને આશ્વાસન આપતા; આવી પડેલી આફતનો ધીરજથી સામનો કરવાની તેઓ પ્રેરણા પાવા લાગ્યા. બબ્બે મહિના વીતી જવા છતાં કોઈ પણ કામ આરંભાયું ન હતું. તેમણે જોયું કે જો અત્યારથી કાળજી રાખી કામે નહિ લાગીએ તો આ દુકાળમાંથી બચી શકીશું નહિ.

સેવકોને મોકલી માહિતીપત્રકો એકઠાં કરવા માંડયાં. થોડા જ વખતમાં કેટલાં માણસો છે, કેટલાં ઢોર છે, કેટલી સાધન-સામગ્રી છે તેની વિગતો આવી ગઈ. અને ધોલેરા મુકામે भालनळकांठा दुष्काळ कर्तव्य समितिની સ્થાપના થઈ.

આ સમિતિની સ્થાપના વખતનો એક પ્રસંગ યાદ આવે છે. જેમ બધે સામાન્ય રીતે રાહત સમિતિઓ સ્થપાઈ તેમ આ સમિતિનું નામ દુષ્કાળ રાહત સમિતિ વિચારાયું હતું. વાતવાતમાં મેં મહારાજશ્રીને કહ્યું, ' આપણે રાહત આપનાર કોણ ? પહેલાંની સરકાર આપણી સરકાર ન હતી. તે આપણા ઉપર ઉપકારનો અહેસાન ચઢાવી આપણને દબાવવા ઇચ્છતી એટલે આવાં કામોને તે રાહતનાં કામો ગણતી. પણ આપ તો આ પ્રદેશમાં ધર્મ-દષ્ટિએ સમાજરચનાનો પ્રયોગ કરો છો. એટલે જેઓ મહેનત કરી જીવવા ઇચ્છે છે તેમને માથે મુશ્કેલી આવી પડે તેમાં સહાય-રૂપ થવું એમાં રાહત શાની ? એ તો ખરેખર આપણું કર્તવ્ય છે. આપણે એમને ઉપયોગી થઈ બીજું કાંઈ નથી કરતા પણ માત્ર આપણી ફરજ જ અદા કરીએ છીએ. એટલે આપણી સમિતિનું નામ कर्तव्य समिति હોવું જોઈએ.' આ વાત તરત જ સ્વીકારાઈ અને કર્તવ્યપાલનના પ્રયોગની દષ્ટિએ આ કામ આરંભાયું.

સૌથી પહેલો અને અગત્યનો પ્રશ્ન હતો પાણી અને ઘાસનો. જેમની જેમની પાસે સગવડ હતી તે સૌ તો આ પ્રદેશ છોડી બહાર ઘાસનાં જંગલોમાં ચાલ્યા ગયા હતા. સરકાર પણ ખૂબ જોરથી એ પ્રદેશ ખાલી કરવાને માટે પ્રચાર કરતી હતી. પણ એ ગામોમાં એવા પણ કેટલાક લોકો હતા કે જે ગામ છોડી જવા કરતાં ત્યાં રહી મુશ્કેલીઓ વેઠી કાળ પૂરો કરવા ઇચ્છતા હતા. તેમની આ મક્કમતાએ મહારાજશ્રીને વિચારમાં નાખી દીધા. શું કરવું? જબરજસ્તીથી એમને સ્થળાંતર કરવાની ફરજ પાડવી, કે તેઓ જ્યાં છે ત્યાં જ તેમને થોડીઘણી મદદ કરી જિવાડવા?

આ પ્રશ્ન વિચારાતો હતો તેવામાં જ શ્રી બબલભાઈ મહેતા ત્યાં આવી પહોંચ્યા. મહારાજશ્રીની સૂચનાથી તેઓ દુષ્કાળના વધુમાં વધુ ભોગ બનેલાં ગામડાંમાં પ્રવાસ કરવા ગયા. અને તેમણે શું અનુભવ્યું? આપણે જેને દુ:ખ માનીએ છીએ તેને તે પ્રજા દુ:ખ માનતી ન હતી. વર્ષોથી ખારાં પાણી પીવા ટેવાયેલ પ્રજાને કહીએ કે આવું પાણી પી શી રીતે જીવશો? તો તેઓ તરત જ કહેતા, 'પહેલાં બે ત્રણ મહિના પીવું પડતું તો હવે ચાર છ માસ વધુ.' એમની પાસે પણ આગળના અનુભવો હતા. તેઓ કહેતા, 'અહીંથી બહાર જઈએ એટલે પાછા આવ્યા ત્યારે ખરા. ગયા દુકાળમાં આટલાં ઢોર ગયાં તેમાંથી માંડ આટલાં પાછાં આવ્યાં હશે. વળી ચાલતાં જાય અને ચાલતાં પાછાં આવે એટલે કેટલાંય રસ્તામાં પૂંછડે પડે. એ કરતાં આ ધરતીમાતા અમને જેમ જિવાડશે તેમ જીવીશું. પણ આ ઘર અને જમીન છોડી જવા જીવ ચાલતો નથી. અહીં હોઈશું તો આ થોડુંઘણું તમ્મર લાવી નીરીશું. જો આપને બહુ દયા આવતી હોય તો થોડુંઘણું ઘાસ આપો અને મજૂરી આપો. અમારે તો કામ જોઈએ છે.'

શ્રી બબલભાઈએ આવી મહારાજશ્રીને કહ્યું : ' આ પ્રજામાં પણ એક પ્રકારની મુશ્કેલીઓ સામે લડવાની તાકાત છે. તેઓ દુ:ખી છે એ વાત સાચી, પણ તે આપણી દૃષ્ટિએ. વર્ષોથી આ રીતે તેઓ જીવતા આવ્યા છે એટલે જીવી જશે. એમને જબરજસ્તીથી આ પ્રદેશમાંથી બહાર કાઢવા એ એમની જીવનશકિતને તોડી નાખવા બરોબર છે. ' અને સૌએ મળી વિચાર્યું કે તેમના પર જબરજસ્તી ન કરતાં તેમને જે કાંઈ મદદ અહીં અપાય તે આપવી.

આને કારણે શ્રી કલેક્ટર સાહેબને તથા બીજા કાર્યકરોને લાગી પણ આવ્યું. પણ મહારાજશ્રી મક્કમ રહ્યા. અને તે જ પ્રદેશમાં કામનો આરંભ થયો.

ગાંધી હાટ તરફથી સૌથી પહેલી પાણીની યોજના વિચારાઈ અને મોટર દ્વારા જે ગામોમાં પાણી ન મળતું હોય ત્યાં પાણી પહોંચાડવાનું કામ આરંભાયું. ત્યાર બાદ એ કામ દુષ્કાળ કર્તવ્ય સમિતિએ ઉપાડી લીધું. શરૂઆતમાં તો એક બે ગામમાં જ આ રીતે પાણી પહોંચાડાતું; પણ પછી તો જેમ જેમ પાણીની તાણ પડતી ગઈ તેમ તેમ બીજાં ગામોમાં પણ મોટરલૉરી દ્વારા પાણીની યોજના ગોઠવાઈ.

બીજી બાજુથી લોકોને રાહત મળે એ માટે તળાવના ખોદકામની યોજના લોકલબોર્ડ પાસે મૂકી. આખું વરસ પ્રદેશનાં બધાં માણસોને રોજી મળી રહે, અને લગભગ દરેક માણસને પોતાના ગામની ભાગોળે યા નજીકમાં જ કામ મળે એ રીતે તળાવો અને રસ્તાનાં કામ ઉઘાડવામાં આવ્યાં.

પશુઓને માટે જેટલું તમ્મર તથા ત્યાંનું ઘાસ મળી શકે તેટલું લાવવાની વ્યવસ્થા કરી. આજુબાજુનાં થોડાં ગામમાં સારો

પાક હતો ત્યાંથી કુંવળ પણ ઉઘરાવાયું. આ સમય દરમ્યાન સરકાર તરફથી નીરણ કેંદ્રો પણ શરૂ થવા લાગ્યાં. આમ થોડા જ વખતમાં સારીયે પ્રજા, સેવકો અને સરકાર જાણે દુષ્કાળ સામે કમર બાંધી કામે લાગ્યાં હોય એવું અદ્ભુત દશ્ય ખડું થઈ ગયું.

આ દુષ્કાળના દિવસોમાં જ મને ત્યાંના મુખ્ય કાર્યાલયમાં રહેવાનું ભાગ્ય સાંપડ્યું. અને મેં આખાયે પ્રદેશમાં એક અપૂર્વ ઉત્સાહ જોયો.

ભાલના આ દુષ્કાળમાં પોતાની જાત ઘસીને પણ કાંઈ કરી છૂટવાને ગુજરાતના યુવાનો અને વિઠ્ઠલ કન્યા વિદ્યાલયની બહેનો આવી પહોંચ્યાં. એક બાજુથી પાણીનો વહીવટ સરકાર વતી જળ સહાયક સમિતિએ સંભાળ્યો. એ મોટરોમાં ઘૂમીને યુવાનોએ ભૂખ અને તાપ જોયા વિના કામ કર્યું. મોટરના માલિકો અને એના હાંકનારાઓમાં પણ મેં એવી જ ભાવનાનાં દર્શન કર્યાં.

બીજી બાજુથી તળાવોનાં ખોદકામનું કામ ઝડપથી શરૂ કરવામાં આવ્યું. યુવાનોએ એ કેંદ્રોમાં પણ મદદ કરી. આ બધાથી વધારે અગત્યનું કામ તો વિભાગનાં કેંદ્રોમાં સસ્તા ભાવે અનાજ આપવાની દુકાનો ચલાવવાનું હતું. થોડા જ દિવસોમાં દુષ્કાળ પીડિત ગામોમાં એક પછી એક દુકાનો ખૂલવા લાગી અને આખાયે પ્રદેશમાં સસ્તા દરે તેલ, ગોળ, ડુંગળી, મરચાં, કપાસિયા વગેરે વેચવાની વ્યવસ્થા થઈ. તે દિવસનાં ઉત્સાહ અને કાર્યશક્તિની શી વાત કરું! ઘણી વાર રાતના બાર બાર વાગ્યે ખટારા ભરી ગોળ આવતો. રાત્રે મજૂરો ક્યાંથી લાવવા? અડધી રાતે પણ યુવાનો ઊભા થઈ જતા અને સૈનિકની જેમ કામ ઉકેલતા.

આ ઉપરાંત સમાજનો એક એવો વર્ગ પણ હતો કે જે આવી સખત મજૂરીનું કામ ન કરી શકે. તેમને માટે કાંતવાની

વ્યવસ્થા થઈ. તેનાં પણ કેન્દ્રો ખૂલ્યાં. બહારથી સંખ્યાબંધ રેંટિયા આવવા લાગ્યા. અને થોડા દિવસમાં એ કામ પણ ગોઠવાઈ ગયું.

આમ માણસોને કામ મળ્યું, સોંઘે ભાવે વસ્તુઓ મળી, પીવાને પાણી મળ્યું; સાથે સાથે તે તે કેન્દ્રોમાં બેઠેલાં ભાઈબહેનોએ સંસ્કાર પ્રવૃત્તિ પણ ચલાવી. આ બધાનો હેતુ માત્ર તેમની નૈતિક હિંમત ટકાવી રાખવાનો હતો. અને ખરેખર તે ટકી અને એટલે જ તેઓ તરી ગયા. પશુઓને પણ સરકાર તરફથી નીરણ કેન્દ્રો દ્વારા ઘાસ મળ્યું. બાકીનાં ઢોરોને કર્તવ્ય સમિતિએ મદદ કરી. આમ પ્રજા, સેવકો અને સરકારના સંયુક્ત પ્રયત્નથી દુષ્કાળને પાર કરી ગયા.

એનાં તો માત્ર આજે સંભારણાં છે. બીજા વરસે તો ત્યાં સોનું પાક્યું. કારણ એક તો જમીન સાંખી હતી. અને તેમાં વળી માગશર મહિનામાં માવઠું થયું. એટલે પછી શું જોઈએ? ઢીંચણ સમા આવતા ઘઉં કમરને અડવા લાગ્યા. જ્યાં પાંચ મણ પાકે ત્યાં સાતથી આઠ મણનો ઉતારો આવ્યો. વરસાદ આવ્યો અને દુષ્કાળ એક સ્વપ્ન જેવો બની ગયો. અને ખરેખર એ સ્વપ્ન હતું. આટઆટલી કારમી કસોટીમાંથી પણ પ્રજા પાર ઊતરી ગઈ એમાં પ્રભુનો જ પાડ માનવો જોઈએ. નહિ તો કેટલાંય પશુઓ એનો ભોગ બન્યાં હોત. પણ ભગવાનની એટલી કૃપા હતી કે ઘાસ યા ભૂખને કારણે ભાગ્યે જ કોઈ ઢોર આ વિભાગમાં મર્યું હશે. અને એ બધા કરતાંય મોટું કામ તો એ થયું કે વર્ષોથી નહિ ખોદાયેલાં વિશાળ તળાવોમાં વીસથી પચ્ચીસ પચ્ચીસ હજારનું કામ થયું. મેં જોયું, ભાલનાં એ વિશાળ તળાવો તળાવો નહિ પણ તેમનાં જળસંગ્રહો છે. ઉપરથી પાણી સુકાઈ જાય ત્યારે તળાવના તળમાં વીરડા ગાળી તેમાંથી ખોબે ખોબે પાણી ઉલેચી તેઓ જીવન ગાળે છે. ખુદ ધોલેરા જેવા મોટા શહેરમાં પણ શું?

આજે પણ ત્યાં પાણીનો એવો જ ત્રાસ છે. પણ આ દુકાળે મોટા ભાગનાં તળાવો ઊંડાં કરાવી નાખ્યાં; અને એ પ્રદેશમાં હવે પછીનાં કેટલાંય વર્ષો માટે પાણીનો સુકાળ સર્જ્યો. આજે ત્યાં જઈને જોઈએ તો વરસોવરસ ખાલી થઈ જતાં તળાવો પહેલાં કરતાં એક બે માસ વધુ ભરાયેલાં રહે છે. એનું એ પાણી જમીનમાં પચશે અને વર્ષો સુધી એ પ્રજાને પાણી પાશે.

આમ દુષ્કાળે આપણને આપણી શક્તિનું ભાન કરાવ્યું. આ બધા પ્રયત્નોમાં સંતબાલજી અને રવિશંકર મહારાજ ઉપરાંત અનેક સેવકોની તપશ્ચર્યા, સરકારની સહાનુભૂતિ અને ગુજરાત પ્રાંતિક સમિતિની અમીદષ્ટિ રહેલાં છે. એ સૌના એકઠા પ્રયત્ને જ આ થયું.

દુષ્કાળ પૂરો થયા પછી મહારાજશ્રીએ બીજે વર્ષે એ જ પ્રદેશમાં વળી પાછો પ્રવાસ કર્યો અને ત્યાંની પ્રજાને સમજાવ્યું: 'જેમ લીધું તેમ ઉદાર થઈને તેને આપો.' તેઓએ ગામડે ગામડે ફરી લોકોમાં કર્તવ્યપાલનની ધર્મભાવના જાગ્રત કરી અને યજ્ઞાર્થે પ્રતિદાન એકઠું કર્યું.

આમ દુષ્કાળે આપનારમાં ધર્મદષ્ટિ પ્રગટાવી અને પ્રતિદાનના પ્રયોગે લેનારને ઝાંખો ન પડવા દેતાં એના અંતરમાં પણ સત્ત્વ અને તેજનું નાનું સરખું કિરણ પ્રગટાવ્યું.

# ૨૧

# બનાસને બી

શ્રી રવિશંકર મહારાજે થોડા વખત પહેલાં કરેલી વાતો યાદ આવી. આજે ત્રણ ત્રણ વરસથી એ પ્રદેશ દુષ્કાળનો ભોગ બન્યો છે. આ વખતે એમની આંખ હસતી હતી. ચાર વર્ષના દુષ્કાળથી જે પ્રદેશની કેડ ભાંગી ગઈ હતી એવા બનાસકાંઠાના પ્રદેશમાં મેઘરાજાએ મહેર કરી. આખાયે પ્રદેશમાં કપાસનું વાવેતર થઈ ગયું. પણ આ શું? ગાંડી બનાસ ખરેખર ગાંડી થઈ. તે રેલી. અને રેલ પણ નાનીસૂની નહિ. તેર માઈલના વિશાળ પટ ઉપર તેનાં પાણી ફરી વળ્યાં. કપાસ ધોવાઈ ગયો. ખેડૂતોને દુઃખ તો થયું પણ આ વખતે આ રેલ કાંપ પાથરતી ગઈ.

મહારાજ કહેતા: 'બનાસ નદીની રેલ તો બનાસકાંઠાનું જીવન છે. બેચાર વરસે એકાદ વરસ તે રેલે. અને જમીનમાં રેલાય તો એક મણના સોળ મણ ઘઉં પાકયા જ સમજો.'

લોકોએ પોતાના જેવાતેવા બળદોથી વળી પાછી જમીન ખેડવા માંડી. ખેતરો તૈયાર કર્યાં. પણ બી કયાં? સરકારની ગણતરી તો ૭૦થી ૮૦ હજાર મણ બીની હતી. પણ આ નદી રેલાતાં કપાસનું વાવેતર નકામું ગયું. હવે તો બધે જ ઘઉં, ચણા કે જવ વાવવા પડે. મહારાજે કલેક્ટર પાસે ધા નાખી. ત્યાંથી ન પત્યું તે દોડયા પુરવઠા પ્રધાન માનનીય શ્રી દિનકરભાઈ પાસે. પણ તેમ બિચારા શું કરે? તેમણે કહ્યું: 'ઘઉં નથી.' મહારાજે આગળ તાર કર્યો; ખોરાકપ્રધાન શ્રી મુનશીને લખ્યું. તેમણે કહ્યું:

'હું દિનકરભાઈને લખું છું.' આમ દિવસો પર દિવસો વીતવા લાગ્યા, વાવવાની ઘડીઓ ગણાવા લાગી. દરેક કાગળને મથાળે મહારાજ લખતા: 'હવે પંદર દિવસ રહ્યા. હવે દસ રહ્યા.' આને મળો, તેને મળો; પણ ઘઉં ન મળ્યા.

તેઓ સંતબાલજીને મળવા આવ્યા. તેમણે તેમને વાત કરી. સંતબાલજીએ કહ્યું: 'અહીં ઘઉં તો છે. જોઈએ તેટલા મળશે.' 'એમ!' મહારાજના મોં પર આનંદ છવાઈ ગયો. તેમણે પૂછ્યું: 'ખેડૂતો આપશે?' સંતબાલજીએ કહ્યું, 'હા! આપ માગો અને તેય બીને માટે તો કોણ નકારી શકે?'

અંતરમાં આશા લઈ તેઓ અમદાવાદ પહોંચ્યા. સરદારશ્રી ઑક્ટોબરની ૩૧મી (૧૯૫૦) તારીખે અમદાવાદ આવવાના હતા. તેમની પાસે સમય માગ્યો. અડધો કલાક મળ્યો. તેમણે અથથી ઇતિ કહી સંભળાવી. સરદારશ્રીને દુઃખ થયું. આ શું? તેમણે માનનીય શ્રી દિનકરભાઈને સૂચવ્યું: 'તમે મહારાજને ગમે ત્યાંથી ઘઉં અપાવો.'

રવિશંકર મહારાજે કહ્યું, 'મને પરમિટ આપો, વૅગનો આપો. હું ઘઉં મેળવી લઈશ. ભાલના ખેડૂતો આપવા તૈયાર છે. તમે મને સગવડ આપો.'

'તમારે શી સગવડ જોઈએ તે મને લખી આપો,' દિનકરભાઈએ કહ્યું.

'હું કાંઈ ન સમજું. તમે એવો હુકમ કરો કે રવિશંકરને જે સગવડ જોઈએ તે બધી આપજો.' અને આ ઑર્ડર બધે છૂટચા.

એક બાજુથી આવી વાતો ચાલતી હતી ત્યાં બીજી બાજુથી બીને માટે બંગાળી બે મણ ઘઉં લઈ જવાની છૂટ મળી હતી.

અને આ છૂટ એટલે શું? જે કોઈના દિલમાં થયું તે આવે ભાલમાં. અને તે દિવસોનું દૃશ્ય જુઓ તો આશ્ચર્ય થાય. આખી ગાડી આ પોટલિયા ઘઉંથી ભરેલી જુઓ. કોઠ અને અરણેજ સ્ટેશનો તો ઘઉંની ગૂણોથી ચિકાર જ હોય. આ લોકોમાંનો મોટો ભાગ ખાનારાનો હતો. એમને ચાર આના ઓછાવધુની ક્યાં પડી હતી? એટલે ઘઉંના ભાવ વધવા લાગ્યા. દસ, સવાદસ અને છેવટે અગિયાર સાડાઅગિયાર પણ બોલાયા.

બીજી બાજુથી સાણંદ તાલુકામાં રેલને કારણે ત્યાં પણ ઘઉં વાવવાની લોકોને ફરજ પડી. અને ત્યાંની સોસાયટીઓ બી માટે આ તરફ ઊપડી. તેઓને સ્વતંત્ર પરમિટો મળી અને તેમણે પણ થોડા ઊંચા ભાવે ઘઉં ખરીદ્યા. આ ભાવઉછાળામાં ખેડૂતોનું મન લલચાયા વગર કેમ રહે? એક વાર એવી આશંકા પણ જન્મી ગઈ કે કદાચ ઘઉં જોઈએ તેટલા ન પણ મળે!

અમદાવાદમાં પૂ. સરદારશ્રીનું પ્રવચન પૂરું થયું કે તરત જ મહારાજશ્રીની સાથે ભાલમાં પ્રવાસ કરવાનું નક્કી થયું. વહેલી સવારે જિપ ગાડીમાં બેસી મહારાજ સાથે સૌ ભાલમાં આવી પહોંચ્યા. ગામેગામ ખરડા થવા લાગ્યા અને સ્વપ્નેય કલ્પના નહિ એવી મોટી સંખ્યામાં લોકોએ ઘઉં નોંધાવ્યા—અને તે પણ બાંધેલા ભાવે.

પણ ઘઉં નોંધાવાથી જ કાંઈ ઘઉં રાધનપુર પહોંચી જતા નથી. ઊંડાણનાં ગામડાંમાં પડેલા એ ઘઉં કુંવળમાંથી બહાર કાઢી ઊપણાય, તોળાય, મોટરોમાં ખડકાઈ ધંધુકા પહોંચે, ત્યાંથી વૅગનો ભરાય, તે રાધનપુર પહોંચે. ત્યાં વહેંચાય, ત્યાર પછી વવાય. અને આ બધુંય આજના તંત્રની પાસે કરાવવાનું.

મહારાજે આંટા શરૂ કર્યા. ધંધુકાથી અમદાવાદ અને અમદાવાદથી રાધનપુર. તેમના અથાગ પરિશ્રમને પરિણામે છેવટે ઘઉં બનાસકાંઠામાં પહોંચ્યા, અને વવાયા. ત્યાંના ખેડૂતો રવિશંકર મહારાજની આ સેવાઓ અને જે પ્રદેશે બાંધેલે ભાવે ઘઉં આપ્યા તે પ્રદેશ અને તેના લોકોને કેટકેટલી મૂંગી આશિષો મોકલતા હશે!

આ ઉંમરે પણ એક યુવાનને શરમાવે એવાં તેમનાં શ્રમ અને સંકલ્પ સૌને પ્રેરણા આપે તેવાં છે. આ અથડામણે તેમના શરીરને ઢીલું કરી નાખ્યું. તેઓ માંદા પડ્યા. અને માંદગીના બિછાનેથી તેમણે લખેલો આ કાગળ તેમના અંતરની વેદના રજૂ કરે છે:

'રાધનપુરના ખેડૂતો તથા હું, આપે ને ભાલના ખેડૂતોએ આ કટોકટીમાં જે સહાય કરી તેને વિષે કેવો આભાર માનીએ! એ કંઈ કહી બતાવવા જેવી વાત ઓછી જ છે? એ તો મનમાં સંઘરવાની વાત છે. સરકારને પણ આ ઘઉં અમને મળી શક્યા તેથી ભારે અચંબો થયો હોવો જોઈએ. આ થઈ શકશે એવું કોઈએ ધાર્યું નહોતું.

'ધંધુકામાં ચુડાસમા રજપૂતોએ અને બીજા ખેડૂતોએ પણ ઉત્તમ સહકાર આપ્યો. તેમણે મારું પ્રેમથી સ્વાગત કર્યું અને ઉત્તમ વચનો સંભળાવ્યાં. એક વખત ધંધુકા જઈ રહ્યો હતો. ધોળકાથી ડબામાં પાંચ રજપૂતો બેઠા. મને તો કંઈ ઓળખતા નહોતા. ઘઉંની વાત નીકળી. સ્વાભાવિક રીતે એમણે કહ્યું: 'રવિશંકર મહારાજને જોઈએ ને સંતબાલજી મહારાજ નિવેદન બહાર પાડે એટલે ખાવા માટે પણ રાખ્યા વિના ઘઉં કાઢી જ દેવા પડે.' કેવો અકૃત્રિમ પ્રેમભાવ! એકાદ સ્ટેશન બાકી હશે ને મને ઓળખ્યો.

પછી તો ભાવ બતાવવામાં શાની મણા રાખે? અંબુભાઈ, ફૂલજીભાઈ વગેરે ભાઈઓએ ખૂબ કામ કર્યું. હું શરમાળ રહ્યો એમ માનીને રાસ ગામના મુખ્ય કાર્યકર્તા શ્રી આશાભાઈ મને મદદ કરવા આવી પહોંચેલા. પણ તેમણે જોયું કે અહીં તો મહારથીઓ પડ્યા છે. રજપૂતોની વાતો સાંભળીને એ દિંગ થઈ ગયા. હું શું મદદ કરવાનો હતો? એમ કહીને એમણે પાછા વળી જવું ઉચિત માન્યું.

'રાજનગરવાળા–અમદાવાદવાળા–મારા મિત્ર છે. તેમની મોટરો પણ રાત ને દિવસ જોયા વિના ઘઉં ખેંચ્યે રાખે છે.

'આ સૌનો ઉપકાર કેવી રીતે માનવો? શું વાત કરું? જે જોખનારાઓ હતા તેમણે સુધ્ધાં કહ્યું કે: 'તમારા ઘઉં પૂરા થાય નહિ ત્યાં સુધી અમે દિવાળી પાળ્યા વિના કામ કરીશું.' આ બધા પ્રેમની વચ્ચે કામ કરવું એ ખરી કૃતાર્થતા છે.'

પૂ. રવિશંકર મહારાજ વર્ણવે છે એવી ભાવનાથી જો દેશના ઉત્થાનના કામમાં સારીયે પ્રજા લાગે તો?

## ૨૨

# નૈતિક મોરચે

અનીતિ ! અનીતિ ! ચારે બાજુએ અનીતિ અને કાળાં બજાર.

૧૯૪૨ના યુદ્ધવિરામ પછીનો આ કાળ હતો. યુદ્ધે માનવજાત ઉપર અનેક જાતની આપત્તિઓ નાખી. કેટલાંયે રાષ્ટ્રો પાયમાલ થયાં. કેટલાંયે રાજ્યની સરહદો પલટાઈ ગઈ. મોટાં સામ્રાજ્યો તૂટી ગયાં. પણ એ બધાંમાં સૌથી વધુ આંચકો જો કોઈએ અનુભવ્યો હોય તો તે ભારતવર્ષે. બીજાના તો દેહ ભાગ્યા, પણ ભારતવર્ષનો તો આત્મા જ અનીતિના ઊંડા અંધકારમાં બૂડી ગયો. યુદ્ધે વસ્તુઓના ભાવ આસમાને ચઢાવ્યા. ચઢે જ, કારણ કે યુદ્ધને કારણે વિનાશ વધે અને ઉત્પન્ન કરનાર ઘટે. એટલું જ નહિ, જે સાધનો માણસની જરૂરિયાત પેદા કરતાં હોય, તે જ સાધનો માણસના વિનાશની સામગ્રીનો વેપાર કરવામાં લાગે. ભારતવર્ષ પરાણે યુદ્ધમાં હોમાયું. સરકારી ખરીદી શરૂ થઈ. લાંચ, લાગવગ અને નફાખોરીનું કોઈ જ ધોરણ ન રહ્યું. બે આનાની વસ્તુ બજારમાં બે રૂપિયે વેચાવા લાગી. અને પછી તો પ્રજાને લોભનો ચસકો લાગ્યો.

યુદ્ધ પૂરું થયું છતાં પ્રજામાં પેસી ગયેલી આ લાલચ સહેજ પણ ઓછી ન થઈ. હવે તો તેનું પેટ પણ બાઉધરું થઈ ગયું. બે પાંચ રૂપિયા કે પચીસ પચાસની આવકથી કોઈનેય સંતોષ ન થતો. હજારોની વાતો થવા લાગી. અને તેમાં સૌ ગૌરવ માનવા

લાગ્યા. આમ સમાજમાં અનીતિ, કાળાંબજાર, નફાખોરીને પ્રતિષ્ઠા મળી.

તે વખતે દેશમાં એવા થોડા વિચારકો હતા કે જેમના અંતરમાં આ પાપનું દુઃખ હતું. કારણ કે તેઓ જાણતા હતા કે આ ઊછળતા પૈસા ભારતવર્ષના નાશનું કારણ બનવાના છે, પ્રજાને પાડવાના છે. એ ખોટા છે, ઊભરો છે; એક દિવસ શમી જતાં સૌ નિરાશ થવાના છે.

રવિશંકર મહારાજ સૌરાષ્ટ્ર તરફ જઈ રહ્યા હતા. અચાનક તેમને સમાચાર મળ્યા: 'મુનિશ્રી સંતબાલજી ધંધુકામાં છે.' આ દિવસોમાં તેઓ એક પ્રકારની વેદના વેઠી રહ્યા હતા. તેમને થતું હશે કે કોઈની પાસે જઈને આ દુઃખ ઠાલવું.

બંને મળ્યા. એ દિવસે બંનેના મુખ ઉપર એક પ્રકારની ગ્લાનિ હતી. રવિશંકર મહારાજ જાણે કરુણાની મૂર્તિ હોય એવા ગળગળા ભાવથી પ્રજાના નૈતિક અધઃપતન વિષે કહેતા હતા. એમના ચહેરા પરની વેદના શી રીતે વર્ણવી શકું? સંતબાલજી શાંત ચિત્તે સાંભળતા હતા. તેમના દિલમાંય દુઃખ હતું. પણ અડગ યોદ્ધાની જેમ અનીતિ સામે કમર કસવાની તૈયારી એમની વાણીમાં હતી.

વખત જતો ગયો તેમ અનીતિની વેલ પાંગરવા લાગી. અનાજ અને જીવન માટે ઉપયોગી એવી લગભગ બધી વસ્તુઓ પર અંકુશો આવ્યા. જેમ અંકુશો આવતા ગયા તેમ પ્રજા વધુ ને વધુ નિરંકુશપણે અનીતિ તરફ વળતી ગઈ. અને પછી તો દેશના મોટા વિચારકોએ એ અંકુશો સામે વિરોધ કર્યો. 'વિશ્વવાત્સલ્ય' પત્ર દ્વારા સંતબાલજીએ પણ પોતાના વિચારો વહેતા મૂક્યા:

'હિંદને નીતિનો ભૂખમરો ટાળવાની આજે સૌથી પહેલી જરૂર છે. કારણ કે અનાજના ભૂખમરા કરતાં તે અનંત ગણો ભયંકર છે. અનાજનો ભૂખમરો માણસને મારી શકે છે, પણ માણસાઈને મારી શકતો નથી. જ્યારે નીતિનો ભૂખમરો તો માણસાઈને જ મારે છે. હિંદને બીજું બધુંય પાલવ્યું છે અને પાલવશે પણ માણસાઈનું મોત પાલવી શકશે નહિ.

'આ વાત જેમને ગળે ઊતરતી હોય તે નીતિના ભૂખમરાને નિવારવા માટે પહેલ કરે. જ્યારે સન ૧૯૪૨ પછી આ ભૂખમરાએ માઝા મૂકી ત્યારે પણ પહેલ તો અમુકે જ કરી હશે. પણ જેમ જેમ એનું અનુકરણ થતું ગયું અને નાણાંની પ્રતિષ્ઠા આગળ નીતિની પ્રતિષ્ઠા ઓગળતી ગઈ તેમ તેમ એ ભૂખમરો બહેકતો ગયો. એ બહેકેલા ભૂખમરાને કાબૂમાં લાવવા માટે માત્ર જડબાંનું કે લેખણનું જોર પૂરતું નહિ થાય. એને માટે તો આજની ઘરેડમાં વહેતું સમાજવહેણ ધરમૂળથી પલટવું જોઈશે.' ('વિશ્વવાત્સલ્ય', ૧-૩-'૪૭)

'વિશ્વવાત્સલ્ય'માં આ વિચારો પ્રગટ થયા પછી પૂ. બાપુજીના પણ અંકુશવિરોધી કડક લેખો આવ્યા. અને બાપુજીના આ વિચારોની અસરથી પ્રેરાઈ સરકારે અંકુશો દૂર કર્યા.

એક બાજુથી સંતબાલજીએ અંકુશો કાઢી નાખવાનો પ્રચાર શરૂ કર્યો, જ્યારે બીજી બાજુથી તેઓ પ્રજાને પોતાની જાત ઉપર અંકુશો રાખવાની શિખામણ આપતા. તેઓ હંમેશાં કહેતા: 'સ્વરાજ્ય આવ્યું છે. એનો અર્થ એ કે હવે આપણે બધી બાજુથી વિચારી જીવવું જોઈએ. બધાની મુશ્કેલી તે આપણી મુશ્કેલી છે. માત્ર ભાવઉછાળા અને નફાખોરીમાં જ તણાઈશું તો નાશ પામીશું.'

તેઓ માને છે કે દેશના અર્થતંત્રના કેન્દ્રમાં ખેડૂત છે. ખેડૂત વર્ગ પણ અકળાયો હતો. કારણ કે તેમને અનાજ વગેરે પોતાની ઉત્પન્ન થયેલી વસ્તુઓ બાંધેલા ભાવે આપવી પડતી હતી, જ્યારે તેમને મોટા ભાગની જરૂરિયાતો કાળાં બજારમાંથી મેળવવી પડતી હતી. આ પરિસ્થિતિમાં ખેડૂતોને બાંધેલા ભાવ પાળવાની સલાહ આપવી અઘરી હતી. પણ તેમણે જોયું કે ખેડૂત કે જે જગતાત છે, તે પણ જો અનીતિ તરફ વળે તો પછી અનીતિમાંથી ઊગરવાનો દેશને માટે કોઈ આરો નહિ રહે.

તેઓ પોતાની સભાઓમાં કહેતા: 'આખું જગત કાળા બજારિયું ભલે બને, પણ જે દિવસે ખેડૂત કાળા બજારિયો બને તે દિવસે થઈ જ રહ્યું.' એ દિવસોમાં તેઓ ખૂબ પરિશ્રમ ઉઠાવી કામ કરતા; અનાજના પડતર ભાવ શા હોવા જોઈએ તેની ગણતરીઓ કરાવતા. અને એ અનાજના બાંધેલા ભાવ યોગ્ય છે કે નહિ તે વિચારતા. આ બધા પરથી તેમને લાગ્યું કે અનાજના જે ભાવ બાંધ્યા છે તે ખેડૂતોને પોસાય તેમ નથી. એક તો ખેતી એ આર્થિક રીતે પણ ખોટનો ધંધો હતો તેમાં વળી આવી પરિસ્થિતિ પેદા થઈ.

અંકુશો દૂર થયા ત્યાર પહેલાં તેમણે ઝંપ મુકામે ખેડૂતોની એક સભા બોલાવી. એ સભામાં રવિશંકર મહારાજ પણ હાજર રહ્યા. તેમણે ખેડૂતોને પૂછ્યું, 'જુઓ, અમે અંકુશો દૂર કરવાની વાતો તો કરીએ છીએ. પણ તમે જો ઢીલા હશો તો અમે પણ પાછા પડીશું. અમોને પણ લાગે છે કે આજના અનાજના બાંધેલા ભાવ બરાબર નથી. પણ તમે તમારી જાતને અંકુશમાં રાખવા ઇચ્છો છો ખરા? જો ઇચ્છતા હો તો વિચારીને કહી દો કે

ઘઉં અને ડાંગરના આટલા ભાવ મળે એટલે બસ. માત્ર તમારું જ ન વિચારશો; પેલા ખાનાર ભણી પણ જોજો.'

આમાંથી એક નવો શબ્દ પ્રચાલત થયો. અને તે 'નૈતિક-ભાવ'. આજના અર્થશાસ્ત્રમાં 'નૈતિક ભાવ' જેવો શબ્દ નથી. વસ્તુના ભાવનો આધાર માંગ અને પુરવઠા ઉપર જ અવલંબે છે. પણ મહારાજશ્રીએ કહ્યું, 'એ સાચી વસ્તુ નથી. આજના ભાવો કૃત્રિમ ભાવો છે. ખેડૂત બજારમાં જાય છે પણ એની વસ્તુનું શું મૂલ્ય ઊપજશે તેનીય તેને ખબર નથી. તે પીઠના હાથમાં રમકડા જેવો છે. અને પીઠ ગણ્યાગાંઠ્યા મૂડીદારોના હાથમાં હોય છે. આ ચૂડમાંથી છૂટવું હોય તો પ્રજાએ નૈતિક ભાવનો સિદ્ધાંત સ્વીકારવો જોઈએ.'

રવિશંકર મહારાજ ઘણી વાર દાખલો આપે છે: આપણે ત્યાં પહેલાં એવો રિવાજ હતો કે દશેરાને દિવસે ભાવ બોલાતા. ગામનો મહાજન – મુખ્ય માણસ વેપારની એકેએક વસ્તુના ભાવ બોલતો અને તે ભાવે વસ્તુઓની આપ-લે થતી. આ સામાન્ય વસ્તુ નથી. મહાજન ગામમાં રહે, ગામના એકેએક માણસની સ્થિતિ જાણે. એટલે તે એવા ભાવ બોલે કે જેથી બધાનું પોષણ થાય. ખેડૂતની ખેડ ન ભાંગે તેમ વાપરનારની કેડ ન ભાંગે. આમ ખાનાર અને ખેડનાર બંને તરફ જોઈ નક્કી કરાયેલા ભાવ તે નૈતિક ભાવ.

'આ વિચાર આજની અર્થશાસ્ત્રની – એટલે પૈસા મેળવવાની દુનિયામાં નવો છે; પણ એ જ સાચો છે. આજનું અર્થશાસ્ત્ર દિવસે દિવસે અનર્થશાસ્ત્ર સાબિત થતું જાય છે. તે જરૂર અર્થની વ્યવસ્થા માટે મથે. પણ માણસ બાદ કરી અર્થનો ગમે તેટલો વિચાર થાય તોપણ તે માણસનો નાશ જ કરે. એટલે

અર્થશાસ્ત્રના કેંદ્રમાં માણસ હોવો જોઈએ; માણસનો અર્થ દ્વારા વિકાસ સધાવો જોઈએ. આપણાં શાસ્ત્રોમાં ચાર પુરુષાર્થ ગણાવ્યા છે. માણસના અંતરમાં કામના જન્મે છે, તે સંતોષવા માટે અર્થની જરૂર પડે. પણ જો તે કામના સંતોષવા માટે ગમે તે રીતે અર્થ એકઠો કરવા લાગે તો થોડા જ સમયમાં મોટી અથડામણો ઊભી થાય. તેથી આપણાં શાસ્ત્રોમાં પુરુષાર્થમાં ધર્મને પ્રથમ સ્થાન આપ્યું છે.

'ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.'

'એટલે કે તું અર્થને મેળવ પણ તે ધર્મથી. ધર્મ એટલે જેનાથી સમાજનું ધારણ થાય તેવો આચાર. આવા આચાર વિના માત્ર અર્થ અને કામની પ્રવૃત્તિમાં પડે તો સમાજ ટકી ન શકે. એટલે જ આપણે સૌએ આ 'ભાવ'ની માયામાંથી છૂટવાનું છે. એ માયા છે કારણ કે તે ઠગારી છે.

'નૈતિક ભાવ એટલે સામાનો વિચાર કરી ઠરાવેલો ભાવ. પૂ. વિનોબાજીના જીવનનો એક પ્રસંગ યાદ આવે છે. તેઓ એક વખત માટીનું વાસણ ખરીદવા બજારમાં ગયા. કુંભારે એ વાસણની બે આના કિંમત કહી. કારણ કે બધા બે આના આપતા હતા. વિનોબાજીએ વિચાર્યું કે એ કુંભારને આ વાસણ માટે બે આનાની નહિ પણ ચાર આનાની મહેનત કરવી પડી છે. એટલે તેમણે એ માટલાના ચાર આના આપ્યા. આ થયો એ વસ્તુનો નૈતિક ભાવ. એ જો ન આપવામાં આવે તો કુંભાર નાશ પામે. થોડા જ દિવસ પછી વળી પાછા તેઓ એ જ કુંભારને ત્યાં માટલું લેવા ગયા. કુંભારે જોયું કે આ કોઈ ભોળો માણસ આવ્યો છે. તેણે માટલાના છ આના કહ્યા. તેઓ સહેજ મનમાં હસ્યા અને કહ્યું: 'માટલાની ખરી કિંમત તો ચાર આના છે.'

'આજે આપણે ત્યાં એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે જે જાતમહેનત કરે છે તેને ઓછામાં ઓછું મળે છે. તેને આપણે આપણાં બુદ્ધિ અને ધનથી શોષી રહ્યા છીએ. તેથી દિવસે દિવસે દેશનો મોટો ભાગ ગરીબ અને કચડાયેલો બનતો જાય છે. એનામાં સ્વરાજની ખુમારી લાવવી હોય તો જેમ બ્રિટનના શોષણમાંથી દેશને છોડાવવા માટે આપણે લડત આપી તેમ આ કરોડો ભૂખ્યાં અને ચુસાતાં શ્રમજીવીઓને આજના શોષણમાંથી મુક્ત કરવાને માટે યજ્ઞ કરવો પડશે. એમાં આપણે આપણી જાતને હોમવી પડશે. એ વિના આપણું સ્વરાજ્ય આપણી જનતા સુધી પહોંચી શકશે નહિ.

'આ રીતે નૈતિક ભાવ એ આપણા સ્વરાજ્યનો પાયો છે. જો આપણે શોષણવિહીન સમાજરચના સ્થાપવા ઇચ્છતા હોઈએ તો દરેક વસ્તુની પાછળ ખર્ચાયેલા શ્રમનો વિચાર કરી નવું મૂલ્યાંકન કરવું જોઈએ.'

ઝાંપની સભામાં એકઠા મળેલા ખેડૂતોના પ્રતિનિધિઓએ કહ્યું: 'અમોને ડાંગરનો ભાવ રૂપિયા દસ બસ થશે.' મહારાજશ્રીએ પૂછ્યું, 'પણ એથી વધુ ભાવ લેવાની ઇચ્છા તો નહિ થાય ને?'

ખેડૂતોએ ના કહી.

આમ અનાજનો નૈતિક ભાવ નક્કી થયો. અને નૈતિક મુદ્દા પર ભાલનળકાંઠા ખેડૂત મંડળની સ્થાપના થઈ.

ભગવાન પણ જાણે ખેડૂતોની કસોટી કરવા કયાં તૈયાર ન થયા હોય તેમ અંકુશો નીકળી ગયા. અંકુશો જાય એટલે પછી પૂછવું જ શું? ભાવ તો વધવાના જ હતા. અને તે વરસે ખૂબ પાક પાક્યો હતો. ડાંગર વેચવાની શરૂઆત

થઈ. ખેડૂત મંડળે ગાંધી હાટવાળા શ્રી લક્ષ્મીદાસ આસરની સહાયથી નૈતિક ભાવે ખેડૂતોની બધી ડાંગર ખરીદી લેવાનો વિચાર ગોઠવ્યો.

ખરીદી શરૂ થઈ. એક બાજુથી ખેડૂત મંડળના સભ્યોએ કામ શરૂ કર્યું કે તરત જ બીજી બાજુથી વેપારીઓએ પણ ખરીદી શરૂ કરી. બરાબર રસાકસી જામી. ખેડૂતોની સામે લાલચ પણ આવીને ઊભી રહી. પણ જે ગામો નૈતિક ભાવે અનાજ આપવાને બંધાયાં હતાં તેમણે તે ભાવે જ ડાંગર આપી. આ દૃશ્ય અને તેનાં સંભારણાં સુખદ છે. એની ખરીદી અને તોલ પણ ગામમાં જ થયાં. એ ડાંગરના કોથળા પણ ખેડૂતો જ ભરતા અને ગામના જ આગેવાનોની જવાબદારીથી ગામમાં જ કોથળા સંઘરાતા. હજારો મણ ડાંગરની આ રીતે વ્યવસ્થા થઈ છતાં ખૂબીની વાત તો એ છે કે એક પણ ઠેકાણે ગોટાળો ન થયો. એટલું જ નહિ, મહિનાઓ પછી જ્યારે એ માલ ગોડાઉન પર લઈ જઈ જોખવામાં આવ્યો ત્યારે તેમાં કોથળે સવાશેર, દોઢશેરથી વધુ ઘટ ન આવી. લોકો ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકી કરેલું કામ લોકો કેવી શ્રદ્ધા અને જવાબદારીથી કરે છે તેનો આ સુંદર નમૂનો છે.

ત્યાર બાદ ઘઉંનો પ્રશ્ન આવ્યો. અને તેમાં પણ ખેડૂત મંડળના સભ્યોએ નૈતિક ભાવે જ પોતાનો માલ આપ્યો.

થોડા મહિના પછી ખરીદી બંધ કરી. અને ભાવ તો વધતા જ જતા હતા. ખેડૂત મંડળના થોડા સભ્યોનાં મન લલચાયાં. કેટલાક ખેડૂતોએ પોતાનો માલ વધુ ભાવ લઈને વેચ્યો. આ વધારાની રકમ પણ ખેડૂતોને માટે નાની ન હતી. ખેડૂત મંડળની કારોબારી સભા મળી. તેમણે નિર્ણય કર્યો કે ખેડૂતોએ પોતાનાં વધારાનાં નાણાં મંડળને પાછાં આપી દેવાં, જે એ નિયમનું પાલન ન કરે તેમને છૂટા કરવા. મંડળની અને સભ્યોની કસોટી

હતી. મંડળ પોતાના નીતિના પ્રશ્ન પર મક્કમ હતું. આંગળીને વેઢે ગણી શકાય એટલા સભ્યો સિવાયના બધા સભ્યોએ કોઈ પણ શરત વિના ધરમાં આવેલાં નાણાં મંડળને સોંપ્યાં.

જેમ પ્રશ્નો ઊભા થતા ગયા તેમ તેમ મંડળ પ્રજાને પોતાનું નૈતિક દૃષ્ટિબિંદુ સમજાવતું ગયું. આથી નીતિની પ્રતિષ્ઠા થવા લાગી અને જેઓ નીતિ ચૂકે છે, વધારે ભાવ લે છે, તેની પ્રતિષ્ઠા તૂટવા લાગી.

ખેડૂત મંડળનું કામ સાધારણ વ્યવસ્થિત થતાં મજૂરોના મંડળની સ્થાપનાની વાત આવી. આ પ્રદેશના ધોલેરા વિભાગમાં માટીકામ કરનાર મજૂરોની મોટી સંખ્યા છે. તેમનું તથા ખેત-મજૂરોનું સંગઠન થાય તો એક અગત્યનું અંગ નીતિ તરફ વળે અને તેમના પ્રશ્નો પણ ઊકલે. સામાન્ય રીતે ગામડાંના ખેડૂતોનાં અને મજૂરોનાં હિત એક હોવા છતાં આજની હવા જ એવી છે કે ખેડૂત અને મજૂર જુદા છે, એમનાં હિત પરસ્પર વિરોધી છે એવું ઠસાવવામાં આવે છે; જ્યારે ખેડૂત મંડળે મજૂરોનો પ્રશ્ન નવી દૃષ્ટિથી ઉપાડી લેવાની તૈયારી બતાવી. આરંભમાં કેટલાક ખેડૂતોને લાગ્યું કે આવા સંગઠનથી પ્રશ્ન વિકટ બનશે. પણ મહારાજશ્રીએ ખેડૂતોને સમજાવ્યું કે, મજૂર એ ખેતીનું અગત્યનું અંગ છે; તેના ઉત્કર્ષ વગર ખેતીનો ઉત્કર્ષ અશક્ય છે. એટલે તેમને સંગઠિત કરી ઊંચા લાવવામાં ખેડૂતોનું અને ખેતીનું જ હિત છે. જો તમે તેમને તમારી સાથે નહિ લો તો તેઓ સંગઠિત થઈ તમારી સામે મોરચો માંડશે. એટલે એ વિરોધી બને ત્યાર પહેલાં તેમને અપનાવી લઈ તેમને ઊંચે લાવવાના કામમાં જ સૌનું શ્રેય છે. ખેડૂતની વ્યાખ્યામાં પણ ખેતમજૂરને ખેડૂત ગણવામાં આવ્યો.

ખેડૂત મંડળે આ વસ્તુ સ્વીકારી લીધી અને મજૂર સંગઠન કરવાની માનસિક તૈયારી કરી. વેપારીઓ પણ આ પ્રયોગના અંગરૂપ બને એ સંતબાલજીની ઝંખના છે અને એટલે જ જ્યારે જ્યારે પ્રશ્નો ઊભા થાય છે ત્યારે તેમનો સહકાર મેળવવાનો પ્રયત્ન કરે છે. છેલ્લે છેલ્લે ભાલનળકાંઠાના સમગ્ર જીવનનું — આર્થિક, સામાજિક અને રાજકીય — નિયોજન થાય એ માટે એક સભા બોલાવી. વિભાગના વેપારીઓને ખાસ આમંત્રણ આપ્યાં. પણ બહુ જ થોડા વેપારી ભાઈઓએ એમાં હાજરી આપી.

નીતિ એ સમાજજીવનનો પાયો છે. જ્યાં સુધી આખો સમાજ આ વસ્તુને અપનાવી જીવે નહિ ત્યાં સુધી સંપત્તિ હોવા છતાં સમાજ સુખી ન થઈ શકે. સમાજના જીવનમાં નૈતિક બળ વધારવાનો આ નાનકડો છતાં આશાજનક પ્રયોગ છે.

## ૨૩

# કોર્ટના પિંજરામાં

તા. ૧૯–૨–૫૦ને રોજ એક કરુણ ઘટના બની ગઈ. ગૂંદી મુકામે અચળેશ્વર મહાદેવમાં મળેલી જલસહાયક સમિતિની સભામાંથી પાછા ફરતાં કાળુભાઈનું કરપીણ ખૂન થયું. એ બનાવે મહારાજશ્રી અને તેમની સાથે કામ કરનાર સૌને આઘાત પહોંચાડ્યો. કારણ કે કોળી પટેલ કોમના તેઓ એક બહાદુર કાર્યકર હતા.

શંકા ઉપરથી ગામમાંથી બે ભાઈઓને બોલાવવામાં આવ્યા હતા. તેઓ ગુનો કબૂલ કરતા ન હતા. બીજે દિવસે મહારાજશ્રી અને રવિશંકર મહારાજ ગામમાં ગયા. તેમને થયું કે આ ગુનાને શોધી આપવાની ગામની જવાબદારી છે. ગામના આગેવાનો આવ્યા. તેઓ એ શકમંદ માણસોને મળ્યા. થોડી વાર પછી પાછા ફર્યા. તેમણે કહ્યું, 'તેઓ ગુનો કબૂલ કરે છે.' અંતે મહારાજ ચોરામાં ગયા. એ ભાઈઓએ ગુનો કબૂલ કર્યો એટલું જ નહિ પણ જે સાધનો વડે એ ગુનો થયો હતો તે પણ બતાવ્યાં.

મહારાજશ્રીને શાંતિ વળી. પણ થોડા જ દિવસ પછી સમાચાર મળ્યા કે કેદીઓ ન્યાયાધીશ સમક્ષ ફરી ગયા છે. મહારાજશ્રીને ભારે દુઃખ થયું. તેમના માનવામાં જ નહોતું આવતું કે માણસ આમ જૂઠું બોલી શકતો હશે.

પણ આટલાથી જ વાત અટકી ન હતી. જે પ્રદેશમાં તેઓ કામ કરે છે ત્યાં એક પછી એક ખૂનના પ્રસંગો બનવા લાગ્યા. શિયાળામાં બે ખૂન થઈ ગયાં. આ બધાંએ એમના દિલને ખૂબ આઘાત પહોંચાડ્યો. ખૂની શોધવાની અને તેને સજા કરવાની

રીત એવી હોય છે કે ભાગ્યે જ ખૂનીને સજા થાય છે. કારણ કે દાર્શનિક પુરાવો જોઈએ. દાર્શનિક પુરાવો હોય તોપણ વકીલની વાચાળતા અને આડુંઅવળું પૂછવાની રીત સાક્ષીને ગૂંચવી મૂકે. તે બિચારો ગભરાઈને કાંઈનું કાંઈ બોલી નાખે. આખો કેસ માર્યો જાય અને ખૂની નિર્દોષ છૂટી જાય. પછી એ સાક્ષી આપનારની શી વલે થાય?

એક તો ખૂન કરનાર માથાભારે હોય. તેની સામે સાક્ષી આપવા જ કોઈ તૈયાર ન થાય. અને તૈયાર થાય તોપણ મોટી રકમથી રોકેલા વકીલોની બુદ્ધિ તેમની પડખે હોય. અને સારો અને હોશિયાર વકીલ તો તે જ કે જે ખૂનના તહોમતદારના કેસ લે અને નિર્દોષ છોડાવે. એની બુદ્ધિની બોલબાલા થાય. એને પ્રતિષ્ઠા મળે, ધન મળે. પછી શું જોઈએ?

શિયાળના કેસમાં તો એક ભાઈ પ્રત્યક્ષ જોનાર પણ હતો. તે ભાઈને ધમકી અને પછી લાંચ આપી બંને બાજુથી તોડવાનો પણ પ્રયત્ન થયો. પણ તે મક્કમ રહ્યો. પણ કોણ જાણે કાયદાની કઈ ગૂંચ નડી કે આરોપી નિર્દોષ છૂટી ગયો. ગામમાં જઈને પૂછીએ તો ગામનો એકેએક માણસ કહે કે, 'હા, તેણે જ ખૂન કર્યું છે.' પણ કાયદાની ગૂંચે સાબિત કરવા દીધું નથી. તે ભાઈ છૂટ્યા. ગામમાં સામૈયું થયું. આ બધી વાતોએ મહારાજશ્રીને ખૂબ મંથનમાં નાખી દીધા અને તેમણે 'વિશ્વવાત્સલ્ય' (૧૬–૯–'૫૦)માં આજની ન્યાયની પ્રથા સામે 'ન્યાયનું નાટક' નામના શીર્ષકથી એક કડક લેખ પણ લખ્યો.

કાળુ પટેલના ખૂન કેસમાં તેઓ જાતે જ એક સાક્ષી હતા. બપોરે ત્રણ વાગ્યે એક પ્રશ્નનું સમાધાન કરવા તે ભાઈઓને બોલાવ્યા હતા. કાળુ પટેલને મહારાજશ્રીએ રોકાઈ જવા પણ કહ્યું. પણ

તેઓ નીકળ્યા. અને પંદર મિનિટમાં જ તેઓના ખૂનના સમાચાર સભામાં આવ્યા.

જૈન સાધુને અનેક મર્યાદાઓ હોય છે. મહારાજશ્રી પોતે પણ લગભગ બધી મર્યાદાઓનું પાલન કરે છે. તેઓ પોતે શારીરિક સજામાં માનતા નથી. છતાં આજે તેમની સામે એક નવો જ પ્રશ્ન આવીને ઊભો રહ્યો. કોર્ટમાં હાજર થવું કે નહિ? ઠીક ઠીક મંથનને અંતે તેઓ કોર્ટમાં જવાને તૈયાર થયા.

અમદાવાદની કોર્ટમાં કેસ ચાલ્યો. આખા શહેરમાં વાત ફેલાઈ ગઈ હતી. કોર્ટમાં પણ લોકો સારી સંખ્યામાં જુબાની સાંભળવા આવતા હતા. રવિશંકર મહારાજ માંદગીને બિછાને હતા છતાં જુબાની આપવા આવ્યા. કેસ ચાલ્યો. પહેલે દિવસે લગભગ ચાર કલાક સુધી રવિશંકર મહારાજની જુબાની ચાલી. બીજે દિવસે સંતબાલજીની જુબાની હતી. તેઓ ત્યાં પહોંચ્યા. કોર્ટના પિંજરામાં ખુરશી પર બેસી જુબાની આપી.

તહોમતદારના વકીલે ન્યાયાધીશ અને જૂરીની સમક્ષ આ જાતની દલીલો કરી: 'રવિશંકર મહારાજ અને મુનિશ્રી સંતબાલજી પૂજ્ય પુરુષો છે. તે આપણે સૌને માટે વંદનીય છે. આ કેસમાં ગુજરાતની બે મહાન વ્યક્તિઓ સાક્ષી તરીકે આવી છે. તેઓ જે કહે છે તે સાચું હોઈ શકે, છતાં તમારે એ ભૂલવું ન જોઈએ કે આ કબૂલાત પોલીસની હાજરીમાં લેવાઈ હતી. એટલે એની કોઈ જ કિંમત નથી. તમે આ આખાયે કેસને નૈતિક દૃષ્ટિએ નહિ પણ કાયદાની રીતે વિચારશો.'

અને બંને આરોપીઓ નિર્દોષ છૂટી ગયા. આ આખો પ્રસંગ એક રીતે બહુ સામાન્ય છે, બીજી રીતે બહુ ગંભીર છે. આજે ન્યાયની પ્રથા એવી કરી નાખી છે કે ગુનેગાર ભાગ્યે જ પકડાય

છે. જો એની પાસે પૈસા હોય તો ગમે તેવો ગુનો કરી આવનારને પણ છોડાવી દેવાની વકીલોમાં શક્તિ હોય છે. અને આનું પરિણામ શું આવે છે? સમાજમાં ગુના કરવા એ સામાન્ય વસ્તુ બનતી જાય છે. એટલે આજની ન્યાયની પ્રથા ભારે ક્રાંતિ માગે છે. આજના વકીલોએ ખરેખર ભારે આત્મશોધન કરવાની જરૂર છે. ગુનેગારના સંબંધીઓ જ્યારે વકીલ રોકે છે ત્યારે જે કાંઈ થયું હોય છે તે બધું જ તેની પાસે કબૂલ કરે છે. કેવી રીતે ગુનો થયો તે બધું જ કહી દે છે. એટલે તેઓ અંતરથી ખરોખર જાણે છે કે ગુનેગાર આ જ છે. પણ મોઢેથી જૂદી અને ન્યાયાધીશને આ પ્રમાણે કહે છે: 'આપણે સત્ય શોધવાનું છે. આ જે પિંજરામાં ઊભા છે તે ગુનેગાર નથી એમ માનીને જ ચાલજો.' કેવી મોહકજાળ પાથરે છે! શું નહિ ડંખતું હોય એમના અંતરને કે અમે અસત્ય આચરીએ છીએ? અમે જે જાણીએ છીએ તે છુપાવીએ છીએ? નીતિ અને ન્યાય શું જુદાં હોઈ શકે? જો ન્યાયી હોય છતાં સમાજને અનીતિ તરફ લઈ જનારું હોય તોપણ તેને જતું કરવું જોઈએ. કારણ કે ન્યાય એ માણસે ઘડેલા કાયદાઓની મર્યાદામાંથી ઊભો કરીએ છીએ. વાસ્તવમાં જેથી પ્રજાની નૈતિક તાકાત વધે છે તે જ ન્યાય છે, નહિ કે કાયદાના ચોકઠામાં ગોઠવાઈને જે બહાર પડે.

આ બધાને માટે દેશમાં એક મોટી ક્રાંતિની જરૂર છે. બાપુજીએ 'હિંદ સ્વરાજ' સૂચવ્યું છે તેમ વકીલાતના ધંધાની જ જરૂર નથી. આજના વકીલોએ સમાજને નીતિ કરતાં અનીતિ તરફ જ વધુ દોર્યો છે. એવા બહુ જ ઓછા વકીલો હશે કે જે પોતાના અસીલને કહેશે, તેં પાપ કર્યું છે તો તેનું તું ફળ ભોગવ. પણ આ કરવું હોય તો ગામડાંને જાગતાં કરવાં જોઈએ;

ગામડાંનો ન્યાય ગામડાંમાં જ ચૂકવાય એવી પરિસ્થિતિ પેદા કરવી જોઈએ.

મહારાજશ્રીને દુઃખ થયું. એ ચુકાદા પછી હું મહારાજશ્રીને મળી શક્યો નથી એટલે આ પુસ્તકનું આ છેલ્લું પ્રકરણ મુનિશ્રી સંતબાલજીએ અખબારનવેશો સમક્ષ તા. ૧૬–૧૨–'૫૦ને શનિવારના રોજ ગિરધરનગર મુકામે પોતાનાં જે મંતવ્યો આખા મુકર્દમા વિષે રજૂ કર્યાં હતાં તેનાથી જ પૂરું કરીશ :

"ગૂંદીમાં થયેલા કાળુ પટેલ ખૂનના કેસમાં બે આરોપીઓ, ચતુર સંઘા અને ભીખા જેમા, નિર્દોષ ઠરીને છૂટી ગયા. આમ છૂટી જવાથી શારીરિક સજામાંથી તેઓ મુક્ત થયા તે તો ગમે તેવું છે. શારીરિક સજાથી ગુનાઓ ઘટી શકે નહિ પણ હૃદયના પસ્તાવાથી જ ગુનાઓ ઘટે. પરંતુ આમાં ગુનેગારોએ અમારા બંનેની અને પંચની સામે ગુનાનો એકરાર કરી જે પસ્તાવાનું પગલું ભર્યું હતું તેની ઠેકડી ઉડાવીને જૂઠાણાના માર્ગે આગળ ધપાવી ગુનેગારોને નિર્દોષ ઠરાવનારાં સમાજદ્રોહી તત્ત્વોને નામદાર કોર્ટે જે મહોરછાપ આપી છે તેની સામે મને પારાવાર ખેદ થયો છે. કેસમાં બચાવ પક્ષે અને ન્યાયમૂર્તિએ જે શબ્દો ઉચ્ચાર્યા છે એનાથી હું ચોંકી ઊઠચો છું.

"કોર્ટમાં વખતોવખત એમ કહેવામાં આવ્યું કે, 'આપણે કાયદાની રીતે ન્યાય કરવાનો છે, નીતિની દૃષ્ટિએ નહિ.' આ શબ્દોનો શો અર્થ છે? જો કાયદો જ જોવાનો હોય તો તમે અદાલતમાં સાક્ષીને સત્ય બોલવા માટે ઈશ્વરના સોગન શાને માટે આપો છો? તમે કાયદાના સોગન કેમ નથી આપતા? ઈશ્વરને કાયદા સાથે સીધો સંબંધ નથી; તેને તો નીતિ સાથે જ સીધો સંબંધ છે. કાયદો એ સમાજરક્ષાના હેતુએ તૈયાર કરેલું ખોખું

છે. તેથી તે અફર ન હોઈ શકે. સત્ય અને નીતિ એ તો સમાજરક્ષાનો મૂળ પાયો છે. નીતિ ને કાયદાનો મેળ પાડવો તેમાં જ અદાલતના પુરુષાર્થની સફળતા છે. એ મેળ ન પડતો હોય ત્યાં જૂરી અને ન્યાયાધીશનો નીતિને જ વફાદાર રહેવાનો ધર્મ થઈ પડે છે. આમાં એમ નથી બન્યું. ઊલટું ન્યાયાધીશે જૂરીને એ ઠસાવવા પ્રયત્ન કર્યો છે, 'આપણે પૂજ્ય પુરુષો ઉપર અવિશ્વાસ નહિ લાવી શકીએ અને એમ છતાં એ કબૂલાતનો કાયદાની દૃષ્ટિએ કોઈ અર્થ નથી.' આ કેવી કમનસીબીના અને ભ્રમજનક શબ્દો છે!"

"એક જૈન સાધુ તરીકે કોર્ટમાં આવવું અને તે પણ ખૂનના તહોમતદારના બચાવમાં તે મારે માટે નવીન અને દુઃખદ બનાવ છે. પણ એક કાળ એવો આવે છે કે જ્યારે માણસે સત્ય અને અહિંસા એ બેમાંથી એકની જ પસંદગી કરવી પડે છે ત્યારે મને લાગે છે કે તે બંનેમાંથી સત્યને જ પહેલો નંબર આપવો પડે. કારણ કે સત્ય એ જ ભગવાન છે. સત્ય અને અહિંસા બે જળવાય તો તો સોનામાં સુગંધ ભળે, પણ ન્યાયની ખાતર અહિંસાનું સ્થૂળ જોખમ સમાજમાં ઘણી વાર વહોરવું પડે છે.

"આવા લંબાણ મનોમંથન પછી સત્યની શોધમાં સહાયભૂત થવા માટે અદાલતમાં હાજર થવાનું મેં જરૂરી માન્યું હતું. તાજેતરમાં તે પ્રદેશના ખોજા ખૂન કેસમાં દાર્શનિક સાક્ષી હોવા છતાં ખૂની નિર્દોષ છૂટયો, તેથી મને ભારે નિરાશા થઈ હતી. પણ નામદાર કોર્ટને ન્યાયમાં મારા નિયમો મુજબ મદદ કરવાનું મેં વેણ આપેલું એટલે આવવાનો મારો ધર્મ થઈ પડયો હતો. પરંતુ ન્યાયની અદાલતમાં — હવે તો મારે તેને કાયદાની અદાલત કહેવી જોઈએ — સત્યની કેવળ હાંસી ઉડાવવામાં આવેલી મેં જોઈ

અને આવી સત્યની હાંસીમાં મારે મૂંગા સાક્ષી બનવું પડયું તેનું મને બહુ ઊંડું દુ:ખ થયું છે.

"ઈશ્વરને માથે રાખવો ખરો, પરંતુ નીતિની નજરે કંઈ જોવાનું નહિ, કાયદાની નજરે જોવાનું એમ ન્યાયાધીશ કહે ત્યારે એમ જ સમજવાનું રહે છે કે કાયદો મહાન છે; નીતિ મહાન નથી. કાયદાની દૃષ્ટિએ જોઈએ તોપણ આ કિસ્સામાં તો સંયોગિક પુરાવાઓનું મહત્ત્વ પણ ન્યાયાધીશે સ્વીકાર્યું છે. દા. ત., તે જ સવારના અગિયાર વાગ્યે આ જ બે આરોપી મારી પાસે આવે છે ત્યારે તેમનામાં ઉશ્કેરાટ છે, પોતાના સગાઓને મારવાના કારણ અને ગાડી બાળવાની વાતો કરે છે; તે પહેલાં સલામતી ધારાની વાત પણ અદાવતની પુષ્ટિ કરે છે.

"મરવાની અગાઉ કાળુ પટેલ પોણા ત્રણ વાગ્યે છૂટા પડે છે ત્યારે પણ મારી અને તેમની સાથે એ વાત થાય છે. દાર્શનિક સાક્ષીની જુબાનીમાં પણ એ જ ગાડી બાળવાની વાત આવે છે. એક આરોપી પણ ત્રણ વાગ્યે મહાદેવમાં આવવાની વાત લગી પોતાને મોંએ બધો જ સ્વીકાર આ કોર્ટમાં પણ કરે છે. છતાં આવા મહત્ત્વના મુદ્દાઓ સાવ કેમ છોડી દેવાય છે તે સમજી શકાતું નથી. પોલીસની જુબાનીમાં ક્યાંય કસ્ટડી ફલિત થતી નથી. આજુબાજુના સંબંધોથી પેટ્રોલિંગ પોલીસ ત્રણ જણાને મારી પાસે શબની નજીકમાં લાવે છે ત્યારે એકરાર થતો નથી પણ આરોપીઓનાં મોં, એનાં ધડકતાં હૈયાં વગેરે શંકાને વધુ મજબૂત કરે છે. કાળુ પટેલના પુત્રો ઉશ્કેરાટમાં આવે છે. તેમના મોંમાંથી આ બે આરોપી અને ફૂલજી તેજા પર પૂરતી શંકા જાય છે. પોલીસ તે પરથી ચોથાને (ફૂલજી તેજાને) પણ તપાસે છે. શકદારોને મળું કે ગામ લોકોને મળું એમ મારા મનમાં

મંથન ચાલે છે. જોગાનજોગ શ્રી મહારાજ આવે છે. અમે બંને જણ તા. ૨૦મીએ ગામ આગેવાનોને મળીએ છીએ.

"ગામ આગેવાનો શકદારો પાસે જાય છે. શકદારોને અમારી પાસે બોલાવવાને બદલે અમો પોતે ત્યાં જઈએ છીએ. ઓરડામાં અમારી અને પંચ સમક્ષ ધર્મ સમજીને આરોપીઓ એકરાર કરે છે. એકરાર વખતના ચતુર સંધાના શબ્દો પણ મારા નિવેદનમાં છે જ. આ બન્ને આરોપીઓ શ્રી મહારાજ સમક્ષ, પોલીસ અને પંચ સમક્ષ ગુનાહિત હથિયારો બતાવે છે એટલું જ નહિ પણ શ્રી મહારાજ પૂછે છે ત્યારે ઓળખી બતાવે છે. છતાં આ મુદ્દા તરફ કેમ ધ્યાન નથી અપાયું? પંચ રૂબરૂ ધારિયાં તથા મુદ્દામાલ ઓળખાવ્યાની બીનાનો આધાર છોડી દેવાય છે, પોલીસની જુબાનીઓને આધારહીન માનવામાં આવે છે અને મુખી દેવીસિંહની જુબાની છોડી દેવામાં આવે છે. આમ શાથી થયું તે સમજવું કઠણ છે. પબ્લિક પ્રોસિક્યૂટર અને ન્યાયાધીશ આથી વધુ પ્રબળ વિગતો કઢાવી શકત; પરંતુ જે વલણ અદાલતમાં લેવાયું છે એને જો સમાજ સ્વીકારી લે તો એવું જ બને કે સમાજમાં સત્યની ઉપર કાયદાનું વર્ચસ્ સ્થપાય, એટલે કે કાયદેસર કહેલું અસત્ય સત્ય કરતાં વધુ પ્રતિષ્ઠા પામે અને એકાદ વ્યક્તિ ગમે તેટલાં નાણાં વેરીને વકીલ અને અદાલતની સહાયથી સત્યને ઢાંકી દઈ તેના પર કાયદાને નામે અસત્યનો વિજય કરાવી શકે. આ બનાવની એ રીતે અતિ ગંભીર અસર સમાજજીવન ઉપર થશે. કેમ કે આમાં સત્ય એક હતું એમ તો ખુદ બચાવ પક્ષના વકીલ પણ સ્વીકારે જ છે. જ્યારે કાયદાથી તે સત્યનું છડેચોક ખૂન કરવામાં આવ્યું છે.

"ચતુર સંધા અને ભીખા જેમાએ ખુલ્લા દિલે અને પશ્ચાત્તાપથી કરેલા એકરારને પોલીસ કસ્ટડીમાં થયેલા એકરાર

તરીકે કોર્ટે રદ બાતલ કર્યો છે. પોલીસ સમક્ષ થયેલા કબૂલાતનામાને બિલકુલ વજન નહિ આપવાની કાયદાની જોગવાઈ પાછળ પોલીસ કબૂલાતનામું, ધાકધમકી કે લાલચથી જ કરાવે એવી માન્યતાએ ઘર કરેલું છે. પરંતુ આ દાખલામાં પરિસ્થિતિ જુદી હતી. નામદાર કોર્ટ મારા નિવેદનમાં સ્પષ્ટ જોઈ શકશે કે જ્યાં લગી ખુદ મોંએથી પસ્તાવાપૂર્વક આરોપીઓએ એકરાર નહોતો કર્યો ત્યાં લગી હું શકનો લાભ આપવા તત્પર હતો, પરંતુ એકરાર થયો, સાધનો પણ પંચ રૂબરૂ ઓળખાવ્યાં પછી રજમાત્ર શંકા કેમ રહે? અને મેં જ્યારે જાણ્યું કે આરોપીઓ પાછળથી ફર્યાં છે ત્યારે મને હિંસા કરતાં આ જૂઠાણાના સામાજિક પ્રત્યાઘાતો વધુ કારમા જણાયા. આરોપીઓ પણ માનવતાની રીતે મારા સ્નેહનું ભાજન છે. કોર્ટમાં આરોપીઓએ મને જોઈને કરેલો શિષ્ટાચાર સૌએ જોયો છે. મારો વિરોધ તો શુદ્ધ ન્યાયને ઠોકરે મારી કાયદાને ઓથે દોષિતને નિર્દોષ બનાવવાની સામે છે. સેંકડો દોષિત છૂટી જવાનું જોખમ વહોરીને જેમ આપણે શંકાનો લાભ દોષિતને આપીએ તેમ એક દોષિતને નિર્દોષ ઠરાવીને સેંકડો નિર્દોષોને અન્યાય કરવાની અને દોષિતોને ફરી દોષો કરવાની તક ન મળે અથવા સમાજમાં ખૂનરેજી કે પામરતા ન વધે તે પણ ગંભીરપણે વિચારવું જોઈએ, અને માત્ર પૈસા ખાતર સદોષને નિર્દોષ બનાવનારાં સમાજઘાતક બળોની નૈતિક પ્રતિષ્ઠા તોડવી જોઈએ. જ્યારે આમાં એનાથી ઊલટું થયું છે.

"આ બચાવનામાને પોલીસ સમક્ષ થયેલું બચાવનામું કહી ફેંકી દેવું તે સત્યના સંશોધનમાં સાંપડેલી અનુકૂળતાને રદ બાતલ કરવાની ચકોર રીત સિવાય બીજું શું છે?

"કાળુ પટેલનું ખૂન થયું, બે તહોમતદારોએ ધારિયાથી હુમલો કરી તેમને મારી નાખ્યા, પોલીસે શક ઉપરથી તેમને પકડયા. પછી ગામલોકોની અને શ્રી રવિશંકર મહારાજની તથા મારી સમજાવટથી તેમણે ગુનાનો એકરાર કર્યો; ધારિયાં, કપડાં વગેરે મુદ્દામાલ તેમણે બતાવ્યો અને જ્યાં દાટેલો બતાવ્યો ત્યાંથી તે મળી આવ્યો. એમણે પોતાનાં હથિયારો પણ પંચ સમક્ષ ઓળખાવ્યાં. રસ્તામાં તેઓ ધારિયાં લઈને મળ્યા ત્યારે કાળુ પટેલે પહેલું જ પૂછ્યું કે, 'ગાડી બાળીને ધરાયા નથી તે શું આમ ધારિયાં લઈને ખૂન કરવા આવ્યા છો?' આવી રાણાભાઈ જુબાની આપે છે, વગેરે પરથી ખૂન અને ખૂનના કરનાર કોણ હતા તે જણાઈ રહે છે. એક વખત શુદ્ધ ભાવે ગુનાનો એકરાર કર્યા પછી એ બે જણ ફરી ગયા અને તેમને ટેકો આપનારા પણ મળી આવ્યા. તે ટેકેદારોની ઝાટકણી કાઢવાને બદલે, ઢાંકપિછોડો કરીને સત્યને ગૂંચવી નાખવું એ છે કાયદો? કોઈ વ્યક્તિ સમાજઘાતક ભૂલ કરે અને તે તેનો એકરાર કરે તે જોવાની સૌથી પવિત્ર અને પ્રથમ ફરજ છે, પરંતુ અહીં તો એવું કોઈ કબૂલાતનામું થાય નહિ અને થયું હોય તો કેવી રીતે તેને રદબાતલ કરી શકાય તેની જ તજવીજો ચાલતી મેં તો જોઈ છે.

"હું જે રીતે ન્યાયશાસ્ત્ર સમજ્યો છું તે રીતે નામદાર કોર્ટનો હેતુ મુખ્યપણે ગુનેગારોને શોધવાનો હોય છે. વકીલાતનો હેતુ પણ સત્યને અને ન્યાયને સ્પષ્ટ શૈલીમાં શોધીને રજૂ કરવાનો છે, એમ હું માનું છું. આ હેતુને બદલે ઊલટે માર્ગે આજની આ નૌકા જતી ચાલે છે કે જે નૌકાઓને આપણે સરકાર કરતાં પણ મોટો દરજ્જો આપ્યો છે.

"મારાં સ્પષ્ટ મંતવ્યો એ થયાં છે કે કોર્ટો નીતિની નજરે નહિ, પરંતુ કાયદાની જ નજરે ચાલવાની વાત કરતી હોય તો તેવી કોર્ટોમાં ઇશ્વિર સાક્ષીના સોગન રદ કરીને કાયદાના સોગન આપવા જોઈએ. જે કોર્ટો નીતિની નજરે નહિ પરંતુ કેવળ કાયદાની નજરે ચાલવા માગે છે અને જે કાયદાની ઓથે સત્યને ઢાંકવા પ્રયત્ન કરે છે તે કોર્ટો ન્યાય કેમ કરી શકે? ન્યાયાધીશ, જૂરી અને વકીલો બનાવના સ્થળથી ખૂબ જ દૂર હોવાથી બનાવ અને તેના સામાજિક પ્રત્યાઘાતોનો ખ્યાલ તેમને આવતો નથી. એટલે જૂરી પ્રસંગ બન્યો હોય તે પ્રદેશની આજુબાજુના પ્રતિષ્ઠિત સજ્જનોની હોવી જોઈએ અને તેઓને કાયદાની ગૂંચમાં નાખી દીધા વિના સારાસારની તુલના કરવાનું કામ સોંપવું જોઈએ.

"આ કિસ્સામાં જૂરીને વારંવાર કહેવાયું છે કે, 'તમો કાયદા સામે જોજો' છતાં કાયદાનેય અનુકૂળ એવા આનુષંગિક સંયોગોના પુરાવાઓ તરફ જૂરીનું ધ્યાન ખેંચવાની ફરજ બજાવાયાની છાપ ઊઠતી નથી.

"પોલીસની હાજરી કેવા સંજોગોમાં હતી, એકરાર વખતે કયા સંયોગો હતા, કોની સામે એકરાર હતો તેને બદલે શ્રી મહારાજની નિખાલસ વાતોમાંથી પોલીસ કસ્ટડી અને તે શબ્દોનો સ્થૂલ અર્થ કરીને તેના ભાવને મારી નાખવા થતી તજવીજને રોકવી જોઈએ. સમાજમાં નિર્વિવાદ, પ્રતિષ્ઠા ધરાવનાર વ્યક્તિઓ સમક્ષ કોઈ પણ જાતની લાલચ કે બદલાની આશા વિના ગુનાનું પરિણામ ભોગવવાની સ્પષ્ટતા પછી પસ્તાવાના ભાવે કરેલા કબૂલાત-નામાને ફગાવી દેવાના વલણથી સમાજમાં કેવી અસર પડશે તેનો પણ આપણી પ્રજાકીય સરકારે અને ખાસ કરીને પ્રજાએ વિચાર કરવો જોઈએ. ગુનેગાર ગુનો કબૂલે તેને માફી અપાવવાનો

પ્રયત્ન કરવો એ સલામત રસ્તો છે. દોષિતને નિર્દોષ બનાવવાનો રસ્તો ભયાનક છે.

"ખૂન કરી શકાય, કબૂલ પણ કરી શકાય અને છતાં તર્કશક્તિવાળા વકીલોની સહાયથી એ સમાજઘાતક દોષની સજામાંથી બચી જઈ શકાય એવું માનસ કેળવવાથી સમાજ ક્યાં જશે એ પણ વિચારવું જોઈએ. આપણે સમાજમાં લોકતંત્ર અને ગ્રામપંચાયતો સ્થાપીને તેનાથી દેશનો વહીવટ કરવા માગીએ છીએ, પરંતુ આપણી અત્મારની રીતિ તેથી તદ્દન ઊલટી બાજુ જ આપણને લઈ જાય છે. કેવળ સત્યની ઉપાસના કરનારની હાંસી કરાવી દલીલબાજીથી દોષિતને નિર્દોષ ઠરાવવાની રીતને જો સ્વીકારવામાં આવે તો આપણો વિનાશ જ થવાનો છે.

"સાક્ષી ખોટો ઠરે તો રદ થાય કે સજા પામે, કોર્ટ ખોટી ઠરે તો ઉપલી કોર્ટ પણ તેના ઉપર ટીકા કરે અને તેની બઢતીમાં હરકત આવે. પરંતુ વકીલ ખોટો ઠરે તો તેને કાંઈ ન થાય એ યોગ્ય નથી. વકીલ ખોટી વકીલાત કરતો જણાય તો તેની સનંદ રદ કરવાનો નિયમ કરવો જોઈએ. કેવળ દ્રવ્ય મેળવવા માટે દલીલબાજી કરનાર અને સત્યને સાફ દિલથી ન સ્વીકારી સત્યને છુપાવવા માટે વકીલાત કરવાની પ્રથા નાબૂદ ન થાય તો ન્યાય અને સત્ય કેવાં ગૂંચાય છે તેનો આ દુઃખદ છતાં નાદર નમૂનો છે.

"સરકારી વકીલ બિનઆવડવાળો હોય – જે ઘણા દાખલામાં હોય છે – અને બચાવપક્ષનો વકીલ ચાલાક હોય તો ગુનેગારોને માટે છટકવાનું સહેલું બને છે. આવા દાખલાઓ માલૂમ પડે ત્યારે તે કેસ સરકારે આગળની કોર્ટોમાં ફરી તપાસ માટે લેવા જોઈએ. એવી તપાસમાં ચુકાદો ફરી જ જાય એમ કહેવાનું નથી. પરંતુ

આવા કેસના સંચાલનમાં શું બન્યું છે તે પણ બહાર લાવવા માટે સરકારે પ્રયત્ન કરવો જોઈએ.

"જો આપણે શુદ્ધ અને સત્યપ્રિય સમાજરચના તરફ જવા માગતા હોઈશું તો ચાલુ પદ્ધતિમાં સુધારા કરીને તે તરફ પગલાં માંડવાં જોઈશે.

"કાળુ પટેલના ખૂન કેસમાં મને જે પ્રત્યક્ષ અનુભવ થયો તેનાથી આજની ન્યાય આપવાની પદ્ધતિઓમાં અને રીતોમાં ઘણી જ ખામીઓ જણાઈ છે અને આજની આવી કોર્ટો પરની મારી શ્રદ્ધા ડગમગી ગઈ છે. આવા બનાવોએ ભાલનળકાંઠાના પ્રદેશમાં ધર્મદૃષ્ટિએ સમાજરચના કરવાના કાર્યને સખત ફટકો માર્યો છે. કારણ કે પ્રજાના મન પર આવા કેસોના પરિણામની અસર એ જ પડવાની કે ધર્મ કે નીતિ જેવી કોઈ વસ્તુ કોર્ટોમાં નથી. આખરે કોર્ટોમાં તો સત્યને ગૂંચવીને તર્કશક્તિનો ગમે તે જાતનો ઉપયોગ કરી કાયદાને બહાને વિજય મેળવી શકાય છે. આટલું લાંબું કથન કરીને ધર્મદૃષ્ટિએ સમાજ રચનાના કાર્યથી આવા બનાવો વિપરીત હોવાને કારણે તથા ગ્રામીણ લવાદી પદ્ધતિની તરફેણ કરતી વિચારસરણી હું ધરાવતો હોવાથી મારા આ વિચારો મેં જાહેર કરવાની આ તક લીધી છે."

પરિશિષ્ટ

# સંઘ અને સંસ્થાઓ

ધર્મ દૃષ્ટિએ સમાજરચનાની કલ્પનાનું ભાલનળકાંઠા પ્રયોગ-ક્ષેત્ર છે. આપણે અત્યાર સુધીમાં મહારાજશ્રીનાં જીવન અને પ્રવૃત્તિનો આછો ખ્યાલ મેળવી લીધો. એક રીતે તો તેઓનું જીવન જ વ્યાપક સંસ્થા જેવું છે. છતાં કામની વ્યવસ્થિત ગોઠવણીને માટે તેઓએ પોતાની આજુબાજુ સંસ્થાઓનું એક ઝૂમખું ઊભું કર્યું છે.

ભાલનળકાંઠામાં ચાલતી સમગ્ર પ્રવૃત્તિનો આત્મા 'વિશ્વવત્સલ સંઘ' છે. આજે તો જોકે આ સંઘ એક કલ્પનામાં છે. અને વધુમાં વધુ કહીએ તો મુનિશ્રી સંતબાલજી એકલા જ આ સંઘના સભ્ય છે. આ સંઘમાં જોડાનારની ભૂમિકા ઘણી ઊંચી હોય એવી અપેક્ષા રાખવામાં આવે છે. એ સંઘના સભ્યને પોતાની અંગત માલિકીનું એવું કશું ન હોવું જોઈએ, જીવનમાં છૂપું રાખવા જેવું કશું ન હોય, અને તે સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળતો હોય. આ કસોટી ખરેખર આકરી કસોટી છે. પરંતુ આપણે એ ભૂલવું ન જોઈએ કે જગતની સેવા કરવા માટે આવી ભૂમિકાએ પહોંચેલા આત્માઓ જ લાયક ગણાય. તેનો અર્થ એવો નથી થતો કે જે એ કક્ષાએ ન પહોંચ્યા હોય તે કંઈ જ ન કરી શકે. સૌ કોઈ પોતાની કક્ષા મુજબ કંઈ ને કંઈ કરી છૂટવાની અને બીજા માટે ઘસાઈ આગળ વધવાની અપેક્ષા રાખે છે. એટલે વિશ્વવત્સલ સંઘનો આદર્શ આંખ સામે રાખી જીવન જીવવા ઇચ્છતા પ્રયત્નશીલ સેવકોમાંથી જ ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘની રચના થઈ. પૂ. રવિશંકર મહારાજ

આ સંઘના પ્રમુખ છે. ભાલનળકાંઠામાં ચાલતી બધી પ્રવૃત્તિઓને સંગઠિત કરવાનો ને નૈતિક દૃષ્ટિ આપવાનો આ સંઘ પ્રયત્ન કરે છે. પ્રદેશમાં ચાલતી સંસ્થાઓ એક રીતે સ્વતંત્ર હોવા છતાં તે બધી નૈતિક દૃષ્ટિએ પ્રાયોગિક સંઘનું માર્ગદર્શન સ્વીકારવામાં બંધાયેલી છે. એટલે પ્રાયોગિક સંઘ એ ભાલનળકાંઠામાં ચાલતી બધી સંસ્થાઓની મધ્યસ્થ સંસ્થા છે. આ સંઘની નીચે નીચેની સંસ્થાઓ કામ કરે છે:

૧. શ્રી જીવરાજ ભાલનળકાંઠા જલસહાયક સમિતિ
૨. શ્રી વિશ્વવત્સલ ઔષધાલય : (अ) સાણંદ, (ब) શિયાળ
૩. શ્રી મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
૪. શ્રી વિશ્વવાત્સલ્ય પાક્ષિક
૫. શ્રી ઋષિ બાલમંદિર, સાણંદ
૬. શ્રી ભાલનળકાંઠા ખેડૂત મંડળ
૭. સર્વોદય યોજના
૮. શ્રી ભાલનળકાંઠા ગોપાલક મંડળ

જીવરાજ ભાલનળકાંઠા જલસહાયક સમિતિ, વિશ્વવત્સલ ઔષધાલય, વિશ્વવાત્સલ્ય પાક્ષિક અને ખેડૂત મંડળ અંગે આપણે આગળનાં પ્રકરણોમાં જોઈ ગયા છીએ.

महावीर साहित्य प्रकाशन मंदिर : આ સંસ્થા ખાસ કરીને મુનિશ્રી સંતબાલજીનાં પુસ્તકોના પ્રકાશનનું કામ કરે છે. અત્યાર સુધીમાં સંતબાલજીએ લગભગ વીસ પુસ્તકો લખ્યાં છે.

ऋषि बालमंदिर, साणंद : સાણંદના ચાતુર્માસ વખતે સાણંદમાં હરિજનોમાં સ્વતંત્ર કામ કરવાના વિચારો થયા અને તેને માટે મહારાજશ્રીની ઇચ્છાથી મણિબહેન પટેલ ત્યાં બેઠાં. આ રીતે ઋષિ

ભંગી બાલમંદિરની શરૂઆત થઈ. તેઓ ત્રણ વરસથી હરિજન કોમ સાથે સામાજિક અને શિક્ષણ વિષયક કામ કરી રહ્યાં છે. તેમની સાથે બીજા કાર્યકર તો છે જ.

सर्वोदय योजना : આ સરકારી યોજના છે અને તેનું કામ પ્રદેશનાં ૪૫ ગામોમાં ચાલવાનું છે.

આજે યોજના તરફથી ત્રણ કેંદ્ર ચાલે છે : (૧) ગૂંદી, (૨) શિયાળ, અને (૩) એગામડા.

गोपालक मंडळ : આ પ્રદેશમાં ગોપાલકોની પણ મોટી સંખ્યા છે. જે જાતનું કામ લોકપાલ કોમમાં થયું એવું કામ આ કોમમાં થયું ન હતું. શ્રી સુરાભાઈ આવતાં એ કોમના કામનો પણ આરંભ થયો છે અને ભાલનળકાંઠા ગોપાલક મંડળ મારફતે તેની બધી પ્રવૃત્તિ વ્યવસ્થિત થતી જાય છે. નાની મોટી પરિષદો ભરી જ્ઞાતીય સુધારણાનું કામ હાથ પર લેવાયું, સુંદર ઠરાવો થયા. આ ઉપરાંત કોમની આર્થિક સ્થિતિ સુધરે તે માટે ગોપાલક વિકાસ સહકારી મંડળીની વ્યવસ્થા થઈ છે. અત્યાર સુધીમાં પાંચ સહકારી મંડળી રજિસ્ટર થઈ છે. ગોપાલકોનો ઉત્સાહ અને સહકાર ખૂબ આશાજનક લાગે છે. એમને ખાણદાણ તથા બીજી જરૂરી વસ્તુઓ પૂરી પાડવી અને તેમના ધંધાનો વિકાસ કરવો એ આ મંડળીનો હેતુ છે. આ ઉપરાંત 'ગોપાલ' નામનું એક પત્ર પણ આ મંડળ તરફથી ચાલે છે.

સર્વથા સૌ સુખી થાઓ,
સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો,
સર્વત્ર શાંતિ વિસ્તરો.

[ મુનિશ્રી સંતબાલજી એક આદર્શ સાધુ, સાચા ગ્રામસેવક ઉપરાંત સારા લેખક પણ છે. તેઓ અવારનવાર કાવ્યો પણ લખે છે. તેમણે રચેલાં અને ગુજરાતીમાં ઠીક ઠીક પ્રચાર પામેલાં આ બે કાવ્યો અહીં આપીએ છીએ. ]

(૧)

## કૂચગીત

પગલે પગલે સાવધ રહીને પ્રેમળતા પ્રગટાવ્યે જા,
અંતરને અજવાળે વીરા! પંથ તારો કાપ્યે જા,
પંથ તારો કાપ્યે જા.

કાંટા આવે કંકર આવે, ધોમ ધખંતી રેતી આવે,
ખાંડાની ધારે ને ધારે, ધૈર્ય ધારી ચાલ્યો જા.
શૌર્ય ધારી ચાલ્યો જા...પગલે૦

હિંમત તારી ખોતો ના, સ્વાર્થ સામે જોતો ના,
શિસ્ત, શાંતિ ને સુલેહનો, પાઠ સૌને આપ્યે જા,
તું દુર્ગમ પંથ કાપ્યે જા...પગલે૦

(૨)

## ઊઠ જવાન!

ઊઠ જવાન હો સભાન; કર નવસમાજનાં નિર્માણ.
ના ઊંચા કોઈ નીચા જેમાં, ના હેઠળ કોઈ ઉપર તેમાં;
ગુણ ધંધાથી વર્ગ પિછાણ; પણ સૌ માનવજાત સમાન,
એક તાન એક શાન.

સંસ્કારી શ્રમજીવી પહેલાં, બુદ્ધિજીવી પણ શ્રમે વળેલાં,
સત્ય પ્રેમ ને ન્યાય નિશાન, ધર્મજીવીને હાથ સુકાન,
એક તાન એક શાન.

ઝનૂનીઓનાં ધર્મઝનૂનો, ધનજીવીની ધનજય ધૂનો;
તોડ સર્વનાં વ્યર્થ ગુમાન, જગાડ વીરા અંતર જ્ઞાન,
એક તાન એક શાન.

પ્રજા પ્રજા સૌ પ્રીતે ભેટે, હિંસાયુદ્ધથી રહીને છેટે,
વિશ્વશાંતિમાં સ્થાપે ધ્યાન, સૌનું સૌ ચાહે કલ્યાણ,
એક તાન એક શાન.

ઊઠ જવાન...

# શહેર

તમારું તે શહેર છે કેવું? અમારું એ શહેર છે એવું;
દોડતી મોટર ગાડિયું હેઠે, મોત ઘણાનાં થાય;
હાંકનારા બેસનારાનાં હૈયાં, તોય ન લેશ ભીંજાય;
શહેરોની ભોમકા એવી
નરી કળજૂગના જેવી ............તમારું૦
મિલોની વ્હીસલું વાગે, જાણે એ તો રાક્ષસિયુંની રીડ;
માંહે પેઠેલાં કામદારોનાં, ચુસાય વીર ને હીર;
દારૂના એ બાટલા તાણે
સિનેમાની મોજું એ માણે .........તમારું૦
લૉજું ને હોટલ સુખડિયાનાં, હાટડાં ઠેઠોઠેઠ;
મોંઘેરા મેમાન શહેરમાં જાય તો, કાઢે ત્યાં જઈ વેઠ;
લૂખાંસૂખાં વેણ એ ભાખે
શરમું ના કોઈની એ રાખે .........તમારું૦
ડામરે દેખાય રસ્તા રૂપાળા, મોટાં મકાને મકાન;
ભપકાભર્યાં વેશ આડંબર, દેવોનાં લાગે ધામ;
છતાં નીતિ ધર્મ વિહોણાં
એવાં ત્યાંનાં કાળજાં કૂડાં .........તમારું૦
રચેલું પચેલું રાત ને દહાડો, ભજે છે એ કલદાર;
છેતરી લૂંટી ગામડાંઓને, બધી વાતે કરે ખ્વાર;
એવું શહેર આજ બનેલું
માટે એને છોડને વહેલું .........તમારું૦

---

[ ભાલનળકાંઠાની પ્રવૃત્તિના આરંભના કાળમાં 'વિશ્વવાત્સલ્ય ચિંતક વર્ગ'ની પ્રવૃત્તિ એક અગત્યની પ્રવૃત્તિ હતી. 'વિશ્વવાત્સલ્ય'ની વિચારસરણીનું ચિંતવન કરનાર એક વર્ગ એમાંથી ધીમે ધીમે ઊભો થયો અને પરિણામે એ પ્રદેશમાં પ્રવૃત્તિ વિકસી. આ વર્ગમાં શહેરનાં ભાઈબહેનો પણ આવતાં. એમને શહેર અને ગામડાના જીવનનો ખ્યાલ આપતાં આ બે કાવ્યો મહારાજશ્રીની શહેર અને

# ગામડું

તમારું તે ગામડું કેવું? અમારું એ ગામડું એવું.
ગોંદરે ગાયોનાં ધણ ઝૂલતાં, કૂવા હવાડા ને વાવ;
ઊંચા ઊંચાં મોટાં ઝાડ રૂપાળાં, હોય વિશાળ તળાવ;
ખેલતાં ત્યાં બાલુડાં ઝાઝાં
દેવો સમાં દીપતાં ખાસાં .........તમારું૦
મલાઈ માખણ ગોરસ મીઠાં! તાજાં ભાજી ને શાક;
ડુંગર જેવા ધાન્યના ઢગલા, સૌને શ્રમ અથાક;
નવરા ન કોઈને ભાળું
એવું મારું ગામ રૂપાળું .........તમારું૦
કાંતનારા, વણનારા, રંગારા, કપાસ ઉગાડનાર;
નાના મોટા અહીં વસે નિરંતર, હુન્નરના કરનાર;
પરાશ્રયને તજનારું
સ્વાશ્રયી ગામડું સારું .........તમારું૦
સાક્ષરી સંસ્કારી સંપીલું સ્નેહી, ટેકીલું નીતિનું નેક;
આદર સત્કારે અતિ રસીલું, બહાદુર નીડર છેક;
વ્યસન ન એક દેખાયે
જ્ઞાતિભેદો હોય ન ત્યાંયે .........તમારું૦
જળહળ જ્યોતે જીવન ઝગતું કહેણી કરણી એક;
ધર્મ મતો પંથો હોય ભલે બહુ, સૌનો સ્વીકારે વિવેક;
સાચું સુખ મેળવે ભાવે
શહેરી તિહાં શીખવા આવે .........તમારું.

---

ગામડાના જીવનની દૃષ્ટિનો ખ્યાલ આપે છે. તેઓશ્રીએ ચીતર્યું છે એવું ગામડું તો આજે રહ્યું નથી. છતાંય એ ભવ્ય દર્શનનાં છૂટક છાંટણાં હજી અહીંતહીં નજરે ચઢે છે અને આપણા અંતરમાં ગામડાના જીવન માટે પ્રેમ જન્માવી જાય છે. શહેરમાં એ સરવાણીઓ સુકાઈ ગઈ છે; ગામડાંમાં હજી જીવંત છે. માત્ર થોડો પ્રયત્ન કરી એને છતી કરવાની જ જરૂર છે.]

# આવો ઊડીએ

આવો ઓ! આવો ઓ! ઊડીએ
પંખીડાં પ્રેમની પાંખે રે, આવો ઓ!

ઊંચા તે ઊંચા આકાશમાં, વિલસે જ્યાં જ્યોતિના લોક રે
મેરુ ગિરિશા અડોલડો ગિરિવર કૂટનો થોક રે.
આવો ઓ!......(૧)

સરિતા ને કુંડ સોહામણાં, ઝીલંતાં હર્ષ અમાપ રે;
નંદનવન શી વાટિકા, દિવ્ય કુંજોના કલાપ રે,
આવો ઓ!......(૨)

મોટો મહેરામણ મીઠડો, અમીરસ ઉદર અથાગ રે
પેલે રે પાર વટાવતાં, ખંડ મંડલ સોહાગ રે.
આવો ઓ!......(૩)

દેહ છતાંય વિદેહની અદ્ભુત ભૂમિકાનો આંક રે
ગગન ગિરિશ્રૃંગ રંગીલું, ફરકંતું પેલું પતાક રે.
આવો ઓ!......(૪)

આંબીને અંબર થંભવું અંતિમ એ જ વિરામ રે
'સત્યમુદા' પ્રભુ સંગમાં, રંગ અભંગ આરામ રે.
આવો ઓ!......(૫)

[ 'સત્યમુદા'ના ઉપનામથી મુનિશ્રી સંતબાલજીએ લખેલું આ કાવ્ય સાથે રહેનાર સૌને ખૂબ પ્રેરણાદાયક થઈ પડયું છે. જ્યારે તેઓ એક સ્થળે ચાતુર્માસ ગાળી બીજે સ્થળે વિહાર કરે છે ત્યારે જાણે પોતાની સાધનાની પાંખમાં સૌને લઈ ઊડવાનો પ્રયત્ન કરતા હોય એવું એ દૃશ્ય હોય છે. તદ્દન સફેદ વસ્ત્ર અને વિદાયની વેળા. સાથે જઈ શકાવાનું નથી; છતાં સાથે ઊડવાની ભાવના. અને ઊડવાનું પણ ક્યાં? ઊંચા તે ઊંચા આકાશમાં. ]

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૯ | ૧૧ | નામ | નામે |
| ૩ | ૧૧ | ચુંવાળ | ચૂંવાળ |
| ૭ | ૨૦ | ન | ને |
| ૧૦ | ૨૦ | ખાતરી | ખાતરી છે |
| ૧૧ | ૨૫ | સત્ર | સૂત્ર |
| ૧૩ | ૧૯ | આપવામ | આપવામાં |
| ૧૪ | ૧૨ | સનિકો | સૈનિકો |
| ૧૪ | ૧૨ | પેલાને | પહેલાને |
| ૧૫ | ૨૩ | અહંસાની | અહિંસાની |
| ૧૬ | ૨૩ | કરવને | કરવાને |
| ૧૬ | ૧ | વતો | વ્રતો |
| ૨૦ | ૧૨ | ઊભુ | ઊભું |
| ૩૫ | ૮ | નહિ | નહિ એટલામાં |
| ૩૬ | ૨ | શકે | શકે.’ |
| ૩૭ | ૧૪ | પ્રવૃતિ | પ્રવૃત્તિ |
| ૪૩ | ૧૩ | હવે | જોકે |
| ૫૧ | ૭ | મુબઈ | મુંબઈ |
| ૫૨ | ૧૮ | વેરાગ્યનો | વૈરાગ્યનો |
| ૫૩ | ૨ | પેસાથી | પૈસાથી |
| ૫૪ | ૧૩ | કહી સંબોધી | કહી-સંબોધી |
| ૫૮ | ૨ | યુવનોને | યુવાનોને |
| ૫૮ | ૧૭ | બોલવાન | બોલવાનું |
| ૫૯ | ૧૯ | પ્રેણા | પ્રેરણા |
| ૬૨ | ૫ | અવ્યા | આવ્યા |
| ૬૫ | ૧૧ | ખૂબ લખ | ખૂબ લખે |
| ૬૫ | ૧૭ | સોંદર્ય | સૌંદર્ય |
| ૬૯ | ૧૮ | દુખાતે | દુભાતે |

| | | | |
|---|---|---|---|
| ૭૧ | ૮ | રાહ | રાહ; |
| ૭૩ | ૨૦ | પણ | જોકે |
| ૭૪ | ૨૩ | મે | મેં |
| ૭૬ | ૧૫ | ચતન્યની | ચૈતન્યની |
| ૭૮ | ૨૨ | ધર્મગુરની | ધર્મગુરુની |
| ૮૧ | ૧ | (આમ વાંચો) | તેમાંથી તેઓને સર્વધર્મ-ઉપાસનાના માર્ગને વ્યવસ્થિત કરવાની |
| ૮૨ | મથાળું | ૯ | ૯ અ |
| ૮૫ | ૫ | કરી | કરો. |
| ૮૭ | ૨૧ | મનોકામના | મનઃકામના |
| ૮૯ | ૧૪ | અહી | અહીં |
| ૮૯ | ૨૨ | સંસ્કૃતના | સંસ્કૃતિના |
| ૯૧ | ૧૧ | હેતુ | હેતુ. |
| ૧૦૫ | ૨ | નહ | નહિ |
| ૧૧૭ | ૧૧ | એટલે બલકુલ | એટલે તો બિલકુલ |
| ૧૧૮ | ૪ | જીવનો | જીવનનો |
| ૧૨૨ | ૮ | અજે | આજે |
| ૧૨૫ | ૮ | જગતમાં | જગતનાં |
| ૧૩૦ | ૧૮ | કર્યો | કર્યો અને |
| ૧૪૦ | ૯ | વશ્વવાત્સલ્ય | વિશ્વવાત્સલ્ય |
| ૧૪૩ | ૧૧ | જન | જૈન |
| ૧૪૩ | ૧૫ | વચારના | વિચારના |
| ૧૪૩ | ૧૭ | કર્યાં | કર્યાં. |
| ૧૭૩ | ૨૧ | 'હિંદ સ્વરાજ' | 'હિંદ સ્વરાજ'માં |
| ૧૭૬ | ૯ | સગાઓને | સગાંઓને |

## મુનિશ્રી સંતબાલજી કૃત

| | |
|---|---|
| ધર્મદૃષ્ટિએ સમાજરચના | ૨—૮—૦ |
| પ્રશ્નોત્તરી અને પ્રાસંગિક | ૧—૨—૦ |
| બ્રહ્મચર્યસાધના | ૦—૬—૦ |
| વંદિત્તુ પ્રતિક્રમણ | ૦—૧—૬ |
| સામુદાયિક પ્રાર્થના પ્રવાહ | ૦—૧—૬ |
| યૌવન | ૦—૮—૦ |
| પર્યુષણ પ્રભાવના | ૦—૧—૬ |
| સંસ્કારપોથી ભા. ૧-૨-૩ દરેકના | ૦—૪—૦ |
| દશવૈકાલિક સૂત્ર | ૦—૬—૦ |
| માનવતાનું મીઠું જગત ભા. ૩ | ૧—૬—૦ |

*સુખનો સાક્ષાત્કાર
*ઉત્તરાધ્યયન સૂત્ર
*આચારાંગ સૂત્ર
*સાધક સહચરી
*પાપનું પ્રાયશ્ચિત્ત
*સ્મરણશક્તિ
*સિદ્ધિનાં સોપાન
*આદર્શ સમાજવાદ
*સ્ફુરણાવલિ
*આપણી ભૂલ ક્યાં છે?
*માનવતાનું મીઠું જગત ભા. ૧ તથા ૨

## શ્રી નવલભાઈ કૃત

| | |
|---|---|
| સ્ફુલિંગ | ૦—૪—૦ |
| પાથેય | ૨—૮—૦ |

[* આ નિશાનીવાળાં પુસ્તકો સિલકમાં નથી.]

# વિશ્વવાત્સલ્ય

**પ્રેરક : મુનિશ્રી સંતબાલજી**

વિશ્વવાત્સલ્યની ભાવનાને લક્ષમાં રાખી જીવનના નાના મોટા બધા પ્રશ્નોને છણતું પાક્ષિક. એમાં મુનિશ્રીના લેખો, પ્રવચનોનો સાર, પ્રવાસનોંધ, ટપાલ, ઉપરાંત વિશ્વવાત્સલ્યની ભાવનાને પોષક બીજું પ્રાણવાન સાહિત્ય પ્રગટ થાય છે.

**વાર્ષિક લવાજમ રૂ. ૧-૦-૦**
(ભેટ પુસ્તક સાથે)

## મુનિશ્રી સંતબાલજી કૃત નવાં પુસ્તકો

| | |
|---|---|
| જૈનદૃષ્ટિએ ગીતાદર્શન ભા. ૧ | ૩-૦-૦ |
| જૈનદૃષ્ટિએ ગીતાદર્શન ભા. ૨ | ૪-૦-૦ |
| જગદંબાના પત્રો | ૦-૮-૦ |
| આદર્શ ગૃહસ્થાશ્રમ | ૨-૪-૦ |

પ્રાપ્તિસ્થાન :
**વિશ્વવાત્સલ્ય કાર્યાલય**
**[illegible]ળી, અમદાવાદ**